સંસાર દર્પણ.

58

અનુવાદક,
નર્મદાશંકર બાળાશંકર પંડયા.
સુરત.

પ્રકાશક,
પ્રભુશંકર નરભેરામ વ્યાસ.
તંત્રી–ચંદ્રપ્રકાશ ભાગાતળા–

ચંદ્રપ્રકાશ ઓફીસ ગ્રંથમાળા ગ્રંથાંક ૯.

સંસાર દર્પણ

(સ્વ૦ બાબુ રમેશચંદ્ર દત્તની "સમાજ" નો અનુવાદ.)

અનુવાદક,

રા. રા. નર્મદાશંકર બાળાશંકર.

"પાગલ હરનાથ" ઇ૦ ના અનુવાદક.—સુરત.

પ્રસિદ્ધ કરનાર,

રા. રા. પ્રભુશંકર નરભેરામ વ્યાસ.

તંત્રી—ચંદ્રપ્રકાશ, ભાગાતળાવ, સુરત.

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રી. પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.

પ્રત ૧૨૦૦. ઈ. સ. ૧૯૧૪. આવૃત્તિ પહેલી.

કીંમત રૂ. ૧-૦-૦.

અર્પણ પત્રિકા.

હિંદુ સંસારને ઉન્નત, ઉજ્જવલ
અને વિશુદ્ધ કરવાના સંગ્રામ-
માં જે નરરત્નોએ શૌર્ય
અને દેશભક્તિ
દાખવ્યાં છે
તે મહાત્માઓ
પ્રત્યે મારી સાચી ભક્તિ દર્શાવવા
આ અનુવાદ તેમનેજ અર્પણ કરૂં છું.

નર્મદાશંકર બાળાશંકર.

પ્રસ્તાવના.

ભારતીય પ્રજાનો ગૃહ સંસાર હાલ જે સ્થિતિમાં છે તેના કરતાં ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરે એ આ પુસ્તકના અનુવાદકની તીવ્ર અભિલાષા છે. આપણી લગ્નભાવના વધારે વિશુદ્ધ અને દિવ્ય થાય, પત્ની પ્રત્યેની પોતાની ફરજ પતિ સમજે, વિધવાઓનાં દુ:ખ ઓછાં થાય, આપણા સંસારમાં કેટલાક કાળથી જે કાળા કલંક ચ્હડતાં આવ્યાં છે તે ધોવાઈ જાય, આપણું જીવન હાલ છે તે કરતાં વધારે વિશાળ, ઉદાર અને ઉન્નતગામી થાય તો પ્રજાજીવનનું એક અંગ સિદ્ધ થયું એમ હું માનું. આત્મા, હૃદય અને દેહને જો મનુષ્યના બંધારણના વિભાગ માનીએ તો તે પ્રમાણે ધર્મ, સંસાર અને રાષ્ટ્ર એ પ્રજાના બંધારણનાં ત્રણ અંગ માનવાં પડશે. મનુષ્ય જો શરીરે સુદૃઢ અને નિરોગી હોય, તેનું હૃદય પ્રેમ, દયા, ક્ષમા વગેરે ઉમદા ગુણથી ભરપૂર હોય અને આત્મા ઈશ્વર તરફજ નમી રહ્યો હોય તો તેનું જીવન હું પૂર્ણ સમજું છું; તેમ હરકોઈ પ્રજાનું રાષ્ટ્રીય જીવન ચેતન યુક્ત હોય, સંસાર પવિત્ર હોય અને ધર્મ વિશુદ્ધ હોય તો તે પ્રજાને હું પ્રજા માનું છું. ગુજરાતી બોલનારી પ્રજામાં ધર્મ, સંસાર અને રાજ્ય- એ ત્રણ મહત્વના વિષયોની ભાવના ઉન્નત અને પવિત્ર થઈ પ્રજાના જીવનની રગેરગમાં ઉતરી જાય તેવા હેતુથી એ ત્રણે વિષયો પર પુસ્તકો તૈયાર કરવાની મારી ઉમેદ છે. ધર્મસમ્બંધી **પાગલ હરનાથ** અને **શ્રીકૃષ્ણ ચૈતન્ય**, એ બે પુસ્તકો ગુજરાતી પ્રજા સમક્ષ રજૂ કર્યા પછી સંસાર સબંધી આ પુસ્તક ગુજરાતીઓની સેવામાં ધરવામાં આવે છે.

હિંદુ સંસાર અને હિંદુ સંસારસુધારા વિષે મારા દઢ થએલા વિચારોને પુસ્તકના આકારમાં મુકવાનો પ્રયત્ન મેં ૧૯૦૯ ની સાલમાં આરંભ્યો અને **સ્નેહલગ્ન** નામની એક નવલકથા લખવા માંડી. ત્રણેક પ્રકરણ લખ્યા પછી ઈશ્વરઈચ્છાથી એ કાર્ય આગળ વધતું અટક્યું. ૧૯૧૨ અને ૧૯૧૩ ની સાલમાં ઉપર કહેલાં બે પુસ્તકોનો બંગાળીમાંથી અનુવાદ પ્રકટ થયો. આ વર્ષના આરંભમાં "ચંદ્રપ્રકાશ" ના ઉત્સાહી તંત્રીની સૂચનાથી જૂની અધુરી રહેલી વાર્તા હાથમાં લીધી. તેનાં કેટલાંક પ્રકરણ ઉપર કહેલા માસિકમાં છપાયાં છે અને બે ત્રણ મહિનામાં આખી વાર્તા પુસ્તકના આકારમાં તૈયાર થઈ છપાઇ જશે.

ગયે વર્ષે સ્વ૦ બાબુ રમેશ ચંદ્ર દત્ત પ્રણીત " સમાજ " નામની નવલકથા વાંચતાં મને ઘણો હર્ષ થયો કેમકે સંસાર સુધારા સંબંધી જે વિચારો અને ભાવનાઓ હું "સ્નેહ-લગ્ન" ની વાર્તામાં મારી નિર્બળ કલમ વડે લખી રહ્યો હતો, તેના તેજ વિચારો અને ભાવનાઓ એમણે પોતાની પ્રૌઢ લેખનશક્તિથી, જ્ઞાનના બળથી અને તર્કની ચતુરાઇથી વધારે સમર્થ રીતે પ્રતિપાદિત કરી વાર્તાના રસિક રૂપમાં ગૂંથ્યાં છે. તેથી મને સમજાયું કે મારા પોતાના સ્વતંત્ર પુસ્તક કરતાં આજ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ કર્યો હોય તો સસાર સુધારાના પક્ષમાં વધારે સારી હિમાયત થઇ શકે. આવા વિચારથી સને ૧૯૧૩ ના જુલાઈ માસમાં મેં આ કાર્યની શરૂઆત કરી અને દીવાળીની રજાઓમાં ભાષાંતર સંપૂર્ણ થયું. "જૈન" પત્રના બાહોશ તંત્રી રા. રા. ભગુભાઇ ફતેહચંદ કારભારીની માગણીથી ત્વરાથી છપાવવા માટે મેં તેમને લખાણ

મોકલી દીધું. કેટલાંક વિઘ્નોને લીધે એ ભાઇ છપાવી શકયા નહિ, તેમ એમણે સ્પષ્ટ ના પણ લખી નહિ. આ અઠવાડીએ, આવતે પખવાડીએ છપાશે એમ મને તેઓ લખતા ગયા. એમ કરતે કરતે છ મહિના સુધી મે રાહ જોઈ. આખરે થાકીને લખેલું પુસ્તક પાછું માગ્યું. તે પણ વ્યવસાયને લીધે રા. ભગુભાઇ મને મોકલી શકયા નહિ. પત્ર વ્યવહાર ચાલુજ હતો એવામાં એ વિલાયત જવા ઉપડી ગયા એવા સમાચાર મળવાથી નિરાશા થઇ. સંસાર સુધારાની વકીલાત કરવા માટે જે પુસ્તકનો પ્રચાર કરવાની હું ઉમેદ રાખતો હતો તે ઉમેદ ભાગી પડવાથી ખેદ થયો. છતાં પણ એ પુસ્તક પરના મારા પ્રેમને લીધે મેં તેનો નવેસરથી અનુવાદ શરૂ કર્યો અને આજે તેને છપાયલું જોઇને હું ઈશ્વરને. આભાર માનુછું. લખવાના કાર્યમાં મદદ કરવા માટે તથા છપાવવાની સરળતા કરી આપવા માટે હુ "ચંદ્રપ્રકાશ" ના તંત્રીનો પણ ઉપકાર માનુછુ. તેઓ મારી સાથે જોડાયા ન હોત તો આ પુસ્તકને પ્રકટ કરતાં હજી પણ મને વિલંબ થાત.

આ જમાનો યુદ્ધનો અને ખેંચતાણનો છે. સત્ય અને અસત્ય, ધર્મ અને અધર્મ, ન્યાય અને અન્યાય, નવું અને જૂનું એવા વિરૂદ્ધ પક્ષ વચ્ચે સંગ્રામ મચી રહેલો હું જોઉંછું. જૂના પક્ષના હિમાયતીઓ, વિધવાવિવાહના અને પરદેશગમનના વિરોધીઓ, સ્ત્રી સ્વાતંત્ર્યના શત્રુઓ, અત્યંજ પ્રજાને પગતળે કચરવા શાસ્ત્રનાં પ્રમાણુ ટાંકનારા વેદસંપન્ન આર્યધર્મધુરંધરો પોતાનાં વાજીત્રોમાં અને મંડળોમાં યથેચ્છ રીતે પોતાના પક્ષની હિમાયત કરે છે. ભલે કરે! તેમની સામે વિરૂદ્ધ પક્ષના લેખકો અને વક્તાઓએ પોતાના મતની

હિમાયત તેટલાજ આગ્રહથી કરવી જોઇએ. સુધારાના વિરોધીઓ જે મનમાં સમજતા હોય કે "સુધારો પડી ભાગ્યો છે", "સુધારો ટેંટેં કરે છે" તો તેમની ભૂલ છે. દેશની પ્રગતિ અને લોકમતમાં ધીમે ધીમે થતો ફેરફાર તેઓ જોઈ શકતા નથી. હિંદને ખુણે ખુણે ઘુસી ગએલી આગગાડીઓ, ગુજરાતને ગામડે ગામડે સ્થપાતી મિત્ર-મંડળની અને વડોદરા રાજ્યની લાયબ્રેરીઓ, ન્હાનાં ન્હાનાં ગામોમાં સ્થપાતી અંગ્રેજી શાળાઓ અને કોમકોમની બૉર્ડિંગો, સ્વામી અખંડાનંદે ઉભી કરેલી સસ્તા સાહિત્યની સંસ્થા અને તે દ્વારા જ્ઞાનનો જનસમાજમાં પ્રચાર, બ્રહ્મસમાજનાં વાજીંત્ર અને વાર્તાઓનું લઢણ, મુંબઈનાં સેવાસદન, અને સ્ત્રીમંડળ, સુરતનુ વનિતા વિશ્રામ, પઢીઆરના પુસ્તકો, હર્બર્ટ સ્પેન્સર તથા સૅમ્યુઅલ લેગના ગ્રંથોનાં ભાષાંતર, આર્યસમાજના ધનુષ્યટંકાર, સોશીયલ કૉન્ફરન્સો એ સર્વને હું સંસાર સુધારાના સૈન્યના સૈનિકો સમજું છું. સંસાર સુધારાના હિમાયતીઓને હું વિનંતિ કરૂં છું કે તમે તમારા પક્ષની બને તેટલી વકીલાત કરો. તમારા વિચારોને જગત આગળ મૂકો. ખૂબ ખેંચી રાખો. "ખૂબ ટકાવી રાખો." જૂના મતના વિદ્વાનોને પણ મારી વિનંતિ છે કે તમે તમારૂં બનતું કરો. તમે પણ ખેંચાય તેટલું ખેંચો. આ ખેંચાખેંચમાં, મન્થનમાં ખરૂં સત્ય હશે, પ્રજાને ખરૂં હિતકર હશે તેટલુંજ રહેશે. સત્યનો અંતે જય છે. ઈશ્વરે મનુષ્ય પ્રજાને આગળ વધવા સરજી છે. તેની પ્રગતિ કોઇ અટકાવી શકશે નહિ.

આ પુસ્તકના અનુવાદમાં મેં જૂજ નવું ઉમેર્યું હશે. ઘણું ખરૂં હતું તેમનું તેમજ ગ્રંથકારના શબ્દોમાંજ રહેવા દીધું છે. બંગાળી

રીતરિવાજો, મિઠાઇઓ, ઘરેણાં વગેરેનાં નામ પણ કાયમ રાખ્યાં છે; એ હેતુથી કે ગુજરાતના વાંચનારને બંગાળીઓના જીવનની કાંઇક માહિતી મળે અને તેને સમજાય કે ન્હાની ન્હાની બાબતોમાં આપણાથી તેઓ જૂદા છે છતાં આપણું અને તેમનું જીવન એકજ ધારાએ વહે છે અને આપણે સર્વ એક ભારતીય પ્રજા છીએ. જ્યાં જરૂર જણાઇ છે ત્યાં ફુટનોટ મૂકી છે. મૂળ નામ "સમાજ" મને ગુજરાતીમાં બરાબર અર્થસૂચક ન લાગ્યાથી તેવું નામ " સંસાર-દર્પણ " રાખ્યુ છે.

ઉનાળાની રજામાજ આ પુસ્તકને નવેસરથી લખી છપાવીને પ્રકટ કરવાનુ હોવાથી મારે ઘણી ઉતાવળથી કામ લેવું પડયુ છે. પુસ્તક એક બાજુએ લખાતું ગયું અને બીજી બાજુએ છપાતું ગયુ. આમ થવાથી ચિત્તની વ્યગ્રતાને લીધે કેટલાક મુદ્રણ દોષ રહી ગએલા મારી નજરે પડયા છે. શુદ્ધિપત્રકમાં જોઇ કૃપાળુ વાચક સુધારી લેશે. ગુજરાતની પ્રજા આ પુસ્તકનો સત્કાર કરશે તો એવાં કેટલાક મહત્વનાં પુસ્તકો અનુવાદકના કાર્યક્રમમાં છે.



શુદ્ધિપત્રક.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૬	૨	કારૂ	તારૂ
૨૩	૧૨	જઉં	જોઉં
૨૫	૫	કાઈ	કાંઈ
૩૨	૧૯	ધ્રૃજી	ધ્રજી
૩૭	૨૩	ધુસધુસ	ધ્રુસધ્રુસ
૩૮	૩	ચાકારો	ચાકરો
૫૧	૬	પતિવૃતા	પતિવ્રતા
૫૭	૧૦	સાજે	આજે
૬૯	૨૧	ઘેર	ઘેર
૧૦૪	૧૪	જય	જાય
૧૧૨	૧૪	રિપૅાર્ટ	રિપૅાર્ટર
૧૧૯	૯	સમાચાર	સમાચાર
૧૨૭	૧૮	સંભવે	સંભવ
૧૨૮	૨૨	ભેવકુફ	બેવકુફ
૧૪૧	૮	ચાળશ	ચાળીશ
૧૫૫	૧	હાઇકૅટ	હાઇકૅાર્ટ
૧૭૮	૧૭	યાવન	યૌવન
૧૮૩	૨૧	વધમાન	વર્ધમાન

અનુક્રમણિકા.

સંસાર દર્પણ.

પ્રકરણ ૧ લું.

સુધાનો અંબોડો.

માતા—" આજે તો ભાઈના પાપાજી આવશે."

બાળક—" હેં ! પાપાદી આ છે ! "

માતા—" ભાઈને ખોળે લેશે "

બાળક—" કોલે લે છે !"

માતા—" ગાલે બચ્ચી કરશે."

બાળક—" ગાલે બચી કછે ! "

" ચુમ્બન કોને કરશે ? "—બાળક અને માતાનો મધુર આલાપ થતો હતો તેવામાં એક યુવાન સ્ત્રી ઓરડામાં દાખલ થઈ, અને હસતી હસતી બોલી, "અલી ! ચુમ્બન કોને કરશે છોકરાને કે છોકરાની માને ? વાહરે સુધા ! આજ તો તેં ખુબ ઠાઠ કર્યો છે ને ! એવડું શું છે ?"

તે બાલકની માતાના ગાલ ઉપર લજ્જાની રતાશ પથરાઈ. તેણે વદન નીચું નમાવ્યું અને નેત્ર મીચ્યાં. શરમને લીધે કપાળ ગરદન અને નેત્રના ખુણા પણ લાલ લાલ થઈ ગયા અને તેના ગુલાબની પાંખડી શા હોઠ મંદમંદ કંપવા લાગ્યા.

ખરેખર આજે સુધાએ ઠાઠ માઠજ કર્યો હતો. તે ભીતને આધારે મ્હોટું દર્પણ ગોઠવીને કાંસકી વતી વાળ.હોળતી હતી. એક બાજુએ પાન સોપારીની પેટી પડી હતી. બીજી બાજુએ મક્કાસર ઑઇલ વગેરે સૌંદર્ય વર્ધક વસ્તુઓ પડી હતી. તે શી હતી, તેની અમને ખબર કયાંથી હોય ! અમારી યુવાન રસિક વાંચનારીઓને એ વસ્તુઓની વિશેષ માહિતી હશે.

ભ્રમર જેવા કાળા અને સ્નિગ્ધ કેશસમુહ ઉપર સુખડની મધમધતી કાંસકી ઝપાટાબંધ રમણ કરતી હતી. સુંદર, ગોળ અને લલિત બાહુલતા ઉપર બંગડીઓ મધુર રણત્કાર કરી રહી હતી. સુંદર કંઠને નિરંતર આલિંગન દેનાર કંઠહાર વારંવાર ઝુલતો હતો અને તે સુન્દરીથી આનંદને લીધે વારંવાર હસાઇ જવાતું હતુ. તેની અપ્સરા જેવી મોહક દેહકાંતિનું પ્રતિબિંબ દર્પણમાં પડતુ હતુ. ભીંત ઉપર કેટલાંક ચિત્રો હતાં. એક ચિત્રમાં સીતા અને રામચંદ્ર એક સિંહાસને બેઠાં હતાં. બીજી ભીંત ઉપર સાવિત્રી અને સત્યવાન, નળ દમયંતી વગેરે પ્રાતઃ સ્મરણીય દંપતિઓનાં ચિત્રો હતાં. તે સ્રીની પાસે એક નાનો છોકરો રમતો હતો. તે તેને બોલતાં શીખવતી હતી અથવા તો કોઇ કોઇ વાર કોઇક ગીતનાં ચરણ ધીમેથી ગણગણતી હતી. આ સર્વ દેખાવ જોઇ પેલી નવી આવનાર સ્રીએ પુછયું કે " ચુમ્બન કોને દેશે—બાળકને કે બાળકની માતાને ? " લજ્જાથી વિહ્વલ થઇ તે યુવતિએ કહ્યું, " ન્હાની બ્હેન ! તમારે તો આખો દિવસ મશ્કરીને મશ્કરીજ ! "

ભાભી—" વારૂં, ઠાઠમાઠ શેનો ! શું સ્રીઓ માથું નથી હોળતી કે ?"

નણંદ—" એની ના કોણ કહે છે ? પણ આજે તો તમે હાથે તાવીદ, બંગડીઓ વગેરે પહેરીને ઠીકઠાક બન્યાં છો."

ભાભી—" શું સ્ત્રીઓ ઘરેણાં નથી પ્હેરતી કે ?"

નણંદ—પ્હેરેજ તો. પણ આજે તો તમે ઉત્તમ ઉત્તમ ફુલ આણ્યાં છે અને માળાઓ ગુંથી રાખી છે તેનું શું ?"

ભાભી—" તે શું સ્ત્રીઓ અબોડામાં ફુલના ગજરા નથી બાંધતી કે ?"

નણંદ—"ભલે બાંધે ! પણ આજ તો મ્હોંમાંથી ભાતભાતનાં ગીત નીકળી જાય છે અને હોઠ મલક મલક થાય છે તેનું શું ?"

ભાભી—" તે શું કોઇ વાર યાદ આવે તો ગવાય નહિ કે ? એ ગીત તો તમેજ મને શીખવ્યુ હતુ. અને લ્યો, વળી હસાય નહિ કે શુ ? રડયા કરીએ કે ?"

નણંદ—" નારે બાપુ, હસો. પણ આજતો તમારા જીવને એવો આનંદ થાય છે કે તમારા હૃદયમાંથી આનંદ ઉછળી ઉછળી ઉભરાઇ જાય છે. કેમ ખરૂં કહું છુંને?"

આખરે ભાભી મ્હાત થઇ. શરમથી વિહ્વલ થઇ. મ્હોં રાતું રાતુ થઇ ગયું. તેણે નીચું જોઇ કહ્યું,"ન્હાની બહેન ! કહો તો તમારે પગે લાગું પણ મશ્કરી ન કરશો. તમે કહો તો માથું હોળવાનું રહેવા દઉ પણ મશ્કરી ન કરશો."

નણંદ—"નારે ભાભી ? શા વાસ્તે રહેવા દો ? તમારે લુગડાં ઘરેણાં પહેરવાનો વખત છે. જીવતાં રહો, પહેરો ઓઢો અને સુખી થાઓ. તમે નહિ પહેરો તો પહેરશે. કોણ ? તમને સુખી જોઇને મારી આંખને ટાઢક વળે છે અને મારૂ દુઃખ વિસારે પડે છે.

આવો, મારી સામે બેસો. હુંજ તમારો અંબોડો વાળી આપું. અંબોડો તે એવો વાળું અને વેણી તે એવી બાંધું કે મારો ભાઈ જોઈને ખુશ ખુશ થઈ જાય."

સુધા ભાભીની ના છતાં તેની સ્નેહાળ નણંદ કાલીતારાએ તેને પોતાની સામે બેસાડી અને મમતા પૂર્વક તેના વાળ હોળવા લાગી. બાંધતાં બાંધતાં ઘણો વખત વહી ગયો. સાંજ પડવા આવી પણ સુધાનો અંબોડો વળાઈ રહ્યો નહિ. એ કામ પૂરૂં થઇ રહે તેટલી વાર આપણે સર્વ વાચકો સાથે ગામમાં ફરી આવીએ અને ગામની નવા જૂની સાંભળીએ.

પ્રકરણ ૨ જું.

વિવાહની તૈયારી.

આજ સુધાના પુનર્લગ્નનેઆઠ વર્ષ પૂરાં થયાંછે * જ્યારે જ્યારે વિધવા વિવાહ થાયછે, ત્યારે જનસમાજમાં મ્હોટો કોલાહલ ઉત્પન્ન થાય છે. અને તે થઇ ચૂકયા પછી પણ કેટલાક કાળ સુધી એ કોલાહલ ચાલુ રહેછે એવી આપણી સમાજની સ્થિતિ છે. શરતની માએ

* એ વિષે વિશેષ હકીકત જાણવા માટે સાં૦ વિદ્યાગૌરી કૃત સુધાહાસિની નામનું પુસ્તક જોવું. એ નવલકથાના પાત્રોનોજ સંસાર દર્પણમાં ઉપયોગ કર્યો છે, અને તેમના ચારિત્ર્યનું ગ્રંથકારે સં-વર્ધન કર્યું છે. સુધા, બિન્દુ, શરત અને હેમચંદ્ર એટલાં પાત્રો જૂનાં છે. બાકીનાં પાત્રો નવાં છે. સંસારદર્પણને સુધાહાસિની (સંસાર)નો ઉત્તર ખંડ કહી શકાય.

બ્રાહ્મણો જમાડયા. સુધાના વડીલ કાકા તારિણી બાબુએ ન્યાતના લોકોને એકઠા કર્યા, તેમના કાલાવાલા કર્યા, સ્વદેશ વત્સલ શરચ્ચંદ્રે ગામના લોકોની ઉન્નતિ માટે અનેક યત્નો આદર્યા, દયાળુ અને પરદુઃખ ભંજન સુધાહાસિની ગામના ઘણાં ગરીબ ગરબાંને મંદવાડમાં, શોકમાં, સંકટમાં એક સગીની પેઠે, બ્હેનની પેઠે અનેક પ્રકારની મદદ કરતી. શરત અને સુધાનું નિષ્કલંક ચારિત્ર્ય, પરોપકારી વૃત્તિ અને સાચી દેશદાઝ એ સર્વ સદ્‌ગુણોની લોકો પ્રશંસા કરવા લાગ્યા હતા પણ સદાચરણી મનુષ્યજ જ્ઞાતિમાં રહી શકે અને દુરાચારી મનુષ્ય જ્ઞાતિ બહાર થાય એવો રિવાજ આપણી જનસમાજમાં પૂર્વકાળમાં હતો. હાલની સુધરેલી સમાજમાં એવી પ્રથા નથી.

તાલપુખુરના અને તેની આસપાસના ગામોના ન્યાત પટેલીઆઓ ડોકી ધુણાવી ધુણાવી કહેતા કે વિધવા વિવાહની રજા આપીએ તો પછી હિન્દુધર્મમાં રહે શું ? સર્વશાસ્ત્રનિપુણ તથા પોતાને ઉચ્ચ માનનારા આર્યધર્મધુરંધરો ગર્જના કરી કહેતા કે વિધવા વિવાહ એ તો વ્યભિચારજ છે.

સદ્‌ભાગ્યે હેમચંદ્ર અને શરત્ બંને જણ આ વેદવિદ્ આર્યવીરો સાથે પંક્તિ ભોજન કરવા ઉત્સુક નહોતા. તેએ તેમની સાથે સંધિ કરવા માટે લેશ પણ પ્રયત્ન કરતા નહિ. હેમચંદ્ર પોતાની ટંકી કમાણી વડે સંતોષથી તાલપુખુરમાં સાદું પવિત્ર જીવન ગાળતો અને પોતાનાં પુત્ર પુત્રીને સારી રીતે કેળવણી આપતો. શરચ્ચંદ્ર સરળ, ભોળી, અને સ્નેહમયી સ્ત્રી રત્નની પ્રાપ્તિ કર્યા પછી કેટલોક કાળ કલકતે રહ્યો અને કૉલેજની ઉંચી પરી-

ક્ષાઓ એક પછી એક માન સાથે પસાર કરવા લાગ્યો.

સુધાના મોટા કાકા **તા**રિણીબાબુ મ્હોટી વિપત્તિમાં આવી પડયા. તે મ્હોટા માણસ હતા. જ્ઞાતિજનો સાથે તેમનાથી વિરોધ કરી શકાય તેમ નહોતું અને વળી બીજી બાજુએ ન્યાત બહાર મૂકાયલી **બિન્દુ** અને **સુ**ધા સિવાય તેમને બીજુ કોઇ સગું પણ ન હતું. એ ભત્રિજીઓને કેમ કહાડી મૂકાય ? આવે પ્રસંગે આપણા દેશના શાણા માણસો જેવો વ્યવહાર રાખેછે તેવો વ્યવહાર તારિણીબાબુએ પણ રાખ્યો. ગુપ્ત રીતે તેઓ **સુ**ધા અને **બિ**ન્દુ સાથે ભોજન વિગેરે કરતા પણ પ્રકટ રીતે તેઓ તેમનાથી અલગ રહેતા.

સુધાનુ **શ**રત્ સાથે બીજીવાર લગ્ન થયા પછી ત્રણ વર્ષે **તા**રિણીબાબુ એકવાર ત્રણ માસની રજા લઈ ઘેર આવ્યા અને પોતાનુ દિવાનખાનુ શોભાવવા લાગ્યા. પૈસાની લેવડદેવડ કરવામાં, જમીન જાગીર ગીરો અને વેચાણ રાખવામાં, કચેરીએ ચઢી દાવા જીતવામાં, લોકોના લગ્ન અને વિલ કરવામાં વગેરે સંસારને લગતા સર્વ વિષયોમાં તેમની તીક્ષ્ણ બુદ્ધિ આરપાર જતી હતી. સવારથી બપોર સુધી તેમનું દિવાનખાનુ લોકોથી ચીકાર ભરાતું હતું. કોઇ તેમની મહેરબાની મેળવવા માટે મળવા આવ્યા હતા, કોઇ ગણોત ભરવા આવ્યા હતા, કોઈ ખેતરમાં ભાગ આપવા લેવા આવ્યા હતા. ગામના મુખ્ય મુખ્ય ન્યાતપટેલીઆઓ **તા**રિણીબાબુની બાજઠ ઉપર બેઠા હતા, જરાક દૂર બેઠેલા લોકો તેમનાં યશોગાન ગાતા હતા. પાંડિત્યાભિમાની શાસ્ત્રીઓ અત્રે એકત્ર થઈ સુધારાવાળાઓને શિક્ષા કરી પ્રાચીન આચાર વિચારનું રક્ષણ કરવા ઉત્સુકતા બતાવી પોતાની ઉદરપૂર્તિની રક્ષા કરતા હતા. છોકરીઓના પિતાઓ કન્યાદાનના

ખર્ચ માટે તારિણીબાબુની સહાય લેવા આવ્યા હતા, દાવાઓ લઢી લઢી કચેરીના કીડા થઈ ગએલા જીવડાઓ વર્ધમાન શહેરની અદાલતના નાજર સાહેબની સલાહ લેવા આવ્યા હતા, કેમકે આખા તાલપુખુર ગામમાં તારિણીબાબુ પ્રતિષ્ઠિત, લોકમાન્ય, ચતુર અને શાણા ગૃહસ્થ તરીકે પહેલે નબરે ગણાતા હતા.

આટલું આટલું માન અને કીર્તિ મળ્યાં છતાં પણ બિચારા તારિણીબાબુના જીવને સુખ ન હતુ. એકની એક દીકરીનુ મરણ સંસારના મેલથી રીઢા થઈ ગએલા લોકોને લાંબો વખત સંતાપ આપતું નથી પણ પોતાના મરણ પછી તાલપુખુરનુ મલ્લિકનું કુટુંબ નિર્વંશ થશે એ ભાવના તેમના હૃદયને ભારે વ્યથા આપતી હતી. તેમને સલાહ આપનારની પણ ખોટ ન હતી.

ન્યાતના આગેવાન અને બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થો વારેવારે કહેતા, "તારિણીબાબુની કયાં ઉંમર વીતી ગઇછે ? એમનુ વય તો અત્યારે વિવાહ કરવાને યોગ્યજ કહેવાય. આવુ માન, ધન, સત્તા, સાહેબી, જ્ઞાન, ડહાપણ એ સર્વ પ્રકારના ગુણવાળો વર ભાગ્યશાળી કન્યા હોય તેનેજ મળે. બીજી વાર લગ્ન કરો, નવી સ્ત્રીને ઘેર લાવો અને પુત્રનું મ્હોં જોઈ સુખી થાઓ પેલા મિત્ર બાબુને ઘેર નવ વર્ષની સુંદર કન્યા છે આપ કહો તો એકાદ વેવીશાળીઆને મોકલીએ કન્યાના નસીબમા હશે તોજ આવો રૂડો વર પામશે. આપના જેવો જમાઇ મળ્યાથી કન્યાના કુળની સાત પહેડીનો ઉદ્ધાર થશે." નવ વર્ષની સુંદર કુમળી પ્રિયતમાના અધરામૃતનું પાન કરવા તારિણીબાબુને ઝાઝી હરકત ન્હોતી.ગામમાં કોઇ કોઇ લોક તો એટલે સુધી કહેતા કે તારિણીબાબુ લગ્ન કરવાને માટેજ રજા લઈને ઘેર આવ્યા છે. ગમે

તેમ હોય પણ આ વખત તો તારિણીબાબુએ સ્પષ્ટપણે ઉત્તર આપ્યો નહિ.

મૌન એ સંમતિ સૂચક ચિહ્ન છે, એમ જાણી બ્રાહ્મણો અને પંડિતો પુનઃ પુનઃ કહેવા લાગ્યા, "અરે ભાઇ! આતો ઉત્તમ કાર્ય કહેવાય! પહેલી સ્ત્રીને સંતાન ન હોય તો બીજી વાર લગ્ન કરવાની શાસ્ત્રમાં આજ્ઞા લખેલીછે. વળી નવ વર્ષની કન્યા ગૌરી કન્યા કહેવાય. પુરૂષને માટે લગ્નની વય શાસ્ત્રમા મુકરર કરી નથી. પુરૂષની ઉંમર ગમે એટલી હોય તોપણ તે જ્યારે મરજીમાં આવે ત્યારે લગ્ન કરી શકેછે, વળી તારિણીબાબુની કયાં ઉંમર થઇ ગઇછે માટે આ શુભ કાર્યની સત્વર તૈયારી કરવી જોઇએ. એમના જેવા ધર્મ પરાયણ, જ્ઞાની, વિદ્વાન પુરૂષે માત્ર પુત્ર કામનાથીજ અને વંશ રક્ષણ કરવાના હેતુથીજ બીજીવાર લગ્ન કરીને ધર્મપરાયણતાનુ જ્વલંત દૃષ્ટાંત જગત્‌ને આપવું જોઇએ." આ સંભાષણનો તારિણીબાબુએ પ્રકટ રીતે કશો ઉત્તર આપ્યો નહિ પણ નવ વર્ષની કન્યાની વાત સાંભળી તેમનું અંતઃકરણ હર્ષથી ઉછળવા લાગ્યું. તે દિવસે શાસ્ત્રીઓ વગેરેને સારી દક્ષિણા મળી.

તારિણીબાબુના નજીકનાં સગાં અને મિત્રો પણ આની આજ સલાહ આપતા. એ સર્વ વાત સાંભળી તારિણીબાબુથી હસી દેવાતુ પણ પોતાની લગ્ન કરવાની મરજી છે એમ જરા પણ જણાવા દીધુ નહિ. તે માત્ર એટલુંજ કહેતા કે મને કાંઇ સુઝ પડતી નથી. આ કામ કરવાની મારી બીલકુલ મરજી નથી. માત્ર મલિક વંશનો ક્ષય થશે એ વિચારથી મને અત્યંત ખેદ થાય છે.

કુટુંબીઓ—"તે ખરૂં છે. આપ નિઃસ્વાર્થી છો તે તાલપુખુર

અને વર્ધમાન શહેરના લોક જાણતા નથી ? પણ વંશરક્ષણ કરવું એ ધર્મકાર્ય છે. માટે તમારી લગ્ન કરવાની મરજી ન હોય તોપણ આટલી તકલીફ ઉઠાવો. આપ તો મનની વાત સરળતાથી અમને કહોછો. એવા સાચા દીલના માણસો આજ કયાં છે ?"

તેજ ઓરડાના એક ખૂણામાં ઉભો ઉભો કૉલેજમાં ભણતો એક દુષ્ટ છોકરો આ સઘળી વાત સાંભળતો હતો. તારિણીબાબુ ઉપર બીજી વાર લગ્ન કરવાની આવી પડતી વિપત્તિ જોઇ તેનાથી હસવું ખાળી ન રખાયું તેથી તે ખીખીખી હસતો હસતો ત્યાંથી નાશી ગયો. કેવો અમર્યાદ છોકરો ?

તારિણી બાબુ—" અરે ભાઇ, તમે શું જાણો ? મેં બે ભત્રીજીઓને ઉછેરી મ્હોટી કરી. મારી પાસે જે કાંઇ પાંચ પૈસા છે તે હું તેમને આપી જવાનો વિચાર કરતો હતો પણ આજ કાલનાં છોકરાં વહી ગયાં છે અને અધર્મ આચરણ કરે છે."

કુટુંબીઓ —" એ વાત સંભારશોજ નહિ આપે એ બિન્દુ અને સુધાને માટે જે પરિશ્રમ ઉઠાવ્યો છે તેની અમને પુરેપુરી ખબર છે. એ તો જૂની વાત છે. આપ ન હોત તો એ બાપ વગરની છોકરીઓને ખવડાવત કોણ ? ઢાંકત કોણ ! ઉછેરત કોણ ! આપ દયાળુ અને મ્હોટા મનના તેથી તેમને પાળી અને પોષી. આજ એવું કરનાર કોણ છે.?* પણ એ તે છોકરીઓ કે રાક્ષસીઓ ? આપના જેવા દયાળુ વડીલની સલાહ ન માની, ધર્મ ઉપર પગ મૂકી વિધવા

*સુધાહાસિની વાંચનારને માલમ હશે કે એ દયાળુ અને મ્હોટા મનના તારિણી બાબુ છોકરીઓની બાપુતી મિલકત પચાવી પડયા હતા.

વિવાહ કરી બેઠી ! વિધવાનો વિવાહ ! શિવ ! શિવ ! શિવ ! તારિણી બાબુ ! તમારે તો એમનું નામજ ન દેવું. એ પાપણીઓનું નામ દીધાથી પણ પાપ લાગે છે. આપ તો દયાળુ છો તે એમને ગામમાં રહેવા દો છો. આપને ઠેકાણે બીજો હોત તો તેમના માથાં મુંડાવી, માથામાં છાશ રેડાવી ગામ બહાર કઢાવી મૂક્ત."

તારિણી બાબુ—"અરે ભાઈ ! મારા દુખની વાત શી કહું ! મનની વાત આજ તમને કહું છું. તમને ન કહું તો કહું કોને ? દિવસે દિવસે ઘરમાં મંદવાડ વધતો જાય છે. તેની બરદાસ્ત લેવા માટે કોઈ એકાદ માણસ હોવુંજ જોઇએ મારે તો નોકરીને અંગે વર્ધમાન રહેવું પડે છે. મારાથી વારે વારે આવજા થતી નથી. તેથી આપણા જ ઘરનું માણસ જો ઘેર રહેતુ હોય તો તેની બરદાસ્ત લે એટલા માટેજ મારી પૂરેપૂરી નારાજી છતાં આ કામ કરવા વિચાર થાય છે. નહિ તો આ ઉંમરે લગ્ન કરવાની મને એક ખૂણે પણ ઇચ્છા નથી. હુ ઘરડો થવા આવ્યો છુ તેથી અત્યારે તો મારે ઈશ્વરનું જ ચિંતવન કરવુ જોઇએ."

કુટુંબીઓ—"એ અમે જાણીએ છીએ. વારે વારે કહેવાથી શો લાભ છે ? આપ તો તદન નિષ્કામ થઇ ગયા છો અને અત્યંત દયાળુ છો તેથી શું અમે અજાણ્યા છીએ ? આપ આપની સ્ત્રીને માટે જેવી કાળજી રાખો છો તેવી રાખનાર કોણ છે ? શાસ્ત્રમાં તો કહ્યું છે કે જો સ્ત્રીને સંતાન ન થતુ હોય તો તેનો ત્યાગ કરવો જોઇએ. સારાંશ કે તેનુ માથું મુડાવી તિરસ્કાર કરી ઘર બહાર કાઢી મૂકવી જોઈએ*છતાં પણ આપ કાળજી પૂર્વક તેની બરદાસ્ત ઉઠાવો

* શાસ્ત્રમાં કહ્યું હોય યા ન કહ્યું હોય પણ જરૂર પડે ત્યારે શાસ્ત્રનું ઓથું બતાવી નિરંકુશપણે બોલવાને પંડિતમન્યો ચૂકતા નથી.

છો, દવા પાણી કરો છો, વસ્ત્રાલંકારથી ઢાંકો છો, પોષો છો એ આપનું દયાળુપણું બતાવે છે. વળી તેની સેવા કરવાને માટે એક સેવિકા લાવવાની આપ તજવીજ કરી રહ્યા છો." આવા પ્રકારની મસલત લાંબા કાળ સુધી ચાલી. પરિણામ શું આવ્યુ તે કહેવાની જરૂરજ નથી. જ્યારે ઘરધણી લગ્ન કરવાના ઈરાદાથીજ ગામમાં આવ્યો હોય ત્યારે બીજાઓની સલાહ પૂછવી એ તો માત્ર ફારસજ છે.

તારિણી બાબુની પાડોશમાં જે તેમની ન્યાતની સ્ત્રીઓ રહેતી હતી તેઓ ઉમાની માતાની સારવાર કરતી હતી. બ્હારના દિવાનખાનામાં જે વાત ચર્ચાતી હતી તે સ્ત્રી સમાજથી છૂપી રહી શકી નહિ. તેમણે તરતજ વિવિધ વાક્ચાતુર્યથી ઉમાની માતાને એ વાત જાહેર કરી.

વ્યાધિથી જર્જર થએલી બિચારી ઉમાની માતાના નેત્રમાંથી આંસુના કેટલાંક ટીપાં ટપકયાં. તેણે કહ્યુ, " જ્યારથી મારી ઉમા ગઇ ત્યારથી સંસારમાં મારૂં તો સર્વસ્વ ગયુ છે. સંસારમાં મને હવે સુખ રહ્યું નથી. એમની ઇચ્છા હોય તો ભલે એ બીજી વાર પરણે. કદાચ એમનું બીજું લગ્ન સુખરૂપ પણ નીવડે.

પ્રકરણ ૩ જું.

કન્યા.

તાલપુખુરનું મિત્ર કુટુંબ પ્રથમ સારી હાલતમાં હતું. અત્યારે તેની દુર્દશા છે. તેમની જે થોડી ઘણી જમીન હતી તે ઘણા દિવ-

સથી જતી રહી હતી. થોડી ઘણી ઉઘરાણી હતી તેના વડે બિચારા મિત્ર બાબુ જેમ તેમ સંસાર ચલાવતા હતા. જે વર્ષે ઉમાનું મૃત્યુ થયું તેજ અરસામાં મિત્ર બાબુ એક અનાથ વિધવા અને એક પુત્ર તથા એક પુત્રી મૂકીને પરલોક વાસી થયા. પુત્રનું નામ ગોકુલચંદ્ર અને કન્યાનું નામ ગોપબાલા.

મિત્ર બાબુના મરણથી તે બિચારી નિરાધાર વિધવા અને તેનાં બે બાળકો ઉપર ભારે વિટંબણા પડવા લાગી. તેમને ખાવાને અન્નપણ કોઈ કોઈ વાર મળતું નહિ. ગામના દયાળુ લોકો થોડી ઘણી મદદ કરતા એટલુંજ. પણ બિન્દુ કલકત્તેથી પાછી આવી ત્યારથી તેણે તે કંગાલ કુટુંબને પૂર્ણ રીતે સહાય આપવા માંડી. મરનારની જે લેણદેણ હતી તેની તેણે વ્યવસ્થા કરાવી આપી. તેમને ખાવાને વાસ્તે તે ઘણીવાર દાળ, ચોખા, શાક, ભાજી વગેરે મોકલતી. તેમને શાકભાજી માટે પૈસા ખર્ચવા ન પડે તેટલા સારૂ બિન્દુએ જાતે વેંગણ, ભીંડા વગેરે વાવી આપ્યાં. થંડીની ઋતુમાં તેણે ગરમ કપડાં જાતે સીવીને મોકલ્યાં. બીજે ત્રીજે દિવસે તે તેમની ખબર લેવા જતી અને ન્હાની ગોપબાળા તો લગભગ બિન્દુને ત્યાંજ રહેતી અને પોષાતી. બિન્દુને એક પુત્રી હતી તેની સાથે તે રમ્યા કરતી.

ગોકુલચંદ્ર ગામની નિશાળમાં થોડું ઘણું ભણ્યો પણ બાપના મરણ પછી તેણે નિશાળ છોડી અને ધંધો ખોળવા લાગ્યો. સોળ વર્ષના, અધુરૂં ભણેલા, વશીલા વગરના છોકરાને કોણ નોકરી આપે? પણ તે ઘણો ચાલાક હતો. તેણે આઠ દશ રૂપિયાની ટૂંકા પગારની નોકરીમાંથી પણ કરકસર કરીને અને કંઈક ખુશામત કરીને એક ન્હાની રકમ એકઠી કરી. હાલમાં તે સડક ઉપર પથરા નાંખવાના કૉન્ટ્રાક્ટ રાખતો હતો અને સારૂં પેદા કરતો હતો. તે

પોતાની માને કે બ્હેનને એક પાઇ પણ મોકલતો નહિ. સંસારમાં ઘડાએલો શાણો ગોકુલચંદ્ર જાણતો હતો કે હું પૈસા મોકલીશ તો તેમને કોઇ આપશે નહિ, અને હું નહિ મોકલું તો મા દીકરી જેમ તેમ કરીને નિભાવ કરી લેશે. એવા વિચારથી તે પોતાની કમાણી બેંકમાંજ જમે કરાવતો હતો. પૈસાનું પ્રાધાન્ય તેને શીખવવુ પડે તેમ ન હતુ.

તાલપુખુરમાં તેની મા અને બ્હેન ઉઘરાણીમાંથી મળતી ટૂંકી આવક વડે તથા બિન્દુની મદદવડે જેમ તેમ દિવસ ગુજારતાં હતાં. બિન્દુની છોકરી સુશીલા હાલ સાત વર્ષની હતી અને ગોપબાલા નવવર્ષની હતી તેથી બંને વચ્ચે બ્હેનપણાં બંધાયાં હતાં અને તેઓ આખો દિવસ એકઠાંજ રમતા હતાં. સુશીલા જરાક શામળી પણ ભલી છોકરી હતી. તેનાં નેત્ર તેની માનાં જેવાં સુંદર, દીર્ઘ, અને વિશાળ હતાં પણ તે ઘણી સુંદર ન્હોતી. ગોપબાલા અત્યંત તીક્ષ્ણ બુદ્ધિની, પાકી અને સુંદર છોકરી હતી. તેનું મુખ સૌન્દર્ય અને બુદ્ધિના તેજથી તકતકી રહ્યું હતું. દેહકાંતિ સુવર્ણ જેવી હતી. ભમર કમાનદાર હતી. આંખ તીક્ષ્ણ અને તેજસ્વી હતી. આખા તાલપુખુર ગામમાં એવી ફુટડી છોકરી એક પણ ન હતી. ગામ બહાર અથવા ઝાડની ઘટા નીચે છોકરીઓ સાથે જ્યારે ગોપબાલા ગરબા ગાતી ત્યારે જાણે નંદનવનમાં કોઈ દેવકન્યા રમણ કરી રહી હોય એવો દેખાવ થઇ રહેતો. ખેતરે જતા ખેડુતો અને પાણી ભરતી પનીઆરીઓ આ સુંદર બાલિકાને જોવા બે ઘડી થોભતાં હતાં. સ્રીઓને તેના ઉપર એવું ઉમળકું આવતું કે માથેથી પાણીનું બેડું ઉતારી તેને હેતથી ચુમ્બન કરતી.

ગોપબાલા જેવી સુંદર તેવીજ પાકી અને ચતુર હતી. નવ-વર્ષની છોકરીમાં એવી ઉંડી સમજ અને શાણપણ જોઇ ગામની સ્રીઓ વિસ્મિત થતી. તે એકલી એકલી વિચાર કરતી, મનસુબા ઘડતી અને તે પ્રમાણે કાર્ય પણ કરતી. તે અલબત સુશીલા સાથે રમતી ખરી પણ બિચારી ભોળી સુશીલા ગોપબાલાના મનનો ભેદ શી રીતે જાણે ? સુશીલાને સમજાવી પટાવી તેનાં રમકડાં એક એક કરીને પટાવી લેતી અને બધાં ઘેર એકઠાં કરીને સાચવી મૂકતી. બિન્દુ અને સુધાને તે મા કહીને બોલાવતી. અને તેમની પાસેથી કોઇ વાર રમકડું, કોઇ વાર સંદેશ× અને કોઇવાર કપડું પણ મેળ-વતી. અને તે બધું ઘેર સાચવી રાખતી. તેને વિષે બિન્દુ કહેતી, " આ છોકરી કેવી શાંત નમ્ર અને ડાહી છે ? તેને જોઇને મારી આંખ ઠરે છે. " બિચારી ભોળી બિન્દુ પાકી ગોપબાલાને ક્યાંથી ઓળખી શકે !

તારિણી બાબુને ઘેરથી એક વેવીશાળીઓ ગોપબાલાની માની પાસે આવ્યો. તેની વાત સાંભળતાંજ ગોપીની મા ગાળે ગાળ દેવા લાગી. તેણે કહ્યું, " બળ્યું તારૂં મ્હોડું ! શું એ ડોસલાને પરણાવીને મારી છોકરીને કૂવામાં નાંખું ? પચ્ચાસ વર્ષના ઘરડા ખચ્ચરને મારી કુમળી માંખણ જેવી છોકરી પરણાવું ? પૈસાને શું મારી છોકરી ઘોઇ પીએ ? ઘરેણાને શુ ઓઢે કે પાથરે ? ભલે અમે ગરીબ છીએ અને ગરીબ રહીશું પણ પૈસા લઇને મારી છોકરી નહિ વેચું. હાય હાય રે મા ! મુઓ બુઢીઓ ! મારી ગોપીના દાદાના જેટલી ઉંમરનો શરમાતો

× આપણે ત્યાંના પેંડાને મળતી પણ વધારે કઠણ અને સ્વા-દિષ્ટ બંગાળી મિઠાઇ.

એ નથી ! જો ઉમાને છોકરાં હોત તો આજ મારી ગોપીના જેવડાં હોત. બિન્દુની છોકરી મારી ગોપીના જેવડી છે. અને એ બિન્દુનો કાકો અને ઉમાનો બાપ મારી ગોપી સાથે પરણવાનુ મન કરે છે ! એ મુઆને તો જમ પણ ભુલી ગયો. મારી છોકરી ગુલાબની કળી જેવી, તેને રસ્તે જનાર લોકો બે ઘડી જોઇ રહે છે. તેને હું ડોસા સાથે પરણાવુ ! બળ્યુ એનું મ્હોડું ! ના બાપ ના. એ વાત તો બોલશોજ નહિ. પેલી કાલીની માએ પાકી વયના વરની સાથે છોકરીને પરણાવીને જુઓ શું થયું તે. શું હુ દેખતી આંખે કૂવામાં પડું ! નારે મા ! મારા આટલા દિવસ ગયા. હવે મારે જીદંગીની છેલ્લી ઘડી છે. જેનું ધન, જેને લીધે સંસાર, તે મને રડાવીને જતા રહ્યા અને હું પણ મરતી મરતી બચી છું હવે મારાથી દુઃખ સહન થતું નથી. " એમ કહી તે ગરીબ વિધવા ધણીને સંભારી અશ્રુપાત કરવા લાગી.

વેવીશાળીઓ પાછો ફર્યો. ન્હાની ગોપબાલા બીજા ઓરડામાંથી આ સઘળી વાત સાંભળતી હતી. તે બોલી, "હું મ્હોટે ઘેર પરણું તેમાં શા માટે માને હરકત હોવી જોઇએ ? તેની હરકત નહિ ચાલે."

એક વાર નિશ્ચય કર્યા પછી તેમાંથી પાછા હઠે એવા તારિણી બાબુ ન હતા. બીજે દિવસે તે વેવીશાળીઓ બિન્દુની પાસે આવ્યો અને તેને એક ચીઠ્ઠી આપી. તે બિન્દુની કાકીની લખેલી હતી. તેમાં નીચે પ્રમાણે લખ્યું હતુ.—

" દીકરી બિન્દુ ! તારા કાકાને પ્રજા ન હોવાથી બીજીવાર લગ્ન કરવાનો તેમનો વિચાર થયોછે. મારી પણ તેમાં રજા છે. મિત્ર બાબુને ઘેર એક નવ વર્ષની કન્યા છે. તે કન્યા તારા કાકાને ગમી છે. સા-

ભળ્યા પ્રમાણે તે છોકરી ઘણી સુશીલછે. તેની મા તારી આશ્રિત છે તેથી તે કાંઇ કહ્યું માનશે. તને જો આ વાત અનુકુળ લાગે તો તારા કાકા સાથે આ છોકરીનું લગ્ન ગોઠવી આપવાની કોશિશ કરજે. તને આ વાત ન રૂચે તોપણ તારી કાકીની ખાતર બનતું કરજે. વળી દીકરી, જ્યારથી ઉમા ગઇ ત્યારથી મારી સગી દીકરી તુંજ છે વખત આવે તો તારી કાકીને તારા ઘરમાં જગ્યા આપજે."

બુદ્ધિમાન બિન્દુ ચીઠ્ઠીનો પ્રથમ ભાગ વાંચતાં ખુબ હસી. છેલ્લી બે લીટી વાંચી તેની આંખ ભીની થઇ આ લગ્નની તેની કાકીએ શા કારણથી રજા આપી તેનો મર્મ ચીઠ્ઠીની છેલ્લી લીટીએ સમજાવ્યો. તેણે નીચે પ્રમાણે જવાબ લખ્યો:—

"કાકીમા! કાકાની તો અક્કલ ગઇ છે. પણ સાથે તમારીએ ગઇ? કાલીતારાની હાલત તમે પ્રત્યક્ષ જુઓછો. છતાં એક કુમળી ઉંમરની છોકરીને અગ્નિમાં હોમવા તત્પર થાઓછો! કાકીમા, હું તો ન્હાની બાળક છું. તમને શી શિખામણ આપું? તમે પોતેજ વિચાર કરી લ્યોની કે કાકા પરણીને સુખી થશે? તમે જેવી રીતે જાત ઘસવીને તેમની સેવા કરીછે તેવી સેવા એક ન્હાની અણસમજુ બાળકી કરી શકશે? અને જો તે કજીયાખોર નીવડી તો કાકાની ઘડ-પણમાં થતી દુર્દશા તમારે ને મારે જાતે જોવી પડશે. કાકીમા! તમે આ કામમાં હાથ ન ઘાલશો. મારાથી તો તેમાં લેશ પણ સહાય નહિ અપાય."

બિન્દુએ એક બે વાર ચીઠ્ઠી મ્હોટેથી વાંચી જોઇ. તે બરાબર લખાઇ છે એમ જાણ્યા પછી તેણે ચીઠ્ઠી વેવીશાળીઆના હાથમાં મૂકી એટલે તે ચાલતો થયો.

તે ગયો તેજ ઘડીએ પરશાળમાંથી કોઇક ઉંચે ઉંચે પગલે ચાલીને જતું રહ્યું. ગોપબાળાએ ત્યાં ઉભાં ઉભાં બંને ચીઠ્ઠીની મતલબ બરાબર સાંભળી લીધા અને પોતે બોલી, "હું મ્હોટે ઘેર પરણું તેમાં સુશીલાની માએ શા માટે વાંધો લેવો જોઇએ ? તેનો વાંધો પણ ચાલશે નહિ."

સાંજને પહોર સુધાહાસિની પોતાની બ્હેન બિન્દુને મળવા આવી સુધાને જોતાંજ બિન્દુ ખડખડ હસી પડી. તેણે કહ્યું "અ-લી સુધા ! તેં આપણી નવી કાકીને જોઇ છે કે ?"

સુધા—"નારે બ્હેન ! આપણી વળી નવી કાકી કેવી ?"

બિન્દુ—"નથી જાણતી ત્યારે હવે જાણીશ. જો પેલી વાડીમાં સુશીલા જોડે રમે !"

સુધા—"તુ શું કહે છે બ્હેન ! મારા સમ પેલી ગોપી તો ન્હોય ! તેની સાથે તેં કાકાનું સગપણ ગોઠવ્યુ ?"

બિન્દુ—"હું નહિ ગોઠવતી હોઉં તો. એ તો જે ગોઠવતું હશે તે ગોઠવશે."

સુધા—"બ્હેન તુ ખરૂ કહે છે ? મશ્કરી તો નથી કરતી ? મને કઇ સમજાતું નથી. તું આવડી હસે છે કેમ ? શું થયું, કહે તો ખરી ! "

બિન્દુ—"હજી થયુ કશુય નથી, એકાદ મહિનામાં થઇ જશે."

સુધા—"શું થશે ?"

બિન્દુ—"મેં કહ્યું તે ! પેલી ગોપી આપણી નવી કાકી થશે. તારિણી કાકાએ તેને સારૂં માગું મોકલ્યું છે. (ગોપીને) ગોપી ! અલી ઓ ગોપી ! તુ મારા કાકાને પરણશે કે !"

ગોપી—"કોણ મ્હોટી બા બોલાવે છે કે?"

બિન્દુ—"હા હું બોલાવુંછું. અહિં આવ એક વાત કહું!"

બિન્દુએ તે બાળકીને ખોળામાં બેસાડી. તે સુંદર નમ્ર છોકરીના મધુર હોઠ ઉપર ચુમ્બન કર્યું. ફરી ફરીને તેના સુદીર્ઘ અને તેજસ્વી નેત્રોને ચુમ્યાં.

બિન્દુ કહે, "અલી ગોપી! તેં મારા કાકાને જોયા છે કે?"

ગોપી—"હા જોયાછે જ તો."

બિન્દુ—"અલી ક્યારે જોઈ આવી?"

ગોપી—"તે દિવસે સાંજે હું તળાવના ઘાટ ઉપર રમવા ગઈ'તી ને ત્યાં તારિણી બાબુ આવ્યા હતા."

સુધા—"ઓય મા! ત્યારે તો વરકન્યા વચ્ચે મેળાપ અને વાતચીત પણ થઇ ચૂકી છે. અલી ગોપી! તને મારા કાકાએ રમાડી હતી કે?"

ગોપી—હોવે ન્હાની બા. પહેલાં તો તારિણી બાબુએ ચારે બાજુએ જોયું અને જાણ્યુ કે કોઇ નથી ત્યારે મને ઉભી રાખી અને ખોળે બેસાડી અને ખુબ વ્હાલ બતાવ્યુ."

બિન્દુ તો આ સાંભળી હસતી હસતી ભોંયપર આળોટવા લાગી. કેટલીક વારે તેણે ઉઠીને સુધાને કહ્યું, "અલી સુધા! વરકન્યા વચ્ચે પ્રેમ વાર્તાની પણ શરૂઆત થઈ ચૂકી છે. પ્હેલાંના ડોસલાઓ તો પારકી જુવાન સ્ત્રીઓની મશ્કરી કરતા પણ હાલના ડોસાઓએ તો સાહેબ લોકની પેઠે સંવનન (Courtship) પણ કરવા માંડ્યુ. ભ્રષ્ટ તે આપણે કે તે? અરર! આ શરમની વાત જ્યારે લોકોમાં ચર્ચાશે ત્યારે આપણે જગતને શું મ્હોં બતાવીશું? અરે!

મારા શાણા કાકાજી ! તમે આટલી ઉંમરે લોક હસાવશો ? અલી ગોપી ! તને મારા કાકા ગમે છે કે ?"

"હા ગમે છે", એમ કહી તે છોકરી હરણીની પેઠે નાસી ગઇ.

બિન્દુ—"બિચારી ભલી ભોળી છોકરી લગ્ન એટલે શું તે બિચારી જાણતી નથી, સમજતી નથી. કાકાએ ખોળે બેસાડી જરા પંપાળી એટલે ખુશ ખુશ થઇ ગઇ છે. અરર ! કાકાજી ! તમે વિદ્વાન, બુદ્ધિમાન અને દીર્ઘદર્શી થઇને એક કુમળી છોકરીને બળતા અગ્નિમાં હોમવા કેમ તત્પર થયા છો ?"

બિન્દુ એક પ્રકારની ભૂલ કરતી હતી. તે છોકરી છેક ભોળી ન હતી. લગ્નનો અર્થ તે કંઇક કઇક સમજતી હતી. પૈસાની અને સાહેબીની તેના હૃદયમાં લાલસા જાગી હતી. હીરા મોતીના ઘરેણાં જોઈ તેનુ મન ચલિત થયું હતું. દારિદ્ર્યમાંથી છલંગ મારી એકદમ મ્હોટા ઘરની ધણીયાણી થવાની તેના હૃદયમાં પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થઈ હતી.

પ્રકરણ ૪ થું.

વિવાહ નક્કી થયો.

તારિણી બાબુ નિશ્ચય કર્યા પછી પાછા હઠે તેવા ન હતા. તેમણે ગોકુળચંદ્ર તરફ એક માણસ વર્ધમાન મોકલ્યો. ગોકુળચંદ્રને આ માણસ દ્વારા વિશેષ માહિતી મળી શકી નહિ. તો પણ કોઇ પણ કારણને લીધે તારિણીબાબુ ગુસ્સે થયા છે એમ જાણી તેને ડર લાગ્યો. વર્ધમાન શહેરમાં નાજર સાહેબની ખુબ સત્તા હતી અને

યુરોપિયન અધિકારીઓ પાસે તેમનું સારૂં ચલણુ હતુ તે વાત એ બરાબર સમજતો હતો. જો નાજર સાહેબ સાહેબલોકોની આગળ જઇને ચાડી ખાય તો સરકાર તેનીપાસેથી કૉન્ટ્રાકટનો પટો છીનવી લે અને તેની રોજીને હાનિ પહોંચે. આ ધાસ્તીને લીધે ગોકુળચંદ્ર બીજેજ દિવસે ગાડી ભાડે કરી તાલપુખુર આવ્યો અને પોતાને ઘેર ન જતાં તારિણી બાબુને ઘેરજ પરબાર્યો ગયો અને નાજર સાહેબને વિનય પૂર્વક પ્રણામ કર્યા.

આ વખત નાજર સાહેબ ભારે મિજાસમા હતા. તેમણે મ્હો-ડેથી ઉત્તર પણ આપ્યો નહિ. બ્હીકથી ગોકુળચંદ્રે પાંચ પચ્ચીશ મોઠી મીઠી વાતો કહી તારિણી બાબુનું મન મનાવ્યુ. તેણે કહ્યું, “હુ તો આપનો દાસનો દાસ છુ. આપનુંજ આપેલુ અન્ન ખાઉ છું. આ-પનીજ કૃપા વડે જીવુંછું. મારા જેવા આશ્રિત તરફ આપ આટલા ગુસ્સે કેમ થાઓછો? બોલો શી આજ્ઞા છે? મેં કોઇ દિવસ આપ-નો બોલ ઉથાપ્યો છે?”

તારિણી બાબુ—“ ના રે ભાઇ, હવે તુ મારો આશ્રિત શેનો! હવે તો તુ મ્હોટો કોન્ટ્રાકટર થયો. મ્હોટો વ્યાપારી થયો પાંચ પૈસા રળતો થયો, હવે તું મારૂ કહેવું શેનો માને? હવે તારે મારી શી દરકાર? ઠીક છે, હવેથી જોઇ લઇશ. હું! હવેથી જોઇ લઇશ. સાહેબ લોકોની આગળ સિફારસ કરીને તને કોન્ટ્રાકટ અપાવ્યા ત્યારે કની? જોઉંછું હવે કેવા કોટ્રાકટ મળે છે તે!

ગોકુળચંદ્ર—“ અરર! એ શું બોલ્યા! આપને લીધે રોટલા ખાતો થયોછું, આપના ચરણુનીજ રજ છું, એ વાત વર્ધમાનમાં કોણ જાણુતુ નથી? શું હું આપની આજ્ઞા તોડું? આપના જોડા ઉંચ-

કવા યોગ્ય નથી તે હું આપની વાત ન સાંભળું તો કોની સાંભળું ? "

તારિણીબાબુ–"અરે ! ભાઈ, મારી વાત તને કેમ ગળે ઉતરશે ? જા બા ઘેર જા. તારી માએ મારૂં કેવે પ્રકારે અપમાન કર્યું છે તે તેને જઇને પૂછી આવ. મારા માણસને તિરસ્કાર કરીને કાઢી મૂક્યો છે. ભાઇ ! તારો મરનાર બાપ તો મારો બોલ રાખતો પણ તેની વિધવા જેનો મે દુઃખના વખતમાં અન્નવસ્ત્ર આપી નિભાવ કર્યો (અન્નવસ્ત્ર કોણે આપ્યાં તે આપણે જાણીએ છીએ) તે આજ મારૂ અપમાન કરે છે. જોઇ લઇશ. "

ગોકુલ—" એ બોલ્યા શું ? હું ગરીબ ભીખારી ! મારી મા કંગાલની કંગાલ તે તાલપુખુરના ધનાઢ્ય મલ્લિક બાબુનું અપમાન કરે ! થયુ શું તે સ્પષ્ટ કહો. "

તારિણીબાબુ—"એક વાર તારી માએ તો અપમાન કર્યું. હવે સ્પષ્ટ કહીને બીજી વાર તારે હાથે અપમાન ખમુ ! નારે ભાઈ ! કંઈ કહેવાની જરૂર નથી. હવે તું મ્હોટો થયો. તારૂં કુળ ઉંચું, મારૂં કુળ નીચું, હવે તુ શેનો મારી સામુ જુએ અને મારી સાથે સગપણ બાંધે ?"

ગોકુલ—" એ શું બોલ્યા ? તમારી સાથે સગપણ એ તો દુર્લભ વસ્તુ. હું ગરીબ માણસ. મને આપને ઘેરથી એક મુઠ્ઠી ચોખા મળે તો પણ હું મારી જાતને કૃતાર્થ માનું. આપની સાથે સગપણ ! એ દિવસ ક્યારે આવે ! "

ખુશામતથી દેવતાઓ પણ પ્રસન્ન થાય છે તો પછી તારિણી બાબુનું તો કહેવુજ શુ ! તેમણે નોકરને આજ્ઞા કરી, " અરે ! કોણ છે ? હુકો ભરી લાવ. " બેસ ભાઇ ! બેસ થાકી ગયો હઇશ. બહુ

દૂરથી આવ્યો છે. ઘેર પણ ગયો નથી. બારોબાર આવ્યો લાગે છે. બેસ બા બેસ. તારા જેવો ડાહ્યો, શાણો છોકરો જોઇને મને બહુ આનંદ થાય છે. ”

ગોકુલ—“ નાજી હુ તો ઉભોજ રહીશ. જ્યાં સુધી આપ આજ્ઞા નહિ કરો અને મારાથી તેનો અમલ જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી હુ બેશીશ નહિ. અને અન્ન પાણી પણ લઇશ નહિ. ”

તારિણી બાબુનો ગુસ્સો હવે ઉતરી ગયો અને તેમના મુખ ઉપર હાસ્ય પથરાયુ અને હૃદયમાં આનદ આનંદ થઈ રહ્યો. તેમણે ગોકુલનો હાથ પકડી પ્રેમથી આસન પર બેસાડયો. પછી ફુંક મારી હુક્કો ચેતાવ્યો અને ધીરે ધીરે હુક્કો ગગડાવતા બોલ્યા, “ કેમ શુ સમજ્યો ? તારા બાપ સાથે મારે બહુ દોસ્તી હતી તેની તને ખબર તો છેને ? ”

ગોકુલ—“ હાજી ખબર કેમ ન હોય ? ”

તારિણીબાબુ—“ વિપત્તિના વખતમાં તેને સહાય આપનાર ગામમાં કોઇ નહોતુ તેથી તે મારીજ પાસે આવતા, તે તુ જાણે છેને ? ”

ગોકુલ—“ હાજી મને બરાબર યાદ છે. ”

તારિણીબાબુ—“ તેના મરણ પછી મેં તારી માને મદદ કરેલી. વર્ધમાનના કલેકટર આગળ તારે માટે સિફારસ કરી તને ધંધે વળગાડયો, તારી ન્હાની બ્હેનને લુગડાં કપડાં પણ આપેલાં તે તુ જાણે છે. મારા વખાણ મારે મ્હોડે કરવાની જરૂર નથી પણ તારા કુટુંબ માટે મે શું શુ કર્યુ છે તે તુ જાણે છે, એટલે બસ. ”

ગોકુલ—“ હાજી જાણુછુ જ તો ? ”

તારિણીબાબુ—“ તારૂ કુળ ઉંચું છે તારા કુટુંબની રીતભાત

પણ ઉચ્ચા પ્રકારની છે. તારા બાપ સાથે મારે જૂની મૈત્રી છે. તે બધું જોતાં હું તારે માટે પ્રયાસ ન કરૂં તો શું મારા નાસ્તિક ભત્રિજા જમાઇ માટે કરૂં ? કે મારા છાકટા જમાઇને માટે કરૂં ? નારે ભાઇ ! હજી આ ભયંકર કળિયુગમાં પણ કંઇક ધર્મ સચવાઇ રહ્યો છે. હજી સૂર્ય પૂર્વ દિશામાં ઉગે છે. તારા જેવા શાણા છોકરાના કુટુંબની જરૂર થોડા વખતમાં ચઢતી થશે. ”

ગોકુલ—“ એ સૌ આપની મહેરબાનીનુંજ ફળ છે. ”

તારિણી—“ માટેજ મેં વિચાર કર્યો કે મારી પાસે જે કાંઇ માલમિલ્કત, જમીનજાગીર, ઉધરાણીપાધરાણી, ઝવેરાત વગેરે છે તે મારે કોને આપી જવું ? અપાય પણ કોને ! દીકરી ઉમા તો મને રડાવીને ચાલતી થઈ. તેના મરણના શોકથી ઘરમાંથી પણ આજ જઉં કાલ જઉં એવી હાલતમાં છે. હું આસપાસ નજર કરૂં છું તો આખા તાલપુખુર ગામમાં તારા જેવું આબરૂવાળું અને કુલીન એક પણ ઘર નથી. તેથી તારા કુટુંબ સાથે સગપણ કરવાનો મેં વિચાર કર્યો છે. અને તેમ કરીને મારી પાસે જે કાંઈ છે તે સર્વ તનેજ આપવાનો મનસુબો કર્યો છે. તારી બ્હેનનું એટલે તારૂં જ છેને ? કેમ સમજ્યોને ? ”

ગોકુલ બડો પાકો અને ઘડાયલો માણસ હતો. તારિણીબાબુની વાત ઉપરથી તે ક્યારનો એ તેની મતલબ સમજી ગયો હતો, અને મનમાં ને મનમાં વ્યવહારદક્ષ નીતિનિપુણ પુરૂષની પેઠે તેણે જવાબ પણ ઘડી રાખ્યો હતો. તેણે વિચાર્યું કે લગ્નની બાબતમાં છોકરીની પસંદગીની બીલકુલ જરૂર નથી. તેને વળી પસંદ શું અને ના પસંદ શું ? સ્ત્રીઓ પુરૂષોના સુખને માટેજ અને વંશ રક્ષણ કરવા

માટેજ સરજાઇ છે. તેમને વળી સુખ શું ? તેમની ઉન્નતિ શેની ? જો બ્હેનને મલ્લિક કુટુંબમાં પરણાવાય તો તેનાદ્વારા મારા કુટુંબની ચઢતીનો માર્ગ ખુલ્લો થઇ જાય. પછી તેણે પ્રકટ રીતે કહ્યું, "મહાશય ! આપ જે કાંઇ કહો છો તે માત્ર આપની કૃપાજ સૂચવે છે. મારા જેવા ગરીબને એથી બીજું વધારે સન્માન શું ? હું ગરીબ કંગાલ, મારા કુટુંબ સાથે આપ સગપણ બાંધો તો હું તો જીવતો સ્વર્ગે ગયો એમ માનું !"

તારિણી બાબુ—" અરેરે ! તારા જેવો વિવેકી મધુર વાકય બોલનાર શાણો છોકરો આજના જમાનામાં ભાગ્યેજ જોવામાં આવે. મારી પાસે જે કાંઇ છે તે બધુ તારૂજ છે સમજયો ને ? તારા કુટુંબની ચઢતી થાઓ ! તારી બ્હેન મારી ગૃહલક્ષ્મી થાઓ ! અને છોકરાંનુ સુખ જોવાને તારી ભાગ્યશાળી માતા ઘણુ જીવો ! ભાઇ ! તુ પણ હવે રળતો થયો છે, તેથી એકાદ કન્યા શોધી કાઢ અને તારા પિતાનું ઘર દીપાવ."

પછી ગોકુળચંદ્રે કેટલીકવાર સુધી માથુ ખજવાળ્યુ. થોડીવાર સુધી ' છે તે–છે તે–હું તો ' એવી પ્રસ્તાવના કર્યા પછી તેણે કહ્યુ, "હું તો આપનો સેવક છુ. જ્યારે આજ્ઞા કરશો ત્યારે હું મારી બ્હેનને આપની સેવામાં હાજર કરી દઇશ. પણ આપની સાથે અમે સગપણ તો કરીએ પણ અમારી ગુંજાસ શી ! અમે જૂના સડેલા ઘરમાં રહીએ છીએ. છાપરૂ સમરાવવુ છે. ભીંતો ઉતરાવીને ફરીથી કરાવવી છે. મારૂં ઘર શોભાવવાનું આપે જે કહ્યું તે તો આપના અનુગ્રહથીજ બને એમ છે. જ્યારે આ ગરીબ ઉપર નજર કરી આપ અમારી સાથે સગપણ કરવા તત્પર થયા છો ત્યારે અમારા

ઘરની શોભા રહે, જૂનું ઘર ઠીક ઠાક થાય, અને અમે આપનાં સગાં છીએ એમ કહેતાં આપને શરમ કે ગ્લાનિ ન ઉપજે એવા ઉપાયો લેવા એ હવે આપનું કર્તવ્ય છે."

બુદ્ધિવાન તારિણી બાબુ સમજી ગયા કે ગોકુળચંદ્ર વર્ધમાનમા રહીને વ્યાપાર કરીને કાંઇ કાચો રહ્યો નથી. સંસારની બાજી રમવામાં એટલો નિપુણ થયો છે કે બ્હેનને વેચી પૈસો પ્રાપ્ત કરવાનાં તેણે પગલાં ભરવા માંડયાં છે પૈસાની વાત નીકળી એટલે નાજર સાહેબની છાતીને જરા ધોકો લાગ્યો. પણ પેલી રૂપાળી પુતળી યાદ આવી. તેના પ્રફુલ્લ હોઠ જેનું તેમણે આગલે દિવસે અધરામૃત પીધુ હતું તે જ્યારે યાદ આવ્યા, ત્યારે તે ડોસો પાણી પાણી થઇ ગયો. હાસ્યથી ગદ્દગદ્દ સ્વરે તેણે કહ્યું, "બોલ ભાઈ બોલ; તારે શો વિચાર છે તે કહી દે. મારે તો બધુ તને આપવુ છે. વહેલુ આપવુ ને મોડું એ આપવું "

ગોકુલ—" આપ એવી આજ્ઞા કરો છો તો કહું છુ પણ કહેવાની જરૂરજ નથી. આપ બધુયે જાણોછો. મારૂ ઘર તદ્દન પડું પડું થઈ ગયું છે. જો આપના પગલાં ત્યાં પડવાનાં હોય તો મારે તેની મરામત કરાવવીજ જોઇએ. તળાવ + ક જ્યાં આપ સ્નાન કરવાના તેને પણ સમરાવીને આપને યોગ્ય બનાવવું જોઇએ. મારે ઘેર સર સામાન કે રાચ રચીલાં પણ નથી. આપ પધારો તો આપને યોગ્યતા પ્રમાણે આસન આપવું જોઇએ તેનું પણ ઠેકાણું નથી. બાજઠ, પાટલા, પલંગ, તળાઇઓ, તકીયા વગેરે કરાવવા જોઈએ. વળી

+ બંગાળી લોકો ઘેર નાનકડાં તળાવ અથવા કુંડ રાખે છે. જેને પુષ્કરિણી અથવા પુખુર કહે છે.

આપના જેવો શ્રીમંત અને ભાગ્યશાળી જમાઈ અમારે ઘેર જમવા બિરાજે, ત્યારે મારી માતાએ આપને રૂપાના વાસણોમાં ભોજન પીરસવું જોઇએ. પણ અમે દરિદ્ર તે કયાંથી લાવીએ ? આપના જેવા મહા પુરૂષ સાથે સબંધ થયો એટલે અમારે આપના પોઝીશનની ખાતર ન્યાતજાતમાં રોફથી રહેવુ પડશે. સારી રીતે લગ્ન પ્રસંગે જમણવાર કરવી પડશે. આપની જાન અને અમારાં સગાંઓને સંતુષ્ટ કરવાં પડશે. આ સર્વ બાબત આપ જેવા સુજ્ઞ પુરૂષને કહેવાની જરૂરજ નથી. મારા જેવા બાળકે કહેવી ઘટેજ નહિ. આપ પોતેજ વિચાર કરી જુઓ. પછી માથુ ખંજવાળતો ખંજવાળતો ગોકુળ બોલ્યો, " ઠીક, આ સર્વ ખર્ચ માટે પાંચ હજાર રૂપિયા ઓછામા ઓછા જોઈશે. "

વિજ્ઞાનવાદીઓ કહે છે કે પૃથ્વીના ગર્ભમાં એક પ્રકારનો ઉષ્ણ રસ નિરંતર ઉકળી રહેલો હોય છે. જ્યારે તેની અંદર અત્યંત ઉષ્ણ વાયુનો જમાવટ થાય છે ત્યારે જ્વાળા મુખી દ્વારા જોરથી બહાર નીકળે છે જ્યારથી પૈસાની વાત નીકળી ત્યારથી તારિણી બાબુના પેટમાં ક્રોધાગ્નિ સળગી રહ્યો હતો, પણ ખામોશથી તેમણે દબાવ્યો હતો. તેમણે એમ ધાર્યું હતું કે ગરીબ માણસ છે. એની ગુંજાશ શી ? બહુ તો હજાર પંદરસો રૂપિયા માગશે તો તેટલી રકમ આપી તેની બ્હેનને વેચાની લઈ શકાશે. પણ જ્યારે ગોકુળચંદ્રને મ્હોડેથી પાંચ હજાર રૂપિયા એવો સ્પષ્ટ ઉદ્ગાર નીકળ્યો ત્યારે તારિણી બાબુના હૃદયમાં અત્યાર સુધી દબાઇ રહેલો ક્રોધાગ્નિ મુખદ્વારા બહાર નીકળ્યો.

તેમણે મ્હોટેથી કહ્યું—"અલ્યા છોકરા ! તું શું બોલ્યો ? પાંચ

હજાર રૂપીયા ! જરા તારૂં મ્હોં જોઇને વાત કર. શું હું તારા કુળને નથી ઓળખતો ? તારો દાદો લોકોનાં મડદાં બાળી બાળી મરી ગયો, તારો બાપ પણ તે જ ધંધો કરતો હતો, અને તું પણ હવે ગામમાં તેજ ધંધો કરવા આવ્યા હોઇશ પાંચ હજાર રૂપીયા શું ઝાડે બાડે લાગે છે ! તારા બાપ જન્મારામાં તેં પાંચ હજાર રૂપીયા જોયા હતા કે ? આજકાલનો છોકરો ! કાલ સવારે તો ખોળામાં રમાડેલો અને પાળી પોષી મ્હોટો કરેલો તે મારી સામે બોલતાં અચકાતો નથી ? તારા જેવા અધર્મી સાથે સગપણ કરવાથી નરકમાં જવું પડે ! તારા જેવા કુલાંગારનું મ્હોં જોવાથી પણ પાપ લાગે." વગેરે વગેરે તીક્ષ્ણ શરપ્રહાર તારિણી બાબુએ કર્યાં. ગોકુલ લેશ માત્ર પણ ગ્લાનિ પામ્યા વગર કે ડર્યા વગર નાજર સાહેબનો મિજાસ ગરમ થયો છે જાણી પ્રણામ કરી ચાલતો થયો.

કહેવાની જરૂર નથી કે નાજર સાહેબનો ગુસ્સો ફોકટ હતો. જેને બુઢ્ઢાપામાં બાળકી પરણુવાનું મન થાય છે તેને ક્રોધ કરવો પરવડતો નથી. તે ઉપરાંત તો તે છોકરીને તળાવના ઘાટ ઉપર નિર્જન સ્થાનમાં જોવાને પણ ભાગ્યશાળી થયા હતા. અહા ! શી તેની આંખ ! કેવી બારીક કમાનદાર ભમર ? કેવા મધુર રતુમડા હોઠ ! વિધાતાએ તેને કેવી રીતે ઘડી હશે ? તેના પગની ન્હાની અળતા વડે બ્રહ્માએ જાતેજ રંગી હશે. અહા ! કેવી કોમળ તેની બાહુલતા ? શી તેની અપ્સરા જેવી દેહકાંતિ ? એમ કહી એક ઉંડો નિશ્વાસ નાંખ્યો. સાંજ પડી એટલે તારિણી બાબુ બહાર ગયા. થોડેક દૂર ફરી આવ્યા અને મનમાંને મનમાં એક પાકો ઠરાવ કરી ઘેર આવ્યા—પૈસો એતો મારો પ્રાણ છે. પણ એ પ્રાણતુલ્ય

પૈસાને ખરચીને પણ સ્ત્રીરત્નની પ્રાપ્તિ કરવીજ જોઇએ. એ છોકરો અને તેનું કુળ બન્ને હલકાં અને હરામખોર છે. પણ એકવાર હું તે છોકરીને મારે ઘેર લાવું. પછી આપેલા પૈસા વ્યાજ સાથે પાછા ન લઉં અને મિત્રના ઘરની ભીંતના પોપડા અને ઇંટની હરરાજી ન કરાવું તો મારૂં નામ તારિણી મલ્લિક નહિ "

ત્યાર પછી કેટલાક દિવસ સુધી તારિણી બાબુ અને ગોકુલચંદ્ર વચ્ચે વેવીશાળીઆની આવજાવ ચાલુ રહી. બે હજાર રૂપીયા—ત્રણ હજાર રૂપીયા—ઓહોહો—! ગોકુલચંદ્ર મ્હોડે એમ કહેતો કે હું તો કેવળ નિર્ધન કંગાલ છું. તારિણી બાબુ જેવા મારા ઉપર કૃપા નહિ કરે તો કોણ કરશે ? મનમાં કહેતો—" બુઢ્ઢાપામાં નવી વહુ પરણવાનો ચસ્કો લાગ્યો છે તે સાત સલામો કરીને પૈસા આપશે ક્યાં જવાનો છે ? "

આખરે નાજર સાહેબે વેવીશાળીયાને સૂચના આપી કે ચાર હજાર રૂપીયા સુધી થાય તો કરી નાંખવું. અને આખરે ન માને તો પછી સનાતન ગામ જઇ બસુ બાબુને ઘેર એક કન્યા છે તેને માટે તજવીજ કરવી. છોકરી સારી છે એમ સાંભળ્યુ છે. ઉંમર પણ દશ બાર વર્ષની છે. આજ મહિનામાં લગ્ન થઇ જાય એવી ગોઠવણ કરીને આવજો.

ગોકુળે વિચાર્યું કે નાજર સાહેબના માનની ખાતર તેનું પણ કંઇક કહેણ માનવુ જોઈએ. તેથી આખરે ચાર હજાર રૂપીયે કબુલ થયો. વળી માંડવા ખર્ચના દોઢસોરૂપીયા. કન્યાના પાનેતરને માટે પચાસ રૂપીયા, ફુલાણીના સો રૂપીયા, ફુલાણુના પચાસ રૂપીયા એમ કરીને બીજાં પણ ત્રણસો ચારસો રૂપીયા તેણે પડાવ્યા. કહેવાની

જરૂર નથી કે લગ્નનો ખર્ચ, ઘર અને તળાવની મરામત વગેરે ચારસો રૂપીયામાં થઇ ગયુ, અને ગોકુલચંદ્રને નામે ચાર હજાર રૂપીયાની સરકારી લોન લેવાઈ.

પ્રકરણ ૫ મું.

લગ્નની તૈયારી.

તાલપુખુરમા આજે ભારે ધામધુમ થઈ રહી છે. આજે ધનવાન, સત્તાવાન, લોકમાન્ય નાજર સાહેબ બીજી વાર લગ્ન કરે છે. આખા ગામમાં સૌથી સ્વરૂપવાન કુમારિકાને તેમણે પસંદ કરી છે. આજે મિત્રના ઘરની આબરૂ વધી છે. મલ્લિક કુળના યશ ગવાઇ રહ્યા છે. લગ્નની મ્હોટા પાયા ઉપર તૈયારી ચાલી રહી છે. આસપાસના તમામ આબરૂદાર ગૃહસ્થોને નિમંત્રણ થયાં છે. આજે બ્રાહ્મણોને અને ગરીબગરબાંને સારી દક્ષિણા મળી છે. આવા પ્રકારની ચર્ચા ઘેરેઘેર, શેરીએશેરીએ, બજારમાં અને તળાવના ઓવારા ઉપર સ્ત્રી પુરૂષોને મ્હોડે થતી હતી. ખેતરે જતાં ખેડુતો તારિણી બાબુની હવેલી આગળ બે ઘડી ઉભા રહી એકાદ બે નવી વાતો સાંભળતા હતા. સ્ત્રીઓ પણ પાણી ભરવા જતાં માથેથી બ્હેડું ઉતારી કન્યાને જોવા ઉભી રહેતી.

તારિણી બાબુના દિવાનખાનામાં સવારથી બપોર સુધી અને બપોરથી સાંજ સુધી લોકોની જમાવટ થતી હતી. સત્તર પહેડીનાં સેંકડો સગાંઓ, સેંકડો સલાહ આપનારાઓ, ન્યાત પટેલીઆઓ, કારભાર કરનારા ઘુસણીઆઓ, શાસ્ત્રીઓ, વેદીઆઓ એટલા બધા

એકઠા થયા હતા કે ગણી શકાયજ નહિ. આખો દિવસ ને રાત નાજર સાહેબનાં વખાણ અને યશોગાન થયાંજ કરતાં. ન્યાતના આગેવાનો કહેતા કે તારિણી બાબુએ ઘણુંજ યોગ્ય કામ આદર્યું છે. આવા સુપાત્ર પુરૂષો આજના વખતમાં મળવા મુશ્કેલ છે. મારા ભાઈ, લક્ષ્મી અને સરસ્વતી બેઉને એમણે વશ કરી છે. સાહેબ લોકોની આગળ પણ એમનું કેવું ચલણ અને પ્રતિષ્ઠા ! મ્હોટા મ્હોટા રાવબહાદુર અને વકીલ બારીસ્ટરો પણ એમની બુદ્ધિ આગળ હારી ગયા છે. ધનવાન તો વખતે ઘણાએ હશે પણ તાલપુખુરના ગરીબ લોકોને એમના શિવાય કોણ સાહાય્ય આપે છે ? આપણને બધાને એમની મ્હોટી ઓથ છે. તારિણી બાબુ ઘણું જીવો ! આપણા આર્ય શિષ્ટાચારનો વિજય કરો ! કુલિકનો વંશ ચિરંજીવ રહો ! ભગવાન એમને એક પુત્રની પ્રાપ્તિ કરાવે ! વગેરે વગેરે.

આર્યધર્મધુરંધર શાસ્ત્રીઓ ગર્જના કરી બોલ્યા કે–"તારિણી બાબુ તો પુરેપુરા ધર્મનિષ્ઠ છે. હમેશાં એમનું ધ્યાન ધર્મ ઉપરજ છે. માટેજ આવું યોગ્ય કાર્ય કરવા તેઓ તત્પર થયા છે. તેમણે કન્યાનું કુળ જોયું, સારૂં ઘર જોયું, સુલક્ષણી કન્યા જોઇ, અને શાસ્ત્રવિધિ પ્રમાણે તેમણે આ પગલું ભર્યું છે. ધન્ય છે એમને ! એમના જેવા પુરૂષ વડેજ આપણા પ્રાચીન આચારવિચારની મહત્તા સચવાઈ રહી છે. ભાઈ ! આજ વખત ઘણો બગડી ગયો છે. નાસ્તિક અને ભ્રષ્ટ મતિવાળા લોકો જે પ્રકારનાં આચરણ કરે છે તે શું આજથી છે ? કોઇ મ્હોટી વયની જુવાન કન્યા પસંદ કરે છે. કોઇ વિધવા સાથે લગ્ન કરે છે. કોઈ પરજાતિની કન્યા સાથે સ્વયંવર આદરે છે. અરરરર ! શો વખત આવી ગયો છે ! હે

જગતના લોકો ! તારિણી બાબુનું દૃષ્ટાંત જોઇને એક ધડો લ્યો. માત્ર પ્રજાપ્રાપ્તિને માટેજ ઉત્તમ કુળની સુલક્ષણી નવ વર્ષની કન્યા સાથે લગ્ન કરીને તારિણી બાબુ આજ પોતાના કુળને અને ન્યાતને દીપાવે છે અને આર્યનીતિનું ગૌરવ સાચવે છે. " વગેરે વગેરે.

તારિણી બાબુનાં સગાંએ બોલ્યાં-" નવ વર્ષની કન્યાને શા માટે ન પરણે જે ! એમની ઉમર કઇ વહી ગઇ છે? હજી ચાળીશ તો પુરાં થયાં નથી. હજી તો લગ્ન કરવાને યોગ્ય ઉંમર છે. મ્હોં પર તેજ કેવુ છે ! જાણે સાક્ષાત કાર્તિક સ્વામી ! શરીર કેવું છે ! જાણે બીજા ગણપતિ ! કન્યાએ અનેક તપ કર્યા હશે તો આવો વર પામી છે." વગેરે વગેરે.

આ સર્વ શબ્દો સાંભળીને તારિણી બાબુના મ્હોં ઉપર હાસ્ય માતુ નહિ અને કાળજામાં ગીલી ગીલી થતી. પાંચ પાંચ મિનિટે આયનામાં મ્હોડું જોતા. વારે વારે મુછને આમળો દેતા. દિવસમાં ત્રણ વાર માથે કલપ લગાડતા. કોની મગદુર કે માથામાંથી એક પાકો વાળ કહાડી આપે ? હજામને બમણો મહિનો આપી તારિણી બાબુ રોજ હજામત કરાવતા. દાઢી ઉગી હોય કે ન ઉગી હોય પણ હજામત તો કરાવેજ.

સોની લોકો દિવસમાં બે ત્રણ વાર તારિણી બાબુને ઘેર આવે છે. જુની ફેશનના ઘરેણાં ભાંગી નાંખીને નવી ફેશનના સુશોભિત દાગીના ઘડવાનો તેમને ઑર્ડર મળ્યો છે. એ અલંકારવડે પ્રેમ રસિક તારિણી બાબુ નવી વહુને શણગારી પોતાના મનના કોડ પૂરા પાડશે. આ વાત સાંભરે છે ત્યારે ડોસાની છાતી વહેંત વહેંત ફુલે છે. નવીના સુંદર કપાળ ઉપર હીરા માણેક જડેલું સુવર્ણ ફુલ પ્હે-

રાવીશ. તેની કોમળ બાહુલતા ઉપર પ્રેમથી તાવીઠ, બાજુબંધ અને બંગડીઓ પ્હેરાવીશ. તેના બરફ જેવા ગૌર વર્ણ વક્ષઃ સ્થળ ઉપર સુવર્ણ હાર સજીશ અને કેડે રત્નજડિત કંદોરો પ્હેરાવીશ. અહા ! આ ચિત્રનુ ધ્યાન કરતાં કરતાં ડોસાને હર્ષથી રોમાંચ થયો. ખરેખર તે ઘેલો થવા આવ્યો હતો.

આજે તારિણી બાબુની હવેલી સગા અને ન્યાતીલાઓથી ભરાઇ ગઈ હતી. દાસદાસીઓ સારાં લુગડાં પ્હેરી ધાલમેલ કરતાં હતા. તળાવમાંથી માછી લોકો મ્હોટી મ્હોટી માછલી લાવતા હતા.* બજારમાંથી શાક ભાજીના કંડીએ કંડીઆ આવતા હતા. વર્ધમાનથી +ખાજા, સીતાભોગ અને મિહિદાના, કલકત્તેથી સદેશ અને રસગોલ્લાંનાં પારસલો આવ્યાં હતા. હવેલીમાં ધામધુમ થઇ રહી હતી. બ્હાર ડેલીમાં વાજીંત્રો વાગતા હતાં. લોકો કોલાહલ કરતા હતા. અને આખા ગામમાં ખળભળાટ મચી રહ્યો હતો.

ગરીબ બિચારી બિન્દુ અને સુધા એક બીજાને કોટે વળગી રડતી. એક દિવસ સંધ્યાકાળે દબાઇ છુપાઇને તેઓ કાકી પાસે ગઇ અને તેને કોટે વળગીને રોઇ પડી. પણ આજ આનંદનો દિવસ હતો. બધાં હર્ષે ઘેલાં થયાં હતાં તેથી દુઃખીનું રૂદન કોણ સાંભળે ! અને કોની નજરે પડે ! જોરથી વાજીંત્ર વાગતાં હતાં. પડઘમ અને નોબતના ટંકારથી ગામ ધ્રૂજી ઉઠયું હતુ. શંખ અને ભુંગળોનો નાદ થતો હતો. આખું ગામ આનંદમાં આવી ગયું હતું. કેમકે સર્વમાન્ય નાજર સાહેબનાં આજે લગ્ન હતાં.

બીજી બાજુએ કન્યાને ઘેર પણ ધામધુમ મચી રહી

---

* બંગાળાના હિન્દુઓ માંસ મત્સ્યનો આહાર કરે છે.+ મિઠાઇઓ.

હતી. એક સમયે મિત્રનુ કુટુંબ પણ ગામમાં આબરૂવાળું ગણાતું હતુ. તાલપુખુરમાં અને પાસેના ગામોમાં તેમના સગાં અનેક હતાં. તોપણ સાંજે અંધારૂં થતાં જેમ પક્ષીઓ પોત પોતાના માળામાં છુપી જાય છે તેમ આ દરિદ્ર કુટુંબના દુઃખના દિવસોમાં એ સર્વ કુટુંબીઓ પોતપોતાને ઘેર ભરાઇ રહ્યાં હતાં. કોઈ તેમને બોલાવતું પણ નહિ અને ખબર અંતર લેતું પણ નહિ. પણ સૂર્યનો ઉદય થતાં જેમ પક્ષીઓ માળામાંથી બહાર આવી પૂર્ણ આનંદથી કિલકિલાર કરી આકાશ ગજાવી મૂકેછે તેમ આજે ચાળીશ પ્હેડીનાં સગાંવ્હાલાંઓ મિત્રના કુટુંબની ચ્હડતી દશા જોઇ દૂર દૂરથી આવીને ગોપીની માનુ જૂનું ઘર આજે ઘણે વર્ષે પુનઃ જાગતું કરતાં હતાં.

ચારૂની મા ગોપબાળાની માસી થાય. તેનું લગ્ન સારે ઘેર થયુ હતુ તેનો સ્થૂળ દેહ સોનાથી લદાયો હતો અને મ્હોડું હસતું ને હસતુજ. આટલે દહાડે તેને મ્હોટી બ્હેનને મળવાનુ મન થયુ તેથી પાલખીમાં બેસીને આવી હતી. હસતી હસતી તે અભિમાનથી આંધળી થએલી સ્ત્રી બોલી-“ હોવે બ્હેન ! જેવો મારે ચારૂ તેવી જ ગોપી. આટલા દહાડા થયા મેં એને જોઇ ન હતી. મને એમ થયા કરે કે લાવ જઇને જોઇ આવું પણ જોની બ્હેન! મારો સંસારનો ખટલો. આજે આ કામ ને કાલે પેલું કામ. મારાથી તે કાંઈ નીકળાય છે ? દીકરી ગોપી સારી તો છે ને! જીવતી રહે અને સાસરૂં પીયર દીપાવે; ધણીની માનીતી થાય અને દેવ જેવા દીકરાની મા થાય. મારૂં તો તેને સાસરે વારેવારે જવું થાય છે. તેથી હું તો એની રોજ ખબર લઇશ, એનું લગ્ન સાંભળીને મને હરખ માયો નહિ તેથી

આજને આજ મળવા આવી. હું ન આવું તો કોણ આવે ? કહેવત છે કે જેવી મા તેવી માસી. માસી પેટના છોકરાને જોવા ન આવે તો કોણ આવનાર હતું " વગેરે વગેરે.

હરિની મા ગોપીની ફોઇ થાય. સાધારણ ઘેર તેનું લગ્ન થયું હતું. શરીરે સુકી, બળીયેલ અને અદેખી હતી. ભાઇના મરણ પછી ભાઇને ઘેર પગ સરખો પણ મૂકતી નહોતી. વળી ગોપીની માને જ્યારે ખાવાના પણ સાંસા પડયા, ત્યારે તેણે નણંદના કાલાવાલા કરી પાચ રૂપીયા ઉછીના લીધેલા તે રૂપીયા તેના ઘરનાં થાળી વાડકા વેચાવીને વ્યાજ સાથે પાછા લીધા. પણ તેજ ફોઇબાનું હેત આજે માતું નહોતું. આજ તો હરખ ભેર ગોપબાળાનો ચોટલો વાળતાં હતાં, તેને ઘરેણાં પ્હેરાવતાં હતાં અને અડધાં અડધાં થઇ જતાં હતાં. તે બોલ્યાં—" હોવે હું ન કરૂં તો કરે કોણ ? ભાભી ! આજ મારો ભાઇ જીવતો હોત તો આ સારો દહાડો જોઇને તેને કેટલો હરખ થાત ? અહો ! એ ભાઇ તે ભાઇજ હતો. અને પૂછયા વગર પાણી પણ પીતો નહિ. ઘેર શરાધ કે સમચરી હોય તોય મારા વગર પાટલો ના મંડાય. જેવો ભાઈ દેવ જેવો હતો તેવી દીકરી ગોપી છે. મ્હોડેથી ઉંચે સાદે એક બોલ જેમે બોલવો નહિ. એવી શાણી છોકરીનું મ્હોટે ઘેર લગન ન થાય તો કોનું થવાનું હતું ? જીવતી રહેજે અને સોને મઢાજે, મા ! પાલખીએ બેસજે. બનારસની સાડીઓ પ્હેરજે અને લક્ષ્મી જેવી દીપજે. દીકરા ! તારૂં સુખ જોવાને મરતી મરતી જીવી છું." વગેરે વગેરે.

શ્યામની મા ગોપીની કાકી થાય. તેના ધણી સાથે ગોપીના બાપને લેણ દેણ સંબંધી કાંઇક કજીયો થયો હતો. ગોપીના બાપ-

ના મરણ પછી શ્યામની માએ પોતાની રાંડેલી નણંદ ઉપર પુરે-પુરૂં વેર લીધું. કચેરીમાં દાવા કર્યા. અને ગરીબ દેરાણી પાસેથી તેની કેટલીક ઉધરાણી પાથરાણી પડાવી લીધી. હીકી કરાવીને ઘેર ચાર વાસણ હતાં તે પણ વેચાવી નંખાવ્યાં. છોકરાને હાથમાં સદેશ આપીને બહાર રમવા મોકલે અને શીખવે કે ગોપીને બતાવી બ-તાવીને ખાજે. ગોપીની મા ગરીબ અને ભલી હતી તેથી આ જુલમ સહન કરતી, અને બહુજ અકળામણ થાય ત્યારે રડતી પણ લક્ષ્મી દેવી ! તમારી સત્તા શી મોહક અને પ્રબળ છે ! ગોપીની માનો સારો દિવસ આવ્યો છે એમ જાણી શ્યામની મા બધુ વેર ભૂલી ગઇ અને પોતાની વ્હાલી દેરાણી તરફ પુષ્કળ માયા મમતા અને પ્રેમ બતાવા લાગી. તે બોલી—" કંઇ જૂની વાત ભૂલી જવાય છે ! આપણે બને એક સાલ પરણ્યાં હતાં; જાણ્યું કની ! આપણે તો સગી બ્હેનો જેવીજ. ખોળીયાં જુદાં પણ જીવ એક. જ્યારે મારો શ્યામલાલ પેટમાં હતો ત્યારે તમારો ગોકુળ અવતરેલો. જેવો મારે શ્યામ તેવો ગોકુળ. રામ લક્ષ્મણની જોડ. ગોકુળ સો વર્ષનો થાય ! કેવો ડાહ્યો અને ચતુર છોકરો છે ! બે પૈસા કમાતો થયો છે. એ તો બાપનું નામ રાખશે. દીકરી ગોપી ! તું તો હવે મ્હોટે ઘેર પરણવાની. તારૂં અખંડ હેવાતન ! સુખી થજે, અને સૌને ઢંકાજે. તારૂં સુખ જોઇને તો મારી આંખ ઠરે છે. " વગેરે વગેરે.

આ પ્રમાણે સગાંઓની અરભરા, સેવા, આશીર્વાદ અને શુભે-ચ્છાથી ગોપીની મા ઉપકાર નીચે દટાઇ જવા લાગી. તેઓ પોત પોતાને ઘેરથી મ્હોટાં મ્હોટાં વાસણો આપતાં અને મ્હોમાંથી એક

બોલ નીકળતામાં તો જે જોઇએ તે લાવી હાજર કરતાં. એનો પા ભાગનો પ્રેમ જો તેઓએ પ્હેલાં બતાવ્યો હોત તો બિચારી ગોપી-ની મા અન્ન વસ્ત્રને માટે બિન્દુને ત્યાં જાત નહિ. ગોપબાળા માના જેવી ડાહી હતી, પણ બાપના જેવી વિચિક્ષણ હતી. ડોસીઓની પાસે તે એક અક્ષર પણ બોલતી નહિ. તેમનું વ્હાલ જોઇ તેની આંખો-માં પાણી આવ્યુ. પછી આંસુ લુછી તળાવના ઘાટ ઉપર બ્હેનપ-ણીઓની પાસે જઇ ખડ ખડ હસી પડી.

સખીઓ—"કેમ અલી! મ્હોટે ઘેર પરણુવાની તેમાં એવડી શું હરખાઇ જાય છે કે મ્હોડામાં હસવું માતું નથી?"

ગોપી—"તેથી કાંઈ હું હસતી નથી."

સખીઓ—"ત્યારે કેમ હસે છે, કહે જોઇએ."

ગોપી—"એ તો મારા કાકી મા, ફોઇબા અને માશીબાનુ હેત જોઇ મને હસવુ આવે છે."

સખીઓ—"અલી! જોઈ કે આ? ખીખીખી હસે છે! મેર્ય મોઇ! તારા સગાં વ્હાલાં આવ્યાં છે અને તારા ઉપર હેત કરે છે તેમાં હસે છે શાની?"

ગોપી—"ના ના તેમ નહિ. એ તો માસીબા, ફોઇબા વગેરેનુ હેત જોઇને મને એક વાત સાંભરી આવે છે તેથી હસવું આવે છે. વાત એવી છે કે એક ગામમાં બે ભાઇ હતા. મ્હોટો ભાઇ પૈસાવાળો અને ન્હાનો ભાઇ ગરીબ. મ્હોટા ભાઇની વહુ પણ મ્હોટાં માણસના જેવી હતી. અને તે પોતાની ગરીબ દેરાણીને બોલાવતી પણ નહિ તો ખબર તો લે શેની? તે બિચારાં ગરીબ, સુખેદુઃખે દિવસ ગુજારે અને જે માથે પડે તે સહન કરે. આખરે તેઓ

ગામ છોડી પરગામ રહેવા ગયાં.

ત્યાં તે માણુસને નોકરી મળી અને પૈસાદાર થયો. તેઓ કેટલેક વર્ષે ઘેર આવ્યાં. એક પાકું ચુનકચી ઘર બંધાવ્યું, નવું તળાવ ખોદાવ્યું, જમીન લીધી, નોકર ચાકર રાખ્યા અને ઠાઠથી રહેવા લાગ્યાં.

આ બધું જોઇને જેઠાણીએ ઘણોજ આગ્રહ કરી દેરાણીને જમવા નોતરી. દેરાણી આવીને જમવા બેઠી. તેણે જોયું તો ચાંદીના તાટમાં ભોજન પીરસ્યું હતું, ચાંદીની વાડકીઓમાં શાક અને મુરબ્બાઓ મૂકયા હતા. અને ચાંદીની રકાબીઓમાં સંદેશ, રસગોલ્લાં વગેરે મિઠાઇઓ પીરસી હતી. દેરાણી પાટલે બેઠી. તેણે ભોજનના, શાકના, મિઠાઈના ચાર ભાગ કર્યા અને હાથ ધોઇ ઉભી થઇ.

જેઠાણી કહે, "બ્હેન ! આ શુ કર્યું ? જમ્યાં કેમ નહિ ?" દેરાણી કહે, "જેને માટે પીરસ્યું હતુ તેના મેં ભાગ કરી નાખ્યા. એ કાંઇ મારે માટે નહોતું જાણ્યું કેની ?" જેઠાણી કહે "તમારે માટે નહિ તો કોને માટે હતુ ? " દેરાણીએ જવાબ દીધો, "એક ભાગ મારી નવી હવેલીનો, બીજો તળાવનો, ત્રીજો જમીન જાગીરનો અને ચોથો નોકર ચાકરનો. એ બધાંને જોઇને તમે મને નોતરૂં દીધું છે તો શા વાસ્તે મારે ખાવું જોઇએ ? જો મને જમાડવાની તમારી મરજી હોત તો જ્યારે અમે ગરીબ હતાં અને અન્નવસ્ત્રના અમારે સાંસા હતા ત્યારે જમાડવું હતું ને ! "

સાંજ પડી એટલે વર કન્યાને ઘેર વાજીંત્ર વાગવા લાગ્યાં. રોશની થઈ. ડોશીઓ કકલાણુ કરવા લાગી, યુવાન સ્ત્રીઓ એક બીજાના કાનમાં ધુસ ધુસ વાતો કરતી મંદહાસ્ય કરવા લાગી,

નોકર ચાકરો દોડધામ કરવા લાગ્યા. કન્યાને માંડવે ગોકુળચંદ કેડ બાંધી ડાબા હાથમાં હુકો લઈ માંડવામાં તકીયા અને જાજમો પથરાવવા લાગ્યો. ચાકરો ઉપર હુકમ કરવા લાગ્યો અને જાણે મહાભારત કાર્ય આરંભ્યુ હોય તેમ ગર્જના કરવા લાગ્યો, ઘરના અંદર સઘળી તૈયારી થઇ રહી હતી. કન્યાને શણગારો, કન્યાને શણગારો એમ સ્ત્રીઓ બોલવા લાગી. વસ્ત્રાભુષણ પહેરતી વખતે તે નમ્ર અને શાંત દેખાતી હતી પણ તેનુ હૃદય આનંદથી નૃત્ય કરી રહ્યું હતું.

પ્રકરણ ૬ ઠું.

લગ્ન.

બરફથી ઢકાયલા હિમાલય પર્વત જેવુ તારિણી બાબુનું પ્રચંડ શરીર સભા મંડપ શોભાવી રહ્યું હતું. કાળા આરસપહાણ જેવા સ્યામ અંગ ઉપર તેમણે રાતી શાલ ઓઢી હતી. પચાસ વર્ષના બુઢ્ઢા વરે માથે કસબી મંદિલ બાંધ્યું હતુ. કયાં ગયા કવિ કાળીદાસ ! તે હોત તો વરના સ્વરૂપનું વર્ણન કરત. અમારાથી તે બને એમ નથી.

આજ ઘરમાં ઠઠ જામી હતી. ચારે બાજુના ગામના કાયસ્થ લોકોને નિમંત્રણ થયું હતું. ઘરની અંદરનો ભાગ સ્ત્રી સમાજથી ભરાઇ ગયો હતો. તેમના મધુર કિલકિલ શબ્દ, હાસ્ય અને નર્મ કથનથી ઘર આનંદપૂર્ણ બની ગયું હતું.

કોઈ એક તરુણી પોતાની સખીને બોલાવે છે અને તેના

કાનમાં કહે છે—

" અલી ! વર જોયો કે ? મ્હોટો મહિષાસુર જેવો ! '

સખી–' મેર્યં બળ્યું તારૂં મ્હોડું ! આ સારે દહાડે વરરાજાને માટે એવું બોલતાં લજવાતીએ નથી ! શું એમનું રૂપ ખોટું છે કે ? કાળા તો કૃષ્ણએ હતા. જરા ગાલે કરચલી પડી છે એટલું ખરૂં."

પ્હેલી સ્ત્રી—" સ્યા એમના ગાલ ! જાણે પસ્તાઝીયાને ત્યાંનાં સાત દહાડાનાં વાસી રીંગણાં ! "

બીજી સ્ત્રી—' છાની રહે છાની. ઝૂલી ગએલા ગાલ તો સારા."

પ્હેલી સ્ત્રી—" હોઠ તો જાણે જાડાં વડાં. "

બીજી સ્ત્રી—" હવે બેસ. એ હોઠનું અધરામૃત તો ગોપબાળા પીશે. સાસરે જવા દેને. આવા ગોળ મટોળ ધણીને જોઇ એવી તો મોહિત થશે કે પીયર તરફ ભાળશે પણ નહિ."

પ્હેલી સ્ત્રી—" અલી છાતીએ વાળ તો જો. જાણે નેપાળનું જંગલ. "

બીજી સ્ત્રી—"મોઈતુ તારી જીભ બંધ રાખ. વાળ તો છાતીની શોભા છે. "

પ્હેલી સ્ત્રી—" ઓય બાપ ! પેટ શું ફુલ્યું છે ? મારો શશિ કહે છે કે એમાંથી એક ફુટબોલ થાય."

• બીજી સ્ત્રી—" બોલીશ નહિ. ગોપી સાંભળશે તો તેને ગુસ્સો લાગશે. જોજેની આ થલ થલ થતા દેહ ઉપર ગોપી ઓવરાઇ જશે."

પ્હેલી સ્ત્રી—" જરા પગ સામે તો નજર કર. ઓય બાપ ! આ તે પગ કે કમળ ! બુટ મોજાં પ્હેરીને જાય તો સારૂં. નહિ તો ગોપી આજને આજ મોહિત થઇ જવાની. "

બીજી સ્ત્રી—" તુ જોજેને એ ચરણ કમળનું તો ગોપી પૂજન કરવાની અને હૃદયપર ધારણ કરવાની."

પ્હેલી સ્ત્રી—" હવે જાણ્યું જાણ્યું. ગોપી એને માથે છાણાં ન થાપે અને પોતાના અળતાવાળા પગ એને માથે ન લૂછે તો મને કહેજે. હું ગોપીને ઓળખું છું. એતો મીંઢી છૂપી છરી છે બ્હારથી ડાહી છે. પણ મન તો જાણે અસ્તરાની ધાર ! "

આ સંવાદ ચાલતો હતો એટલામાં વર રાજા ઉભા થયા. જાણે જંગલમાંથી હિમાલય ઉંચો થયો. ઘરની અંદર સ્ત્રીઓએ વર રાજાને જે સંસ્કાર કર્યા તેનું વર્ણન તો તેમને હાથેજ થવા દો. આપણો અધિકાર નથી. જાણે વિશાળ શ્યામવર્ણ તમાલવૃક્ષની આસપાસ કાગડાઓ ચારે બાજુએ ઘુમતી હોય તેમ સ્ત્રીઓ તેમને 'કાઉ કાઉ' કરતી વીટળાઈ વળી તથા ચારે બાજુએ ઘુમવા લાગી. અને તારિણી બાબુ નિર્લજ થઇને ખડખડ હસવા લાગ્યા. એક સ્ત્રીએ પાસે આવીને તારિણી બાબુના કાન આમળી આપ્યા. બીજીએ તેમના વિસ્તારવાળા ઉદર ઉપર કંકુના થાપા માર્યા. ત્રીજી સ્ત્રીએ એમની પીઠ ઉપર હળદરના થાપા મારી કાળા વર્ણના વાદળા ઉપર વિજળીનો દેખાવ આપ્યો.

બાળક ગોપીને બાજઠ ઉપર બેસાડી. પછી તેને વરની આસપાસ સાતવાર ફેરવી. તારિણી બાબુનું હૃદય તો આનંદથી નાચેવા લાગ્યું. તેમની નજર તે બાજઠ ઉપર બેઠેલી ગોપીની સાથે ફરવા લાગી. જ્યારે વર મ્હોટો કે કન્યા મ્હોટી એ પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે કન્યા પક્ષના લોકોએ કહ્યું, " અલબત વર મ્હોટોજ છે. " જયારે કન્યાના પક્ષની સૌભાગ્યવતી અને પુત્રવતી સ્ત્રીઓ

વરને કલવો ખવડાવતી વખત વરનુ નાક ખેંચવા ગઈ ત્યારે કેટલીક રસિક સ્ત્રીઓએ ધીમેથી કહ્યું, "તમારે ખેંચવાની જરૂર નથી. ગોપી ખેચી લેશે."

પછી વર કન્યાને સાથે બેસાડયાં. પુરોહિતો વેદ મંત્ર ભણવા લાગ્યા. જ્યારે તારિણી બાબુના પરસેવાથી ભીના થયેલા જાડા ઢોકળા જેવા હાથમાં ગોપબાળાનો ફૂલ જેવો હાથ મૂકવામાં આવ્યો, ત્યારે ડોસાને હર્ષને લીધે રોમાંચ થયો. ઘુમટથી ઢંકાયલું નવવધુનું મુખ, મોતીની સેરથી શોભી રહેતું તેનું સુંદર લલાટ, રતુમડા ઓઠ, અહા! તે જોઇને ડોસાને લગ્ન મંડપમાં મૂર્ચ્છા આવતી આવતી રહી ગઇ.

લગ્નવિધિ પૂરી થઈ. પછી જાની વાસે મચેલો રંગ! તારિણી બાબુ જેવા થલ થલ થતા પેટ અને જાંગોવાળા ગોળમટોળ પાકી ઉમ્મરના રસિક વર અને તાલપુખુરની નવજુવાન રસિક સ્ત્રીઓ! પછી શી બાકી? આવો શિકાર તેમને ફરીફરી મળે તેમ ન હતો. જેવા વરરાજા ઓરડામાં દાખલ થયા એટલે એક હસમુખી, રંગે કાળી અને સ્થૂળ દેહવાળી સ્ત્રીએ કહ્યું. "આવો, આવો, ગોપીના વલ્લભ! તમારા વિરહાગ્નિથી બિચારી ગોપી સુકાઇને હાડપિંજર જેવી થઈ ગઈ છે." રસિક તારિણી બાબુએ ચારે તરફ જોયું તો ત્યાં એક નહિ પણ સોળસો ગોપાંગનાઓ નિકુંજવનમાં બેઠી હતી

ત્યાં મચી રહેલા રંગનું અમે વર્ણન શી રીતે કરી શકીએ? ત્યાંના ભેદ અમે જાણીએ પણ શી રીતે? રસિક યુવાન વાંચનારીઓ! તમારા આચાર અને રિવાજોનાં રહસ્ય બહુ ગૂઢ છે. એ રસની વાતો તમેજ જાણો. તમારે જે કરવું હોય તે કરો. ગોપ-

ર્ધન પર્વત, જેવા તારિણી બાબુના ખોળામાં ભિચારી પોપટી જેવી ગોપબાળાને બેસારો. અમે તો તમારી રજા લઇએ છીએ.

પ્રકરણ ૭ મું.

વર વહુનો પ્રેમ.

સુખના સ્વપ્નની પેઠે તારિણીબાબુની રજા પૂરી થઇ. તેથી તેમને લાચારીથી વર્ધમાન પાછા જવું પડયું. વચમાં વચમાં રજા લઇને તેઓ ઘેર આવતા, નવોઢા પત્નીને જોઇને જીવન સાર્થક કરતા, ગળીયા બળદની પેઠે નારાજીથી વર્ધમાન જતા અને ઓફીસના દળણાં દળતા.

એમ કરતાં ત્રણ ચાર વર્ષ પૂરાં થયાં. તારિણી બાબુ વારે વારે નવીને જોતા અને તે વ્હેલી વ્હેલી ક્યારે મ્હોટી થાય એવું ઇચ્છતા આથી કરીને તેમનાથી ઑફીસનું કામ થવા લાગ્યુ નહિ. ઘડપણને લીધે શરીર દુર્બળ થવા આવ્યું હતું. બુદ્ધિ પણ ક્ષીણ થઇ હતી. તેથી ઓફીસના કામમાં વારેવારે ભૂલો થતી. સાહેબ ગુસ્સે થઈ તેમને વિષે કહેતા કે નાજરને પચાસ વર્ષ થઈ ગયાં છે માટે તેમણે પેનશન લેવું જોઇએ. હવે તેમની ઉંમર નોકરીને લાયક નથી. પણ કચેરીના લુચ્ચા કારકુનો એક બીજાના કાનમાં કહેતા કે નાજર સાહેબનું ચિત્ત તો નવીમાં પરોવાયું છે એટલે નોકરી શી રીતે થાય?

નોકરીનો લોભ છોડવો સ્હેલો નથી. તારિણી બાબુએ નાના પ્રકારનાં અપમાન અને તિરસ્કાર સહન કરીને પણ એક વર્ષ ખેંચી કહાડ્યું. આખરે નાછૂટકે પેનશન લઇને ઘેર બેઠા આ સમયે

ચોકપબાળા ચૌદ વર્ષની થઇ હતી અને તેની ખીલતી જુવાનીના પુર બહારમાં આવી હતી. તેના રૂપથી બધુ ઘર ઝગઝગી ઉઠતું હતુ. કિંમતી વસ્ત્રાલંકારથી સજાઈ તે મસ્ત યૌવના પતિને ઘેર ધમક ધમક ફરતી હતી. એ રૂપ સુધાથી મત્ત થએલા તારિણી બાબુ વિચાર કરતા કે બળી નોકરી ! નવીને લઇને બે ઘડી આનંદ કરીએ અને જીવ્યું સાર્થક કરીએ. આ બાજુ નવી મનસુબો કરતી કે ડોસો મને પરણ્યો તો છે પણ રોજ સાત નાકલીટી ન ખેંચાવું તો મારૂં નામ નહિ. એ જવાનો છે ક્યાં ?

ઉમાની મા બિચારી મંદવાડથી મરૂં મરૂં થઇ રહેલી તેથી તેનાથી પતિનો નવો સંસાર બરાબર જોવાયો નહિ. બિચારી એ વખત કોળીઓ અનાજ ખાતી અને પોતાની ઓરડીમાં પડી રહેતી. બિન્દુ હંમેશાં કાકીની ખબર લેવા આવતી પણ તેને જોઇને તેની નવી કાકીના મ્હોડાનો તોબરો ચ્હડતો. તે લોકને મ્હોડે કહેતી કે “ એ તો વટલી ગયેલી છે. એની રીતભાત સારી નથી. એવી એ વારેવારે અમારે ત્યાં આવ જા કરે છે તેથી લોકમાં અમારૂં ભૂંડું બોલાય છે. ” એક દિવસ જે રાંક કંગાલ છોકરી ઉઘાડી ઉઘાડી બિન્દુને આંગણે રમતી અને એક સન્દેશના ટુકડાને માટે તેના કાલાવાલા કરતી તે આજ મ્હોટા વરને પરણી બિન્દુની વડીલ થઇ અને વડીલપણાનો ભાર માથે લેતાં શીખી. તેને મ્હોડેથી આ બોલ સાંભળીને બિન્દુને હસવું આવ્યું અને કાકાને ઘેર જવા આવવાનું કાંઇક ઓછું કર્યું.

ઉમાની મા પાસે એક જુની ચાકરડી હતી. તે તેની સારી બરદાસ લેતી. પોતાની શોક તરફ તે ચાકરડીની પ્રીતિ અને મમતા

નવી શેઠાણીથી સહન થયાં નહિ. તેથી તેના ઉપર પણ તેણે ક્રોધ કરવા માંડયો. એક દિવસ તે રીસથી પોતાની સુંદર આંખોમાં આંસુ લાવી ગુસ્સાથી હોઠ ફુલાવી ધણીને કહેવા લાગી–મારાથી તમારા ઘરનું વૈતરૂં કરાતું નથી. હું સવારથી સાંજ સુધી તન તોડીને કામ કરૂં છું, અને એવી એ સવા મણની તળાઇ ઉપર સુઈ રહે છે. પાછી વળી ખિજમતમાં ચાકરડી. મારે તો તમારે ઘેર નથી રહેવું. હું તો જઇશ મારા બાપને ઘેર. ” તેજ દિવસે તે ચાકરડીને રજા મળી એ અમારા વાચકો વગર કહ્યે સમજીજ ગયા હશે. હવે બિચારી ઉમાની માને પાણી પાનાર પણ કોઇ રહ્યું નહિ.

પાડોશણો ઉમાની માની ખબર લેવા આવતી. તેઓ પણ નવી શેઠાણીનો મિજાસ અને દમામ જોઇને આવતી બંધ થઇ. તારિણી બાબુએ ઉમાની માને લુગડાં લત્તા માટે તથા પૂજા અને દાનદક્ષિણા માટે મહિને અમુક રકમ બાંધી આપી હતી. તે પણ નવીની આંખનાં આંસુ ન સહન થવાથી તારિણીબાબુએ બંધ કરી.

આમ છતાં પણ બિચારા તારિણી બાબુ નવીનો પ્રેમ સંપાદન કરી શકયા નહિ. તેમની આગળ તો ગોપ બાળાનું મ્હોં ચ્હડેલુંજ અને રીસ તથા અભિમાનથી ભરેલુંજ. કામાન્ધ પતિ ઉપર જય મેળવવાનું સ્ત્રીનું મજબુત હથિયાર તેનું અભિમાન છે. સારો લાગ જોઇ ગોપ બાળાએ આ હથિયારનો બરાબર ઉપયોગ કરવા માંડયો.

હવે ડોસાને સમજાયું કે કચેરીમાં સાહેબ લોકોની નોકરી કરવી સ્હેલી હતી પણ જુવાન સ્ત્રીની સેવા ઉઠાવવાનું કામ કઠણ હતું. એ કાર્યમાં તે બિચારા ગોથાં ખાવા લાગ્યા. ઘણાએ ઉપાય કર્યા પણ નવીનું મન માને નહિ. નવાં નવાં વસ્ત્ર, નવા નવા દા-

ગીના એવી અનેક મોહક વસ્તુઓ તે પોતાની સુન્દરીના શ્રીચરણુમાં સમર્પવા લાગ્યા તો પણ તેનો કૃપા પ્રસાદ પામ્યા નહિ. ગામડેથી ઉઘરાણીનાં નાણાં મગાવી નવીને આપવા માંડયાં. ગોપબાળા આ સઘળું લઇ પેટીમાં મૂકી પાછું મ્હોં ચ્હડાવી બેસતી. સો વાર બોલાવે ત્યારે એક વાર ઉત્તર આપે. તે ધણીને તિરસ્કાર પૂર્વક કહેતી કે મારે કપાળે સુખ લખ્યુ નથી. મારા ઉપર તમે માયા રાખતા નથી. તમે તો પેલી ઉપર પ્રેમ રાખો છો. મારો કોણ ભાવ પૂછે ? હુ ગરીબ માબાપની છોકરી ! એમ કહી વૉટર વર્કસ છોડી મૂકતી.

ડોસાજી ધોતીયાને છેડે નવીનાં આંસુ લુછતાં અને પ્યારથી કહેતા, " અરરે આ શું કરે છે ? તું તો મારી આંખની કીકી ! મારા માથાનો મુગટ ! શું કરૂં તો તુ રાજી થાય તે મને કહેની. તો અબઘડી કરી દઉં.

આખરે જ્યારે બહુ કાલાવાલા કર્યા ત્યારે નવીએ કહ્યું, " હું સમજું શું ! મને સારા નરસાની ગમ શાની ? પણ પેલો ચૅતરજી ઘડપણમાં નવી પરણી લાવ્યો અને થોડા દહાડામાં તેનુ મરણ થયું અને બિચારી બાળક વિધવાને દુષ્ટ શોકના હાથમાં મૂકી ચાલતો થયો. તે તેને હાલતાં ચાલતા ગાળો દે, ચાકરની પેઠે કામ કરાવે અને પૂરૂં પેટ ભરીને ખાવાને પણ ન આપે. તે બિચારી સુકાઇને મરવા જેવી થઈ ગઇ છે. રસ્તામાં ભિખારણની પેઠે ભટકે છે અને ચોધાર આંસુએ રડે છે. મારી પણ એવી દશા થશે. કેમ ન થાય ? હુ ગરીબ માબાપને પેટ પડી. હું રસ્તામાં ભીખ નહિ માગું તો બીજું શું કરૂ ?" એમ કહીને ફરીથી એક પાણીની ટાંકી છોડી દીધી.

તારિણી બાબુ—" અરે ! એ તું બોલેછે શું ? ઉમાની માની મગદુર શી કે તને એક શબ્દ પણ કહી શકે ? "

ગોપબાળા—" હા મારા ઉપર બહુ હેત ! આજથી તો મને

જોઇને આંખમાં અગ્નિ વરસે છે. તો પછી મને પેટમાં પાણી પચવા દેશે !" એમ કહી અશ્રુપાત કર્યો.

એ પ્રમાણે લગભગ રોજ વરવહુને ચકમક ઝરતી. રોજ રીસામણા મનામણાં થતાં. હવે તારિણી બાબુથી રહેવાયું નહિ. તે સમજી ગયા કે નવીને પોતાને માટે કંઈક વ્યવસ્થા કરવાની ઇચ્છા છે. આવડી ન્હાની બાળકીમાં આવી ઉંડી પહોંચ કયાંથી આવી હશે તે સમજાયું નહિ. તેને ખબર ન્હોતી કે પોતાની નવી વહુનો પ્રાઇવેટ સેક્રેટરી ચતુર અને પાકો ગોકુળચંદ્ર વારે વારે વર્ધમાનથી આવતો અને બ્હેનને એકાંતમાં સલાહ આપતો હતો.

નવીની આંખનાં આંસુ અને તેની રીસ જોઈ ધૈર્ય રાખે એવા વીર પુરૂષ દુનિયામાં થોડાજ હોય છે. તારિણી બાબુનું મન પણ ધીમે ધીમે ડગમગવા લાગ્યું. તેમણે વિચાર કર્યો કે ઘડી પછી મને કઇ થાય તો થોડી પૂંજી નવીને માટે પણ મૂકી જવી જોઇએ. તેથી તેનો પાકો બંદોબસ્ત કર્યો હોય તો ઠીક. તેને ન આપુ તો આપું પણ કોને? મારી એ આંખ મીંચાયા પછી પેલો છોકરો જમાઈ બધુ વીણીજશે. નહિ, એ વાત બને નહિ. મારી પ્રાણેશ્વરી ગોપબાળાને કંઇ આપવુંજ જોઇએ. વળી જો તેને પેટે પુત્ર થશે ત્યારે તો બધુ તેનુંજ છે. માને આપો કે દીકરાને આપો; બધુ સરખુંજ છે."

આવો મનસુબો કરી તારિણી બાબુ વર્ધમાન ગયા. અને વકીલ લોકની સલાહ લેઇ રજીસ્ટર ઓફીસમાં ધક્કા ખાઈ એક દસ્તાવેજ નોંધાવી હરખાતા હરખાતા તે લઇને ઘેર આવ્યા. ઘેર આવીને હસતે મ્હોડે નવીને બોલાવી. મનમાં તો આશા રાખી હતી કે આ દસ્તાવેજ જોઇને તે ખુશ ખુશ થઈ જશે અને ગાઢ આલિંગન દેશે. આવી આશાથી તેમણે પત્નીના હાથમાં હાથમાં ખત મૂક્યું. અને મનમાં બોલ્યા, " હવે મારી મધુરી કોયલને પાંજરામાં પુરૂં છું. મારા

મન્ત્રનો પ્રભાવ ઓછો નથી. હવે જોઉં એનું મન પીગળે છે કે નહિ."

આ છેલ્લા ઉપાયથી પણ દેવી પ્રસન્ન થયાં નહિ. તેમણે તો ધણીની સામે એક નજર પણ કરી નહિ.

તારિણી બાબુ—"હજી બોલતી નથી કે ? નથી બોલવું કે ?"

ગોપબાળા—"શું બોલીને કરવું હતુ ?"

તારણીબાબુ—"એ તો વીલ છે, વીલ સમજીને ?"

ગોપબાળા—"મારે શું સમજીને કામ છે ? સમજાવોને જેને સમજવું હોય તેને."

તારિણીબાબુ—"બહુ કામનું છે હો !"

ગોપબાળા—"મૂકી છોડો તમારી પેટીમાં."

તારિણીબાબુ—"હું ઝાઝું જીવ્યો ન જીવ્યો માટે મારી વિજયપુરની બધી જમીન તારે નામે ચ્હડાવી દીધી છે."

ગોપબાળા—"મારે શું કરવી છે ?"

તારિણીબાબુ—"હજી તારી રીસ નથી ઉતરતી ? આવ, મારી જાન ! એકવાર મારી પાસે આવ અને મને ટાઢક આપ."

ગોપબાળા—"મને રીસ કેવી ? તમે આટલો ભાવ રાખો છો તેજ બહુ છે." તારિણી બાબુ સ્તબ્ધ થઈ ગયા અને બ્હીતા બ્હીતા નવીનાં આંસુ લૂછવા લાગ્યા. પછી પેલું વીલ પરાણે પરાણે નવીના હાથમાં આપ્યું. તેણે તેના કટકે કટકા કરી ફેકી દીધા અને ગુસ્સામાં ને ગુસ્સામાં બબડતી કૂદતી ચાલતી થઇ.

રાત પડી, નવીએ વાળુ કરવાની ચોખ્ખી ના પાડી. અને પોતાના ઓરડાને સાંકળ મારી સૂઇ ગઈ. તારિણી બાબુને વજ્રપાત જેટલી વેદના થઈ. રણછોડજી મન્દિરના દરવાજા આગળ ઉભા

ઉભા જેમ ભિખારીઓ પૈસાને માટે કાલાવાલા કરે છે તેમ વૃદ્ધ તારિણી બાબુ પ્રિયાની આજીજી કરવા લાગ્યા.

એક કલાકે મંદિરના દરવાજા ઉઘડયા. નવી એ કહ્યું, "કેમ પાછા પારૂ કાળજું શેકવા આવ્યા ?" તારિણી બાબુએ તેના રતુમડા ચરણુ પોતાને કલપ લગાવેલે માથે મૂકી કહ્યું, " મારો શો ગુન્હો થયો તે કહીશ ?"

ગોપબાળા—" તમારો ગુન્હો શાનો ?"

તારિણી—" ત્યારે તેં કેમ દસ્તાવેજ ફાડી નાંખ્યો ?"

ગોપબાળા—" કયો દસ્તાવેજ ?"

તારિણી—" કેમ ! મારી પેલી સારી સારી જમીન તને લખી આપી તેનો દસ્તાવેજ ?"

ગોપબાળા—" અને હમણાં પેલી જમીન લીધી છે તે પેલીને મારાથી છાની આપવાનો વિચાર હશે ! તેજ તમને વ્હાલી છે ! તેજ તમારો પ્રાણુ ! તેજ તમારી આંખની કીકી ! ત્યારે બધું એ આપોને તેને. હું ગરીબ બાપની છોકરી, હું તો તમને અને તેને ખુંચું છું. મને ભિખારણની પેઠે ઘરમાંથી કહાડી મૂકોની. હું મારી માને ઘેર જઇશ. લોકોને ઘેર વૈતરૂં કરીને પેટ ભરીશ, પણ તમારી પાસે નહિ માગવા આવું. આજથી મારે તમારા ઘરનું અન્ન ખાવું નથી–આવું અપમાન, તુચ્છકાર ! હવે મારાથી નથી ખમાતું રે મા !........(ક્રન્દન)

તારિણી બાબુ અજાયબીમાં ગરકાવ થઈ ગયા. તેમણે થોડા દિવસ પર લીલામમાંથી જમીનદારીનો એક હિસ્સો ખરીદો હતો. પણ એ વાત એણે ક્યાંથી જાણી ? પોતે કશી વાત કરી ન્હોતી. ઠીક, નવીને એ જમીન પણ લેવી છે ! એનેજ બધું આપી દઉં

તો ઉમાની માની શી વલે થાય ? આથી તારિણી બાબુનું હૃદય નાના પ્રકારની ચિંતાથી વ્યાકુળ થવા લાગ્યું.

ચતુર ગોપબાળા ધણીના મનનો વ્હેમ તરત સમજી ગઈ અને વધારે મ્હોટેથી રડવા લાગી. " મને શા માટે કહાડી મૂકતા નથી ? હું શેરીએ શેરીએ ભીખ માગીશ. જ્યારે તમને મારો ભરોસો નથી ત્યારે ધૂળ પડી મારા તમારા ઘરમાં રહેવા ઉપર. આવી રીતે તમારે ઘેર રહું તે કરતાં શા માટે ધર્મશાળામાં ન રહું ? જેના ઉપર તમને વિશ્વાસ છે, જેને તમે ચ્હાઓછો તેની કને જાઓ. ખાલી મારૂં લોહી ઉકાળશો નહિ. મારૂં નામ જવા દો ! " એમ કહી તે ભોંય ઉપર ચત્તાપાટ પડી ગઈ. વાચા બંધ કરી દીધી. અને હાથપગ કંપાવવા લાગી. હિસ્ટીરીઆના સર્વ ચિહ્ન એકાએક પ્રકટ થયાં.

તે રાતે બનેલા વૃત્તાંતનું વિશેષ વર્ણન કરવા અમે અશક્ત છીએ. એક બાજુ તારિણી બાબુની અજય્ય કામ લોલુપતા. અને બીજી બાજુએ તેમની નવી પત્નીની અજય્ય રીસ— આજે અન્ન પાણી માટે વટવટતો ભિખારી પણ તારિણી બાબુની દયા ખાવા લાગ્યો. તીક્ષ્ણ બુદ્ધિવાળી ગોપબાળા અઢળક આંસુએ રડવા લાગી. રીસ, માન, અશ્રુ, હિસ્ટીરીઆનો કંપ, આજીજી, પ્રેમ, વિગેરે નાના પ્રકારના શસ્ત્રાસ્ત્રવડે ડોસાનું હૃદય છિન્નભિન્ન થઇ ગયું. તે કોઇક વાર ગર્જન કરતી. કોઇકિ વાર વરને પટાવતી. કોઇક વાર કરગરતી અને કોઇવાર તેને પ્રિય લાગે તેવા શબ્દો પણ કહેતી. કલકત્તાના મ્હોટા મ્હોટા શ્રીમંત લોકો પોતાની તમામ દોલત પોતાની સ્રીને સોંપી ગયા હતા તેનાં દૃષ્ટાંત આપ્યાં. ધણીના મરણ પછી સ્રીએ તેની મિલ્કતની સુવ્યવસ્થા કરેલી તેમની તારીફ કરી. શું સ્રી વિશ્વાસ-

ખાતી છે ? શું સ્ત્રી ધણીના ઘરને અને ધણીની આબરૂને સાચવતી નથી ? શું તે પોતાની ફરજઅજાવવતાં કદી પાછળ પડી છે? ધણીની આબરૂ એજ તેના જીવનનો આધાર છે. ધણીના ઘર શિવાય તેને ઠરીને બેસવાનું ઠેકાણું બીજું કયું છે ?"

આ પ્રમાણે આખી રાત કલહ ચાલ્યો. છેક છેલ્લે પ્રહરે જ્યારે પૂર્વ દિશાએ અરુણ રંગ ધારણ કર્યો તે વખતે કામાન્ધ તારિણી બાબુ મ્હાત થઇ ગયા. તેમણે કહ્યું, " હૃદયેશ્વરી ! તને નહિ આપું તો કોને આપીશ ? મારૂં સર્વસ્વ તને લખી આપીશ. તારાથી કંઇ જમીનજાગીર વધારે છે ? "

સમરાંગણમાં પતિનો પરાજય કરનારી ગોપબાળા પ્રસન્ન થઇ. પોતાના આંસુ લુછ્યાં અને પોતાના ચરણકમળના ભ્રમર થએલા ભોંયપર પડેલા ભર્તારનો પ્રેમથી હાથ પકડી તેમને પોતાની પાસે બેસાડયા અને આશ્લેષકરી ગદ્‌ગદ્ સ્વરે કહ્યું, " મારૂં ખરૂં ધન તો તમેજ છો. તમેજ મારૂં સર્વસ્વ છો. તમેજ મારૂ જીવન છો પૈસો તો તુચ્છ વસ્તુ છે. તમારો મારા ઉપર સ્નેહ છે તો ઘણું છે."

તેના નેત્રમાં આંસુ હતાં પણ મનમાં તે મલકાતી હતી. જાણે કહેતી હોય કે "મિત્ર બાબુની છોકરીને હવે ઓળખી ? ડોસો તો મારૂં રૂપ જોઇને ઘેલો થયો હતો તેથી મને પરણ્યો. અને હું પણ પચાસ વર્ષના ડોસાને પરણી તે એટલા માટેજ. આજે મારી મતલબ બર આવી. "

એક અઠવાડીયામાં તમામ કાર્ય સંપૂર્ણ થઈ ગયું. તારિણી બાબુએ આટલા વર્ષ નોકરી કરીને, ઉંધાં ચત્તાં કરીને જે ધન મેળવ્યું હતું, બાપની પાસેથી જે કાંઇ પ્રાપ્ત કર્યું હતું, બિન્દુ અને

સુધાના બાપ પાસેથી જે પડાવી લીધું હતુ, ગામના લોકો પાસેથી દાવાઓ કરીને અને જપ્તી લાવીને જે કાંઈ ઝુંટવી લીધુ હતું, સરકારી હરરાજીમાંથી જે કાંઇ સસ્તે ભાવે પડાવી લીધુ હતું તે સર્વ દ્રવ્ય વીલ દ્વારા પોતાની નવોઢા પત્નીને સમર્પણ કર્યું. અને બિચારી ઘરડી, પુત્રીના શોકથી બળી રહેલી, વ્યાધિથી સડી ગયેલી અને પોતાની આખી જીંદગી સુધી પતિની સેવા કરનાર પતિ વ્રતા ઉમાની માતાને એક ઉદ્ધત શોકને આશરે મૂકી દીધી, અને પોતાની પેટની દીકરીઓ જેવી બિન્દુ અને સુધાને હમ્મેશને માટે નિર્ધન રહેવા દીધી.

ઉમાની માને કાને આ વાત ગઇ. તેણે જાણ્યું કે હવે મારે શોકને આશરે રહેવું પડશે. તેનુ આપ્યું ખાવુ પડશે અને તેની તાબેદારી ઉઠાવવી પડશે. બિચારી આજ મરૂં કાલ મરૂં થઇ રહેલી હોવાથી આ પ્રહાર લાંબો વખત સહન કરી શકી નહિ. થોડા દિવસમાંજ તેના દુ:ખી જીવનનો અંત આવ્યો. બિન્દુ અને સુધાએ પૂર્ણ ભાવથી કાકીની છેલ્લી ચાકરી કરી. અને કાકીના પ્રાણરહિત દેહને વળગી ઉમાને સંભારી પથ્થરને પીગળાવે એવા કરણ ભાવથી આક્રંદ કરવા લાગી.

હવે તારિણી બાબુની નવી ધણીયાણી પતિના ઘરમાં નિષ્કંટકપણે રાજ્ય કરવા લાગી. ધીમે ધીમે યુક્તિ પ્રયુક્તિથી તે પતિની હયાતીમાંજ તેની સર્વ સંપત્તિનો ભોગવટો કરવા લાગી. તારિણી બાબુએ પણ વાંધો લીધો નહિ. નવીની કોઈ પણ ઇચ્છાનો પ્રતિરોધ કરવાની તેમનામાં હિમ્મત ન્હોતી.

જગતમાં એવા ઘણા માણસો હોય છે કે જેમની લોકોમાં સારી આબરૂ હોય છે, જેઓ ઘણા લોકોને ત્રાસ આપે છે, દુનિ-

યામાં મ્હોટા થઇને ફરે છે, તેઓનો ઘરમાં સ્ત્રી આગળ એક પૈસાનો પણ વક્કર હોતો નથી. તારિણી બાબુ શેરીએ શેરીએ પોતાની સત્તા અજમાવતા. લોકોની સાથે ઝઘડો મચાવતા. ગૃહસ્થોને પાણીથી પણ પાતળા કરી નાંખતા. પાડોશીઓને પણ શિક્ષા કરાવતા. પણ ઘરમાં આવ્યા એટલે એક ક્ષુદ્ર બિલાડીની પેઠે દબાઈ છુપાઇને પોતાની ઓરડીમાં ભરાઇ જતા. તેમણે પોતાની સર્વસ્વ મિલ્કત સ્ત્રીને આપી દીધી તોપણ હજી તેના પ્રેમના ભોક્તા તેઓ થયા ન્હોતા. તેનું માન ઉતર્યું ન્હોતું.

સઘળો કારભાર ગોપબાળાના હાથમાં હતો. તેનો પ્રાઇવેટ સેક્રેટરી ગોકુળચંદ્ર જ હતો. તારિણી બાબુ બિચારા એ વખત પેટ ભરતા અને બ્હારના દિવાનખાનામાં એકલા પડી રહેતા અથવા જે ઓરડામાં ઉમાની મા મરી ગઇ હતી તે ઓરડામાં જઈ હવે ફોકટ બળાપો કરતા હતા. લોકોમાં વાત ચાલતી હતી કે આટલા દિવસ પછી તારિણી બાબુ મૃત પત્ની માટે શોક કરતા હતા. કોઇ કોઇ એમ કહેતા કે બિન્દુ અને સુધાને કાંઇ પણ ન આપતાં બધી મિલ્કત સ્ત્રીને લખી આપી તેથી તેમને પસ્તાવો થતો હતો. કોઇ એમ પણ કહેતું કે ડોસાને ચિત્તભ્રમ થયો છે.

તારિણી બાબુને ચિત્તભ્રમ થયોજ ન્હોતો. તે હમણાં આખો દિવસ જૂની વાતો સંભારીને વિચાર કરતા હતા અને લાંબો કાળ વિચાર કરી એક પાકા નિશ્ચય ઉપર આવ્યા હતા.

પ્રકરણ ૮ મું.

તાલપુખુરનો ઇતિહાસ.

અમે અત્યાર સુધી માત્ર તારિણી બાબુનો જ ઈતિહાસ લખ્યો. કેમકે તે તાલપુખુરના એક મહા પુરૂષ હતા અને મહાપુરૂષોનો વૃત્તાંત કાંઇ ટુંકામાં પતાવાતો નથી. હવે તાલપુખુરમાં રહેતા બે ચાર સાધારણ માણસોની કથા કહીએ.

ગરીબ બાપની દિકરી બિન્દુ હમેશ ગરીબ જ રહી. અને ગરીબ અવસ્થામાં પણ તે સુખે દિવસ નિર્ગમન કરતી અને પોતાનાં બાળકો ઉપર સારા સંસ્કાર પાડતી. તેની પુત્રી સુશીલા અત્યારે બાર વર્ષની થઈ હતી. દેખાવે સાદી અને શ્યામળી હતી. પણ તેનો શાંત, પ્રસન્ન ચહેરો અને માના જેવી સુંદર અને શાંત આંખોવડે પ્રિય લાગતી હતી. બિન્દુનો પુત્ર સુબોધ નવ વર્ષનો હતો. નજીકના સનાતનવાડી નામે ગામની અંગ્રેજી શાળામાં ભણતો હતો. અને બાપના જેવો મધુર પ્રકૃતિનો હતો. એ બે શિવાય બિન્દુને બીજાં સંતાન ન હતાં.

હેમચંદ્ર ઘેરનો ઘેરજ રહેતો. સવાર સાંજ ખેતરો ઉપર દેખરેખ રાખતો અને નવરાશની વખતે પુસ્તકો વાંચતો. ન્હાનપણથીજ તેને સ્વધર્મ ઉપર આસ્થા હતી. પણ આપણી હાલની શાળાઓમાં આપણાં શાસ્ત્ર વિષે વિદ્યાર્થીઓને કશું પણ શિક્ષણ આપવામાં આવતું નથી. હેમચંદ્રને સંસ્કૃત ભણીને પ્રાચીન શાસ્ત્રો વાંચવાની ઘણી ઇચ્છા હતી.

આ ઉંમરે તેનાથી સંસ્કૃત પાઠશાળામાં જઇ નવેસરથી અભ્યાસ કરાય એમ ન હતું. પણ તેને સારે નસીબે શાસ્ત્ર ભણવાનો યોગ

મળી આવ્યો. થોડા વખતથી સનાતન વાડીમાં રમાપ્રસાદ સરસ્વતી નામે અનેક શાસ્ત્રમાં પ્રવીણ થયેલો વિદ્વાન સાધુ આવ્યો હતો તેની પાસે ઘણાં માણસો ભણવા જતાં. હેમચંદ્રે પણ પાંત્રીશ વર્ષની ઉમ્મરે એની પાસે સંસ્કૃત શીખવા માંડયું અને શાસ્ત્રવિનોદમા દિવસનો કેટલોક ભાગ ગાળવા લાગ્યો.

એમ કરતાં કરતાં હેમચંદ્ર અને રમાપ્રસાદ વચ્ચે ગાઢ સ્નેહ બંધાયો. રમાપ્રસાદની ઉમર પિસ્તાળીશથી વધારે હતી પણ તેણે કાશીમાં ઘણાં વર્ષ નિવાસ કર્યો હતો અને પંજાબ વિગેરે દેશોમાં કેટલાક કાળ સુધી પ્રવાસ કર્યો હતો તેથી તે શરીરે બળવાન અને પ્રતાપવાન દેખાતો હતો. તેણે માથે જટા રાખી હતી અને લાંબી દાઢી વધારી હતી. ભગવાં વસ્ત્ર પહેરતો અને આર્યશાસ્ત્રને આધારે ઉપદેશ આપતો. તેને દેવીપ્રસાદ કરીને એક પંદર વર્ષનો પુત્ર હતો તે પણ પિતાની સાથે પંજાબ વિગેરે દેશોમાં ફર્યો હતો. અને પિતાના જેવોજ શરીરે બળવાન અને તીક્ષ્ણ બુદ્ધિનો હતો. સનાતન વાડીની અંગ્રેજી શાળામાં અંગ્રેજી શીખતો અને ઘેર બાપની પાસે સંસ્કૃત શીખતો. સુબોધ અને દેવીપ્રસાદ વચ્ચે મૈત્રી બંધાઈ હતી. સુબોધ તેને ઘેર જતો અને રજાના દિવસોમાં દેવીપ્રસાદ તાલપુખુર જતો અને ત્યાં સુબોધ અને સુશીલા સાથે રમતો.

સુધાનુ પુનર્લગ્ન થયા પછી તે પોતાના ધણીની સાથે કલકત્તેજ રહેતી. કોઇ કોઇવાર ઘેર પણ આવતી. શરચ્ચંદ્ર યુનિવર્સિટીની એક પછી એક પરીક્ષામાં પસાર થયો અને નોકરી ખોળવા લાગ્યો. વિલાયત જઇ સિવીલીયનની પરીક્ષા આપી સારી નોકરી મેળવવાની તેની ઘણી ઇચ્છા હતી. પણ વિલાયતમાં ત્રણ ચાર વર્ષ

રહી શકે તેટલો ખર્ચ કરવાની તેનામાં શક્તિ નહોતી. તેથી તે સમયે લેવાતી ' સ્ટેચ્યુટરી સિવીલ સર્વન્ટ 'ની પરીક્ષા માટે તેણે તયારી કરવા માંડી, કારણ કે એ પરીક્ષા પસાર કરનારને પણ સારા હોદ્દાની નોકરી મળતી હતી.

શરત જેવા બુદ્ધિમાન અને મહેનતુ વિદ્યાર્થીને પાસ થવામાં મુશ્કેલી ન્હોતી. જે વર્ષે તે પાસ થયો તેજ વર્ષે તાલપુખુરમાં સુધાએ એક પુત્રને જન્મ આપ્યો. આ બનાવને સુધાએ સૌભાગ્યના ચિહ્ન તરીકે વધાવી લીધો અને નવજાત પુત્રને ચુમ્બન કરવા લાગી બાળકની માસી બિન્દુ તેને પ્રેમથી ઉછેરતી હતી અને તેનો પિતા પુત્રનું મ્હોં જોયા પછી પશ્ચિમ બંગાળાના એક જીલ્લામાં નોકરી મળવાથી એકલો ત્યા ગયો.

આ વાતને બે વર્ષ વીતી ગયાં. તે દરમ્યાનમાં શરચ્ચંદ્ર એકલો પરદેશ રહ્યો હતો અને એક વાર પણ ઘેર આવી શકયો ન્હોતો. આટલો લાંબો વખત ધણીથી દૂર રહેવાનુ કામ સ્વામી સોહાગણ સુધાને માટે ઘણુ મુશ્કેલ હતું. તે બિચારી છાની છાની રડતી, કોઇવાર બ્હેનની આગળ હૈયું ખાલી કરતી, કોઇ વાર પુત્રને રમાડતાં રમાડતાં તેની આંખમાંથી આંસુ ટપકી જતાં. હવે સુધાને પોતાને ગામ તેડી જવા માટે બે મહિનાની રજા લઇ શરત્ ઘેર આવવાનો છે અને આજે સાંજે જ તે તાલપુખુર આવી પહોંચશે એવા સમાચાર મળવાથી આજે વરઘેલી સુધા હરખથી ફાલી ફૂલી ફરતી હતી અને આનંદથી વસ્ત્રાલંકાર સજતી હતી.

પ્રકરણ ૯ મું.

ડોશીમાની શિખામણ.

બિન્દુ—" સુધા ! અલી એ સુધા ! હજી તારા અંબોડાનો પાર ન આવ્યો ! સાંજ પડી તોય તું હજી પરવારી નહિ. વાહ ! આવો અંબોડો તો મેં મારા બાપ જન્મારામાં પણ નથી વાળ્યો. "

સુધા— " જુઓની મ્હોટી બ્હેન ! મેં મારાં નણુદને કહ્યું કે ઉતાવળથી બાંધી દો. જેવો બંધાય તેવો. પણ એ તો માનતાં જ નથી અને કંઇ કંઈ ચતુરાઇ કરે છે. "

કાલીતારા—" જો વળી ડાહી બોલી. મને ચોટલો વાળીને વેણી બાંધવાનો ઉમંગ હશે અને તમને નહિ હોય એમ કે ! સારૂં કરતાંય નબળું પડે છે ! લ્યો ચાલો હવે થઈ રહ્યુ ! લાવો જોઇએ, રૂપાનાં ફુલ ખોસી આપું. "

સુધા—" ના બ્હેન જવા દો. મારે તો નથી ખોસવાં. તમને પગે લાગું છું, જવા દો ! "

કાલીતારા—" હવે મનમાં ભાવ છે અને માથું શીદ હલાવો છો ? લ્યો આ ખોસાયાં. લાવ જરા સાબુ વતે મ્હોં ધોઇ આપું. "

કાલીતારા સુધાને છોડે એવી ન હતી. તેણે મ્હોં ધોયું. ગળે હાર પ્હેરાવ્યો. હાથે પગે ઘરેણાં પ્હેરાવ્યાં. સારી જોઇને સાડી પ્હેરાવી પછી સુધાની આગળ તકતો ધરીને બોલી કે " હમણાં શરત્ ઘેર આવે ને તમને જુએ તો આવી મન પસંદ વહુને જોઈને કેવો ખુશ થઈ જાય ? "

સુધા શરમથી લાલચોળ થઈ ગઇ અને નણંદનો હાથ તર-

છોડી નાશી ગઇ. બિન્દુ અને કાલીતારા ખડખડ હસી પડયાં.

પણ હજી સુધાની તૈયારીનો પાર આવ્યો ન હતો. તેણે પોતાના સુવાના ઓરડાને સાફસૂફ કર્યો, બત્તી સળગાવી, મલકાતે મ્હોડે પલંગ બિછાવ્યો. તળાઇની નીચે ફુલના બે એક હાર છુપાવી મૂકયા અને રકાબીમાં પાનની બીડીઓ બનાવી મૂકી. જ્યારે કાલીતારા ઘરમાં હોય ત્યારે રસોઇના કામમાં તેના શિવાય કોઇનાથી હાથ ઘલાતો નહિ, તો પણ આજે સુધાએ શરબત બનાવી રાખ્યું. એક રકેબીમાં નાના પ્રકારનાં ફળ સુધારી મૂકયાં. મગની દાળ તળી. અને નાના પ્રકારની જે વસ્તુઓ વડે તેણે પતિદેવને વશ કર્યો હતો તે ન્હાની મ્હોટી અનેક વસ્તુઓ તૈયાર કરતાં સાજે સુધા કંટાળતી ન્હોતી.

સુધા જ્યારે પતિનો સત્કાર કરવા આવા પ્રકારની તૈયારી કરી રહી હતી, તેવામાં ડોશીમાને લઇને બિન્દુ તે ઓરડામાં આવી. ડોશીમાએ સુધાને કહ્યું, "કેમ અલી સુધા, આજ તો તેં ભારે ઠાઠ કરી મૂકયો છે ?" સુધાએ શરમાઈ નીચું જોયું.

અત્રે અમે વાચકને 'ડોશીમા'નુ ઓળખાણ કરાવીએ છીએ. બિન્દુ અને સુધાની સાથે તેને સગપણ હતુ કે નહિ તે અમે જાણુતા નથી. ગામમાં તેનું કોઈ સગું છે કે નહિ તે પણ અમે જાણુતા નથી. તોપણ આ ડોશીને ગામ લોકો 'માજી' કહેતા અને જુવાન તથા આધેડ વયની સ્ત્રીઓ પણ તેને માજી કહેતી. તે બાળ વિધવા હતી. કદી સાસરે રહી ન હતી. તેનું મન પરમ શુદ્ધ અને હૃદય પ્રેમથી ભરપુર હતું. છોકરાંઓ ઉપર તેને એટલો પ્યાર હતો કે ગમે તેના છોકરાને પણ તે ખોળે લઈને રમાડતી. તે બધાંને

ઘેર જતી. છોકરાંઓ તેની આસપાસ વીંટળાઇ વળતાં. અને સ્ત્રીઓ પણ ડોશીમાને બેસાડીને બે ચાર વાતો કહેતી અને સાંભળતી. વળી ડોશીમા રસિક હતાં. તેમનું બોલવું ખટમધુરૂં હતુ. કેવળ માખણુ મસ્કો અને સાકર લગાડતાં નહિ

શરત્ ઉપર ડોશીમાનો ન્હાનપણથી ઘણો પ્રેમ હતો, અને તે આજ આવવાનો છે જાણીને ડોશીમા આવ્યાં હતાં. ગામ લોકોએ શરત્ બાબુને ન્યાત બહાર મૂકયો હતો. પણ ડોશીમાનો પ્રેમ તેના ઉપરથી કમી થયો ન હતો.

હસતાં હસતાં ડોશીમા બોલ્યા—" કેમ અલી સુધા ! આજ તો રંગમાં આવી ગઇ છે ને ! શું લોકોના ધણી પરદેશ નોકરી કરી ઘેર નથી આવતા કે ! વર આવવાનો છે તેમાં વળી આવડી ધામધુમ શાની ? હું સાઠ વર્ષની ડોશી, હાલી ચાલી ને તારે ઘેર આવી-છુ તોએ મારી સામુંએ જોતી નથી. એવા વરઘેલાં ન થઇએ. "

સુધા—" નારે માજી, તમે આવ્યાં તે મારા જાણવામાં ન આવ્યું. ધામધુમ શેની ? એતો એ આવે ત્યારે એમને સારૂ જરા ખાવાનું ગોઠવી મૂકું છુ. લ્યોને માજી, તમેજ થાળી પુરી આપોને ! આવ્યાં છો તે. "

ડોશીમા—" જોઉં વારૂ, શું શુ કરી મૂકયું છું ! લે ! બડી ચતુર દેખુંને ! પાન ગાંગડી તળી છે. મગની દાળ તળી છે. લીલો મેવો સુધારી મૂકયો છે. વાહ ! અલી ! આ પથ્થરના પ્યાલામાં શું છે ! વાહ ! આ તો શરબત કરી મૂકયું છે ને !

બિન્દુ—" માજી, શરત્ બાબુને શરબત બહુ ભાવે છે. "

ડોશીમા—" અલી ! આ વાડકીમાં શું છે ! ચાસણી પાવલાં

રસવડાં દેખું તો ! અલી તે બનાવ્યાં કે શું ! આટલી સરભરા કરે છે તે શરત્ આવે ત્યારે બિચારો ખાતો ખાતો અકળાશે "

બિન્દુ—"માજી, એમ કેમ બોલો છો ? શરત્ આટલે દહાડે ઘેર આવે છે ત્યારે તેમને સારૂ સુધા કાળજી ન રાખે તો બીજું કોણ રાખે ? "

ડોશીમા—" તે તો ઠીક છે. સુધા ડાહી છે તો. શરતનુ ઘણું જતન કરે છે, પણ બાપ ! આજ વખત એવો ખોટો છે અને આજના ભાયડા એવા થઈ ગયા છે કે તેમનુ બહુ જતન કરીએ તો માથે ચ્હડી વાગે. "

બિન્દુ—" ના માજી, ખોટું બોલો છો. એવું તે હોતુ હશે કે ! "

ડોશીમા—" તું શુ જાણે ! મારા જેવડી થઇશ ત્યારે જાણીશ હું તો ઘેર ઘેર જાઉછું. લોકોના તમાસા જોઇને મારૂ તો પેટ ભરાઇ ગયું છે. ત્યારે હવે મને સમજ પડી છે. "

બિન્દુ—"ત્યારે અમને સમજાવોને ! અમે એ કાંઇ શીખીએ !"

ડોશીમા—" શીખવું હોય તો શીખ. મારે કયાં ના છે ? તમે બધીઓ છોકરા છોકરીઓ પરણાવવા તળે ઉપર થાઓ છો પણ હું તો કહું છે કે છોકરાંઓને પરણાવામાં સુખ નથી 'લગન એટલે વિઘન અને વઢવાઢ.' જેવી બે રાજાની લડાઇ તેવી વર વહુની લડાઈ. અલીઓ હસો છો કેમ ? મારી ઘરડીની મશ્કરી કરશો તો હું તો મારે આ ચાલી. "

બિન્દુ—" ના માજી બેસો, બેસો નહિ હસીએ. અમારી ભૂલ થઇ. "

ડાશીમા—" મેં શું કહ્યું ? છોકરાનું લગન એટલે લડાઈ. માટે જે કોઇ પોતાની કિંમત વધારશે તે જીતશે. માટે સઉ પોતપોતાની કિંમત વધારો, અને મોઘાં થતાં શીખો. આ મારા મહોલ્લામાં ઘોષાલનો દીકરો છે ને! પેટે બે છોકરાં છે. એ બિચારા ઘોષાલના દીકરાની વહુ બે છોકરાંને બગલમાં ઘાલીને આખો દહાડો ઘેર વૈતરૂં કરે છે. વાસણ અજવાળે છે, ઘર વાળે છે, લુગડાં ધૂએ છે, પાણી ભરે છે, અને બધું ઘરકામ કરે છે અને ગાળો ખાઇને પેટ ભરે છે. ધણીને ગરમ દૂધ જરાક મોડું મળ્યું તો જોઇ લો ગાળનો વરસાદ. ગાળતે કાંઈ જેવી તેવી મારે ! કાનોમાં આંગળીઓ ઘાલવી પડે છે. બિચારી વહુ તો ગરીબ બોકડી જેવી છે. તન તોડીને ધણીનુ જતન કરે છે. તોય ઉઠતાં બેસતાં ગાળ ખાય; બહુ ભલાં થઈએ તો આવી વલે થાય અને માર ખાઇ ખાઇને જીવેથી જઇએ. માટે બાપ! મોઘાં થાઓ મોઘાં, મોઘાં થશો તો જીતશો."

બિન્દુ—"પણ માજી ! કંઇ બધા વર ઘોષાલના દીકરા જેવા ઘાતકી હશે ! "

ડાશીમા—"હું કયાં તેમ કહું છું ? બધા વર એ તેવા નથી હોતા અને બધી બાયડીઓ પણ તારા જેવી ડાહી નથી. પેલા બોડાલ બાબુની વહુ કેવી છે ? ધણીને તો જેર જેર કરી નાંખે છે. ધણી બિચારો તેનો ઉઠાડયો ઉઠે છે અને તેનો બેસાડયો બેસે છે. તાકાદ શી કે મ્હોડેથી એક બોલ બોલી શકે. તોયે સખની રહેતી નથી. દહાડો ઉગે ત્યારથી કાગડીની પેઠે કાઉકાઉ કરવા મંડે છે તે મધરાત સુધી તેની જીભ બંધ થતી નથી. ધણી બિચારો ઘાણીના બળદની પેઠે વૈરીનું બતાવ્યું કામ કરે છે. શાબાસ છે એને ! બા-

ચડી તો એવીજ હોજો. કેવો ધણીને વશ કરી નાંખ્યો છે. ! કેવી ધાર્યું કરે છે ! ઘરેણાં, લુગડાં, પૈસા, માન કેવી મેળવે છે ? કશી વાતે ધણીને પૂછવુંજ નહિ "

બિન્દુ—" એ બાયડીના જેવાં થઇને ધણી પાસે ગુલામગિરી કરાવવાથી શું સુખી થવાય છે ! એનું નામ તે સસાર ! જેમ સ્ત્રીની ગુલામગિરી આપણાં લોકોમાં કંટક જેવી છે તેવી રીતે ધણીની ગુલામગિરી પણ હોય તો તે પણ તેવીજ નિંદાને પાત્ર છે. જુઓને અમારા કાકાનો સસાર કેવો ચાલે છે ! "

ડોશીમા—" જીવતી રહેજે. ખરેખરૂ બોલી છે. તારિણી બાબુનો સસાર સોના જેવો હતો. ઉમાની મા ધણીની સામે એક શબ્દ પણ બોલી નથી. તે બિચારી ભલી તેથી તારા કાકાએ તેને દગો દીધો તે જોયું કેની ! અને બિચારી બળી જળીને મરી ગઇ. મેં કહ્યું ને કે 'લગન એટલે લડાઇ, ' જે માણસ ભલાં અને નરમ તેનુજ આ દુનિયામાં મોત છે. જે ખધુ અને પાકું તેજ ફાવે છે. જુએ છે ને કેવી લડાઇ ચાલે છે તે ? તારિણી બાબુ માતેલા સાંઢની પેઠે શેરીએ શેરીએ ફરે છે પણ ઘેર બૈરી આગળ ચેં કે ચું કરે જોઇએ. એતો ' મેં તેરી ગઉઆં '. હજી તો છોકરાં થયાં નથી. હજી તો હવે રંગ આવશે. બિચારા તારિણી બાબુ જેર જેર થઇ ગયા અને નવીને બધું લખી આપ્યું. હવે એને છોકરાં ન થાય તો નવી વહુ લાવે જોઇએ. એતો મુગલાઇ અમલ છે. ન હોય ઉમાની માનો. ખૂબ કરી છે. બાયડી તો પાકી મળી. એવી બાયડી ન હોય તો પુરૂષ વશ થાય કે ! "

બિન્દુ એ હસતાં હસતાં પૂછયું, " માજી મારાં નવી કાકી

ધણીને ત્રાસ આપે છે તે ઠીક કહેવાય કે ! એથી સંસારનું સુખ ભોગવાય છે કે ?"

ડોશી મા—' હવે બેસ, ઠીક અને અઠીક કરતી. એતો સંસારમાં એમજ ચાલે અને એમજ ચાલતુ આવ્યું છે. સુખ કેવું ? સુખ પૈસામાં, લુગડાંમાં, ઘરેણાંમાં, ધણીને વશ કરવામાં. માટે બાપ ! મોઘાં થાઓ. હું તો સસારમાં આનું આ જોઉ છું. તમે બધી ભણેલી ગણેલીઓ કાંઇ જૂદું જોતાં હો તો કહો. !

સુધા હસતી હસતી બોલી, ' ઠીક, માજી. મારી બ્હેન તો હેમ બાબુનું ખૂબ જતન કરે છે અને હેમ બાબુ તેનુંએ કરે છે. એને જરા શીખવોને કે મોંઘી થાય. "

ડોશીમા—' હેમ બાબુનું નામ જ જવાદેને. બિચારો સાધુ જેવો છે અને બિન્દુ બિચારી ન્હાનપણથી જ ગરીબ અને રાંક છે એનું એ નામ જવા દો. એમના જેવાં ભલાં માણસ દુનિયામાં હોતાં જ નથી. હું તો સંસારમાં જ્યાં ત્યાં લડાઇજ જોઉં છું. ભાયડાઓની કેટલી સત્તા જામી ગઇ છે. તેઓ ધંધો કરે છે, સત્તા ભોગવે છે, ધન દોલત પણ તેમનીજ. ઘરબાર પણ તેમનું જ. ઘરમા આવીને પગ ઉપર પગ ચ્હડાવીને બેસે અને બાયડીઓ ઉપર હુકમ ચલાવે. ત્યારે બાયડી પણ જો પાણીવાળી ન હોય, બાજંદી ન હોય, તારી કાકીના જેવી સખત ન હોય, તો બિચારી જીવેથી જાય. ભાયડાઓના ટપલા ખાય. કેમ ! માટે કહું છું કે બ્હેન ! જરા પાણી વાળી થા. જરા હિમ્મતવાન થા. જરા સખત થા. જરા વર સાથે રીસાતાં શીખ. મોંઘી થા. કપડાં, ઘરેણાં, ઘરની સત્તા તેના હાથમાંથી લઇ લે. વરને ડરાવતી રહે. અને પટાવી ફોસલાવી કામ કઢાવી

લે ત્યારે તો તુ બાયડી ખરી ! તને પોતાની કિંમત વધારતાં આ-વડતું નથી ત્યારે બાયડી શું કામ થઈ ? ”

બિન્દુ—“પણ માજી એમ કરતાં સામું નુકસાન થાય તો ?”

ડોશીમા—“તને ખબર નથી. જેને રાંધતાં આવડે છે તેને હાથે શાક બગડે છે ? ’

બિન્દુ—“ અરે ! માજી ! મેં આટલી ઉમ્મરમાં કેટલાંને નુક-સાન થએલાં જોયાં છે. કેટલા ઘરના સુખી સંસાર કજીયા કકા-સથી ધૂળ ધાણી થઈ ગયેલાં મેં દીઠા છે. પતિ અને પત્ની શાંતિથી એક બીજાના દોષ સહન કરે તેમાંજ સુખ છે. તેમ ન થાય તો સસાર સ્મશાન બની જાય છે. વધારે લેવા જતાં બધું ખોઇ બેસાય છે. અને માજી જેઓ કિમત વધારવા જાય છે તેઓ આખરે માથે હાથ દઇને રડે છે.”

ડોશીમા—“ શાક બગડે તેમાં વાંક કોનો ? રાંધનારીનો કે શાકનો ? એક જણીએ શાકને ખારૂ કરી નાંખ્યુ માટે શુ મીઠુ નાંખવુજ નહિ ! તુ તો બહી હુશીયાર છે. શાકમાં મીઠું નાંખતીજ નથી. નરી ખાંડની ખાંડ નાંખે છે !

પ્રકરણ ૧૦ મું.

વરવહુ.

રાતના આઠના સુમારે શરચ્ચંદ્ર ઘેર આવ્યો. તે બે વર્ષે ઘેર આવ્યો તેથી ઘણા લોકો તેને મળવા આવ્યા હતા. હેમચંદ્ર બે વર્ષે પોતાના બંધુ જેવા પ્રિય શરચ્ચંદ્રને ભેટીને ઘણો સંતુષ્ટ થયો. શરતનાં અનેક સગાંઓ આજ તેને મળવા આવ્યાં હતાં. ગામના

ડોસાઓ જેમણે શરચ્ચંદ્રને એક વાર ન્યાત બહાર મૂકયો હતો તેજ શરચ્ચંદ્ર આજ મ્હોટો અમલદાર થઇને આવેલો હોવાથી "ભાઇ ભાઇ" કહેતા આવ્યા હતા. અને તેના તરફ પુષ્કળ માન અને પ્રેમ બતાવતા હતા. શરત્ સઘળાને માન આપીને સીધો પોતાની માતાની પાસે ગયો. અને તે સ્નેહમયી માતાને તેણે સાષ્ટાંગ પ્રણામ કર્યા. તે સફેત કેશવાળી અને સ્વચ્છ શ્વેતવસ્ત્ર પહેરી બેઠેલી માતાએ અશ્રુપૂર્ણ નેત્રે પુત્રનું શીર સૂંઘ્યુ* અને તેને આશીર્વાદ આપ્યો.

થોડીક વાર માની પાસે બેસી, તેની સાથે કુશળ વાર્તા કર્યા પછી શરતે માની રજા લીધી. તે વૃદ્ધ ડોશી કેટલોક વખત થયાં ઘર સંસારમાંથી નિવૃત્ત થઇ હતી. અને ઘરની વ્યવસ્થા પુત્રોને અને પુત્રવધૂને સોંપી દીધી હતી. તે રોજ સવારમાં વહેલી ઉઠી સ્નાન કરતી અને બપોર સુધી ઈશ્વરપૂજન કરતી. પછી કાંઇક ફળાહાર કરીને થોડી વાર આરામ લેતી. સાંજ પડતાં ફરીથી નાહીને કેટલોક કાળ ઉપાસનામાં ગાળતી. રાત પડયા પછી તે સાત્વિક આહાર કરી સુઈ જતી. તેણે માંસ ભક્ષણનો તદ્દન ત્યાગજ કર્યો હતો.

શરતને લોકોએ ન્યાત બહાર મૂકયો હતો તેથી તેની માતાના જીવને કાંઇક સંતાપ થતો પણ તેના ગુરૂએ કહ્યું હતું કે ખેદ કરશો નહિ. બ્રાહ્મણ પૂજારી તમારે ઘેર કદાચ ન આવે તો તેથી કાંઈ મનમાં લાવશો નહિ. તેના આવ્યાથી ફાયદો નથી

---

* પુત્રને અથવા શિષ્યને આશીર્વાદ આપતી વખતે વડીલો તેનું માથું સૂંઘે એવો પ્રાચીન આર્ય રિવાજ હતો. બંગાળામાં તે કાયમ છે.

આવ્યાથી ફાયદો નથી અને ન આવ્યાથી નુકસાન પણ નથી. બ્રાહ્મણની મદદ વગર તમે જે પ્રમાણે ઈશ્વર ભક્તિ કરો છો તે પ્રમાણે કર્યાં જાઓ. **ઈશ્વરના દરબારમાં વકીલની જરૂર નથી. ખરા મનથી ઇશ્વરને પોકારો તો તે જરૂર પ્રસન્ન થશે.** ઇશ્વરની ઉપાસના કરવામાં કોઇ પણ મધ્યસ્થની જરૂર નથી.

શરત્‌ની માતાએ આ શીખામણ માન્ય કરી. એ સાધ્વી સ્ત્રીના પુણ્યના બળથી શરત્ પરીક્ષાઓમાં પાસ થયો, અને સારે હોદ્દે ચ્હડયો. આજે તે પરદેશથી ઘેર આવી માતાને ભક્તિ પૂર્વક પ્રણામ કરતો હતો. બિન્દુ અને કાલીતારાએ પણ ઘણો સ્નેહ બતાવ્યો અને અનેક વાતો તેને પૂછી. શરતે પણ તેમને પ્રેમથી ઉત્તર આપ્યા. પાસે ઘુમટો તાણીને ઉભેલી સુધાના હાથમાંથી તેણે પુત્રને લીધો અને તેને ખોળે બેસાડી પ્રેમથી પુન પુનઃ ચુમ્બન કર્યાં. આજે સુધાના નેત્રમાંથી હર્ષનાં આંસુ ટપકતાં હતાં.

જ્યારે ગવર્નર કે વાઇસિરૉય આવનાર હોય છે ત્યારે શહેરની મ્યુનીસીપાલીટીઓ તથા લોકો ભારે ધામધૂમ કરે છે પણ પવિત્ર હૃદયના અને પવિત્ર બુદ્ધિવાળા શરત્‌નો સત્કાર કરવા માટે તેના ન્હાના સરખા ઘરમાં જે સાચા સ્નેહનો તરંગ ઉછળી રહ્યો હતો તે કરતાં વધારે વિશુદ્ધ પ્રેમ અને વધારે સાચી અંતરની લાગણી જગતમાં કદી પણ જોવામાં આવતી નથી.

થોડીવાર પછી શરતે મ્હોં ધોયું. સુધાએ ઘુમટાથી મ્હોં ઢાંકીને તેને માટે મ્હોં ધોવાને પાણી અને નાસ્તો લાવી હાજર કર્યાં. પછી ત્યાંથી પરવારી શરત્ ફરીથી બહારના ઓરડામાં ગયો. અને પોતાનાં સગાં સબંધીઓ સાથે વાતોએ વળગ્યો. તેણે ગામના

બધા લોકોની ખબર પૂછી. ગરીબ દુઃખી લોકોને સારી મદદ કરવાનું વચન આપ્યું. ગામનાં જાહેર તળાવ, અને રસ્તાઓ દુરસ્ત કરવા માટે સારી રકમ આપવાનો નિશ્ચય તેણે જાહેર કર્યો. માંદા માણુસોને દવા આપવાની વ્યવસ્થા કરી, અને ગરીબ વિદ્યાર્થીઓને ફી તથા પુસ્તકો આપવાની ઇચ્છા બતાવી. કેટલાક વૃદ્ધ લોકોએ પોતાના છોકરાઓ માટે પુસ્તકો માંગ્યા. કેટલાકે પિતાનો દિવસ પાણી કરવા મદદ માંગી. કેટલાકે ઘરનું છાપરૂ સમરાવવા થોડીક રકમ માગી. શરત્ આજે બે વર્ષે ઘેર આવ્યો હતો તેથી તેણે કોઇને ના પાડી નહિ. સર્વને કંઇને કંઈ આપવાનું વચન આપી સંતુષ્ટ કર્યા.

રાત્રે દશ વાગતે શરત્ જમવા ઉઠયો. હેમ અને શરત્ બેઉ સાથે જમવા બેઠા. બિન્દુ તેમની પાસે બેઠી. અને કાલીતારા પીરસવા લાગી. રસોઇ કરવામાં કાલીતારા એકકો હતી. આજે તે ભાઇને સારૂ મન પસંદ ચીજો બનાવીને સંતુષ્ટ થઇ હતી.

ત્યાર પછી સ્ત્રીઓ જમવા બેઠી. લગભગ મધ્ય રાત્રે બિન્દુ અને હેમ તેમને ઘેર ગયાં. ઘેર જતી વેળા બિન્દુએ શરતનો હાથ પકડયો અને તેને સુવાના ઓરડા સુધી ખેંચી ગઈ અને કહ્યું.–

" શરચ્ચંદ્ર ! આ તમારૂં ધન તમે સંભાળી લ્યો. હું હવે જાઉં છું." શરત્ ઓરડામાં પ્રવેશ કરી જુએછે તો પારણામાં બાળક ઉંઘતુ પડયું હતું. બાજુએ એક દીવો બળી રહ્યો હતો, અને તે બાળકની પાસે ભર જુવાન, પતિવ્રતા અને પોતાના શરમાળપણાથી અધિક ઓપતી સુધા નીચી દ્રષ્ટિ કરી બેઠી હતી.

શરત્ એક પળવાર સુધી આ પવિત્ર દેખાવ જોઇ રહ્યો. દી-

વાને અજવાળે તેણે પોતાના અમૂલ્ય બે રત્નોને જોઇ લીધાં. તે ધીરે પગલે સુધાની પાસે ગયો, અને તેની સુકુમાર પ્રેમ વિહ્વલ દેહલતાને હૃદય ઉપર ધારણ કરી તેના કંપતા હોઠને સ્નેહાંકિત કર્યા. સુધાના નેત્ર મીંચાઇ ગયાં. પળવાર સુધી તેનું બાહ્યજ્ઞાન લુપ્ત થયું. તેની કોમળ બાહુલતા પતિના કંઠની બેડી રૂપ બની ત્યાંજ જકડાઇ ગઇ. આજે તેની ઘણા દિવસની મનોવ્યથા શાંત થઇ. તેનું હૃદય લાગણીથી છલાછલ ઉભરાવા લાગ્યું અને નેત્રમાંથી આનંદનાં અશ્રુ ટપકવા લાગ્યા.

શરતે એ મોઘાં અશ્રુ પ્રેમથી લૂછ્યાં અને તે સુંદર નેત્રોને પુનઃ પુનઃ ચુમ્બન કર્યું. તેણે કહ્યું, "સુધા! તારા જેવી સર્વોત્કૃષ્ટ સ્ત્રી પામવાથી હું કૃતાર્થ થયો છું. મારૂં જીવન તારા વડે સર્વદા ઉજ્જવલ રહેશે. સ્વદેશમાં કે પરદેશમા, સુખમાં અગર દુઃખમાં, જીંદગીની વિવિધ પરિસ્થિતિમાં મારી નેત્રમણિ અને મારા હૃદયમંદિરની પૂજનીય દેવી તુજ થશે."

આ સંભાષણનો સુધાથી ઉત્તર ન અપાયો. તેણે પતિના પ્રેમપૂર્ણ વદન તરફ આંસુ ભરેલી આંખે બીજી વાર જોયું અને તેના વક્ષઃસ્થળનો આશ્રય લઇ પુષ્કળ અશ્રુપાત કરી હૃદય ખાલી કર્યું.

વરઘેલી સુધા જો પોતાના મનનો ભાવ વાણી વડે દર્શાવી શકત તો તે જરૂર આ પ્રમાણે કહેત, "હે નાથ! હુ દુનિયામાં રઝળતી, લોકોની ઠોકરે ચઢતી, વૈધવ્યથી તપેલી, ક્રૂર રિવાજોની બેડી વડે જકડાયલી, સંસારના ચક્ર નીચે છુંદાયલી એક અનાથ કંગાલ વિધવા, તેને આપે ધૂળમાંથી ઉઠાડી ઉભી કરીને પોતાના હૃદય ઉપર સ્થાપિત કરી. આપને જોઇએ તેવી સુંદર કન્યાઓ મળી શકત.

પણ તે છતાં આપે મને શરણ આપ્યું. હું અભાગણી માટે આપે અતિશય નિંદા સહન કરી અને કષ્ટ વેઠયું. હૃદયેશ્વર ! હું શું તમારી દેવી છું ? તમારૂં રત્ન છું? નહિ. જીવન પર્યંત તમારી દાસી રહીશ અને તમારા પવિત્ર ચરણારવિંદની સેવા કરીશ."

પ્રકરણ ૧૧ મું.

કાકાની શિખામણ.

ડોશીમા—"કેમ અલી સુધા ! હજી ઉઠી નથી કે શું ? હવે શેની ઉઠે ?"

સુધા—"નારે ઉઠી છું માજી. કયાંથી સવારના પહોરમાં ભૂલાં પડયાં ?"

ડોશીમા—"સવારના પહોરમાં શરતને જોવા આવી. અને લે આ કાલે રાત્રે મેં દુધ મેળવ્યું હતુ તેનું દહિં તો એવુ સરસ જામ્યું છે જો. લે શરતને ખવડાવજે."

સુધા—"એ શું બોલ્યાં માજી ! બહુ મોંઘાઇ કરીએ તો ભાયડાઓ ફાટી જાય."

કાલીતારા—"એ તો માજીનો એવો રિવાજ જ છે. બીજાઓને કહે કે મોંઘા થાઓ, મોંઘા થાઓ અને પોતે લોકોને માટે અડધાં અડધાં થઇ જાય છે. અહાહા ! એમની મદદ ન હોત તો ઘોષાલના દીકરાની વહુ જીવત ખરી કે ? તેના ઉપર દયા લાવીને તેના ઘરનું અડધો અડધ કામ ડોશીમા કરી આપેછે. પેલો ગોપાલ બાબુ જયારે માંદો પડયો ત્યારે તો એ ઘેર આવવાને પણ નવરાં નહોતાં. આખો દિવસ સારવારમાં ને સારવારમાંજ. ઉમાની માના મંદવાડમાં

એ નહોત તો દીઠું પડી જાત. એમણે રાત દહાડો ચાકરી કરેલી. શેરી-ના છોકરાં એમને કેવા હળી ગયાંછે ? દહિં તો એમના ઘરનુંજ ખાય."

ડોશીમા—"ઠીક છે. આપ ભલા તો જુગ ભલા. શું જીવીને લઈ જવુ છે? એ સારાં કામ કર્યા હશે તે સાથે આવશે. પણ અલી સુધા ! કાલે રાત્રે તું વર સાથે રીસાઈ હતી કે નહિ ? જરા માન માગીએ, બે ચાર તીખા તમતમતા બોલ સંભળાવીએ. આટલે દહાડે વર ઘેર આવ્યો તે જરા રીસાઇને અવળે મ્હોડે ફરી બેસીએ. સાચું કહે વરને પગે લગાડયો હતો કે નહિ ?"

સુધા—ના માજી, તે તો હું ભુલી ગઇ.

ડોશીમા—"કેવી મુરખ અને ભોળી ભટાક ? અલી જરા મ્હોડું મ્હડાવીએ. ઉપર ઉપરથી રીસ બતાવીએ અને બે ચાર દાગીના કહડાવી લઇએ. શરત્ તારે સારૂં શું શું લાવ્યો ?"

સુધા—"મને ખબર નથી. હુ તો પૂછવુજ ભુલી ગઇ."

ડોશામા—"વાહ ન્હાની કીકી હઇશ. એવી થઇશ તો દુનિ-યામાં કેમ રહીશ. આટલે દહાડે નોકરી કરીને વર ઘેર આવ્યો, અત્યાર સુધી બેઠા બેઠા પૈસા કમાયો અને તારી ખબર અંતરે ન લીધી. એ તો તુંજ બોલે. તારા જેવી ફાંકડી બીજી બૈરી હોયની તો બે ચાર સરકારી લોન પણ પડાવી લે."

સુધા હસતી હસતી બોલી, "માજી !તે બધુ હુંતો ભુલીજ ગઇ."

ડોશીમા—"તું ભુલીજ જાયતો. તું તો શાકમાં સાકર નાંખ-નારી હું તારી કાકીને ઘેર જાઉંછું અને જોઉંછું તો શાકમાં મીઠુંજ મીઠું."

આ વાત ચાલતી હતી, તેટલામાં ત્યાં શરત્ આવી પહોંચ્યો.

ડોશીમાને જોઈ તેણે હાથ જોડયા અને કહ્યું કે માજી તમે તો સવારના પહોરમાં આવ્યાં. તમારે ઘેર એક વખત આવી જવાનો મને વિચાર તો હતો.

ડોશીમા—" નારે દીકરા, તારે શા સારૂ આવવું પડે ? હુંજ ચાલી ચાલી આવી. હું તો કાલ સાંજેએ આવી હતી, પણ તારે આવવાની વાર હતી તેથી ચાલી ગઈ. જીવતો રહેજે અને મારા જેવો ઘરડો થજે. ભગવાન તારૂં સારૂં કરે. તારી સાસુ જીવતી હોત તો દેવ જેવા એ જમાઇને જોઇને તેની આંખો ઠરત."

એમ કહી ડોશીમા સાલ્લાને છેડે આંસુ લૂછવા લાગ્યાં. પછી જરા મ્હોં મલકાવી બોલ્યાં, "ભાઈ આટલે દહાડે ઘેર આવ્યો તે વહુને સારૂ કાંઈ દાગીના ઘડાવી લાવ્યો કે નહિ ? તારી વહુ તો ભલી અને ભોળી છે. તેને આ પ્રમાણે ઠગીશ તે નહિ ચાલે. તેને સારૂં હું તારી સાથે કેડ બાંધીને લડવા આવી છું."

શરત્ હસી પડયો. તેણે કહ્યુ કે વહુ પ્હેલી કે તમે પ્હેલાં ? એમ કહી ડોશીમાને માટે પોતે જે લુગડું લાવ્યો હતો તે લાવીને તેણે તેમની આગળ મૂકયું

ડોશીમાની આંખમાં બીજી વાર પાણી આવી ગયું. તેમણે કહ્યું કે મારે સારૂ તુ આ શા માટે લાવ્યો ? એવું ઘટે નહિ. મારાથી એવા ભારે લુગડાં પ્હેરાય નહિ. મારે હવે બોત ગઈ થોડી રહી. મારે આવાં લુગડાં શાં ? પણ તું મારે સારૂ મન કરીને લાવ્યો છે તો જીવતો રહેજે અને સુખી થજે. પણ બાપુ, હવેથી મારે માટે એવો ખર્ચ ન કરીશ.

શરત્ ઘરમાં હતો તેથી ઘુમટો તાણીને ઉભેલી સુધાએ કાલીતારાને કાંઈક કાનમાં કહ્યું.

કાલીતારાએ હસીને ડોસીમાને કહ્યું કે માજી, લુગડાં લો અને બીજું ખૂબ લો. ના લઇએ તો ભાયડાઓ માથે ચ્હડી બેસે.

શરતે હસતાં હસતાં કહ્યું, "વાહ માજી, તમે તો બૈરાંઓને ધણી પાસેથી કાંઈ કાંઈ પટાવી લેવાનો મંત્ર આપતાં લાગોછો! તમારા જેવો સ્નેહ અને શુદ્ધ લાગણી જો બધાંમાં હોય તો પૃથ્વી એકદમ સ્વર્ગજ બની જાય"

ડોશીમાના ગયા પછી એક ડોશી જેને બધા "ગામદાદી" કહેતા હતા તે શરતને મળવા આવી. તેના ગયા પછી તેની કાકી, ફોઇ, મામી, માસી એવી એવી અનેક ડોશીઓ તેને મળવા આવતી. ન્યાતના નિયમ પ્રમાણે શરતને ન્યાત બહાર મૂકવામાં તેઓ સામેલ થઇ હતી. પણ શરતના ઉમદા ગુણ, તેનો બહોળો પરોપકાર, નિઃસિમ પ્રેમ અને દયા એ સર્વ બાબતો કોઈનાથી અણજાણી ન હતી. ગામની યુવાન તેમજ વૃદ્ધ સ્ત્રીઓ તેનાં વખાણ કરતી હતી. આજ તેઓ તાલપુખુરના સર્વોત્તમ નરરત્નને મળવા માટે આવતી હતી. શરત્ પણ તેઓની સાથે પ્રેમથી વાતો કરતો અને ડોશીઓને પ્રણામ કરી એક એક લુગડું આપતો, સગાં વ્હાલાંની ખબર પૂછતો. ખેડુતોનાં છોકરાંના હાથમાં એક એક રૂપીયો મૂકતો. ખેડુતની સ્ત્રીઓ છોકરાને કેડે લઇને હર્ષના આંસુ લૂછતી લૂછતી ભલા બાબુ સાહેબનાં વખાણ કરતી પાછી ઘેર જતી હતી.

જમ્યા પછી શરત્ ગામમાં નીકળ્યો. ઓળખીતાઓને ત્યાં જઇ સર્વની મુલાકાત લીધી. શત્રુ મિત્ર સર્વને ઘેર જઈ આવ્યો. સાંજ પડતાં

તારિણી બાબુને ઘેર પણ ગયો. તેમણે પણ શરતને સારૂં માન આપ્યું. જ્યારે તે ત્યાંથી જતો હતો ત્યારે તારિણી બાબુની નવી ધણીયાણી મ્હોડાનો તોબરો ચ્હડાવી બોલી, " મ્હોટો એક નોકરો કરવા ગયો છે. ત્યારે જાને કરને નોકરી ! શીદને અમારે ઘેર આવ્યો છે ! જેને નહિ જાત, નહિ ધર્મ, તેની સાથે હળતાં મળતાં અમારા પવિત્ર સંસારને કલંક લાગે છે."

શરત સાંજે ઘેર ગયો અને જરાક ખાઇ લઇને 'કાકા' ને ઘેર ગયો. એ 'કાકા' ગામમાં સઉથી ઘરડા હતા પણ લઠ્ઠ અને જોરાવર હતા. ખાંધે ડાંગ મૂકી શેરીએ શેરીએ ફરતા અને બધાના ઘરની ખબર લેતા. ગામની પાકટ ઉંમરની સ્ત્રીઓને તે મા કહેતા કોઈવાર ગાળ પણ દેતા. જુવાન સ્ત્રીઓને તો કંઈ કંઇ નામ પાડીને ખૂબ ખીજવતા. બિચારી સ્ત્રીઓ માથે બ્હેડું મૂકીને તળાવથી આવતી હોય અને રસ્તામાં જો ડોસો મળે તો તેઓને ભય લાગતો એવો એ કાકાનો કરપ હતો.

ન્હાનપણમાં તે શરતને ખુબ ચ્હાતો હતો. શરત્ પણ તેને માન આપતો અને જ્યારે જ્યારે ગામમાં આવતો ત્યારે તેમને મળ્યા વગર રહેતો નહિ.

ઉનાળો હોવાથી આજે કાકા ઘર બહાર પાટ ઉપર બેઠા હતા. જૂની વાતો સંભારતા હતા અને તેને મનમાં ઘુંટતા હતા. તેમનુ મ્હોં હંમેશાં હસમુખું હતુ અને તેમની આંખોના ખૂણામાં લુચ્ચાઇ અને ટીખળી સ્વભાવ જણાઈ આવતો. પણ તેમનુ મન ભોળું હતું. પેટમાં પાપ રાખતા નહિ.

શરતને જોઇને તે ઘણા ખુશ થયા. તેમણે કહ્યું, "આવ, ભાઇ

આવ. બહુ દિવસે આવ્યો ! સારો તો છેને ?"

શરત્—"હા, આપની કૃપાથી સારો છું."

કાકા—"હં ! તારી મા સારી છે ? કાલીતારા સારી છે ? અને પેલી તારી છેલ છબીલી નાતરાની વહુ સારી છે ને ? અલ્યા, છોકરો તો મ્હોટો થયો હશે ! સારો છે ને ?"

શરત્—"હા કાકા, તમારા આશીર્વાદથી બધાય સારાં છે !"

કાકા—"કેમ પશ્ચિમ બંગાળામાં ફાવે છે ને ? ત્યાંનાં હવા પાણી કેવાં ?"

શરત્—"ઠીક છે. બિહારની હવા સારી છે. તો પણ આપણે ત્યાંની પેઠે ત્યાં પણ મેલેરીયા ચાલે છે. એ રોગથી આખો જીલ્લો પાયમાલ થઈ ગયો."

કાકા—"હેં ! મારા સમ ! હું તો એમ માનતો હતો કે પશ્ચિમનાં હવાપાણી સારાં હશે. કાશી, પ્રયાગ પવિત્ર સ્થળ છે તેથી હું એમ માનતો હતો કે તબીયતને માટે પણ સારાં હશે."

શરત્—"કાશી, પ્રયાગ અને આગ્રા સુધી તાવ ફેલાઈ ગયો છે. પંજાબમાં પણ છે. હું બિહાર બે વર્ષ રહ્યો, ત્યાં પણ તાવનો ઉપદ્રવ ઘણોજ હતો. સારા નશીબે મને કાંઈ થયુ નથી."

આ પ્રમાણે કાકા જોડે લાંબા વખત સુધી પશ્ચિમનાં હવા પાણી વિષે, નોકરી વિષે, તાલપુખુરની નવાજૂની વિષે, શરતે ખૂબ વાતચીત કરી. કાકાએ અસલના વખતની નોકરીની ખૂબીઓ વિષે ન્હાનું સરખું ભાષણ આપ્યું. કેવી યુક્તિથી અને દાવપેચથી સાહેબ લોકને વશ કરાય તે શરતને શીખવ્યુ. વહુને કેવી રીતે વશ કરવી તેનું શાસ્ત્ર પણ શરતને સમજાવ્યું. આટલી વાત

થયા પછી તેમણે શરતને પૂછ્યું, " શા કારણથી તું રજા લઇને આવ્યો છે? અલ્યા, વહુને તેડવા આવ્યો હઇશ. તે નહિ ચાલે. એવો વહુઘેલો થઇશ નહિ."

શરત—" અરે કાકા, તમારી રજાવગર કંઈ મારાથી લઇ જવાય એમ છે ? "

કાકા—અરે ભાઇ મારી રજાને કોણ પૂછે છે ? તમે કૉલેજના છોકરાઓ બાયડીઓને લાડકી બનાવી દો છો. પછી બાયડીના મોઢમાં નોકરી ખોશો ત્યારે વહુનું મ્હોડું જોયાથી ભૂખ ભાગશે. ? "

શરત—" કાકા, એ બરાબર સમજાયું નહિ. સમજાવો જોઇએ. "

કાકા—"ન સમજ્યો ? તમારી વહુઓ તો મડમો થઇ ગઇ છે. અને ઘાણી પર બેસીને જેમ ઘાંચી બળદને હાંકે છે તેમ તમારી આંખે પાટા બાંધી તમને મન ચાલ્યુ તેમ ફેરવે છે. અમારા વખતમાં એવું ચાલતું નહિ.

શરત—" કાકા, તમારા વખતમાં કેવું હતું તે કહો તો ખરા? એ જુની વાતો હું એ જાણું અને શીખું."

કાકા—" અમારા વખતમાં આજની બાયડીઓની પેઠે તે વખતની બાયડીઓ પગ પર પગ ચ્હડાવીને બેસતી ન્હોતી. અથવા મડમ સાહેબની પેઠે હાથમાં ન્યુસપેપર કે ચોપડી લઈને આરામ ખુરશી પર ઝુલતી ન્હોતી. તે વખત તો સવારમાં ઊઠી વાંસણ માંજવાં પડતાં. તેઓ દળતી, ખાંડતી, રાંધતી, ભાયડા અને છોકરાંઓને જમાડતી. આ બધુ થઇ રહે ત્યારે તેનાથી મ્હોંમાં અન્ન મૂકાતું. ઘર કામ ન આવડે તો વહુ કેળવાઇ શાની કહેવાય ? તે વખતની

સાસુઓ વહુને પલોટવામાં કુશળ હતી. તમે આજના કૉલેજમાં ભણી આવેલા છોકરાઓ એ વાતમાં ન સમજો."

શરત—"પણ કાકા, તે વખતની સાસુઓ હાથમાં લાકડી લઇને વહુને કેળવતી એ ખરી વાત કે ?"

કાકા—"અલબત, મારની એ જરૂર છે. તમે લોકો ગાડી ઘોડા હાંકો છો કે નહિ ? જ્યારે લગામ ખેંચીએ છીએ ને ઉપરથી ચાબુક ચમકાવીએ છીએ ત્યારે ઘોડો કેવો ચાલે છે ? અને લગામ ઢીલી મૂકીએ છીએ ત્યારે ઘોડો કેવો બેદીલ થઈ જાય છે ? હં ! શું સમજ્યો ! તું પણ લગામ ખેંચતો રહેજે નહિ તો તારી નાતરાની વહુ બેહેંકી જશે અને તારૂં કહ્યું નહિ કરે."

શરત—"પણ કાકા, વહુ અને ઘોડો બરાબર કહેવાય ? શું સ્ત્રીઓ પોતાની ફરજ સમજતી નથી કે તેમની પાસે કામ કરાવામાં ચાબુકની જરૂર પડે ? "

કાકા—"ભાઇ ફરજ તો બધાયે જાણે છે. પણ લગામ રાખી હોય તેની વાત જુદી. લગામથી કામ ઘણુ સારૂં થાય છે. તું સરકારી નોકરી કરે છે. સરકારે તમારે માટે કેવા સખત કાયદા ઘડયા છે. તમોને ચૂં કે ચાં કરવા દે છે ?"

શરત—"કાકા, સરકાર અમને પગાર આપીને નોકર રાખે છે તેથી નોકરની પેઠે કામ લે એમાં શી નવાઇ ? શું સ્ત્રી આપણી પગારદાર નોકર છે ? પોત પોતાનું કામ તો સઉએ કરવાનું છે. આપણે બહારનું કામ કરીએ છીએ, સ્ત્રીઓ ઘરનુ કામ કરે છે, તેથી વહુને દાસી ગણવી ! એ શું પુરૂષને ઘટે છે ?"

કાકા—"આ તો કૉલેજના છોકરાની પેઠે બોલ્યો. હાથમાં

લાકડી લઇએ અને જેવું કામ થાય એવું કંઈ બાઇ બાપા કરે થાય? ભાઈ એ તો સંસારની રીત જ એવી છે. હાથમાં લાકડી લઇને જો બાયડીની ખૂબ પૂજા કરાય તો સોળે સોળ આની કામ થાય "

શરત—" પણ કાકા, વગર લાકડીએ સોળને બદલે બાર આની કામ થતું હોય અને વરવહુ એક બીજાની સાથે પ્રેમથી વર્તતાં હોય એ સારૂં કે નહિ ? "

કાકા—" વળી પાછો કૉલેજના છોકરાની પેઠે બોલ્યો ! ધાક ન રાખીએ તો કામ પણ ન થાય અને પ્રેમ પણ ન થાય. તું સમજે નહિ તો. બાયડીઓને પાળેલા પોપટની પેઠે પાંજરામાં પૂરી લાડ લડાવીએ તો શું તે કામ કરે કે અને ધણી પર પ્રેમ રાખે કે ? ભાઈ જરા તારી આસપાસ જોતો ખરો ! જે સ્ત્રીને તેનો ધણી લાડ લડાવે છે તે પગ પર પગ ચ્હડાવીને બેસી રહે છે. તે કામ કરતી નથી, ધણીની બરદાસ પણ રાખતી નથી, અને તેના ઉપર પ્રેમ પણ રાખતી નથી. અને જે ઘેર ધણી સખત, કડક અને આકળો હોય છે અને કામ લેવામાં હોંશીયાર હોય છે, જરાક ભૂલ થાય કે સજા કરવાને તત્પર હોય છે, વહુને ધાકમાં ને ધાકમાં રાખે છે, અને વહુ પાસે સોળે સોળ આના કામ લે છે તે ઘેર જઇને જો. તે ઘરની સ્ત્રી ધણીની બહુજ બરદાસ રાખે છે અને તેના ઉપર ઘણોજ પ્રેમ રાખે છે. ઘરકામ બહુજ કાળજી પૂર્વક કરે છે. તે ઘેર રસોઇ પણ સરસ થાય છે. બાપુ ! સ્ત્રીનો પ્રેમ કાંઈ કેરીની પેઠે ઝાડ પર નથી પાકતો. એ તો જ્યારે બીજે ત્રીજે દિવસે માર મારતા રહીએ, કડક થઇએ, સ્વાર્થી થઇએ ત્યારે સ્ત્રીની પ્રીતિ સંપાદન કરી શકાય. સ્ત્રીની પ્રકૃતિજ એવી હોય છે માટે તે વાતે ગભરાવું નહિ. "

શરતે હસતાં હસતાં કહ્યું, "ખરૂં કહો છો કાકા ! એક રાજા હતો તે એમ કહેતો કે જેમ માંસને બારીક છુંદીએ તેમ કટલેટ સુંવાળી થાય. તેમ સ્ત્રીને પણ જેમ મારીએ તેમ તેનું મન કોમળ થાય. ખરી વાતને કાકા ?"

કાકા—"એ કટલેટ બટલેટની વાત તું જાણે. મેં કદી ખાધી નથી. તમે કૉલેજના છોકરાઓ છાના માના ખાઈ આવો છો. હું તો એટલુ જાણું કે જેમ કણકને ખુબ ગૂંદીએ તેમ રોટલી સુવાળી થાય અને આલુના શાકની સાથે ઝટ ગળે ઉતરી જાય. અલ્યા શરત્ ! તારી નાતરાની વહુને રાંધતાં તો આવડે છે ને ?"

શરત્—"હા. આવડે છે સાધારણ. તેની બ્હેન કને શીખી છે."

કાકા—"એટલું તો ઠીક છે. ખૂબ શીખવજે. બધુ ઘરકામ કરાવતો રહેજે. કોઇ દિવસ નરમ અને કોઈ દિવસ ગરમ મિજાજ રાખીશ તોજ વહુ બ્હીતી રહેશે અને તારા હુકમમાં રહેશે. તેના ઉપર સારી પેઠે હુકમ ચલાવતો રહીશ તોજ કાળજીથી ઘર કામ કરશે. જે ઘેર ધણીને એકદમ ઊંઘ આવતી નથી તેનીજ વહુને બરાબર પગ દાબતાં આવડે છે. અને જેને ખોરાક ભાવતો નથી તેનીજ વહુને રાંધતાં સારૂ આવડે છે."

શરત્—"કાકા એ તો ભારે મુશ્કેલીની વાત. વહુને પગ દાબતાં શીખવવાને માટે પોતે ઉજાગરો કરવો અને તેને રાંધતાં શીખવવા માટે અજીર્ણ અને અરુચિ વ્હોરી લેવી !"

કાકા—"એ તો એક દૃષ્ટાંત આપ્યું. અરુચિ ન હોય તો પણ જરાક અમથો અમથો ગુસ્સો કરવો, થાળી વાડકા પછાડવાં,

ડોળા કહાડવા, એવું એવું કરતા રહેવું. નહિ તો વહુ માથે ચ્હડી બેસે. તું જુએ છે કે આપણે કુતરાં બિલાડાં પાળીએ છીએ તેમને દૂધ ભાત ખવડાવીને લાડ લડાવીએ છીએ તો સાળાં આળસુ થઈ જાય છે અને કહ્યું કરતાં નથી. અને કોઇ કોઇ વાર લાકડી વતી ઝપેટતા રહીએ છીએ તો બરાબર કહ્યાગરાં રહે છે. ”

શરત—“ પણ કાકા, વહુને કુતરી કે બિલાડી તરીકે જેઓ સમજતા હોય તેઓ ભલે તમે કહ્યું તે રીતે સ્ત્રીઓને હુકમમાં રાખે પણ જેઓ સ્ત્રીજાતને સન્માન યોગ્ય માને છે તેમનાથી તમારી રીતનો અંગીકાર કેમ કરાય ? ”

કાકા—“ પાછો કૉલેજના છોકરાની પેઠે બોલ્યો! અલ્યા, સ્ત્રીને સન્માન કેવું ? સન્માનથી કાંઇ ઘરકામ થાય ? સન્માનથી કાંઇ પેટ ભરાય ? ભાઇ, સ્ત્રીઓની પાસે કામ લેશો તો સંસાર ચાલશે. પેલો ઘોષાલનો દીકરો જોયોને ? ”

શરત—“ હા, ઓળખું છું. ”

કાકા—“ એ ઘોષાલનો દીકરો કેવો પક્કો છોકરો ? વહુને કેળવીને કેવી બનાવી છે ? જેમ પોપટ જે બોલાવીએ તે બોલે છે તેમ ધણીના મ્હોંમાંથી એક બોલ નીકળતામાં વહુ“જી”કહીને હાજર રહે છે. વહુને તે એમ કેળવાય ! આ માઘ મહિનાની ટાઢ છે પણ સવારના ચાર વાગતાની તે ઉઠે છે. અને તળાવપર જઇ વાસણ માંજે છે. ચૈત્ર વૈશાખના તાપમાં પણ ખરે બપોરે બગલમાં છોકરૂં અને માથે પાણીનું બ્હેડુ મૂકીને હાંફતી હાંફતી તળાવથી વીસ બ્હેડાં પાણી લાવે છે. ધણીને ન્હવડાવે છે, જમાડે છે, છોકરાને ઉંઘાડે છે, ત્યારે અન્નનો દાણો પામે છે. એનું નામ તે હિન્દુ સ્ત્રી. વહુને

કેવી કેળવી છે જોઇને ? આટલુ છતાં મ્હોંમાંથી એક શબ્દ પણ નથી બોલાતો. "

શરત્—" કાકા એવી રીતે વહુને કેળવવી એ શું સારૂ કહેવાય ? એથી શું સ્ત્રી સુખી રહે છે અને પુરૂષને પણ સુખ મળે છે ? "

કાકા—" અલ્યા સ્ત્રીને વળી સુખ કેવું ? પુરૂષનો માર ખાવો, ધપ્પા ખાવા, એજ સ્ત્રીને સુખ અને વહુને એવી રીતે કેળવ્યાથી પુરૂષને કેમ સુખ નથી હોતુ તે કહે જોઇએ ? જો ઘોષાલનો દીકરો પથારીમાંથી ઉઠયો નથી હોતો તે પહેલાં ગરમ દૂધ તૈયાર હોય છે. દિશાએ જઇને આવે તે પહેલાં તો હાથ પગ ધોવા માટે ગરમ પાણી હાજર રહે છે. તે નાહ્યો ન હોય તે પહેલાં તો ઉન્હી ઉન્હી રસોઇ તૈયાર થએલી હોય છે. ઘરમાં જરાક કચરૂ પડયું હોય કે જરા શાકનો સ્વાદ બગડયો હોય, જમ્યા પછી પાન સોપારી મળતાં જરા વાર લાગે, પાન ખાધા પછી આરામ લેવાને પથારી તૈયાર ન હોય તો તે દિવસે વહુને ચૌદમું રત્ન મળે અને તેને અપવાસ કરવો પડે. જો તેનું શરીર સારૂં ન હોવાથી રસોઈ મોડી થાય તો તરતજ ઘોષાલનો દીકરો વહુની ગળચી પકડી કહે છે, " કેમ તારા એકલાથી ઘરનું કામ થતુ નથી ? તેમ હોય તો મને કહે હું બીજી લાવવાની તજવીજ કરૂં. " આ વાત સાંભળાતાંજ તે બિચારી ધણીને લાંબી થઇને પગે લાગે છે અને બીજે દિવસે સવારે ચાર વાગ્યાની ચુલે તપેલી ચ્હડાવે છે. સમજયો ભાઈ, વહુને તો એમ કેળવાય. અમારા હિન્દુ સંસારની રીત તો એવી. તમે કૉલેજના છોકરાઓ આ વાત ન સમજો. "

શરત્—" કાકા, ઘોષાલની વહુને બે છોકરાં છે છતાં આટલું બધુ કામ કરી શકે છે.

કાકા—" કરી શકે છે ? એ તું બોલ્યોજ શું ? કરે નહિ તો જાય ક્યાં ? હમણાં મારે કાને વાત આવી છે કે તેને કાંસા રોગ થયો છે. થોડા દિવસ પર માથે પાણીનુ બ્હેડું લઇને તળાવના ઘાટ ઉપર ચ્હડતાં તેને ચકરી આવવાથી પડી ગયેલી. ઘરની સીડી ચ્હડતાં તેને હાંફ ચ્હડે છે. એક દિવસે તો તે રાંધતાં રાંધતાં બેશુદ્ધ થઇ ગઇ હતી. તોપણ તેના માથાનું કામ તો ચાલુજ. ઘોષાલનો દીકરો તો સાફ બોલે છે કે એક વહુ મરશે તો બીજી નવી આવશે. પણ મને તો સવારમાં વખત સર ગરમ દૂધ મળવુજ જોઇએ. હું તો જાણુ છું જ કે એ બાયડી હવે બહુ દિવસ જીવશે નહિ કેમકે ઘોષાલનો દીકરો ગુપ્ત રીતે બે ચાર ઠેકાણે વેવીશાળીઆને મોકલે છે. જો એ વહુ મરી જાય તો તેની જગ્યાએ ચાર છ માસમાં જરૂર બીજી લાવવાનોજ."

શરત્ માત્ર કાકા સાથે વાત કરી આનંદ લેવા આવ્યો હતો. કાંઈ શોક કરવા આવ્યો ન હતો. પણ બિચારી ઘોષાલની વહુની વાત સાંભળી તેનું હૃદય કંપી ઉઠયું અને આંખમાં દયાનાં આંસુ આવ્યાં. એ સ્ત્રી જ્યારે ન્હાની હતી ત્યારે શરત્ તેની સાથે ઘણી વાર રમ્યો હતો. તેના લગ્ન વખતે શરતે તેને જોઇ હતી, અને તેને બે બાળક છે એ વાત પણ તેણે સાંભળી હતી. પણ ત્યાર પછી પોતે પરદેશમાં હતો તેથી એ બાઈ વિષે વિશેષ હકીકત જાણતો ન હતો. પોતે બે વર્ષે ગામમાં આવ્યો ત્યારે તે

તે બાપડીની આવી દયામણી દશા સાંભળી તેને અત્યંત દુઃખ થયું અને કેટલીક વાર સુધી તો તે ચૂપ બેસી રહ્યો.

પછી તેણે ધીમા અવાજે કહ્યું, "કાકા, સ્ત્રીનો તિરસ્કાર કરવો અને તેને દુ:ખ દેવું એ હિન્દુ ધર્મ તેમજ હિન્દુઓના વ્યવહાર અનુસાર નથી. અર્વાચીન કાળના સ્વાર્થી લોકોએ કેવળ સ્વાર્થ ઉપર દૃષ્ટિ રાખી હિન્દુ ધર્મને બ્હાને ઠગાઇ કરી છે. સ્વદેશી રીત રિવાજને નામે નિષ્ઠુર લોકો બિચારી સ્ત્રીઓ ઉપર જુલમ ગુજારે છે. ધર્મશાસ્ત્રનું નામ દઇ તેઓ પોતાની દુષ્ટ વિષય લાલસાને સપ્રમાણ કરવા મથે છે. અને પોતાનાજ દેહના ઉપભોગને માટે બિચારી દુર્બળ, અજ્ઞાન, રોગથી ભરેલી, અને ઘરકામથી ઘસાયલી સ્ત્રીના ઉપર નિર્દય વર્ત્તણુક ચલાવે છે. તે નરપિશાચો હિન્દુઓ પણ નથી ને આર્યો પણ નથી. તેઓને સ્પર્શ કર્યાથી પણ સાચા હિન્દુઓ અપવિત્ર થાય છે. સ્વાર્થપરાયણતા, દુષ્ટતા, નિર્દયતા, ઠગાઇ, એ રાક્ષસી દુર્ગુણો હિન્દુઓના વ્યવહારમાં કદી પૂર્વે ન હતા. હિન્દુઓનો સત્ય ધર્મ ઘણોજ ઉદાર, વિશાળ અને નિઃસ્વાર્થી હતો.

પ્રકરણ ૧૨ મું.

સનાતન વાડીનું જમીનદાર કુટુંબ.

તાલપુખુરથી થોડેક દૂર સનાતનવાડી નામે એક મ્હોટું ગામ છે. ત્યાં એક વાર એક હજાર ઘરની વસ્તી હતી. પણ હાલ કેટલોક વખત થયા મેલેરીયાના ઉપદ્રવથી વસ્તી ઘટી ગઈ છે. તો પણ હજી પાંચસો છસો ઘરની વસ્તી છે તેમાંના લગભગ સો ઘર ઉચી નાતનાં છે. બાકીના કુંભાર, માછી, ઘાંચી, મોચી વગેરે

હલકા મજુરીઆત લોકોનાં છે. રોજ સવારમાં બજાર ભરાય છે. તેની અંદર ચારે બાજુનાં ગામડાંના લોકો તાજી માછલી, શાક વગેરે વેચવા આવે છે. તે ઉપરાંત કેટલીક સ્થાયી દુકાનો પણ છે. એક અંગ્રેજી નિશાળ પણ છે. તેની અંદર સીત્તેર એંસી છોકરાઓ ભણે છે. વળી એક બીજી મ્હોટી નિશાળ છે તેની અંદર કારીગર લોકોના છોકરાઓ ધંધો શીખે છે.

સનાતનવાડીના જમીનદારનું મુખોપાધ્યાય નામે એક પ્રાચીન કુટુંબ છે. પાંચ છ પ્હેડીથી તેઓની જમીનદારી ચાલી આવે છે અને કુટુંબનાં માણુસોની પણ સંખ્યા ઘણી વધી ગઇ છે. અસલી જમીનદારોનાં કુટુંબોમાં જેમ ચાલે છે તેમ આ કુટુંબના ભાગીઆઓ કોર્ટે લ્હડયા હતા અને હજી લ્હડે છે. કેટલાક ભાગીઆઓ કચેરીના કાવા દાવા કરી અંતે પૈસે ટકે પાયમાલ થઇ જઇ વર્ધમાન અથવા કલકત્તે જઈ નોકરી કરવા લાગ્યા છે. કેટલાક લોકો પૈસે ખાલી થયા છતાં પણ પોતાના બાપદાદાને ઘેર રહી પોતાને જમીનદાર કહેવડાવે છે. વળી કેટલાક ભાગીઆઓ ઘણી સારી સ્થિતિમાં છે તેઓની આવક પણ સારી છે. તેઓ પણ બીજા ભાગીઆઓ સાથે દાવાસુદ્ધોજ કરે છે.

જેવી કુટુંબની તેવી પ્રાચીન હવેલીની પણ હાલત છે. એક વિશાળ ચોગાનમાં એક મ્હોટી જૂની હવેલી નજરે પડે છે. તેના કેટલાક ભાગને મરામત થઇ છે અને કેટલાક ભાગ પડું પડું થઇ રહ્યા છે. અસલ જ્યાં સિંહદ્વાર હતું તે આજે સિંહ વગરનું છે. અસલ જે બગીચો હતો તે અત્યારે જંગલ બની ગયું છે. અસલનું તળાવ પણ લીલના પુડા અને પાંદડાંથી ભરાઈ ગયું છે.

પંત્યાળા ઘરને મરામત કરાવાની કોઇની ખુશી હોતી નથી. સારી સ્થિતીવાળા ભાગીઆઓ પોતાને મનપસદ બંગલાઓ બીજે ઠેકાણે બંધાવતા હતા. કેટલાક વળી પોતાના ભાગના ઓરડાઓ સમરાવતા હતા અથવા નવા પણ કરાવતા હતા. કેટલાક ઓરડા સાધારણ હતા ત્યારે કોઇ કોઈ સુંદર મહેલ જેવા શોભતા હતા.

આ પ્રમાણે સનાતનવાડીના જમીનદારની હવેલી અનેક માણસોએ બધાવેલી હોવાથી અને અનેક માણસોના કબજામાં હોવાથી તેનો દેખાવ ભિન્ન ભિન્ન પ્રકારનો હતો. તોપણ તે આખી હવેલી ગામમાં જમીનદારની હવેલી તરીકે પ્રસિદ્ધ હતી. તેમાં વસનાર લોકો કોઇ ધનવાન્ અને કોઈ ગરીબ છતાં સઘળા જમીનદારજ કહેવાતા હતા. સ્ત્રી પુરૂષ છોકરાં મળીને લગભગ સો કરતા વધારે માણસો આ વિશાળ મકાનમાં રહેતાં હતાં. કેટલાંક કુટુંબો ભાગ્યા તુટયાં ઘરમાં રહેતાં અને બીજા કેટલાંક સુદર હવેલીઓમાં વસતાં હતાં. કેટલાંક કુટુંબો રાજાનાં જેવાં ઠાઠથી રહેતાં હતાં. ત્યારે કેટલાંક એવાં દરિદ્ર હતાં કે ધણી છાપરામાંથી વળી કહાડી આપે ત્યારે સ્ત્રી રસોઇ કરે એવી તેમની હાલત હતી. કેટલાક કુટુંબની સ્ત્રીઓ તળાવે જઈ વાસણ માંજતી હતી ત્યારે તેમનીજ પિત્રાણીઓ પોતાના સુંદર કોમળ હાથ ઉપર હીરા મોતીની બંગડીઓ પહેરી પોતાના ધણીનું મન લોભાવતી હતી. તેમની આવી ભિન્ન સ્થિતિ છતાં તેઓ સઘળાં પરદેશમાં સનાતનવાડીના જમીનદાર તરીકે માન પામતાં હતાં.

આ બહોળા કુટુંબથી ભરાઇ ગયેલી હવેલીમાં બાબુ કામિની-કાન્ત બ્રહ્મોપાધ્યાય આજે સર્વથી શ્રેષ્ઠ ગણાતો હતો. તેનો બાપ

ઘણો બુદ્ધિમાન હતો. છળકપટથી, દાંગાઈથી, યુક્તિપ્રયુક્તિથી, ઠગીને, ધમકાવીને અથવા પૈસા આપીને તેણે પોતાના ઘણા પિત્રાઈઓ પાસેથી તેમની જમીનદારીનો ભાગ પડાવી લીધો હતો. એમ કરતાં કરતાં તેના હાથમાં આખી જમીનદારીનો ચોથો ભાગ આવી ગયો હતો. કામિનીકાન્તે પણ પોતાની બુદ્ધિ અને સત્તાવડે તેમાં ત્રણ આની જેટલો ઉમેરો કર્યો હતો. એટલે અત્યારે કુલ જમીનદારીનો તેની પાસે સાત આની જેટલો ભાગ હતો. તેના બાપે તેને કલકત્તે ભણવા મોકલ્યો હતો, પણ ધનાઢ્ય જમીનદારના છોકરાઓ જેટલુ ભણે છે તેટલુજ તે ભણ્યો હતો. અને તેની સાથે કલકત્તે રહી શ્રીમંતાઈનાં તમામ અપલક્ષણ તેણે પ્રાપ્ત કર્યાં હતાં. પિતાના મરણપછી તેણે હવેલીનો પોતાનો ભાગ સારી રીતે સમરાવ્યો હતો અને ફુલના છોડ, ફાનસ, દિવાલગિરી, ઝુમ્મર, હાંડીઓ, તકતા, પંખા, આરસપ્હાણનાં ટેબલ, ગાદીવાળાં કોચ ખુરશીઓ, કિંમતી ગાલીચા વગેરેથી અચ્છી રીતે શણગાર્યો હતો. ઘરની સામે એક બગીચો પણ કરાવ્યો હતો. તેની અંદર એક વિહારકુંડ હતો અને તેની અંદર આરસપ્હાણનાં સુદર પુતળાં બેસાડયાં હતાં. એજ બગીચામાં તેણે એક નૃત્યમંદિર તૈયાર કરાવ્યું હતુ. તેની અંદર કલકત્તાની કોઈ પ્રખ્યાત વારાંગનાને બોલાવી નાચ પાર્ટીઓ પણ અપાતી હતી. કલકત્તે તેનું વારે વારે જવું આવવું થતું હતું. અને તેના કલકત્તાના મિત્રો પણ આ ઇંદ્રિપુરીમાં આવી સ્વર્ગ સુખ ભોગવતા હતા.

કામિનીકાન્ત બાબુનો પ્રતાપ ઘણોજ હતો. બિચારી રૈયત તેનું નામ સાંભળીને થરથર ધ્રૂજતી હતી. તેના ગરીબ પિત્રાઈઓ

તેનો જુલમ મૂંગે મ્હોંડે સહન કરતા હતા. અને તેમની સ્ત્રીઓ ઘણી વાર તેને હાથે અપમાન પામ્યાથી નિરૂપાયે માત્ર રૂદન કરતી. હવેલીનાં છોકરાંઓ પણ તેને જોઇને ન્હાસી જતાં. સાહેબ લોકો આગળ તેનું ઘણું ચલણુ હતું. પોલીસને પણ તેનો ડર લાગતો અને જરૂર પડે તોપણ તેના ઘરમાં પેસવાની તેઓ હિમ્મત કરતા નહિ. ગામના ઘરડા લોકો વાત કરતા કે ઘણાં વર્ષપર એક હુલ્લડ થયું હતુ તેમાં જમીનદારવંશના એક છોકરાનું ખૂન થયું હતુ. પણ તેની લાસ સરખી પણ કોઇને હાથ લાગી નહિ. અને પોલીસથી એ ખૂન વિષે કશી પણ બાતમી મેળવી શકાઈ નહિ. આ સમયે કામિનીકાન્ત બાબુની ઉંમર પચાસ વર્ષની હતી તોપણ તેનુ જુવાનીનું જોર અને પ્રતાપ કમી થયાં ન હતાં.

પ્રકરણ ૧૩ મું.

જટાધારી પંડિત.

એક દિવસ સાંજના કામિનીકાન્ત બાબુ પોતાના બગીચામાં ફરતો હતો. તેવામાં એક પ્રચંડ દેહવાળો જટાધારી સાધુ જેવો કોઇ તેની સામે આવી ઉભો રહ્યો. તેણે કામિનીકાન્તને આશીર્વાદ દીધો. પછી જમીનદારની હવેલી, બગીચો, નૃત્યગૃહ ધારી ધારીને જોવા લાગ્યો.

કામિનીબાબુ—" આપ કોણ છો ?"

રમાપ્રસાદ—"હું વિદ્યાવિલાસી બ્રાહ્મણ છું. કાશી અને બીજાં સ્થાનોમાં ઘણાં વર્ષ રહી મેં વિદ્યાભ્યાસ કર્યોછે. હમણાં મારા છોકરા સાથે હું બંગ દેશ જોવા આવ્યો છું. મારૂં નામ રમાપ્રસાદ સરસ્વતી.

કામિનીબાણુ—" આ ગામમા કેમ આવવું થયું છે ? તમારે શી ઇચ્છા છે ? "

રમાપ્રસાદ—" આ ગામમાં તો હુ હમણાંજ ચાલ્યો આવુ છુ. અહિં રહી થોડો વખત લોકોને શાસ્ત્રનો અભ્યાસ કરાવવાનો જ વિચાર છે. મે સાંભળ્યું છે કે આ વિશાળ હવેલીમાં ઘણા અતિથિઓને આશ્રય મળેછે. માટે જો આપની રજા હોય તો એકાદ જૂના ખાલી ઘરમાં થોડા દિવસ રહું."

કામિનીબાણુ—" આપની નિષ્કામ ઇચ્છા અને ધાર્મિકવૃત્તિ જોઇ મને ઘણો હર્ષ થાય છે, અને મારી સહાય માગોછો તેથી મને ઘણું માન મળ્યું એમ સમજું છું. ધર્મનો પ્રચાર કરનારને આશ્રય આપવો અને તેમનો યોગ્ય સત્કાર કરવો એ અમારૂં પરમ્પરાનું કર્તવ્ય છે. "

રમાપ્રસાદ—" આપના સ્વર્ગવાસી પિતા વિદ્વાન લોકોને ઘણું માન આપતા "

કામિનીબાણુ—" આપ મારા પિતાને ઓળખો છો ?"

રમાપ્રસાદ—" હા તેમણે પુષ્કળ ધન ખર્ચી સદાવર્ત્તો બંધાવ્યાં છે. કાશીમાં પણ એ પુણ્યશાળી જમીનદારનું નામ મશહુર છે."

કામિનીબાણુ—" આપની વાત સાંભળીને મને ઘણો આનંદ થાય છે આપ અહિં આવ્યાછો તો મને વિશ્વાસ છે કે થોડા દિવસ રહી અમારા ઘરને પવિત્ર કરશો.

રમાપ્રસાદ—" રહેવાના વિચારથી તો આવ્યો છું અને વળી તેમાં આપની કૃપા છે. "

કામિનીબાણુ—" તમારી મરજીમાં આવે તે ઓરડી તમારી

કરી લ્યો, અને તેમાં બાપ દીકરો રહો. તેથી આપે મારા પર ઘણો ઉપકાર કર્યો એમ માનીશ. મારો એક નોકર તમારી સેવામાં હંમેશા હાજર રહેશે. "

રમાપ્રસાદ અને તેનો પુત્ર દેવીપ્રસાદ હવેલીના ભોંય તળીયાના એક જૂના ઓરડામાં મુકામ કરી રહ્યા. સાંજ પડયા પછી કાંઇક ખાઇને ધાબળી પાથરી બાપ દીકરો સૂઈ ગયા.

બીજે દિવસે સવારે હવેલીના લોકોને જાણુ થઇ કે પશ્ચિમ તરફથી એક મ્હોટો સાધુ આવેલો છે. પુરૂષો એક પછી એક તેની પાસે આવીને વાર્તાલાપ કરવા લાગ્યા. સ્ત્રીઓ પાણી ભરવા જતાં બગલમાં બ્હેડું રાખી ડોકીયુ કરી સાધુને જોઈ ગઇ. અને છોકરાંઓ પણ વારવાર ઘર આગળ ડોકીયાં કરતા અને નાશી જતાં. એક બે દિવસ આમ ચાલ્યુ પછી લોકોની આવજા કમી થઈ. સ્ત્રીઓ કહે, "એ તો સાધુએ નથી અને સંન્યાસીએ નથી.એને હાથજોતાં તો આવડતું યે નથી. બહુ તો કાશી જઇને ભણી આવ્યો હશે એ તો અહિં નિશાળ માંડવા આવ્યો છે રાતદિવસ વાંચ વાંચ કરેછે અને છોકરાને ભણાવે છે. અલી ! છોકરો શો રૂપાળો છે ?"

આ જમીનદારના કુટુંબમાં યોગમાયા કરીને એક આધેડ વયની વિધવા સ્ત્રી હતી. તે આ પંડિતને પાણીબાણી આણી આપતી અને તેની સેવા ચાકરી કરતી.યોગમાયા ન્હાની વયે ઘણી ધામધૂમથી આ કુટુંબના એક યુવકને પરણી હતી કારણ કે તેનો સસરો પણ એક મુખ્ય જમીનદાર હતો. સાંભળ્યા પ્રમાણે એનું લગ્ન થયા પછી તરતજ એના સસરાનું મરણ થયું. અને બિચારીનો ધણી પણ માર્યો ગયો. તે બિચારી અનાથ વિધવા પાસે

જે કાંઈ હતું તે ફરિયાદ કરીને કામિનીબાબુ પચાવી પડયો તે દિવસથી આ હતભાગિની વિધવા પોતાના અસરાના બહોળા કુટું-બમાં સાધારણ દાસીની પેઠે સર્વનું દાસત્વ કરીને શોક, દુઃખ, અને અપમાન એવા ત્રિવિધિ સંતાપને સહન કરીને રહેતી હતી. બે વ-ખત પેટ ભરતી, બીજાઓનુ અપમાન મૂગે મ્હોડે સહન કરતી, લો-કોનાં વાસણ માંજતી, પાણી ભરતી, અને સાવરણી લઈ ઘર પણ વાળતી. આવી કઠોર વૈધવ્ય દશામાં તેણે ત્રીશ વર્ષ કહાડયાં. બળી જળીને શરીરે શુષ્ક થઈ ગઇ હતી તોપણ તેના મ્હોડા ઉપરનુ કુદ-રતી સૌન્દર્ય હજી છેક ગયું ન્હોતુ. તેનાં કોમળ શાંત નેત્રો, બંગડી વગરના સૂકા પણ કોમળ હાથ એક વેળા તેણે સારા દિવસ જોયા હશે અને સારે ઘેર અવતરેલી હશે એવું સૂચવતા હતા. ત્રીશ વર્ષ આ પ્રમાણે ગયાં અને થોડા ઘણાં બાકી રહેલાં પણ જશે અને ભ-ગવાન તેને સંસારના દુઃખમાંથી મુક્ત કરશે એવી આશા રાખીને તે શ્રદ્ધા પૂર્વક ભગવાનનું નામ જપતી હતી.

જે દિવસે રમાપ્રસાદ સરસ્વતીએ જમીનદારની હવેલીમા મુ-કામ કર્યો તે દિવસે સાંજે બીજી સ્ત્રીઓની સાથે યોગમાયા પણ તેને જોવા આવી હતી. પંડિતનું દયાળુ, શાંત,અને તેજસ્વી સ્વરૂપ જોઇને તથા બાળક દેવીપ્રસાદનું ગૌર શાંત અને લાવણ્યમય સ્વરૂપ જોઇને વિધવાના હૃદયમાં તેઓ બંને તરફ અનાયાસે મમતા ઉત્પન્ન થઇ. યોગમાયાએ પંડિતનો ઓરડો સાફ સુફ કર્યો, તેને સારૂ પાણી ભરી લાવી અને બીજી કેટલીક જોઈતી વસ્તુઓ લઈ આવી. પંડિત પણ તે બિચારી શુષ્ક કરમાયલા શરીરવાળી દુઃખી વિધવાને જોઇ રહ્યો. તેની આંખમાંથી ખરી પડેલું અશ્રુ બિન્દુ અંધારામાં કોઇએ

જોયું નહિ. તેણે કહ્યું.—'બાઈ! તમે ગરીબ ઉપર દયા રાખોછો અને મારી આટલી બધી સેવા કરોછો તેથી ઈશ્વર તમારૂં સારૂં કરશે. તમે આખી જીંદગી અનેક પ્રકારનાં દુઃખમાં ગાળી છે પણ હું માનુંછું કે તમારા દુઃખનો અંત નજીક આવ્યો છે. કદાચ થોડાજ વખતમાં તમારી દુઃખરૂપી રાત્રિ વીતી જઇ પ્રભાત થશે."

તેજ દિવસથી યોગમાયાએ સરસ્વતી પંડિતની સેવા કરવા માંડી. તે રસોઇ હાથેજ બનાવતો અને રાત્રે ધાબળી પાથરી બાપ દીકરો સુઈ રહેતા. ધાબળી શિવાય બીજું બિછાનું તેઓ વાપરતા નહિ.

પ્રકરણ ૧૪ મું.

ધર્મનો પ્રચાર.

થોડા દિવસમાંજ સનાતનવાડીમાં અને તેની આસપાસના ગામોમાં રમાપ્રસાદ સરસ્વતીનું નામ જાણીતુ થઇ ગયું. તે યોગી ન હતો, તેને હાથ જોતાં આવડતા નહિ, તેની પાસે મંત્રસિદ્ધિ પણ ન્હોતી તોપણ હિન્દુ શાસ્ત્રનો તેણે કરેલો ઉંડો અભ્યાસ, ધર્મનો પ્રચાર કરવાના કામમાં તેનો ઉલટ ભેર પ્રયત્ન અને શાસ્ત્ર કથા કરવામાં તેની અસાધારણ પ્રવીણતાનાં ગામે ગામ વખાણ થવા લાગ્યાં: સવારમાં સ્નાન વખતે તે પોતાના ઉન્નત સ્વરથી વેદગાન કરતો. રસ્તે જતી આવતી સ્ત્રીઓ માથેથી પાણીનું બ્હેડું ઉતારી તેને દેવતુલ્ય માનીને પ્રણામ કરતી. બપોરે વૃક્ષની છાયા નીચે શિષ્ય મંડળને એકઠું કરીને તેમની આગળ ઉપનિષદ્‌ના ગૂઢ તત્વ-ચિંતન અને તેમાં સમાયલાં અદ્‌ભુત રહસ્ય વિષે વ્યાખ્યાન કરતો હતો. નિશાળના છોકરાઓ પણ ભણવાનું મૂકી દઈ તેની કથા સાં-

ભળવા આવતા હતા. રોજ સાંજે સાંજે પોતાના ઓરડામાં મહાભારત, રામાયણ અને પુરાણની પુણ્ય કથાઓનું વિવેચન કરતો હતો. ગામના ઘરડા માણસો, માંદા અને મરવાની તૈયારી કરતા લોકો આ અમૃતધારાનું પાન કરી પોતાનાં પાપ ધોતા હતા, અને જીંદગીની છેલ્લી ઘડી પવિત્ર કરતા હતા.

આસપાસના ગામના લોકો પણ આ પંડિતની કથા સાંભળવા આવતા. હેમચંદ્ર પણ દરરોજ સાંજે તાલપુખુરથી આવતો હતો. જ્યારે શરત્ ઘેર આવ્યો ત્યારે તેને પણ પોતાની જોડે સનાતનવાડી તેડી ગયો.

આ વખતે પંડિત પોતાની ઘરની સામેના ચોગાનમાં એક ધાબળી ઉપર બેઠો હતો. તેની ચાર બાજુએ તેના અનેક શિષ્યો, અને મિત્રો કુંડાળું વળીને બેઠા હતા અને કથા સાંભળતા હતા. તેણે વેદના કેટલાક મન્ત્રોનું ગાન કરીને વ્યાખ્યાનનો આરંભ કર્યો. શિષ્યોમાંથી પણ જેમને વેદ આવડતા હતા તેઓ પણ પોતાના ગુરૂ સાથે એ અનંત ગીત ગાઈ સંધ્યા સમયનુ આકાશ સંગીતપૂર્ણ કરવા લાગ્યા. ગામમાં જે જે ઘેર તેનો ધ્વનિ પહોંચી ગયો ત્યાં માતાના ખોળામાં રમતાં બાળકો એકદમ શાંત થઇ નિદ્રાવશ થઇ ગયાં.

ત્યાર પછી ઉપનિષદ્‌ના વ્યાખ્યાનનો આરંભ થયો. કાશીના વિદ્વાન પંડિત પાસે ઉપનિષદ્‌નો જે અર્થ તે શીખ્યો હતો, ઉપનિષદ્‌ના ઉપાસ્ય દેવતા પરબ્રહ્મનું જે સ્વરૂપ અને રહસ્ય તે સમજ્યો હતો અને તેમાં અંતર્ગત થએલી આખ્યાયિકાઓનો સરળ અર્થ તે ગુરૂ પાસેથી શીખ્યો હતો તે સર્વ પોતાના વ્યાખ્યાન વડે સ્ફુટ કરવા લાગ્યો. સત્યકામ, નચિકેતા, મૈત્રેયી, વગેરેની કથાઓનો અર્થ

તથા બીજા નાના પ્રકારના ઉપાખ્યાનોનો અર્થ સમજાવવામાં લગભગ એક પ્રહર વીતી ગયો. શ્રોતાઓ સ્તબ્ધ થઇને એ અમૃતકથા શ્રવણ કરવા લાગ્યા. અને તે વડે તેઓનાં હૃદય ધર્મ, જ્ઞાન, વગેરે પવિત્ર ભાવોથી સચરાચર ભરાઇ ગયાં.

એ પુરૂ થયા પછી બધાએ મળીને વેદના વિશ્વકર્માનું અને ઉપનિષદ્‌ના પરબ્રહ્મનું સ્તવન કર્યું. સ્તવન પુરૂં થઇ રહ્યું એટલે ગુરૂ શિષ્ય અને બીજા લોકો એક બીજાને પ્રેમથી ભેટયા અને પછી સભા વિસર્જન થઇ.

શરચ્ચંદ્ર કેટલીક વાર સુધી મૌન ધારણ કરીને બેસી રહ્યો. બધાના ગયા પછી તે રમાપ્રસાદ પાસે ગયો અને તેની ચરણરજ પોતાને માથે મૂકી અને કહ્યું " ગુરૂદેવ ! આજે આપે જે ઉત્તમ જ્ઞાન મને આપ્યું તેવું મને કદી મારા પિતા પાસેથી મળ્યું નહોતુ, યુનીવર્સીટીમાં પણ મેં તેવું કદી જોયુ નથી અને મારી કચેરીમાંથી પણ મને કદી મળ્યું નથી આપણાં શાસ્ત્રોમાંથી આવું નીતિનું અને શુદ્ધ જ્ઞાનનુ અમૃત નીચોવીને મને કોઇએ પાયું હોત તો હું યુરોપીયન વિદ્વાનો પાસે જ્ઞાનભિક્ષા માગત નહિ. ગુરૂદેવ ! આપ હવે કમ્મર બાંધીને તૈયાર થાઓ. ઉત્સાહપૂર્વક આગળ વધો. મારો આખો દેશ દુષ્ટ રિવાજ અને અજ્ઞાનથી તદ્દન ભ્રમિત અને ગુલામી હાલતમાં આવી પડેલો છે. આપ એ અંધકારને દૂર કરો અને પ્રાચીન શુદ્ધ સનાતન ધર્મને પ્રગટ કરો. સનાતન શાસ્ત્રોનો પ્રચાર કરો અને તે શાસ્ત્રોને આધારે લોકોને વ્યાવહારિક નીતિ શિક્ષણ આપો. પંડિત પ્રવર ! આપનો પ્રયાસ જરૂર સફળ થશે અને ઘોર મૂર્ચ્છામાં કુંભકર્ણની પેઠે ઉંઘતા, વિનાશની અણી ઉપર આવેલા, દુષ્ટ

રિવાજની બેડીવડે જકડાયલા લોકો આપની ચેતનમય અને ચેતન આપનારી કથા સાંભળીને પુનર્જીવન પ્રાપ્ત કરશે અને ફરીથી પગભર થશે.

યુવાનનો ઉત્સાહ જોઇને સરસ્વતી પંડિતના નેત્રમાં અશ્રુબિન્દુ ઉભરાયાં. તેણે શરતને પ્રેમાલિંગન દીધું અને કહ્યું—"શરત્ બાબુ ! તમે મને ઓળખતા નથી, પણ હુ તમને ઓળખું છું. તમારા કાર્યોથી હુ વાકેફ છું. તમારો ઉત્સાહ અને તમારી સત્પ્રવૃત્તિ મને વિદિત છે. તમારા જેવા લોકો હજી આ દેશમાંછે તો તેના કલ્યાણને માટે કાંઈક આશા રહે છે. ત્યાર પછી સરસ્વતી પંડિત હેમ અને શરતને ઘરની અંદર લઈ ગયો. તે ભાગ્યુ તુટયું ઘર યોગમાયાએ સાફસુફ કર્યું હતુ. બ્હારથી નવા આવેલા બે પુરૂષોને જોઇ તે અંદરના ભાગમાં ચાલી ગઈ. પંડીતે કહ્યું, " યોગમાયા !અંદર જવાની જરૂર નથી. હેમ બાબુ અને શરત્ બાબુ મારા ન્હાના ભાઈ જેવા છે. થોડા વખતમાં તમે તેમને પણ ઓળખતાં થશો. આજ એ લોકો અહિ જમવાના છે માટે ત્રણ ભાણાં પીરસજો." યોગમાયાએ તે પ્રમાણે કર્યું.

પ્રકરણ ૧૫ મું.

શાસ્ત્રનો પ્રચાર.

શરત્—" આજ આપનું વ્યાખ્યાન સાંભળીને મારા હૃદયમા નવી આશાનો ઉદય થયો છે. શું આપની નવા પ્રકારની ઉપદેશ કરવાની પદ્ધતિ આખા દેશમાં ફેલાશે ખરી ? "

સરસ્વતી—" શરચ્ચંદ્ર ! આ શિક્ષાપદ્ધતિ નવી નથી. જે સમયથી આપણાં શાસ્ત્રોની રચના થઈ છે, જે સમયથી ઋષિ અને દ્રષ્ટાઓને મ્હોડેથી વેદ ગવાયા છે તે દિવસથી એ પદ્ધતિનો આરંભ

થઇ ચુકયો છે. તોપણ હાલમાં અજ્ઞાનનું જોર એટલુંબધુ વધી ગયું છે કે આ પ્રમાણે જનસમૂહને શાસ્ત્રનો અભ્યાસ કરાવવાની પ્રથા લગભગ નિર્મૂળ થવા આવી છે. આપણે ભ્રમિત થઇને અવળા માર્ગનુ ગ્રહણ કર્યું છે. તમે જો એકવાર કાશી જાઓ અને વિશ્વેશ્વરના મંદિરમાં જઇને જુઓ તો ત્યાંના વિદ્વાન બ્રાહ્મણો કેવી ઉત્તમ રીતે વેદનું અધ્યયન કરાવેછે તે તમને સમજાશે. તે પવિત્ર વેદગાન સાંભળીને તમારાં પાપ દૂર થશે અને તમે પવિત્રતા પ્રાપ્ત કરશો. ”

શરત્—“ હું કાશી ગયો નથી. પણ મેં સાંભળ્યુ છે કે ત્યાંના પંડિતો વેદ અને વેદાંતની સારી ચર્ચા કરેછે પણ તેમ કરનાર કેટલા થોડા છે, શાસ્ત્રનું શુદ્ધ સ્વરુપ જાણનારા અને તેને નિષ્કપટ ભાવે સમજાવનારા વિદ્વાનની સંખ્યા કેટલી અલ્પ છે ? ”

સરસ્વતી—“ અલબત અલ્પ તો છેજ અને લગભગ તેથીજ આપણા પ્રાચીન રિવાજ, વ્યવહાર, ધર્મ, નીતિ વગેરે એ ઉલટું સ્વરૂપ ધારણ કર્યું છે. શરત્! તમે દેશેદેશના ઇતિહાસનો અભ્યાસ કર્યો છે તેથી તમને ખબર તો હશે કે સાધારણ લોકો જેમની સંખ્યા વિશેષ પ્રમાણમાં છે તેઓ જો અજ્ઞાન અને મૂર્ખ હોય તો દેશના રીત રિવાજો અવળા થાય છે. વળી તમને ખબર હશે કે જેમ જેમ જ્ઞાનનો પ્રકાશ લોકોના મન ઉપર પડતો જાયછે તેમ તેમ આપોઆપ તેઓના આચાર વિચારનું પુનઃ શુદ્ધ સ્વરૂપ થતું જાય છે. ”

શરત્—સરસ્વતી પંડિત ! આપ કહોછો તે હું જાણું છું. જગતમાં તેમ ઘણીવાર બન્યું છે પણ આપણા દેશમાં તેમ થશેકે નહિ

તે વિષે મને શક છે. આપણે ત્યાં સતશાસ્ત્રનો પ્રચાર કોણ કરશે ? જેઓ વિદ્વાન છે તેઓ ધારે તો આ કામ કરી શકે એવા છે. પણ તેઓ સ્વાર્થદ્રષ્ટિથી પોતાનું જ્ઞાન ગુપ્ત રાખેછે. આ હતભાગ્ય દેશની પ્રજામાં શાસ્ત્રનો પ્રચાર કરવાનો કોઇ ઉપાય છે ?"

સરસ્વતી—"શરત્! જેઓ ખરા વિદ્વાન છે તેઓ કદી જ્ઞાન ગુપ્ત રાખતા નથી અને રાખવાનો પ્રયત્ન પણ કરતા નથી. વિદ્વાન રાજારામ મોહનરાયે સઉથી પ્રથમ ઉપનિષદ્નો અનુવાદ કરી બંગીય પ્રજાને અર્પણ કર્યો. વિદ્વાન ઇશ્વર ચંદ્ર વિદ્યાસાગરે શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરી સંસારસુધારો કરવાના પવિત્ર કાર્યમાં જીવન અર્પણ કર્યું. હમણાં પણ કલકત્તામાં બંકિમચંદ્ર મહાભારતની પવિત્ર કથાના આધારે પોતાના દેશીય ભાઇઓને સદ્બોધ આપવાનો પ્રયાસ કરી રહ્યોછે. શરચ્ચંદ્ર ! એમના ઉપદેશ, એમનાં કાર્ય એમની સત્પ્રવૃત્તિ જરૂર ફળીભુત થશે. અને એમણે આપેલાં રત્ન બંગીય પ્રજાને શણગારશે. પણ આ ત્રણ અસાધારણ શક્તિવાળા વિદ્વાનોને એક બાજુએ મૂકીએ તોપણ સત્ય જ્ઞાનનો પ્રચાર કરવાની ફરજ દરેક શિક્ષિત મનુષ્યને માથે છે. જેનાથી જેટલું થાય તેટલું તેણે કરવું જોઇએ. શાસ્ત્રનો પ્રચાર કોણ કરશે એ તમે મને પૂછોછો ? પણ હું કહુંછું કે તમે શાસ્ત્રનો પ્રચાર કરશો, હેમ બાબુ કરશે, હું કરીશ. ટૂંકામાં જે કોઈ દેશદાઝ વાળો છે તેનાથી જેટલું બનશે તેટલું તે કરશે. એ પ્રમાણે ક્રમે ક્રમે આખા દેશમાં જ્ઞાનનો ફેલાવો થશે. અજ્ઞાન નાશ પામશે, જુઠા રિવાજો અને વ્હેમોનો નાશ થશે. હે ઉત્સાહી યુવક ! આ મહાભારત કાર્ય કોણ કરશે એવું શું તમે મને પૂછોછો ? શું સંગ્રામ વખતે કોણ વિજય મેળવશે એવું યોદ્ધાઓ કદી પૂછેછે ? આગળ વધો આપણોજ જય છે. એ કાર્ય આપણેજ

કરવાનું છે. **આપણો ઉદ્ધાર આપણાજ હાથમાં છે.** સરકારના મ્હોં સામે જોવાથી ધર્મનો પ્રચાર થવાનો નથી. તેમ એ અમલદારોના હાથમાં પણ નથી. તમારા સંસારમાં વચ્ચે પડવાનો તેમને અધિકાર નથી. હિન્દુસ્તાનની પ્રજામાં શાસ્ત્રનો પ્રચાર કરવાનું કામ હિન્દુઓને હાથેજ થશે."

શરત—"મહારાજ ! હું તો કહુ છું કે આપની વાણી આજેજ સફળ થાઓ પણ શક એટલોજ છે કે આ યુદ્ધમાં જોડાવાને માટે આપના જેવા કેટલા થોડા પંડિત વીરો તૈયાર થશે ? આપે માત્ર ત્રણ બ્રાહ્મણોનાં નામ ગણાવ્યાં. તેમણે હિન્દી પ્રજાનું ઐકય સાધવા, ઉન્નતિ કરવા, અને સત્યજ્ઞાનનો પ્રચાર કરવા માટે મહાભારત યત્ન કર્યો છે. પણ સામા પક્ષમાં હજારો પંડિતો એકલપેટા થઇ જાણે જ્ઞાન ઉપર તેમનોજ ઇજારો હોય તેમ તેને ગુપ્ત રાખે છે અથવા શાસ્ત્રના અર્થને મચડીને પોતાનો સાંકડો એક તરફી મત સ્થાપન કરવાનો પ્રયત્ન કરેછે. અને અન્ય જ્ઞાતિઓ ઉપર પોતાની સત્તા જાળવી રાખવા માટે હિન્દુસ્તાનની પ્રજાને અવનત, વિભિન્ન, અને નિર્બળ રાખવાનો પ્રયાસ કરેછે."

સરસ્વતી–'શરત્ ! તમે વિદ્વાન છો. ઇતિહાસ ભણ્યા છો. તમને એટલી ખબર નથી કે સ્વાર્થી લોકોના પ્રયાસનો તેમની જિંદગીની સાથે જ અંત આવે છે ? અને નિઃસ્વાર્થી પુરૂષોનો ઉદ્યમ લાંબા વખત સુધી ફળને ઉત્પન્ન કરેછે. નિસ્વાર્થ બુદ્ધ ભગવાનનો પ્રયાસ અત્યાર સુધી જગતમાં ઝળકી રહ્યો છે અને જે સ્વાર્થી બ્રાહ્મણો તેમની સામે થયા હતા તેઓ આજ કયાં ગયા ? કયાં ગયા તેમના પ્રયત્ન ? આપણાજ બંગદેશમાં જ્યારે ચૈતન્ય અથવા

ગૌરાંગપ્રભુએ સર્વદેશીય ધર્મનો પ્રચાર કર્યો અને અધમથી પણ અધમ જ્ઞાતિઓનો અને વ્યક્તિઓનો ઉદ્ધાર કર્યો ત્યારે પણ બ્રાહ્મણો તેમની સામે થયા હતા. પણ પરિણામ તમે જુઓછોને ? આજે લાખો માણસો હરિનામ રૂપી મદિરા પી ઉન્મત્ત થઇ જગતના ત્રિવિધ તાપને હસી કહાડેછે. કયાં ગયા તે અગ્નિ જેવા ઉગ્ર બ્રાહ્મણો ? યુરોપનો ઇતિહાસ જુઓ. નિસ્વાર્થી લ્યૂથરનો પ્રયાસ સફળ થયો કે સ્વાર્થી પોપનો ? હજારો ધર્મગુરૂઓ લ્યૂથરની સામે થયા પણ આજે કયાં છે તેમનાં નામ નિશાન ! ક્ષુદ્ર જીવડાઓ જેમ અગ્નિમાં ભસ્મ થઇ જાય છે તેમ ક્ષુદ્ર સ્વાર્થી લોકો અને તેમના પ્રયત્નો કાળની ઊંડી ગુફામાં હમેશને માટે સમાઇ જાય છે આપણા દેશમાં ચૈતન્ય, રામમોહન, ઇશ્વરચંદ્ર, અને બંકિમચંદ્રે કરેલા પ્રયાસ અમોઘ ફળ આપશે. અનેક વીર પુરૂષોને ઉત્પન્ન કરશે અને તેમના દ્વારા સમસ્ત હિન્દુ પ્રજા ઉન્નત થશે અને પ્રત્યેક સ્ત્રી અને પ્રત્યેક પુરૂષના હૃદયમાં સત્ય જ્ઞાનનુ અજવાળું પડશે”

શરત્—“શું આપનો મત એવો છે કે હિન્દુઓમાં જ્ઞાતિનો ભેદ રાખ્યા વગર બહોળે હાથે સર્વને જ્ઞાન આપવું ?”

સરસ્વતી—“હા, હિન્દુઓનાં શાસ્ત્ર ભણવાનો હિન્દુમાત્રને અધિકાર છે. સમસ્ત પ્રજામાં એ શાસ્ત્રનો ફેલાવો કરો. જનસમૂહને જાગૃત કર્યા વગર દેશની ઉન્નતિ કદી પણ થવાની નથી. પ્રાચીન કાળમાં ક્ષત્રિય, વૈસ્ય, સર્વને શાસ્ત્ર ભણવાનો અધિકાર હતો. હમણાં એ ક્ષત્રિય અને વૈસ્યવર્ણ તૂટી જઇને સેંકડો પૃથક્ પૃથક્ જ્ઞાતિઓ ઉત્પન્ન થઇ છે. તેમને સર્વને શાસ્ત્ર ભણવાનો જન્મ સિદ્ધ હક છે. કોની તાકાત છે કે તમારો વંશપરમ્પરાનો હક છીનવી લે ?

પ્રાચીન શાસ્ત્ર પ્રમાણે શૂદ્રનો અર્થ અનાર્ય થાય છે. જો તમે બધા અનાર્ય થાઓ તો અમે શું આર્ય રહી શકીએ? કુદરતનો મહાન નિયમ એવો છે કે બીજાને ગુલામ કરવા જતાં પોતાથીજ ગુલામ બની જવાય છે. તમને મૂર્ખ રાખવા જતાં બ્રાહ્મણોજ મૂર્ખ થવા લાગ્યા છે. વાસ્તવિક રીતે તમે પણ દ્વીજ છો તો આર્ય શાસ્ત્રરૂપી તમારૂં બાપોતી ધન તમારી પાસેથી કોણ છીનવી લે એમ છે ?

શરત—"આટલાં વર્ષ સુધી શામાટે એકલા બ્રાહ્મણોજ શાસ્ત્રોનો કબજો રાખી બેઠા હશે ?"

સરસ્વતી—"તમારી ભૂલ થાયછે. જ્યારે તમે ક્ષત્રિયો અને વૈશ્યો તમારૂં બાપોતી ધન ભૂલી ગયા ત્યારે તમારૂ ગુપ્ત ધન બ્રાહ્મણોએ સાચવી રાખ્યુ છે. જ્યારે તમે નિદ્રાવશ હતા ત્યારે બ્રાહ્મણોએ જાગ્રત રહીને તમારા શાસ્ત્ર-ધનની ચોકી કરીછે. જ્યારે તમે વેદ વેદાંગ ભુલી ગયા ત્યારે હજારો વર્ષ સુધી બ્રાહ્મણોએ સર્વ શાસ્ત્રને મ્હોડે રાખી ભરતખડના સર્વોત્તમ ધનનો નાશ થતો અટકાવ્યો છે. સ્વાધીનતાના સુખી દિવસોમાં, અને પરાધીનતાના ત્રાસદાયક સમયમાં, શોક, સંતાપ, દુઃખ, આફતની પૂર ઝડીમાં બ્રાહ્મણોના હ્રદયમાં એ દીવો સ્નિગ્ધ અખંડ તેજથી પ્રકાશી રહ્યો હતો. આર્ય ક્રિયાઓ અને આર્ય રીતિઓ જ્યારે દેશમાંથી નષ્ટ થઇ ત્યારે બ્રાહ્મણોના આચાર વિચારમાં અને ક્રિયાકર્મમાં આજ સુધી સચવાઇ રહી છે. હવે તમે લોકો નિદ્રામાંથી જાગૃત થયા છો, બાપ દાદાનુ ધન ઓળખતાં શીખ્યા છો તો ભલે ખુશીથી આગળ આવો અને એ ધનનો કબજો લ્યો. હમણાં તો અનાર્ય લોકો અને વિદેશીય પ્રજાઓ પણ હિન્દુ ધર્મ અને હિન્દુ સભ્યતાને ગ્રહણ કરવા લાગી છે

તો તમારાં શાસ્ત્ર તેમને શીખવો અને તેમનો પણ ઉદ્ધાર કરો."

શરત્—"આપની ગૌરવયુક્ત કથા સાંભળી આજ મારૂં હૃદય આનંદથી પરિપૂર્ણ થયું છે. મારા હૃદયમાં ઉત્સાહનો સંચાર થયો છે. ઈશ્વર આપની ઇચ્છા પૂર્ણ કરે !"

આખા દેશની ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ એક થશે, એક શાસ્ત્રને આધારે એક ઇશ્વરને પૂજતી થશે ત્યારે તેઓ એક પ્રજા થશે, બળવાન થશે, હિંમતવાન થશે. હે ભગવન્ ! આ અપૂર્વ બળશાળી ચેતનમંત્ર આપને કોણે શીખવ્યો, આપ ક્યાંથી શીખ્યા, તે સવિસ્તર જાણવાની મને ઇચ્છા છે. કેટલાક મહિના થયાં આપનો યશ મારા સાંભળવામાં આવ્યો છે. આજે આપનું પવિત્ર કાર્ય જાતે જોવાને ભાગ્યશાળી થયો છું. તેથી મને ઘણું સાનંદાશ્ચર્ય થાય છે. માટે આપના પવિત્ર જીવનનો ઇતિહાસ જાણવાની સહજ ઇચ્છા ઉત્પન્ન થાય છે."

સરસ્વતી—"મારા જીવનનો ઇતિહાસ સાધારણ છે. તમારી ઇચ્છા છે તો જમ્યા પછી સાંભળજો."

યોગમાયાએ ત્રણ જણને માટે ત્રણ પાતળ નાંખી, પાણી આણી આપ્યું અને તેમને માટે બધું જોઇતું કરતું લાવી આપ્યુ. દેવીપ્રસાદે પોતાના હાથે સાદું ભોજન બનાવ્યું હતું તે તેણે પીરસ્યું અને ત્રણ જણ જમવા બેઠા. પિતાના ભાણામાં વધેલું અન્ન પ્રસાદ તરીકે સ્વીકારી દેવીપ્રસાદ બીજા ઓરડામાં પાઠ કરવા બેઠા.

પ્રકરણ ૧૬ મું.

રમાપ્રસાદનો ઇતિહાસ.

"મારો જન્મ શ્રીમંતને ઘેર થયો હતો; પણ અઢાર વર્ષની વયે મારા ઉપર એક મહાભારત વિપત્તિ પડી અને મેં મારી સર્વ સંપત્તિ ગુમાવી અને તેથી તીર્થભ્રમણ કરવા નીકળી પડયો. ઘણાં સ્થાન જોયા પછી છેવટે હું કાશી ગયો અને વેદનો અભ્યાસ કરવા માટે ઘણાં વરસ ત્યાંજ રહ્યો."

"કાશીમાં વેદમાં નિપુણ અનેક પંડિતો છે, તેઓમાં મારા ગુરૂ સર્વાનુમતે સર્વોત્તમ ગણાતા હતા. વેદ ભણવો અને શિષ્યને ભણાવવો એ શિવાય તે અન્ય કાર્ય કદી કરતા નહિ. તેમની પાસે દૂર દૂરના દેશોથી જેવા કે મદ્રાસ, મહારાષ્ટ્ર, રાજપૂતાના, કાશ્મીર વગેરે પ્રાન્તોના વિદ્યાર્થીઓ વેદ ભણવા આવતા હતા. તેમણે મને પણ પોતાના શિષ્ય મંડળમાં પ્રવેશ કરાવ્યો એ હું તેમની મહત્ કૃપા સમજું છું કેમકે મારામાં કશી લાયકાત નથી.

"નવ વર્ષ સુધી મેં તેમની પાસે વેદ અધ્યયન કર્યું. એ સમયે કાશીમાં ઘણા ધનાઢય ગૃહસ્થો રહેતા હતા. તેઓ મને ગરીબ વિદ્યાર્થી માનીને મારા પ્રત્યે કૃપા રાખતા. તેમનામાંના કેટલાકને ઘેર મારૂ જવું આવવું થતું. એમ કરતાં કરતાં ઘણાની સાથે મારો પરિચય થયો અને તેમનો અનુગ્રહ હું મેળવી શકયો.

"કૃપાલસિંહ કરીને એક પંજાબી ક્ષત્રિય પોતાના કુટુંબ સાથે કાશીમાં રહેવા આવ્યો હતો અને મારા પ્રત્યે પુત્રના જેટલો ભાવ રાખતો હતો. હું એક ગરીબ વિદ્યાર્થી હતો તેથી તેને મારી ગરજ હોય એ તો અશકય હતું. તે મારા ઉપર કૃપા રાખતો તે

પોતાના સ્વાર્થ માટે નહિ પણ મને વિદ્યાર્થી જાણીને સહાય કરવાના ઉદાર હેતુથીજ. જ્યારે તેને ઘેર હું મારા બ્રહ્મચારીના પોશાકમાં જતો ત્યારે તેની સ્ત્રી પોતાના પુત્રની પેઠે મારા ઉપર સ્નેહ રાખતી. હુ પણ તેને મા કહીને જ બોલાવતો. તેની પુત્રી પણ મારા પ્રત્યે મમતા રાખતી.

"કેટલાંક વર્ષ પછી એ કૃપાલસિંહ પોતાની એકની એક પુત્રી અને પત્નીને ત્યજીને પરલોકવાસી થયો. તે સમયે મારો અભ્યાસ પણ પુરો થયો હતો. મેં પણ એક શાળા સ્થાપી અને થોડાક શિષ્યોને અભ્યાસ કરાવવા માંડયો. કાશીમાં કૃપાલસિંહનું કોઇ સગું ન હોતું તેથી તેની વિધવા મારે ઘેર રહેતી. તેની પાસે જે કાંઇ થોડી ઘણી મિલ્કત હતી તે તેણે મને અર્પણ કરી. આવી સ્થિતિમાં એક વર્ષ વીતી ગયુ."

"કૃપાલસિંહની પુત્રી મારા તરફ અત્યંત સ્નેહ રાખતી હતી. તેની નિરાધાર સ્થિતિ, શાંત મૂર્તિ અને મારા પ્રત્યેનો નિઃસીમ સ્નેહ વગેરેને લીધે મારો પણ તેના ઉપર અનુરાગ થતો ગયો. તે બાળા હવે યૌવના થવા આવી હતી મારા મનનો ભાવ લાંબો વખત ગુપ્ત ન રાખી શકવાથી તે સુંદર સુશીલ કન્યા સાથે લગ્ન કરવાનો મેં વિચાર કર્યો. તે વખતે મારૂં વય અઠ્ઠાવીશ વર્ષનું હતું અને તે બાલિકા તેર વર્ષની હતી."

આટલું બોલ્યા પછી સરસ્વતી પંડિતે થોડીક વાર સુધી મૌન ધારણ કર્યું. એટલામાં શરચ્ચંદ્રે પૂછ્યું કે આપ બ્રાહ્મણ થઇને ક્ષત્રિય કન્યા સાથે વિવાહ કરવાને કેમ તૈયાર થયા ?

સરસ્વતી—" શરત્ આવા પ્રકારનો સંબંધ આપણા પ્રાચીન

શાસ્ત્ર વિરૂદ્ધ નથી તેમ નીતિ વિરૂદ્ધ પણ નથી. તમે શું આ કાર્યને અનીતિ ભરેલું કાર્ય ગણો છો ! ”

શરત્—“ મહારાજ ! હું કદી પણ આ લગ્નને નીતિ વિરૂદ્ધ માનતો નથી. મેં પોતે વિધવા વિવાહ કર્યો છે તે કદાચ આપને માલમ હશે. ”

સરસ્વતી—“ **શરત્** ! એ વાત મારી જાણ બ્હાર નથી. તમારાં માતુઃશ્રીને તમે પૂછજો. તે તમને કહેશે કે **રમાપ્રસાદ સરસ્વતી**એજ એ વિવાહને અનુમતિ આપી લગ્નની વ્યવસ્થા કરી આપી હતી. હું કાશીથી કોઈ કોઈ વાર બંગદેશમાં આવું છું. તમારો ઇતિહાસ થોડો ઘણો જાણુ છું. ”

આ સાભળીને **શરત્** વિસ્મય પામ્યો—આ **રમાપ્રસાદ સરસ્વતી** કોણ હશે ? પણ **સરસ્વતી**એ પોતાની કથા કહેવા માંડી.

“કૃપાલસિંહની વિધવા મને ઘણો ધર્મપરાયણ અને વિદ્વાન સમજતી હતી. આ વિવાહ ધર્મસંમત છે એવુ જ્યારે મે વારેવારે કહેવા માંડયું ત્યારે આખરે તેણે ખુશી બતાવી. આ કાર્યમાં વિઘ્ન નાંખે એવુ તેનું કોઇ સગું કે નાતનુ માણુસ કાશીમાં હતુ નહિ. મારા મિત્રોએ મને ઘણે પ્રકારે ધિક્કાર્યો અને નિંદ્યો. મારી શાળા ભાંગી પડાવી. આખરે કાયર થઇને મેં મારી સ્ત્રી તથા તેની માની સાથે કાશી છોડયુ. પણ. આ કામ અનીતિ ભરેલું અથવા શાસ્ત્રવિરૂદ્ધ હતુ એમ મારો આત્મા કદી કબુલ કરતો નથી. હેમ બાબુનો આ બાબતમાં શો મત છે તે જાણવાની મને ઇચ્છા છે ? ”

હેમચંદ્ર—“ આપે નિરાધાર ક્ષત્રિય કન્યા સાથે વિવાહ કર્યો તેમાં આપની દયા, હિમ્મત અને ધર્મપરાયણતા જણાઇ આવે છે.”

સરસ્વતી—“ હેમબાબુ ! તમારા જેવા આદર્શ ચરિત્ર પુરૂષનો એવો મત હોય એમાં નવાઇ નથી. જ્યારે મારી બ્હેન ઇન્દુવાસિની એક અનાથ બાલિકા હતી ત્યારે તમે પણ તેની સાથે લગ્ન કરી તમારી દયા, હિંમત અને ધર્મપરાયણતા બતાવી છે. આજ ઘેર જાઓ ત્યારે તેને પુછજો કે ન્હાનપણમાં રમાપ્રસાદ સરસ્વતીએ તેનો હાથ જોઇને ભવિષ્ય કહ્યું હતું કે નહિ ? ”

આ સાંભળી હેમચંદ્ર વિસ્મિત થયો. આ સરસ્વતી કોણ હશે ?

કેટલીક વાર પછી સરસ્વતીએ બોલવા માંડયું. તેણે કહ્યું,“હેમચંદ્ર ! તમે પણ ગરીબની કન્યા સાથે લગ્ન કર્યું છે પણ તે તમારી ન્યાતની હતી. મારી પેઠે પરન્યાતની કન્યા સાથે લગ્ન કરવું પડે તો તમને મનમાં આત્મગ્લાનિ લાગે કે નહિ ? ”

હેમ—“ જરાએ નહિ. ”

સરસ્વતી—“ તમારા કુટુંબમાંથી કોઈ પરન્યાતીના પુરૂષ અગર સ્ત્રી સાથે લગ્ન કરે તો તમે તેના તરફ તિરસ્કાર બતાવો કે નહિ ? ”

હેમ—“ જરાક પણ નહિ ”

સરસ્વતી—“તમે પોતે એવું કાર્ય કરવા તૈયાર થાઓ ખરા ? તમારે એક નામે અને ગુણે સુશીલ પુત્રીછે. તેને માટે પરન્યાતમાંથી કોઇ યોગ્ય વર મળી આવે તો તેની સાથે લગ્ન કરવામાં તમને હરકત હોય ખરી કે ? ”

હેમચંદ્ર આ સવાલ સાંભળીને વિસ્મિત થયો. તેણે જવાબમાં કહ્યું, “ગુરૂદેવ ! જો વર યોગ્યજ હોયતો એ કાર્ય કરવા માટે હું પૂરે પૂરો સંમત છું. ”

સન્યાસીએ આ જવાબ સાંભળી સ્મિત કરીને કહ્યું, " હેમચંદ્ર! નિશ્ચિંત રહેજો. તમારી પુત્રી સાથે મારા પુત્રનું લગ્ન કરવાની વાત હું કહેતોજ નથી. આતો માત્ર તમારો અભિપ્રાય જાણવાને માટે મેં પૂછ્યું હતુ. "

ત્રણે જણ કેટલીકવાર સુધી મૂંગા રહ્યા. પછી હેમચંદ્રે કહ્યું, " ગુરૂદેવ! આપના ઈતિહાસનો છેવટનો ભાગ જાણવાને હું ઘણો ઈંતેજાર છું. આપનાં પત્ની અને સાસુ હાલ કયાં છે. ? "

સરસ્વતીએ એક દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો અને કહ્યું, "મારો ઇતિહાસ પૂરો થવા આવ્યો છે. અને મારા જીવનની આશા અને ઉલ્લાસ પણ પૂર્ણ થયાં છે. પરણ્યા પછી બે વર્ષે પોતાના દૌહિત્રનું મુખ જોઇ મારી સાસુએ દેહ ત્યાગ કર્યો. ત્યાર પછી હું સ્રી પુત્રને લઇને પંદર વર્ષ મથુરા રહ્યો. ત્યાં સવારમાં દરરોજ યમુના કાંઠે બેસી મહિમા પૂર્ણ ગાયત્રીનો જપ કરતો અને પરમાત્માના અંશ સ્વરૂપ સૂર્યદેવની આરાધના કરતો. સાંજે ત્યાં આગળ શિષ્યોને એકઠા કરી ઉપનિષદ્નું ગૂઢ રહસ્ય સમજાવતો. હું મારા છોકરાને પણ સંસ્કૃત શીખવતો અને અંગ્રેજી ભણુવાને માટે ગામની સરકારી નિશાળમાં મોકલતો. આવી દિનચર્યામાં હું મારી ક્ષુદ્ર ઝુંપડીમાં પણ સ્નેહમયી સ્રીની સાથે સ્વર્ગનુ સુખ ભોગવતો હતો. એ સ્નેહમૂર્ત્તિ અંતર્હિતથઈ તેથી મારા હૃદય ઉપર સખત આઘાત થયો. ત્યારથી પુત્રને લઇને દેશ દેશમાં ભ્રમણ કરૂ છું. "

સરસ્વતીના નેત્રમાંથી બે ત્રણ આંસુના ટીપાં ખરી પડયાં. થોડીવાર પછી હેમ અને શરતે પણ રજા લીધી અને તાલપુખુર જવા નીકળ્યા.

પ્રકરણ ૧૭ મું.

ગામમાં થએલો કોલાહલ.

રમાપ્રસાદે નવી પદ્ધતિ પ્રમાણે શાસ્ત્રનો પ્રચાર કરવા માંડયો તેથી ગામમાં મ્હોટો ખળભળાટ થવા લાગ્યો હતો. લોકો તેને વિષે અનેક પ્રકારની ગપો ચલાવતા હતા. જેઓ ખરેખરા પંડિત જ હતા તેઓ તેના પાંડિત્યનાં વખાણ કરતા. જેઓ મિથ્યાભિમાની અને પંડિતાઇનો ડોળ કરનારા હતા તેઓ રમાપ્રસાદને મગજનો ખસેલો કહેતા અને બે ચાર ગાળો પણ દેતા. પારકાનો ઉપકાર કરવામાં જેઓ આનંદ માનતા તેઓ રમાપ્રસાદને યથાશક્તિ સહાય આપવા લાગ્યા. પારકી નિંદા કરીનેજ જેઓ બે પૈસા કમાતા તેવા ક્ષુદ્ર જીવડાઓ રમાપ્રસાદની નિંદા કરીને આજીવિકા મેળવવા લાગ્યા. લોકોને શાસ્ત્રનો અભ્યાસ કરાવીને દેશની ઉન્નતિ કરવાની જેમની અભિલાષા હતી, સદ્દવર્તન દૃઢ કરવાનો જેમનો ઉદ્દેશ હતો તેઓ રમાપ્રસાદ સાથે સહાનુભૂતિ કરવા લાગ્યા. અને લોકોમાં જ્ઞાનનો ફેલાવો થવાથી જેમના ધંધાને ધોકો પહોંચે એમ હતું, જેમની રોજી ઉઠી જાય એમ હતું તે લોકો રમાપ્રસાદની સામે ખટપટ કરવા લાગ્યા. ગામની અને દેશની ઉન્નતિમાં જેઓ રાજી હતા તેઓ રમાપ્રસાદની શિક્ષાપદ્ધતિથી પ્રસન્ન થયા. અને દેશની સામાજિક અને ધાર્મિક ઉન્નતિથી જેઓનો ઇજારો અને દુકાન પડી ભાગે તેવાં હતાં તેઓ રમાપ્રસાદનો ઉદ્યમ જોઇ ઈર્ષ્યાથી બેહદ ગાળો દેવા લાગ્યા.

આ પ્રમાણે સરસ્વતીની વાત મહોલ્લે મહોલ્લે ચર્ચાવા લાગી અને

તેના વડે લોકોમાં મ્હોટો કોલાહલ ઉત્પન્ન થયો. હેમચંદ્ર અને શરત્તે રમાપ્રસાદે જે વાત કરી હતી તે જમીનદારના ઘરના કોઈ માણસે બારીએ ઉભાં ઉભાં સાંભળી લીધી હતી. તેણે સુધારો વધારો કરી એવી વાત લોકોમાં ફેલાવી કે એ તો પરન્યાતની છોકરી સાથે લગ્ન કરીને વટલી ગયો છે. સનાતનવાડીના લોકોનું સત્યાનાશ કહાડવા આવ્યો છે અને તાલપુખુરમાં હેમબાબુની છોકરી સાથે પોતાના છોકરાનું લગ્ન કરવાનો છે. ગામમાં એકાએક આગ લાગે અને આખું આકાશ જેમ લાલ ભભકથી છવાઇ જાય તેમ તાલપુખુર અને સનાતનવાડીમાં આ નિંદા ચારે બાજુએ ફેલાઈ ગઈ.

સનાતનવાડીના બ્રાહ્મણ પંડિતો આ અધર્માચરણ કરનાર ઢોંગી જટાધારીને વિષે મનમાં આવે તેમ બોલવા લાગ્યા. પ્રાચીન ધર્મ તથા પ્રાચીન આચારવિચારનો તે સમૂળો નાશ કરે છે એવો તેના ઉપર આક્ષેપ મૂકવા લાગ્યા નવીન સુધારો આર્ય રીતિથી ઉલટો છે એમ માની અંગ્રેજી ભાષાના શિક્ષણથી થતી અસર ઉપર નાના પ્રરના તર્ક કરવા લાગ્યા. જમીનદારના કુટુંબની વહુ દીકરીઓ ક્ષત્રિય કન્યા ઉપર આસક્ત થએલા બ્રાહ્મણ પંડિતની મશ્કરી કરવા લાગી. તાલપુખુરના પેલા 'કાકા' સાંજની વખતે હુકકો પીતા પીતા બોલ્યા "એ ભાઇ કાંઇ નહિ; એ તો બાયડીઓને ફટવી મૂકે છે તેની બધી આ મ્હોકાણ." છકી ગએલી ગોપબાળા અંબોડો વાળતાં વાળતાં બોલી, "અલી ! શું થયું છે ? સુશીલાની મા સુશીલાને બ્રાહ્મણના છોકરા સાથે પરણાવાની છે ? અરે ! એને બ્રાહ્મણ કોણ કહે ? એ તો ભંગીઓ ! અરે તેનાથી પણ બુરો ! એને ધર્મ અધર્મનું તો જ્ઞાન નથી. જ્ઞાન હોત તો રાંડેલીને બીજી વાર પરણાવત ?" પેલો ઘોષાલનો દીકરો

વેવીશાળીઆ સાથે કાંઇ કાંઈ છાનીમાની વાતો કરતો હતો અને બાયડી મરી જાય કે તરત નવી વહુ આવશે એવા વિચારથી પોતે મનમાં મુસ્કાઇ મુસ્કાઇને હસતો હતો એવામાં રમાપ્રસાદની વાત સાંભળીને તે "જ્ઞાતિસંરક્ષક સમાજ" સ્થાપવાને બહાર નીકળી પડયો. વળી રીસાળ અને કજીયાખોર બોડાલ બાબુની વહુ પાટલા ઉપર બેશીને હજામડી પાસે પગે અળતો લગાડાવતી હતી તેણે કહ્યું, "એ તો આજ કાલના ભાયડાઓ બ્હેકી ગયા છે અને ભાયડાને સુધારવા માટે બાયડીઓ જોઇતી કાળજી રાખતી નથી. આજે એમને ઘેર તો આવવા દે એવી તો ઝાટકણી કહાડું !" તે રાત્રે જ્યારે બોડાલ બાબુ ઘેર આવ્યા ત્યારે અમૃતથી મીઠાં જે વચનો તેમને કાને પડયાં હશે તેનું વર્ણન કરવા માટે અમે અશક્ત છીયે.

ધીમે ધીમે આ વાત જમીનદાર કામિનીકાન્ત બાબુને કાને ગઈ. હિન્દુધર્મનું સંરક્ષણ કરવા માટે તેઓ બહુ પરિશ્રમ ઉઠાવે તેવા ન હતા. તોપણ પોતે જમીનદાર તેથી આર્ય આચાર વિચારનું રક્ષણ કરવાની તે ફરજ સમજતા હતા. માટે તેમણે નોકરને હુકમ કર્યો કે જાઓ જઇને સંન્યાસી મહારાજને ખબર આપો કે તેમના અત્રે રહેવાથી અમારા ગામમાં અને કુટુંબમાં મોટો કોલાહલ ઉત્પન્ન થયો છે. અને અમારા સ્વધર્મપરાયણ તથા આચાર નિષ્ઠ કુટુંબને કલંક લાગ્યું છે. માટે આપે ગમે તે બીજે ઠેકાણે મુકામ ખોળી લેવો.

અગ્નિ જેવા તેજસ્વી રમાપ્રસાદને આ વાત જણાવવાની કોઇની હિંમત ચાલી નહિ. જમીનદારના ઘરનાં બધાં માણસો એક બીજાના કાન કરડે, માર્મિક વચનો બોલે, પણ કોઇનાથી સ્પષ્ટ

રીતે બોલાય નહિ. આખરે એક ઘરડા નોકરે એક દિવસ યુક્તિથી આડી અવળી વાતો કહાડીને બહુજ મુશીબતે તેણે પોતાના શેઠની આજ્ઞા જણાવી. આ સાંભળીને રમાપ્રસાદ ખડખડ હસી પડયો અને પોતાનો મુકામ બદલવા માટે તેણે લેશ માત્ર પણ કોશીશ કરી નહિ.

પોતાની આજ્ઞાનું ઉલંઘન થયું છે એવી જ્યારે જમીનદાર સાહેબને ખબર મળી ત્યારે ક્રોધથી તે રાતાપીળા થઇ ગયા અને ખૂબ ગર્જના કરવા લાગ્યા. દુર્જયસિંહ, લછમનસિંહ, અર્જુન દોબે, બલવંત ચોબે, વગેરે ભૈયાઓ હાથમાં ડાંગો લઇને રમાપ્રસાદ બેઠો હતો ત્યાં આવ્યા. ખૂબ ધમાધમી કરી તેની કામળીયો ફેંકી દીધી અને હાંલ્લીઓ ફોડી નાંખી. આ પ્રમાણે પોતાનું પરાક્રમ બતાવીને તે શૂરા ભૈયનજીઓ આરામ લેવા માટે બીજે ઠેકાણે ગયા એટલે રમાપ્રસાદે કામળીયો આણીને ઘરમાં મૂકી અને દેવીપ્રસાદે નવી હાંલ્લીઓ વેચાતી આણી.

સાંજે ફળાહાર પીરસતી વખતે યોગમાયાએ અશ્રુપાત કર્યો. ખારા દુઃખપૂર્ણ સંસારમાં આ સંન્યાસી સિવાય તેને કોઇએ પણ નરમાશથી ભરેલો બોલ કદી સંભળાવ્યો ન હતો અને સંન્યાસીના પુત્ર સિવાય કોઈ પણ બાળકે તેના પ્રતિ પુત્રના જેવો સ્નેહ બતાવ્યો ન હતો. આ લોકો હવે જતા રહેશે એમ સાંભળ્યું ત્યારથી યોગમાયાની આંખ સૂકાતી ન હતી.

રમાપ્રસાદ તેના મનનો ભાવ સમજી ગયો અને તેથી કહ્યું, “યોગમાયા ! તું બહુ દુઃખી છે તેથી તને દુઃખમાં મૂકીને અમે કદી પણ જઇશું નહિ. તું નિશ્ચિન્ત રહેજે.”

યોગમાયા—“પણ જમીનદારની વહુએ હુકમ કર્યો છે તેથી

તેના નોકરો આવીને તમને બળાત્કારે ઘર બહાર કહાડી મૂકશે."

રમાપ્રસાદ—"હું તો જમીનદારની વહુને ઓળખતો નથી. હું તો તને જ જમીનદારની વહુ જાણુછું."

યોગમાયા—"અરે ભગવાન્ ! એક વાર હું પણ જમીનદારની વહુ હતી, પણ હમણાં તો અનાથ છું. મારી સત્તા, સંપત્તિ આજ ક્યાં છે ?"

રમાપ્રસાદ—"આ હવેલી તારા સસરાની અને તારા ધણી-ની મિલ્કત છે."

યોગમાયાએ જવાબ આપ્યો નહિ. તે બિચારી પોતાના બંગડી વગરના સૂકાઇ ગએલા હાથ વડે મ્હોં ઢાંકીને ઘણીવાર સુધી રડી. તેનું શરીર કંપતું હતુ અને હૃદયમાં એક નવીન લાગણી ઉદય પામી હતી. પણ તેનાથી પ્રકટ રીતે બોલી શકાયું નહિ ઘણી વાર પછી તે ધીમેથી બોલી, "હું સ્ત્રીજાત, મારી સપત્તિ કેટલી હતી તે હું શું જાણું ?"

રમાપ્રસાદ—"પણ હું જાણું છું તો ! હું તારી મિલ્કતનુ રક્ષણ કરીશ."

યોગમાયા—"જમીનદાર બહુ સત્તાવાળો છે. આપ તેની સામે થઇને મારી સપત્તિનું રક્ષણ કેવી રીતે કરી શકશો ? અને મારૂં રક્ષણ પણ કેવી રીતે કરશો ?"

રમાપ્રસાદ—"દુર્બળનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે. **ધર્મનું પાલન કરવાને માટે ઈશ્વર સામર્થ્ય આપે છે.**"

યોગમાયા—"ઠીક ત્યારે, આપને વ્યાજબી લાગે તેમ કરો. હું તો સ્ત્રી જાત છું. હું—હું—હું—આપનેજ આશરે છું. આપજ

મારા ઈશ્વર છો. ”

રમાપ્રસાદ—“ નિશ્ચિંત થાઓ અને એકવાર કામિનીકાન્ત બાબુની સ્ત્રીને જઇને કહો કે સંન્યાસી તમને કાંઇક કહેવા માગે છે. એ વાત ઉપર કામિનીકાન્ત બાબુના કલ્યાણનો તેમજ અકલ્યાણનો આધાર છે. ”

આ વાત યોગમાયાએ જઇને શેઠાણીને કહી. તેને કાંઇ ધાસ્તી લાગી તેથી તેણે સંન્યાસીને પોતાની પાસે તેડાવ્યો. ”

રમાપ્રસાદ—“એક ગરીબ શાસ્ત્રવિલાસી સાધુ આપની વિશાળ હવેલીમાં રહો છે તેને કહાડી મૂકવાનો શું આપે હુકમ કર્યો છે ?”

શેઠાણી—“ હા, બાબુ એમ કહેતા હતા. ”

રમાપ્રસાદ—“ આપની વિસ્તીર્ણ હવેલીમાં એક ગરીબ સાધુને માટે જગ્યાની ખોટ છે ? ”

શેઠાણી—“ ના જગ્યાની તો કાંઈ ખોટ નથી. ”

રમાપ્રસાદ—“ ત્યારે અમે બે જણ આપને ત્યાંથી ભિક્ષા લઈએ છીએ તે શું આપને ભારે પડે છે. ? ”

શેઠાણી—“ ના તેમ પણ નથી. અનાજ તો ઈશ્વરે અમારે ત્યાં ઘણું આપ્યું છે. ”

રમાપ્રસાદ—“ ત્યારે અમને ગરીબને શા માટે કહાડી મૂકાવો છો ? ”

શેઠાણી—“ તમારા અહિં આવ્યાથી ગામમાં કોલાહલ ઉત્પન્ન થયો છે. અમારી લોકો નિંદા કરે છે. અમે તો દેશના અને ન્યાતના આચાર પ્રમાણે વર્ત્તીએ છીએ. આપ તેથી ઉલટા છો. માટે બાબુનો હુકમ છે કે આપે બીજી જગ્યાએ રહેવા જવું. ”

રમાપ્રસાદ—" દેશાચારનો ભંગ મેં કર્યો, કે ખોજેસ્વા બી-બીએ કર્યો ? "

આ પ્રશ્નનો શેઠાણીથી ઉત્તર અપાયો નહિ. તેણે ખોજેસ્તા નામની એક મુસલમાન વારાંગનાનું નામ સાંભળ્યું હતું. એક અજાણ્યા સાધુએ તેનું સ્મરણ કરાવ્યાથી તે શરમિન્દી થઇ ગઇ અને તેની આંખમાંથી આંસુ પણ ખરી પડયાં.

રમાપ્રસાદ—" જ્યારે હકીકત આવી છે ત્યારે શા માટે મને કનડો છો ? "

શેઠાણી—" હું શું કરૂં ? બાબુનો એવો હુકમ છે. "

રમાપ્રસાદ—" ગરીબને કનડયાથી શું તેમનું કલ્યાણ થશે ? "

શેઠાણી શરમાઈ ગઈ. તેણે કહ્યું. " મેં તો એમને ઘણુએ સમજાવ્યા પણ માનતા નથી."

રમાપ્રસાદ—" જરા એમને ફરીથી કહેજો કે ગરીબને કનડયાથી મ્હોટા માણસનું હંમેશ અકલ્યાણ થયું છે."

શેઠાણી—" મેં તો કહેવામાં કાંઈ બાકી રાખી નથી પણ માનતા નથી."

રમાપ્રસાદ—" ત્યારે જરા બાબુજીને પૂછી જોજો કે રમણીકાન્ત કરીને એક જમીનદારનો છોકરો આજ હવેલીમાં રહેતો હતો તે યાદ છે કે ? "

હવે શેઠાણી ધ્રૂજી ઉઠી. તેનાથી ઉત્તર ન અપાયો.

રમાપ્રસાદ—"વારૂ બાઈ, તેને તમે જોયલો કે ? "

શેઠાણી—" હા જોયલો. તે વખતે તે હું નવીજ પરણીને આવેલી. "

રમાપ્રસાદ—" એ ક્યાં ગયો તે જાણોછો કે ?"

શેઠાણી—"તેને મરી ગયાને તો ઘણુંએ વર્ષ થઇ ગયાં."

રમાપ્રસાદ—" હા, પણ શી રીતે મરી ગયો તે જાણો છો કે?"

હવે શેઠાણી સર્વાંગે ધ્રૂજવા લાગી.

રમાપ્રસાદ—" તેનું મરણ કેવા પ્રકારે થયું તે વિષે તમે સાંભળ્યું તો હશે."

શેઠાણી—" જે મરી ગયો તેને હવે સંભારીને શું પ્રયોજન?"

રમાપ્રસાદ—" ત્યારે બાબુજીને સમજાવજો કે ગરીબ પર જુલમ કરવાનુ પણ શું પ્રયોજન છે ? એમના પાપનું પરિમાણ અત્યંત વધી જશે એટલે પ્રાયશ્ચિતનો આરંભ થશે હં !"

શેઠાણી સાથે રમાપ્રસાદને જે જે વાતચીત થઈ હતી તે સઘળી યોગમાયા એક કોરે છૂપીને ઉભી ઉભી સાંભળતી હતી. તે દિવસે સાંજે રમાપ્રસાદ વાળુ કરવા બેઠો ત્યારે યોગમાયા આવી નહિ. રાત્રે રમાપ્રસાદ જો જાગી ઉઠયો હોત તો તેના જોવામાં આવ્યું હોત કે એક બિચારી દુર્બળ કંગાલ હતભાગિની વિધવા તેના ઓશીકા પાસે બેસીને હૈયાફાટ રડતી હતી.

સવારમાં જ્યારે યોગમાયા પાણી ભરવા આવી ત્યારે સંન્યાસીએ હસીને પૂછ્યું, "આ હવેલીનાં માણસો હાથનાં તો ચોખ્ખાં છેને ? રાત્રે કોઇએ આવીને મારી ઝોળી અને પેટી ફંફોડી હતી."

યોગમાયા નીચું જોઈ રહી. પછી કહ્યું "આ હવેલીના કોઈ પણું માણસ વિષે મેં કોઇ પણ જાતની અફવા સાંભળી નથી. એ તો કોઈ આપની સેવા કરવા આપને ત્યાં જતી આવતી હશે તેનું કામ હોવું જોઇએ."

પ્રકરણ ૧૮ મું.

તળાવના ઘાટપર થયેલી વાતચીત.

બીજે દિવસે સવારે સંન્યાસી જતો રહેશે એવી બધાંએ આશા રાખી હતી પણ જોયું તો એથી ઉલટુંજ બન્યુ હતું. આજે તો સંન્યાસી મહારાજની સેવામાં શેઠનો એક ખાસ નોકર છેક સવારથીજ સરભરા કરી રહ્યો છે. આજ તેમને માટે સાકર નાંખેલુ કઢેલુ દૂધ, માખણ, મેવા મિઠાઇઓ આવી છે. સંન્યાસી મહારાજના હુકમનો અમલ કરવાને માટે એક બળવાન ભૈયાજી બારણા આગળ ઉભા છે. આજે શેઠાણીની એક માનીતી નોકરડી તેમનો ઓરડો સાફ કરે છે અને તેમને રસોઇ કરી આપવાને માટે શેઠાણીએ પોતાની ખાસ રસોઇયણ મોકલી છે.

જમીનદારની હવેલી પાસેનાં તળાવના ઘાટ ઉપર તેથી ખળભળાટ મચ્યો હતો. સ્ત્રીઓની ચર્ચા અને વિવાદનો કાંઇ પાર ન હતો. અફસોસની વાત એ છે કે એ તળાવના ઘાટ ઉપર કોઇ પેપરનો રિપોર્ટ હાજર ન હતો. તેમ કોઈ નવીન લેખક આ સઘળી ચર્ચાનો શોર્ટહેન્ડ રિપોર્ટ લેવા આવ્યો ન હતો. જો તેવો કોઇ લેખક કે રિપોર્ટર હાજર હોત તો 'સ્ત્રી ચરિત્ર સમાલોચના' નામની એક અપૂર્વ નવલકથા રસિક વાચકોને માટે તૈયાર થાત.

પ્રથમ અળતે રંગેલા પગવાળી, ઘરેણાથી લદાયલી, હસતા મ્હોડાવાળી નવયુવાન સ્ત્રીઓનું એક ટોળું રૂમઝુમ રૂમઝુમ અવાજ કરતું તળાવના ઘાટ ઉપર આવી પહોંચ્યું. રસિક નવયૌવના કુલકુમારી તેમની આગેવાન હતી. તેણે માથેથી બ્હેડું ઉતારી નેત્રનો પલકારો અને હાથનો લટકો કરી ગાયું કે—

"અલી સાધુનાં તે ભાગ્ય આજે ઉઘડયાંરે લોલ.
કરે શેઠને શેઠાણી તો ખમા ખમારે લોલ."

વસંતકુમારી—"બળ્યું તારૂં મ્હોડું ! રાંડ શેઠાણીની મશ્કરી કરે છે. કોઈ સાંભળશે નેતો માથું મૂડાવીને ગામ બહાર કહાડી મૂકાવશે."

ફુલકુમારી—"વળી મશ્કરી કેવી ? ખરી વાતમાં ખાર શેનો? જોતો ખરી, શેઠાણીની દાસી તેને ઘેર કામકાજ કરે છે. રસોઈયણ રસોઇ બનાવે છે. તે શું શેઠાણી પ્રસન્ન થયા વગર ?"

કુસુમકુમારી—"ના અલી ના. એમ નથી. એ તો શેઠાણીને કશુંક દુખ હતુ તે સન્યાસીએ મત્ર જંત્ર કરીને મટાડયું તેમાં તેનાં માન વધ્યાં છે."

હેમકુમારી—"બેસ બેસ જાણે નહિને ! ડહાપણ કરવા ઉભા થઇ છે ! એ તો જમીનદારને માથે કઇક દુ:ખ હતુ તેટલા સારૂ તો શેઠાણીએ કાલે સાંજે એને પોતાની પાસે બોલાવ્યો હતો."

સુવર્ણકુમારી—"અલી એમ નથીરે ! એ તો સન્યાસીને દવા કરાવા સારૂ તેડાવેલો."

ફુલકુમારી—(હસીને)—"હે અલી શેની દવા ? શું શેઠાણીને આટલી ઉમરે છોકરાં રમાડવાનુ મન થયુછે કે શું ?"

સુવર્ણ કુમારી—"બળી તારી જીભ. એ તો અમસ્તુ બીજા કશાનુ ઓસડ કરવાનું હતું."

બધીઓ—"અલી શેનું ઓસડ ? શેનું ઓસડ !"

સુવર્ણકુમારી—"એ તો શેઠાણીને એક દુશ્મન છે તેને મૂઠ મરાવવાનું."

બધીઓ—"કોણ અલી, કોણ દુશ્મન છે જે ?"

સુવર્ણકુમારી—"જાણતી નથી કે, એ તો કલકત્તામાં એક

મુસલમાની છેને, તેનું નામ ખોજેસ્તા. તેને મૂંઠ મારવાની છે. મારા ફીકાની ધાવ ઉભી ઉભી સાંભળતી હતી. સંન્યાસીએ કહ્યું—"મુસલમાનીને તો હું સપાટામાં પૂરી કરી નાંખીશ."

આ પ્રમાણે વાતો કરતું કરતું યુવતીઓનું ટોળું ચાલતું થયું. થોડીવારમાં ત્યાં આધેડ ઉંમરની સ્ત્રીઓ આવીને ઘાટ ઉપર બ્હેડાં અજવાળવા લાગી.

માતંગિની—"અલી આજ શું છે જે કાંઇ હવેલીમાં તો ધામધુમ થઇ રહી છે?"

તરંગિની—"જાણુતી નથી? પેલી યોગમાયાનું તો નસીબ ઉઘડયું."

માતંગિની—"હેં અલી, શું થયું? શું થયુ જે?"

તરંગિની—"વળી થાય શું જે? કાલે યોગમાયા સન્યાસીને લઇને શેઠાણીની પાસે ગઇ હતી અને ત્યાં ખૂબ કળકળી પડી. તે તો કહે છે કે જો સન્યાસીને કહાડી મૂકશે તો હું પણ બગલમા ઝોળી મારીને બાવી થઇ તેની જોડે જઇશ."

માતંગિની—"હાય મા! ગજબ થઇ ગયો જો! હવે કયાં જઇએ' બાયડીઓ શી થઈ ગઇઓ? ચાળીશ વર્ષની ધયડી તે બાવાની જોડે નાસી જવા તૈયાર થઇ! ઓય મા—આ કળિ શો આવી ગયો?"

રાધારંગિની—"એમ નથી એમ નથી. તમે હજી ખરી વાત જાણુતીઓ નથી."

બધીઓ—"અલી, શી જે, શી જે?"

રાધારંગિની—"એ તો કહુંછ તાલપુખુરથી પેલા નહિ એ બાબુ આવે છે એકનું નામ હેમ અને બીજાનું નામ શરત્? શરતે જેની સાથે પુનર્લગ્ન કર્યુ છે તે હેમની સાળી થાય. એ

લોક તો રાંડેલીઓને પરણાવવાનું કરે છે અને સન્યાસીએ તેમના મતનો છે એ સાંભળીને યોગમાયા નાચી ઉઠી કે મને ય પરણાવશે. તે બિચારી રોજ સંન્યાસીનું પાણી લાવે છે, ઘર વાળે છે અને બધુંય તયણાદશી કામ કરે છે."

કૃષ્ણસંગિની—" અલી બા એમ નથી. ખરીવાત તો જુદીજ છે."

બધીઓ—" શી અલી, શી જે ? "

કૃષ્ણસંગિની—" હોય શું ? એ તો સંન્યાસીને એક છોકરો છે તેની સાથે હેમબાણુની છોકરીનું લગન થવાનું છે. બધું નક્કી થઈ ગયું. "

બધીઓ—" અલી શું બોલેછ તું ? સાચુ ? ખરીવાત ? ગજબ થઇ ગયો ! હવે કયાં જઇએ ? "

રામરંગિની—" અલી એવુ તે બનતુ હશે કે ? સન્યાસી તો બ્રાહ્મણ છે અને હેમબાણુ કાયચ છે. તેમનાં છોકરાંના લગન થતાં હશે કે ? "

કૃષ્ણસંગિની—"મુઓની એ બ્રાહ્મણ થતો ! બળ્યુ એનું મ્હોડું."!

બધીઓ ગજબ થઈ ગયો, આતે કેમ જોવાય, આતે કેમ જીવાય એમ કરતી કરતી ઘાટ પરથી ચાલી ગઈ એટલે થોડી વાર પછી તે ઘાટ ઉપર ડોસીઓ આવી પહોંચી અને બ્હેડાં અજવાળવા લાગી.

શ્યામાસુંદરી—"અલી આજ તો સન્યાસીનું માન વધ્યું ને ?"

વામાસુંદરી—" હજી કયાં વધ્યું છે ? એનો હવે વધશે હવે.

શ્યામાસુંદરી—" હેં અલી, શું થવાનું છે ! "

વામા—" તું જાણતી નથી કે શું ! અહી આવ્ય, તારા કાનમાં કહું. પેલી જમીનદારણ સાંભળે તો ઘરમાંથી કહડાવી મૂકે.'

શ્યામા—" કહેતો ખરી શું થયું છે તે ?"

વામા—' જમીનદારની હવેલીમાં એક છોકરાનું ખૂન થયુ હતુ તે તું જાણે છે કે ? "

ત્રિપુરાસુંદરી—" હોવે અલી હોવે. એ વાતને તો ત્રીશ વર્ષ થઇ ગયાં. તેજ મહિનામાં મારી વિલાસકામિનીનું લગન કરવાનું હતું ઓ મા ! એ વાત તે કંઈ ભુલી જવાય? હું તો સાંભળીને ધ્રુજી ઉઠી. હું જાણું કે લગન બંધ રાખવું પડશે. લગન તો થયું પણ ન વાજાં વગાડાયાં, ન ગીત ગવાયાં અને સારાં સારાં લુગડાં ઘરેણાંયે ન પહેરાયાં. બધી મનની મનમાં રહી ગઇ. ચાર સગાનેએ ન નોતરાયાં, ગોરને બોલાવીને છોકરીના હાથ પીળા કર્યા. મોઇ હું અભાગણી ! મારા નસીબમાં લ્હાવો લેવાનુ નહિ લખ્યુ હોય ! "

હરસુંદરી—" ઓ મા ! એ વાત તો મારી આંખ્યો આગળ તર્યા કરે છે. વૈશાખના દહાડા હતા, મારા ગોપાળને જનોઈ દેવાનુ હતુ, અલી બા એ તે કાઇ ભુલાય ? કશી ધામધુમ થઈ નહિ, અને લ્હાવા લેવાયા નહિ. નસીબ ટૂંકું તે કોને કહીએ ? "

કૃષ્ણ સુંદરી—"હોવે અલી હોવે તેજ મહિનામાં મારી મ્હોટી વહુને સીમંત હતુ. ધામધુમ થઇ રહેલી, બધાં સગાં વ્હાલાં આવેલાં ને રાજાની કુંવરી પણ એ મ્હોટી વહુના સીમંત પર નોતરે આવી હતી. એવામા ખબર આવી કે વીરગ્રામમાં એક મ્હોટું હુલ્લડ થયું છે અને રમણીબાબુનું ખૂન થયું છે. હાય હાયરે મા ! સત્યાનાશ વળી ગયું! એ સાંભળતામાં તો મારી મ્હોટી વહુને મૂર્ચ્છા આવીગઇ હુ પણ ગભરાઇ ગઈ. બાયડીઓ પણ ધ્રુજી ઉઠીઓ. બાપ ! શું ખાઇએ અને શું પીએ ! બધું ધૂળધાણી થઇ ગયું. "

વામાસુંદરી—" હોવે અલી ! ખરી વાત. તે છોકરાનું નામ

રમણીબાબુ હતું. શો રૂપાળો છોકરો હતો ! "

ત્રિપુરાસુંદરી—" અરે ભગવાન્ ! એવા છોકરાને તે મોત હોય ? શાખો થઇ ગયો ! મારી વિલાસને એ રમણીબાબુ બ્હેનની પેઠે ચ્હાતો અને મને પણ કેવુ માન આપતો. ! "

હરસુદરી—" અરે મા ! એ વાત સભારીએ છીએ ત્યારે તો હજી આંખમાંથી આસુ આવે છે. રમણીબાબુ મારા ગોપાળને હાથમાં લાડુ આપતો, ખોળે લેતો, અને કેવો રમાડતો ! આવો ચદ્ર જેવો દીકરો ભર જુવાનીમાં રેંસાઇ ગયો ! હાય હાયરે મા ! "

કૃષ્ણસુંદરી—" બળ્યું હવે, એ વાત ન સંભારશો. રમણીબાબુ તો મારા પેટના દીકરા જેવો હતો, અને મારી મ્હોટી વહુને કહેતો કે હુ તો દીયર થાઉ છુ તેથી મશ્કરી કરીશ અને મશ્કરી કરતો એ ખરો. વળી આટલુ તેટલુ લુગડું એ આણતો, કોઇ વાર કંઈ જણશે આપતો, અને તેને અભાવા પડતા ત્યારે વર્ધમાનથી ખાજાં, મિઠાઈ, અને સંદેશ કંડીઓ ભરીને મોકલેલાં અને તેને છોકરોજ થશે એમ કહી કહીને મનમાં કેવો હરખાય ? હાય હાય બાપ ! તે છોકરાનુ મ્હોડું જોવાય ન જીવ્યો. "

વામાસુદરી—" અલી પોલીસે તો ઘણીએ તપાસકરી. પણ ખૂનનો પત્તો જ ન લાગ્યો, અને તેની લાસનેય રાતોરાત બાળી મૂકી. આંટલા દિવસ સુધી કાંઇ પત્તો લાગ્યો નહિ, પણ વખતે સંન્યાસી મંત્ર ભણીને બધી વાતનો ભેદ ખુલ્લો કરી દે એવી જમીનદારના મનમાં બ્હીક પેસી ગઈ છે તેમાં સંન્યાસીની આટલી બધી ખુશામત થાય છે."

આ પ્રમાણે આખો દિવસ જમીનદારની સ્ત્રી, યોગમાયા, જમી-

નદાર, સંન્યાસી, એઓનાં ચરિત્ર વિષે વિવિધ પ્રકારની સમાલોચના મહિલા પારષદ્‌માં ચાલુ રહી.

સાંજે દેવીપ્રસાદે પિતાને કહ્યું, " આજે કાંઈ જમીનદાર આપણા ઉપર સંતુષ્ઠ થએલા લાગે છે અને આપણી સાથે મિત્રભાવે વર્તે છે. "

રમાપ્રસાદ—દેવી ! તું ભૂલ ખાય છે. આજથીજ એ જમીનદાર આપણો કટ્ટો શત્રુ થયો છે માટે સાવધાન રહેજે ! "

દેવીપ્રસાદ—" કેમ, તેણે આપણે માટે મિઠાઈ મોકલી. આપણી સેવા માટે નોકરચાકર મોકલ્યા, અને એમ કેમ બોલો છો ?"

રમાપ્રસાદ—" જોજે, એણે મોકલેલી ચીજમાંથી એક પણ ચીજને તુ અડકતો નહિ. તેના નોકર ચાકરો આપણી સેવા કરવા માટે નહિ પણ આપણે શું બોલીએ છીએ, શું કરીએ છીએ, તેની તપાસ રાખવા આવ્યા છે. "

પ્રકરણ ૧૯ મું.

કલકત્તે પ્રયાણ.

જે દિવસથી રમાપ્રસાદને શેઠાણી સાથે વાતચીત થઈ તે દિવસથી કામિનીકાન્ત બાબુએ લોકો સાથે મેળાપ લગભગ બંધ કર્યો. તે હમેશાં એક ઓરડામાંજ ભરાઈ રહેતા મનમાં ને મનમાં મનસુબો ઘડતા. વર્ધમાન અને કલકત્તે ઉપરા ઉપરી નોકરો મોકલતા. તેમના ઉપર ફરરોજ કાગળોનાં બંડલો આવવા લાગ્યાં, અને તેમના પત્રો પણ ચારે દિશાએ જવા લાગ્યા. નોકરો વાત કરતા કે જમીનદાર સાહેબને સ્વભાવ ચીડીઓ થઈ ગયો છે. દાસીઓ કહેતી કે શેઠ શરીરે અડધા થઇ ગયા છે.

આમ કરતાં કરતાં બે ત્રણ મહિના વીતી ગયા. એવામાં

તાલપુખુરથી સમાચાર આવ્યા કે ઘરડા તારિણી બાબુ રામશરણ થઈ ગયા. વળી વિશેષ ખબર મળી કે તારિણી બાબુએ મરતા પહેલાં થોડા કલાક આગમચ સરસ્વતી પંડિતને પોતાની પાસે તેડાવ્યો હતો, અને તે મરનારના ઘરમાં આખી રાત રહ્યો હતો. સુધા શરત્‌ની સાથે પૂર્વ બંગાળામાં હતી કેમકે શરત્‌ની ત્યાં બદલી થઇ હતી. એટલે એકલી બિન્દુ કાકાની ઉત્તમ રીતે બરદાસ લેતી હતી. બિન્દુ ઘરમાં આવે જાય તે તેની ગોપી કાકીને બિલકુલ પસંદ હતુ નહિ, પણ ધણીની સખત માંદગીને લીધે તેનાથી કશું બોલાતું નહિ. વળી સચાચાર આવ્યા કે તારિણી બાબુના મરણ વખતે રમાપ્રસાદ તેની પાસેજ હતો વળી એવી પણ એક ગપ ઉડી હતી કે તારિણી બાબુએ જે વીલ કરીને પોતાની સર્વ મિલ્કત સ્રીને સ્વાધીન કરી હતી તે જૂનું વીલ રદ કરીને તેણે એક નવું વીલ કર્યું છે અને તેમાં પોતાની બધી દોલત બિન્દુ અને સુધાને આપતા ગયા છે

આ વાત સાંભળીને કામિની બાબુ ક્રોધથી રાતા ચોળ થઇ ગયા અને ધમપછાડા કરવા લાગ્યા. તે દિવસે તેમણે ખાધું નહિ અને ઉંઘ્યા પણ નહિ. આખો દિવસ એકલા એકલા મનસુબો કરવા લાગ્યા. તારિણી બાબુની સંપત્તિ હેમ અને શરત્‌ને ન અપાવતાં ગોપબાળાના હાથમાં રખાવવી અને પછી તેને ધીમે ધીમે સ્વાહા કરી જવી; અધર્માચારી દુષ્ટ રમાપ્રસાદ ઉપર કોઇ પણ રીતે વેર લેવું; ઉદ્ધત સુધારાવાળા હેમને સજા કરાવવી; અને તેમ કરવા માટે એક મ્હોટો કેસ ઉભો કરવો કે જે વડે પોતાનું પરાક્રમ લોકોને બતાવાય; સુશીલા અને દેવીપ્રસાદનું લગ્ન અટકાવીને પોતાની ધર્મપરાયણતા અને આર્યધર્મવીરત્વ સિદ્ધ કરવું; એવા એવા અનેક સંકલ્પો અને વિકલ્પોના પ્રલોભનમાં કામિનીકાન્તનું મન આમ તેમ ઝોકાં ખાતું

હતુ. બે પ્રહર દિવસ ચઢયો, અઢી પ્રહર થયા, ત્રણ થયા, પણ નહિ સ્નાન અને નહિ ભોજન. માત્ર વારે વારે નોકર પાસે હુક્કો ભરાવી મંગાવતા એટલુજ. હમણાં તો તેઓ એક ચિત્તે પોતાના મિત્રોની સલાહ સાંભળવામાં અને વિચારવામાંજ ગુંથાયા હતા. સાંજને પહોર મગરૂર અને હર્ષ પૂર્ણ ચહેરે કામિનીકાંત બાબુ કમરપર હાથ દઈ રોફબંધ ઉભા હતા. તેમણે આઘેથી જોયું તો રમાપ્રસાદ તાલપુખુરથી આવતો હતો. તેને જોઈ પોતે હસીને બોલ્યા, "અલ્યા સંન્યાસી ! તું તો બડો ખેલાડી જણાય છે ! ખુબ ચાલ ચાલે છે. ઠીક છે બચ્ચા ! તેં અનેક ચાલ ચાલ્યા પછી મને કીસ્ત લગાડી છે. હવે મને એક ચાલ ચાલવા દે. પછી જોઇ લે બચ્ચા સપાટો ! "

બીજે દિવસે સવારમાં સનાતનવાડીના જમીનદારને ઘેરથી એક પાલખી અને નોકરડીને તાલપુખુર મોકલવામાં આવ્યાં. જાણે જમીનદારની સ્ત્રીએ તેમને મોકલ્યાં હોય તેવું ડોળ કરવામાં આવ્યુ હતું. બિચારી તારિણી બાબુની સ્ત્રી હમણાં પતિના મરણથી શોકાતુર હશે, તાલપુખુરમાં તેનું કોઇ અંતરનું સગું છે નહિ તેથી તેની ખબર અંતર પણ કોણ લે ! વળી પતિની મિલ્કતની વ્યવસ્થા પણ કોણ કરાવી આપે માટે ગોપબાળાને કહીએ કે થોડા દિવસ સનાતન વાડીમાં આવીને રહો. જગ્યા ફેર બદલ કરવાથી શોક પણ કમી થશે અને તમારી મિલ્કત ઉપર શત્રુ તાકી રહ્યા છે તેનો પણ રસ્તો થશે. પછી થોડા દિવસ રહી તમારી મરજીમાં આવે ત્યારે ઘેર જજો. વળી જો તારિણી બાબુએ ખરેખર વીલજ કર્યું હોય અને બધી મિલ્કત ભત્રીજીઓને આપી ગયા હોય તો તેને માટે કેસ લડયા વગર છૂટકો નથી. સનાતન વાડીના ઉદાર દીલના જમીનદાર આ કેસમાં અનાથ વિધવાને સહાય આપવાને માટે

ઘણાજ ખુશી છે એમ કહેવડાવ્યું હતું.

આવા પરોપકારવૃત્તિના દયાળુ જમીનદારનું નિમંત્રણ સ્વીકારીને ગોપબાલા સનાતનવાડી ગઇ અને ત્યાંજ રહેવા લાગી.

દશ દિવસ સુધી રાત દહાડો મસલત ચાલી. વર્ધમાનથી ગોકુળચદ્ર આવ્યો; કામિની બાબુના બીજા સલાહકારો પણ આવ્યા; છેવટે બધાએ મળીને કાર્યક્રમ નક્કી કર્યો. વર્ધમાનની કચેરીમાં દાવા નોંધાયા. પોલીસના થાણામાં લોકોની આવજા થવા લાગી. બધી તૈયારી થઇ ગઇ, ત્યારે ગોપબાલા તાલપુખુર ગઇ. તેજ દિવસે સાંજે કામિનીકાન્ત બાબુ ભારે ઠાઠમાઠથી પાલખીમા બેસી સનાતનવાડી છોડી પરગામ ગયા.

રમાપ્રસાદ અને દેવીપ્રસાદ જમવા બેઠા હતા તેવામાં વાજતે ગાજતે જમીનદારની સ્વારી ગઈ. દેવી પ્રસાદે કહ્યુ, " પેલા જમીનદાર ચાલ્યા. લોકો કહે છે કે કેટલાક મહિનાથી તેમની તમીયત સારી રહેતી નથી અને બહુ લેવાઇ ગયા છે તેથી હવાફેર કરવાને માટે પશ્ચિમ તરફ જાય છે. "

રમાપ્રસાદ—" દેવી ! તું ભૂલ કરે છે, આપણને ભંયકર સંકટમાં ઘેરવાને માટે ચતુર જમીનદાર કલકત્તે જાય છે. "

પ્રકરણ ૨૦ મું.

સુમતિ બાબુનું દિવાનખાનું.

કલકત્તાના પ્રસિદ્ધ સોલીસીટર સુમતિ બાબુનું દિવાનખાનું ઘણું સાદું અને સ્વચ્છ હતું. ત્યાં હાંડી ઝુમ્મરનો ભપકો ન્હોતો. માત્ર ત્રણ ગેસની બત્તીઓ બળતી હતી. લખવાના ટેબલ ઉપર એક રીડીંગ લેમ્પ બળતો હતો. ભીંત ઉપર અર્ધનગ્ન અપ્સરાઓનાં ચિત્રો ન

હતાં. માત્ર પર્વત, સમુદ્ર, સરોવર, રમણીય ગામડાં વગેરે દેખાવોનાં સુંદર ચિત્રો હતાં. ત્યાં આરસપહાણનો સરસામાન પણ ઝાઝો ન હતો. ફક્ત એક લખવાનું ટેબલ, ચાર પાંચ ખુરશીઓ, બે સોફા અને એક આરામ ખુરશી એટલાંજ હતાં. જમીન પર સેત્રંજીઓ કે ગાલીચા બિછાવ્યા ન હતા પણ આખા ઓરડામાં સાદી સાદડી બિછાવેલી હતી. કેટલાક મ્હોટા માણસોને ઘેર થાય છે તેમ સુમતિ બાબુના ઘરમાં આખો દિવસ સતાર કે હારમોનીઅમના સુર નીકળતા ન હતા. આ સઘળા દેખાવ ઉપરથી તેઓ ધનવાન છે એમ કોઇને લાગતું નહિ, પણ તેમને એક વાર જોયાથી અને તેમની સાથે વાતચીત કર્યાથી હરકોઈને માલમ પડતું કે તે ઘણા બુદ્ધિવાન છે.

આજે સાંજ પડી ગઇ છે. ઓરડામાં દીવા ઝગઝગાટ બળી રહ્યા છે. સુમતિ બાબુના મિત્રો આનંદથી પરસ્પર વાર્તા વિનોદ કરી રહ્યા છે. તેમની અંદરથી બે માણસો આપણને પરિચિત છે.

ધનપુરના ધનંજય બાબુ હવે પહેલાંના જેટલા શ્રીમંત નથી. તેમનું ઘણુંક ધન તો હાથમાંથી પાણીની પેઠે વહી ગયું છે. બાકીનું દેવા પેટે અવેજમાં ગયું છે. લોકો અંદર અંદર વાતો કરતા હતા કે ધનજયની મિલ્કતનો મ્હોટો ભાગ બુદ્ધિમાન સુમતિ બાબુ હસ્તગત કરી ગયા છે. ધનંજયે બીજીવાર લગ્ન કર્યું હતું પણ તે સ્ત્રી વડે તેમને કદી સુખ મળ્યું નહોતું. જેમ માંસ વગરના શબનો ગીધ ત્યાગ કરે અને બીજા શબને ખોળવા ઉડીજાય તેમ તેમની માશુકો તેમની દરિદ્રાવસ્થા જોઇ ક્યારનીએ ચાલી ગઈ હતી. તેમનો સુંદર બગીચો વેચાઇ ગયો હતો. હવે બિચારા ધનંજય બાબુ સુમતિ બાબુના દિવાનખાનાનો આશ્રય લેતા હતા. સુમતિ બાબુ વિવેકી હતા; જેની લગભગ તમામ મિલ્કત પોતે બુદ્ધિબળથી પોતાને ઘેર ખેંચી લાવ્યા હતા

તેનો એકદમ તિરસ્કાર કરે એવા ન હતા. ધનંજય દિવાનખાનાના એક ખૂણામાં બેસતા અને સુમતિ બાબુએ મહેરબાની કરીને આપેલી વ્હીસ્કીનો સ્વાદ લેતા અને તેમની વિવેક ભરી વાણીવડે ફુલાઈ જતા. હવે તે પ્રથમના જેવા સુંદર પણ ન હતા. જુવાન છતાં જુવાન દેખાતા ન હતા. આંખનું તેજ ભરજુવાનીમાં ક્ષીણ થવા આવ્યું હતું. માથાના વાળમાં પણ ધોળી છાંટ આવી હતી. તેમના અશકત હાથમાં 'વ્હીસ્કી'નો પ્યાલો ધ્રુજતો હતો. હાલ તેમની પહેલાની સફેત ઘોડાની અને કાળા ઘોડાની જોડી નહતી. આવવા જવાને માટે તેમણે એક જૂની ગાડી રાખી હતી અને એક અધમુઓ ઘોડો તેને જોડતા હતા. તેમના કોચમેનના મ્હોં ઉપરથી માંખ ઉડન હતી. જેવા શેઠના હાલ તેવા તેના હતા. હાલમાં તારિણી બાબુનું મરણ સાંભળીને ધનજયને કંઇક મનમાં આશા રહેતી હતી કે તેની મિલ્કતમાંથી કાંઇક મળશે. આ બાબતમાં તેઓ સુમતિ બાબુની સલાહ લેતા હતા અને તેમના જેવા શાણા સલાહકાર કલકત્તામાં બીજા કોણ હોય ?

કેટલાક નવા જમીનદારો આજે સુમતિ બાબુ પાસે આવ્યા હતા. કેટલાક હજી સગીર વયના હતા. થોડા વખતમાંજ લાયક ઉંમરના થવાના હતા. પણ અત્યારથીજ તેમને નાણાની તંગી પડવા લાગી હતી તેથી પૈસા મેળવવવા માટે સુમતિ બાબુની સલાહ લેવા આવ્યા હતા. આ બાબતમાં તેમના જેવા કુશળ પંડિત જગતમાં કોણ હોઇ શકે ? કેટલાકને પોતાના મરી ગયલા સગાની મિલ્કત પચાવી લેવી હતી. તેને માટે એક કેસ ઉભો કરતા હતા. તેથી આજે સુમતિ બાબુને એક વીલ (તે કેવી રીતે બનાવ્યુ હશે તે અમે જાણુતા નથી) બતાવવા આવ્યા હતા. કેટલાકનાં શરીર વિલાસ

સાગરમાં ધોવાઇ ગયાં હતાં. કેટલાક નાટય શાળાની નવી એકટ્રેસના હાસ્ય અને કટાક્ષથી મોહિત થયા હતા. તેઓ પણ સર્વ રસિક વિષયના રસજ્ઞ સુમતિ બાબુ સાથે મધુર આલાપ કરવા આવ્યા હતા. આવતા શનિવારે પોતાને ઘેર પાર્ટી હોવાથી કેટલાક સુમતિ બાબુને નિમંત્રણ દેવા આવ્યા હતા. કેટલાક રસ્તે જતાં જતાં ફક્ત સુમતિ બાબુને જોવાને માટેજ કે પછી તેમના ઘરની વ્હીસ્કીનો એક પ્યાલો પીવાને માટેજ ગાડી થોભાવીને ઉપર આવ્યા હતા.

આ પ્રમાણે નાના પ્રકારનાં મનુષ્ય રૂપી પુષ્પોથી સુશોભિત દિવાનખાનામાં સર્વ પુષ્પના શિરોમણી પારિજાતક રૂપી કામિની બાબુ પણ બિરાજ્યા હતા. આસપાસ સર્વત્ર આનંદ થઇ રહ્યો હતો પણ આજ તેમની મુખમુદ્રા ગંભીર હતી. બધા પરસ્પર વાતો કરતા હતા પણ આજ તેમનું ચિત્ત કશામાં પરોવાતું નહિ હોવાથી તેઓ મૂગા મૂંગા બેસી રહ્યા હતા સૂક્ષ્મ બુદ્ધિમાન સુમતિ બાબુ સમજી ગયા કે કાંઇ ગંભીર મામલો હોવો જોઇએ.

કેટલીક વાર સુધી તો પરચુરણ ગપ્પાં ચાલ્યાં. રાત્રે દશ વાગતાં બધાએ રજા લીધી. માત્ર દિવાનખાનાના એક ખુણામાં હાથમા વ્હીસ્કીનો પ્યાલો લઇ ધનંજય બાબુ તંદ્રા અવસ્થામાં પડયા હતા. તેને ઉંઘી ગએલો ધારી કામિની બાબુએ પોતાની વાત કરવા માંડી. પોતાના ગામમાં એક દુષ્ટ અધર્મી સાધુ આવ્યો છે, તે બ્રાહ્મણના દીકરા સાથે કાયસ્થની કન્યાનું લગ્ન કરાવવાની ઇચ્છા કરે છે, તારિણી બાબુની વિધવા પાસેથી તેના ધણીની મિલ્કત ઝુંટવી લેવાની ખટપટ કરે છે, તારિણી બાબુના મંદવાડ વખતે તે દવા પણ આપતો હતો અને તેમના મરણ પછી તેણે બનાવટી વીલ ઉભું કર્યુ છે. હિન્દુ ધર્મ અને હિન્દુ આચાર વિચારનું રક્ષણ કરવું

એ હિન્દુ માત્રનો ધર્મ છે. નિરાધાર જમીનદારની વિધવાને સહાય આપવી એ જમીનદાર માત્રનો ધર્મ છે. આટલી પ્રસ્તાવના કર્યા પછી સાધુ ઉપર ફોજદારી કેસ ચલાવા માટે જે કપટજાળ રચી હતી તે સઘળી વાત કામિની બાબુએ સંક્ષેપમાં જણાવી દીધી.

આ પ્રમાણે વાત કરતાં કરતાં અગીઆરનો અમલ થયો. અત્યારે લાંબી વાત કરવાનો સમય નથી માટે અન્ય કોઇ વખતે કરીશું એમ કહી રજા લીધી- જતી વેળાએ તેમણે કહ્યું આપનો ફરીથી મેળાપ ક્યારે થશે ? આ બાબતમાં આપની સલાહની જરૂર છે અને તેટલા માટે તો હું આવ્યો છુ." સુમતિબાબુ–"આપ જ્યારે બોલાવશો ત્યારે હું તો હાજર જ છું."

કામિની—" કાલે સાંજે ફુરસદ છે ? મારા બગીચાવાળા બંગલામાં જો આપ પધારશો તો જરા ગાન તાન પણ થશે અને વાત પણ થશે. "

સુમતિ—" જરૂર આવીશ. પેલી આપની કોકિલકંઠી યવન સુંદરીને બોલાવશોને ? તેને મ્હોડેથી "શ્યામરે મોરી બૈયાં" વાળી ચીજ સાંભળવાનું ઘણુ મન થાય છે. અહા ! શો તેનો કંઠ ! જાણે તાનસેન ! શી તેની નાચવાની છટા ! જાણે અપ્સરા ! "

કામિનીકાન્તે હસીને કહ્યું, " આપની આજ્ઞા હશે તો તેને પણ બોલાવાશે. કાલે સાંજે પધારજો, ગાનતાન થશે અને આપણી અધૂરી રહેલી વાત પણ થશે. " એમ કહી કામિની બાબુએ રજા લીધી. જતાં જતાં તેમણે ધનંજય ઉપર નજર કરી પણ તે તદ્દન ઉંઘતો જણાયો. પણ કામિની બાબુની ભૂલ હતી. ધનંજયે સસરાના વીલની વાત સાંભળી એટલે તેણે કાન માંડયા, આંખ બંધ કરી અને બધી વાત સાંભળી લીધી.

પ્રકરણ ૨૧ મું.
કામિનીબાબુનો બંગલો.

આજ કામિનીબાબુના બગીચામાં નાચપાર્ટી હતી. કોકિલાને લજવે એવા મધુર સ્વરથી ખોજેસ્તા બીબી "શ્યામરે મોરી બૈયાં" વાળી ચીજ પલટાવી પલટાવીને ગાતી હતી, અપ્સરાને ટક્કર મારે તેવા રમણીય તાલથી નૃત્ય કરતી હતી, અને તેના હરિણ જેવાં ચપલ નેત્રમાંથી તીક્ષ્ણ કટાક્ષબાણ વર્ષાવતી હતી. સુમતિ બાબુ જાણે મંત્રમુગ્ધ સર્પ હોય તેમ અનિમેષ નેત્રે અને આનંદપૂર્ણ ચ્હેરે એ વારાંગના તરફ જોઈ રહ્યા હતા. પણ કામિની બાબુના લલાટ ઉપરથી ચિન્તાની રેખા લેશ માત્ર પણ ભૂસાઇ ન હતી.

નૃત્ય પૂરૂં થયા પછી બધી મિજલસ રિફ્રેશમેન્ટ લેવા ઉઠી. ખાણું ઈંગ્લીશ ઢબનું હતું એ અત્રે કહેવાની જરૂર નથી. મુસલમાન ખાનસામાએ નાના પ્રકારની મિષ્ટ વસ્તુઓ ટેબલ ઉપર ગોઠવી હતી. ખોજેસ્તા બીબી ખાનસામાના હાથમાંથી શેંપેનનો શીશો લઇ પ્યાલો ભરી ભરીને અમૃતપાન કરાવતી હતી અને પાતાં પાતાં હાફેજની "શાકી મય બાંકી" વાળી ગજલ લલકારતી હતી. ગજલ ગવાઇ રહી એટલે તેણે રજા લીધી પણ કામિની બાબુએ હજી પણ પોતાનો શરાબનો પ્યાલો હોઠે અડકાડયો ન હતો. હજી તેમનું લલાટ ચિંતાની રેખાથી મુક્ત થયું ન હતું.

પછી બે જણ પાસે બેસીને ધીરે ધીરે છાની વાત કરવા લાગ્યા.

સુમતિ—" હવે આજની વાત ફરીથી કહો. ગઈ કાલે બરાબર વાતચીત થઈ નથી. "

કામિની—" હું બધી વાત કાલે કહીજ ગયો હતો. મારા ગામમાં કેટલાક મહિનાથી એક જટાધારી બ્રાહ્મણ આવ્યો છે અને

તેણે મ્હોટી ધાંધલ મચાવી છે એ વાત મેં કાલે આપને કહી હતી. તે ઉપનિષદ્‌ની કથા કરે છે, વેદ ભણે છે, તમામ માણસોને એકઠા કરીને શાસ્ત્ર ભણાવે છે. ન્યાત બહાર મૂકાયલા હેમ અને શરતની સાથે જમે છે. વળી મેં સાંભળ્યું છે કે કાયસ્થની કન્યા સાથે પોતાના છોકરાનાં લગ્ન કરવાની તજવીજ કરે છે. શિવ ! શિવ ! શિવ ! કેવો અધર્મ ! સનાતનવાડીમાં આ પ્રમાણે થાય તો ત્યાં હિન્દુ આચાર વિચાર ઉપર પાણી ફરી વળે."

સુમતિ—"આપ આર્ય સનાતન ધર્મના સ્તંભ રૂપ છો. આપની સામે એ જોગટાની શી તાકાત છે ? આપે તેની સામે કેમ કંઇ પગલાં ભર્યાં નહિ ?"

કામિની—" આપ માર્ગ બતાવો."

સુમતિ—" આપે આજે જેને નાચવા બોલાવી હતી તેને એક વાર આપની હવેલીમાં બોલાવીને નાચ કરાવો. યવન સુંદરીના પ્રતાપ આગળ તે બિચારો સાધુ સાત સલામો કરીને ચાલ્યો જશે."

કામિની—" અરે ભાઈ સાહેબ ! એ ઉપાય બને તેમ નથી. મારા ગામના લોકોમાં એવા કુસંસ્કાર પેસી ગયા છે કે તેઓમાં સુધારો થાય એમ નથી. મુસલમાનીને ઘરમાં દાખલ કર્યાથી લોકમાં નિન્દા થવાનો સંભવે છે. "

સુમતિ—" ત્યારે બીજો ઉપાય લ્યો."

કામિની—" આપ કહો જોઇયે."

સુમતિ—" આપને ત્યાં લઠ્ઠ ભૈયાઓ તો ઘણા છે. એકાદ બળવન્ત ચોબેને કહી દો એટલે જટાધારીને ગળચી પકડીને ગામ બહાર કહાડી મૂકશે. આવી નજીવી વાત માટે આપ આટલા ચિન્તાતુર કેમ થાઓ છો ? "

કામિની—" અરે સાહેબ, એ ઉપાય મેં કરી જોયો પણ ફોકટ ગયો. કાલે મેં કહ્યું હતું કે એ જટાધારી અમારા ગામની કેટલીક જૂની વાતો પણ જાણતો લાગે છે. તેને બહાર કહાડી મૂકવામાં આવે તો એ જૂની વાતોને જાહેર કરી દઈ ને મને અને મારા કુટુંબને ભારે વિપત્તિમાં નાંખે એવું મારૂં માનવું છે."

સુમતિ—" આપના ગામનો ઇતિહાસ હું પૂરો જાણતો નથી, માટે સ્પષ્ટ કરીને કહો તો હું સમજી શકું."

કામિની–"ઠીક ત્યારે સાંભળો. મારા પિતા ઘણા બુદ્ધિવાન હતા; તેમણે અમારી વિશાળ જમીનદારીના ઘણાક ન્હાના ન્હાના હિસ્સા વેચાતા લીધા હતા અને ચાર આની જમીનદારીના માલિક થઇને મરણ પામ્યા તે આપ જાણો છો. મેં એ ચાર આની જમીનદારી ઉપરાંત રમણીકાન્ત નામે મારો એક પિત્રાઇ હતો તે સગીર ઉંમરનો હોવાથી તેની ત્રણ આની જમીનદારી પણ પડાવી લીધી."

સુમતિ—" આપ ઘણા બુદ્ધિમાન છો તેથીજ અત્યાર સુધી એ સગીર વયના પિત્રાઇની ત્રણ આની જમીનદારી આપના હાથમાં ટકી રહી છે."

કામિની—" એમાં ઝાઝી મુશ્કેલી ન્હોતી. તે રમણીકાન્ત એક અક્કલ વગરનો ગમાર જેવો છોકરો હતો. તેથી લાયક ઉંમરે આવતા પ્હેલાં મારા હાથમાંથી પોતાની જમીનદારી પાછી લેવા તેણે કોશીશ કરી. તે વર્દ્ધમાન જઇને કલેકટરને મળ્યો અને એવી અરજી કરી કે તેની જમીનદારીનો ભાગ કૉર્ટઑફ વૉર્ડસમાં જાય. પણ કલેકટર મારો મારેલો હતો તેથી તેણે અરજી નામંજુર કરી અને તેની મિલ્કતનો સઘળો વહિવટ મને સોંપ્યો. પછી પેલો બેવકૂફ રમણીકાન્ત વીરગ્રામ ગયો અને રૈયતને ઉશ્કેરવા લાગ્યો કે તમે

મ્હેસુલ ભરશો નહિ. પોતે પણ હાથમાં ડાંગ લઇને લડવા ઉભો થયો અને મારા કારકુનોને ગામમાંથી કહાડી મૂકયા. પછી તેણે સો એક માણસોનો જમાવ કર્યો અને તે દરેકનાં હાથમાં અક્કેક ડાંગ આપીને પોતે ગામનો રાજા થઇને બેઠો.

હાલ તો આવે પ્રસંગે પોલીસને ખબર આપવી પડે છે. તે વખતે અમે જાતેજ એવા કામનો ફૈસલો લાવી નાંખતા. હું પણ તે વખતે ભરજુવાનીમાં હતો તેથી મારામાં ડહાપણની ખામી હતી. મેં પણ ડાંગોવાળા પાંચસો ભૈયાઓ લીધા અને ગામ ઉપર હુમલો કર્યો પછી શું થયું તે આપ જાણો છો."

સુમતિ—" હા મે સાંભળ્યુ છે કે એ હુલ્લડમાં રમણીકાન્તનુ ખૂન થયુ હતુ અને તેના સબંધમાં ઘણા વખત સુધી પોલિસ આપને વિષે તપાસ ચલાવતી હતી. "

કામિની—અરે પોલિસથી તો ગરીબ લોકો ડરે. અમે પૈસાવાળા ડરીયે નહિ. તોપણ આવા ખનના કેસમાં ગુન્હેગાર ન પકડાય તો ગામના જમાદારને નોકરીમાં નુકસાન થાય. તેથી કરીને મેં પાચ સાત જણને વર્ષાસન બાંધી આપ્યું અને ગુન્હેગાર તરીકે તેમને પકડાવ્યા. તેઓને થોડી ઘણી કેદની સજા થઇ તેથી તેમના બૈરાં છોકરાને મેં સારી રીતે પાળ્યાં. જેઓ મારવામાં ખરેખરા આગેવાન હતા તેમને મેં નસાડી મૂકયા. હીરાસિંગ, લાલસિંગ અમે જૌહરસિગ એ ત્રણ જણે રાતોરાત રમણીકાન્તની લાસને બાળી નાંખીને પોતે પરદેશ જતા રહ્યા. "

સુમતિ—"વાહ ! પાકો બંદોબસ્ત કર્યો છે. હવે ડરો છો કેમ ? હુલ્લડમાં આપ સામેલ ન્હોતા તે સાબીત થઇ ચૂકયું છે. જેઓ

સામેલ હતા તેઓ કેદમાં ગયા. હવે ફિકર શી છે ? ત્રીશ વર્ષ પછી આપની વિરૂદ્ધ પાછો કેસ ઉભો કરવાની શું એ સાધુમાં તાકાત છે ?

કામિની—" એ હુલ્લડની પૂરેપૂરી વાત એ સાધુ જાણે છે એવું મારૂ પકકું માનવુ છે. પણ તેનો મને ભય નથી. ત્રીશ વર્ષનો જૂનો ભૂલાઈ ગએલો કેસ તાજો કરે તેથી હું ડરતો નથી. "

સુમતિ–" ત્યારે તમને શાનો ડર છે ? "

કામિની—" રમણીકાંતે મારી સાથે તકરાર કરતી વખતે પોતાની સ્રીને દત્તક પુત્ર લેવાની પરવાનગી આપી હતી. જો કે એ હતો તો બેવકુફ તોપણ તે એટલુ સમજતો હતો કે વખતે મારામારીમાં તેનો જીવ પણ જાય. તેથી કરીને પોતાની અપુત્ર વિધવા દત્તક પુત્રને બ્હાને ધણીની મિલ્કતનો ભોગવટો કરે એવો બદોબસ્ત તે કરી ગયો હતો. "

સુમતિ—" આપ બુદ્ધિમાન જમીનદાર થઈને એક વિધવાથી ડરો છો ? આપ સનાતન વાડીમાં છો અને તે વિધવાની મગદૂર છે કે તેનાથી દત્તક પુત્ર લેવાય ? "

કામિની—"તે રસ્તો મેં બંધ તો કર્યો છે. રમણીકાંતના મૃત્યુ પછી તેની વિધવા પાસેથી તે દસ્તાવેજ ફોસલાવીને પડાવી લીધો તો છે જ. અને તેના ધણીની તમામ મિલ્કત તેણે મને લખી આપી છે પણ મને ખાનગી બાતમી મળી છે કે એ જટાધારીને તે દસ્તાવેજની ખબર છે. તે ધારે તો કચેરીમાં મારી વિરૂદ્ધ દાવો જીતી શકે અને યોગમાયાને સમજાવીને તેની પાસે પોતાના છોકરાને દત્તક લેવડાવે. અને પછી પુત્રના હિસ્સાની ત્રણ આની જમીનદારીનો માલીક પોતે થઈ બેસે. યોગમાયાની રહેણીકરણી જોતાં પણ મને આ વાત

ખરી લાગેછે અને મને જાણ થઇછે કે એ નફ્ટ વિધવા એ સંન્યાસી સાથે પુનર્વિવાહ કરનારી છે. તે સાધુનું આવું આચરણ જોતાં મને તો તે પૂરેપૂરો ઢોંગી લાગે છે. તે ધર્મનો ઉપદેશ કરવા નથી આવ્યો પણ જમીનદાર થવા આવ્યો લાગે છે. શું કરૂં ? અંગ્રેજી રાજ્ય છે નહિ તો એ દુષ્ટ, અધર્મી, આચારભ્રષ્ટ અને કર્મભ્રષ્ટ આ પુરૂષને જીવતાં ને જીવતાં ભીંતમાં ચણાવી દઉં પણ હાલ હિન્દુ ધર્મની જેવી અવસ્થા છે તેવી અમારી પણ છે. "

લાંબા વખતથી તેમને બોલવું પડયુ હતુ તેથી બિચારા કામિની બાબુનું ગળું સૂકાયું હતું અને આર્યધર્મની પડતી જોઇ તેમના હૃદયને પણ ઉદ્વેગ થયો હતો તેથી તેમણે મદિરાનો ગ્લાસ પીને ગળું ભીંજાવ્યુ અને અસ્ત થતા આર્યધર્મને સતેજ કર્યો. પછી ધીમે ધીમે બોલ્યા—

" મારી વિપત્તિનો ઇતિહાસ આવો છે. હવે જે મેં યુક્તિ રચી છે તે મેં કાલે આપને કહી નથી માટે સાંભળો.

તાલપુખુરના તારિણી બાબુ થોડા વખતથી ગુજરી ગયા છે. તેમણે મરતાં પ્હેલાં કેટલાક મહિના આગમચ વીલ કરીને પોતાની તમામ મિલ્કત આને આપી હતી પણ મેં સાંભળ્યું છે કે તેમણે પોતાના મરણને આગલે દિવસે જૂનું વીલ રદ કરી એક નવું વીલ તૈયાર કર્યું છે અને તેમાં તમામ દોલત શરત્ અને હેમને આપવાનું લખી ગયા છે. કેટલો પ્રપંચ ? કેટલો જુલમ ? શિવ શિવ ! શિવ ! અનાથ વિધવાને આ પ્રમાણે કોઇનાથી દારિદ્ર-સમુદ્રમાં તણાતી મૂકાય ? "

સુમતિ—" પણ હવે તે બિચારી તણાતી ખેંચાતી સનાતન

વાડીને કિનારે સહિસલામત આવી પહોંચી છે એટલે શી ફિકર છે ? "

કામિની—" ગોપબાળા નિરાધાર હોવાથી મારી પાસે સલાહ લેવા આવી હતી તેથી મે નિષ્કામ ભાવે સલાહ આપી તે શું ખોટું કર્યું ? "

સુમતિ—" અલબત તેને આવી સ્થિતિમાં શિખામણ ઝટ લાગી જાય એમ છે. બસ વીલ રદ કરો. બિચારી અનાથ વિધવાની મિલ્કત સાચવવાનું તમે પોતે માથે લો, અને તે બાપડી પતિના શોકથી અને યૌવનના તાપથી તપેલી છે તેને પ્રેમદાન આપીને શાંતિ પમાડો. "

કામિની—" ભાઇ સાહેબ ! આ મશ્કરીની વાત નથી. હજી તો એ વાતનાં મૂળ ઉંડા છે. તારિણીબાબુ મરી ગયા તે વખતે એ જટાધારી ત્યાં હાજર હતો અને વીલ લખાઇ ગયા પછી તરતજ ડોસાનો જીવ ગયો. આ શક પડતી બાબત છે. એ બાવો કંઇ કાચો નથી. "

સુમતિ—" મને તો એમ લાગે છે કે આપે આપની જાડી બુદ્ધિ પ્રમાણે આ કામ માથે લીધું છે. વાહ ! કલકત્તાની કચેરીઓને આપે ધ્રુજાવી છે તો એક સાધુ ઉપર ખૂનનો આરોપ સાબીત કરવો એમાં શી મુશ્કેલી છે ? ધન્યછે આપની ગામડીયા બુદ્ધિને ! વાહ ! વીરગ્રામના હુલ્લડમાં ખૂન કર્યાનો આરોપ આપના ઉપર તે મૂકવા જાય તે પહેલાં તો આપેજ તેના ઉપર ખૂનનો આરોપ મૂકી દીધો. સાબાશ ! "

કામિની—" આરોપ હું શાનો મૂકું ? તેમ કરૂં તો કાચું

કપાઇ જાય. મેં ગોપબાળાને શીખવીને તેની પાસે તેને નામે ફરિયાદ દાખલ કરાવડાવી છે કે મારા ધણીનુ મરણ અકસ્માત નીપજ્યું છે તેથી તેની તપાસ થવી જોઇએ. તે ઉપરથી પોલિસ તપાસ કરશે અને પોલિસ તો મારીજ છે. જો એ સાધુ ઉપર ખૂનનો આરોપ સાબીત ન કરૂ તો મારાં આટલાં વરસ પાણીમાં ગયાં એમ માનું."

સુમતિ—" કામિનીબાબુ, આપ એક મિત્ર તરીકે મારી સલાહ લેવા આવ્યા છો તો મારે પણ એક મિત્ર તરીકે જ આપને સલાહ આપવી જોઈએ. તેથી હુ આપને ખોટી સલાહ આપીશ નહિ. મારે આપને કહેવું જોઇએ કે આ કામમાં આપે મ્હોટી ભૂલ કરી છે. આજના વખતમાં કોઇના ઉપર ખૂનનો જૂઠો આરોપ સાબીત કરવો તે સહેલુ કામ નથી. જરૂર આપ છેવટે મ્હોટી ગૂંચવણમાં આવી પડશો. "

કામિની—" આપની ભૂલ થાય છે. કલકત્તામાં શું થાય છે તે વાત તો હું જાણુતો નથી પણ અમારી જીલ્લાની કચેરીઓમાં તો એમ બને છે કે જે વાત ન્હાનું છોકરૂં કે રાંડીરાંડ ડોશી જાણુતી હોય તે વાત પણ કચેરીમાં ટકી શકતી નથી. અમુક માણુસના ખેતરનું અનાજ અમુક માણુસ કાપી ગયો એ વાત હરકોઇ માણુસ જાણુતો હોય તો પણ માજીસ્ટ્રેટ માથું ખંજવાળીને કહેછે કે ગુન્હો સાબીત થતો નથી માટે આરોપીને છોડી મૂકવામાં આવે છે. ભલેને એ સાધુને આખો દેશ નિર્દોષ માને પણ માજીસ્ટ્રેટ એ વાત માનશે નહિ. પોપટની પેઠે ભણાવી રાખેલા સાક્ષીઓ જેવી જુબાની આપશે, લાંચીઆ લોભીઆ પોલિસ અમલદારો જેવો રિપોર્ટ કરશે તેને આધારે માજીસ્ટ્રેટ ઇન્સાફ આપશે. માજીસ્ટ્રેટથી પુરાવાની બ-

હાર જવાતું નથી. વિલાયતના સલાટ લોકો ન્યાયની દેવીની મૂર્તિને આંખે પાટા બાંધે છે ને ? તેવી રીતે આપણા દેશના ન્યાયાધીશો આંખે પાટા બાંધીને અને કાનમાં રૂનાં પુમડાં ખોસીને ન્યાયાસન પર બેસે છે. ”

સુમતિ—“ આ વાત તમે કહી તે સાચી છે તોપણ કામિની બાનુ ! સંભાળીને પગલુ ભરજો. ધર્મપ્રચારકને તમારે ખૂની સાબીત કરવાનો છે હો ! ”

કામિની—“ અને સાબીત નહિ થાય તોપણ ચાર છ મહિના એને હાથકડી પ્હેરાવીને કચેરીમાં ધક્કા ખવડાવીશ એ પણ એક પ્રકારની સજા જ છેને ! ”

સુમતિ—“ વાહ ! એ પણ આપની ગામડાની સૂક્ષ્મ બુદ્ધિનું જ કામ જણાય છે. દાવો કરીને કશું વળે નહિ તોપણ દુશ્મનને હેરાન કરવાની ખાતર જ દાવો કરવો એ પણ આપની ગામડાની બુદ્ધિનીજ ખૂબી છે. ”

કામિની—“ અને આપના કલકત્તાના લોકો હેરાન ન કરે. એક ઘાથી બે કકડા કરી નાંખે ખરૂંને ? ”

સુમતિ—“ અમે હિન્દુ પિતાના સંતાનો તેમ ન કરીએ તો શું કરીએ ? એક ઘાને બે કકડા. ઠીક તમારી વાત તો મેં જાણી લીધી. હવે શું કરવું છે તે કહો. ”

કામિની—“ ઘણાં વર્ષથી આપ મારા મિત્ર અને સલાહકાર છો. મુશ્કેલીઓમાં આપ મને સહાય કરતા આવ્યા છો. આ કેસમાં પણ સહાય આપવી પડશે. આપને વર્ધમાન આવવું પડશે અને મારા વકીલ લોકોને તૈયાર કરવા પડશે. મારા વિચાર પ્રમાણે

તો આ કેસ આપને હાથે ચાલે તેમાંજ મઝા છે. આપ સૂક્ષ્મ બુદ્ધિમાન છો. આપના જેટલું કાયદાનું જ્ઞાન કોઇ ધરાવતુ નથી. આપની પ્રતિષ્ઠા ઘણી છે. આપ સારા વક્તા છો. આપની ઓળખાણ અને વગવશીલો કાંઇ ઓછાં નથી. કલકત્તાના વકીલમંડળમાં આપનુ નામ પહેલું ગણાય છે. અને વળી આપ મારા પરમ મિત્ર અને શુભેચ્છક છો માટેજ આપની સહાયની યાચના કરૂંછું."

આ પ્રમાણે આ કેસ સંબંધી તેમની વચ્ચે લાંબા વખત સુધી વાતચીત થઈ અને ઘણી મસલત કર્યાં પછી તેમણે કાર્યવાહી નક્કી કરી. મધ્યરાત્રિ થતાં સુમતિ બાબુએ રજા માગી. જતી વેળા તેમણે કામિની બાબુને કહ્યું, "આપ હમણાં વર્ધમાન જાઓ, મારા હાથમાં કેટલાક કેસ છે તેને પતાવીને હું પણ થોડા દિવસમાં આવીશ માટે ચિંતા કરશો નહિ."

બુદ્ધિમાન સુમતિ બાબુ મનમાં બોલ્યા કે કામિની બાબુનો કેસ હાથમાં લેવામાં શોભા નથી. નિર્દોષ માણસ ઉપર ખૂનનો જૂઠો આરોપ ચ્હડાવી દેવામાં તેમણે ગામડીઆ બુદ્ધિ વાપરીને કાચું કાપ્યું છે પ્રથમ નવુ વીલ બનાવટી છે એ કોર્ટમાં સાબીત કરવું જોઇએ. ત્યાર પછી કોર્ટની પરવાનગીથી સાધુને પરહેજ કરાવીને તેના ઉપર કેસ ચલાવાય એમ સીધે રસ્તે ન જતાં બેવકુફી વાપરીને એકદમ ખૂનનોજ આરોપ મૂકી દીધો. બિચારા કામિની બાબુ જેવા શરીરે સ્થૂળ છે તેવા બુદ્ધિમાં પણ સ્થૂળ લાગે છે.

પ્રકરણ ૨૨ મું.

તળાવના ઘાટપર થએલી વાતચીત.

કુલકત્તામાં જ્યારે આ પ્રમાણે તૈયારી ચાલતી હતી ત્યારે સનાતનવાડીમાં પણ કેટલીક નવાજૂની થવા પામી હતી. એ બધા બનાવોની સત્તાવાર હકીકત અમને કોણ આપી શકે એમ છે ? અમારી જિજ્ઞાસાને કોણ તૃપ્ત કરી શકે એમ છે? ખેદની વાત એટલીજ છે કે સનાતનવાડીમાં નથી ન્યુસપેપર કે નથી કોઈ ખબરપત્રી. નિરૂપાયે અમે તળાવના ઘાટપર જઈએ છીએ અને ત્યા રોજ ઉભા ઉભા ગામની નવાજૂની તથા લોકોના ચારિત્ર્ય વિષે સંક્ષિપ્ત સમાલોચના ઓઓને મ્હોડેથી સાંભળીને કાંઈક તૃપ્તિ પામીએ છીએ.

સવારમાં સૂર્ય પૂરો ઊગ્યો પણ ન હતો એટલામાં તો આપણને જેમનો પ્રથમ પરિચય થયો છે તે યૌવનાઓ રૂમઝુમ રૂમઝુમ અવાજ કરતી ઘાટ ઉપર આવતી દેખાઇ. તેમના રૂપરાશિથી બધો ઓવારો શોભાયમાન થઇ રહ્યો હતો. સુદર રસિક કુલકુમારી માથેથી બ્હેડું ઉતારી મુસ્કાઇને હસવા લાગી અને તેને નાટકનાં ગાયનનો શોખ હોવાથી એક ન્હાનું ગીત ગાવા લાગી—

મ્હોટા ઘરની વાતો શું સખિ સાંભળીરે લોલ ?
ભસ્મધારી, જમાઈ તો બેઠો બનીરે લોલ ?

વસંતકુમારી—“ કેમ અલી ? કોણ જમાઈ થવાનું છે ? તું તો આજ ખૂબ રંગમાં આવી ગયેલી લાગે છે !”

કુલકુમારી—“ મને વળી રંગ શેનો ! જેને રંગ કરવાનો વખત આવ્યો છે તે કરશે.”

કુસુમકુમારી—" અલી તે કોણ ? સ્પષ્ટ બોલની. આ કોની મશ્કરી ચાલે છે ? સ્પષ્ટ કહેની ! "

ફુલકુમારી—" મશ્કરી શેની ? મશ્કરી તો જેની થવાની હશે તેની થશે. "

હેમકુમારી—" હં ! સમજી, સમજી, હવે સમજી. અલી ખરી વાત કે ? પેલી યોગમાયા બાવી થઇને બીજો ધણી કરવાની છે ખરી વાત કે ? "

સુવર્ણકુમારી—" હવે ફોડીને બોલની. એવું ગોળ ગોળ શેની બોલે છે ? કંઈ બળતો અગ્નિ છૂપો રહેશે. પાપ તો છાપરે ચ્હડીને બોલશે. યોગમાયાનુ આચરણ આપણે મ્હોં બંધ કરીશું માટે કંઈ છૂપું રહેનાર છે ? "

હેમકુમારી—" અલી નામ શીદ દેછે ? કોઈ સાંભળશે તો મ્હોટો વિરોધ થશે. આપણે શીદને લ્હડાઈ વ્હોરીએ ? "

સુવર્ણકુમારી—" અરે કોણ લ્હડે એમ છે ? તે દહાડે સાંજે હું પાણી ભરવા જતી હતી ત્યારે સંન્યાસી મારૂં માથું દુખે છે એમ કહીને સુઈ ગયો. અને યોગમાયા બાઇ તેની પાસે બેસીને પંખો નાંખવા લાગ્યાં. અમે બધાંએ નજરે જોયુંતું. શું અમે આંખો મીંચીને ચાલીએ છીએ કે ? "

વસંતકુમારી—" હેં અલી ! સાચી વાત ? "

ફુલકુમારી—" સાચી નહિ ત્યારે જૂઠી ? યોગમાયા તો સંન્યાસી મહારાજને સારૂ તરેહ તરેહનું ખાવાનુ બનાવે છે, તું જાણે છે શું ? એતો સંન્યાસીની પટરાણી થવાની છે. એ તો એક પગે થઈ રહે છે કે કયારે તુળસીની માળા અને ગોપી ચંદન ધારણ કરીને, ભગવું પહેરીને બાવી થઇ જાઉં ? "

હેમકુમારી—" અલી શા માટે ભગવાં પહેરે ? એ નહિ ભગવાં પહેરતી હોય તો ! તું હજી બધી વાત જાણતી નથી. "

બધીઓ—" હેં અલી ! શું છે જે ? "

હેમકુમારી—"આંખ ઉઘાડીને જોશો તો બધુંએ જોશો અને જાણશો. તે દહાડે સાંજે મેં યોગમાયાના ઘરમાં જરા નજર કરેલી. ઓ મા ! જોઉં તો સાદડી ઉપર નવી બનારસી સાડી પડેલી હુ તો જોઈને સજડ જ થઇ ગઈ. આજ રાંડયે ત્રીશ વરસ થયાં ત્યારે મોઇને સાડીઓ અને પોલકાં પહેરવાનું મન થયું ! બળ્યું એનુ મ્હોડું ? આપણે બા એને એવી ન્હોતાં જાણતાં. "

સુવર્ણકુમારી—" હજી તો એના રંગ બીજા આગળ ઉપર જણાશે. તુ કાને પુમડાં ખોસીશ તોયે તારે કાને વાત આવશે. જોજેની ! "

બધીઓ—" અલી સુવર્ણ ! તું જાણે છે ત્યારે કહેતો ખરી.

સુવર્ણકુમારી—" પેલી બ્હેનજીવહુ હજામડી મારે ઘેર આવે છે તેને મેં પૂછી જોયું' તું. યોગમાયાએ તેની પાસે માથામાં ઘાલવાનું સુગંધી તેલ મંગાવેલું, પગે લગાડવા મેદી મંગાવેલી અને બીજું કઇ કંઈ મંગાવેલુ. આહાહા ! રંગ છે એને ! રાંડ ઘરડી થવા આવી પણ હજી એનો શોખ ઓછો થયો છે ! જુવાનીમાં જે નથી ભોગવાયું તે ઘડપણમાં ભોગવવા તૈયાર થઇ છે. એ તો બા જેમ ઉંમર વધે તેમ શોખ પણ વધે "

ફૂલકુમારી—" અલી એકલું તેલ નહિ પણ ઘણી ચીજો તેણે મંગાવી છે. મેં તે હજામડીને પૂછી જોયું'તું તો. એક દિવસ તો તેણે પગે અળતો લગાડેલો અને દાંતે મિસ્સી ઘસેલી ! યોગમાયાનું રૂપ

તો હવે ફરી ગયું. એને તો નવી જુવાની આવી–નવી જુવાની આવી ! નશીબે જોર કર્યું. ”

સુવર્ણકુમારી—“ અલી ! સાચી વાત ! મેં તો સાંભળ્યું છે કે તો માથામાં ધુપેલ નાંખીને ચોટલો હોળે છે અને દાગીના પહેરીને બણીઠણીને ફરે છે. શરીરનું અને રૂપનું કેવું જતન કરે છે ! મેં મારી હજામડીને પૂછેલુ તો. એણે ભાતભાતની સાડીઓ મંગાવી છે, પોલકાં અને ચોળીઓ શીવડાવી છે અને ફાલી ફૂલી ફરે છે. શો વખત આવી ગયો છે ? ”

આ પ્રમાણે વાતચીત કરતી યૌવનાઓ ઘાટ છોડીને બહુ દૂર ગઇ નહિ હશે એટલામાં તો ત્યાં આધેડ વયની સ્ત્રીઓ આવી પહોંચી અને તેઓ પણ સનાતનવાડીની નવાજૂની વિષે ઉલટભેર ચર્ચા કરવા લાગી.

માતંગિની—“ કેમ અલી ! આજ. ખુબ ખુશ ખુશ થઇ ગઇછ ? કાંઈ છે કે શું ? ”

તરંગિની—“ હેં ! જાણુતી નહિ હોય ! લગનને સારૂ તો હુ પાણી ભરવા આવી છું. ”

માતંગિની—“અલી ! કોનું લગન ? કોનું લગન ? ”

શધારંગિની—“ જાણે છે અને પાછી કેવી અજાણી થઇને પૂછેછે ? તું હજી ન્હાની ધાવણી કીકી હઇશ ! કેવી મ્હોં ઠેકાણે રાખીને કહે છે કે હું તો જાણુતી નથી ”

માતંગિની—“ બાપ ! હુંતો કોઇના એ લગનની વાત જાણુતી નથી. ”

કૃષ્ણુસગિની—“ આ બધી ગામમાં લગનનીજ વાતો થાય છે ને ? કાંઇ પાયો હોય તો વાત ચાલે. તાલપુખુરમાં મલિકને ઘેરથી

એક વિધવાએ પુનર્વિવાહ કર્યો તો ને ? તેવો આપણા જમીનદારને ઘેર પણ થોડા દિવસમાં થશે. "

માતંગિની—" હે અલી ! કોણ ફરી પરણવાનું છે ? રાંડયા પછી ફરી પરણાતું હશે કે ? તાલપુખુરમાં તે પરણનારીને અને તેના તરફનાઓને તો ન્યાત બહાર મૂકયાં છે. "

તરંગિની—" તે ભલેને ન્યાત બહાર રહેશે. તેમાં શું થઈ ગયું ? જેણે મૂકી લાજ તેને ન્હાનું સરખું રાજ. આવો રૂપાળો, સંન્યાસી ધણી મળ્યો. તેની જોડે બીજે ગામ જતી રહેશે. પછી ભલેને લોકો ન્યાત બહાર મૂકે. "

માતંગિની—" કોણ સંન્યાસી જોડે પરણવાનું છે ? "

રાધારંગિની (હસીને)—" અલી ! તું ન્હાની કીકી જણાય છે ! પેલી યોગમાયાના લટકા મટકા જોતી નથી ? અરરરર ! મોઇ એ રાંડ ! મૂઓ એ સંન્યાસી થતો ! "

કૃષ્ણસંગિની—" હોવે અલી હોવે ! જો તો ખરી જાણે ન્હાની કીકી ! પેલો સોનીનો છોકરો નહિ કાલે મારે ઘેર આવેલો ? તેને તેં જોયો' તો કે ? "

માતંગિની—" હા, જોયો' તો. તે શા માટે તારે ઘેર આવ્યો' તો ? "

કૃષ્ણસંગિની—" હજી સમજતી નથી ! એ છોકરો પેલી યોગમાયા સાથે બહુ વખત સુધી ધુસપુસ ધુસપુસ વાતો કરતો હતો. મેં મારા છોકરાની ધાવને કહ્યું કે જા છાનીમાની સાંભળી આવ્ય. જોઇએ એ શી વાત કરે છે ? તેવી તે કેળના ઝાડની પાછળ ઉભી ઉભી બધું સાંભળી ગઈ. "

માતંગિની—" શું તેની પાસે યોગમાયાએ ઘરેણાં ઘડાવ્યાં ?

કૃષ્ણસંગિની—" અલી ઘરેણાં તે કાંઈ જેવાં તેવાં ! સોનાની પાટલીઓ, નક્કર બંગડીઓ, કડાં, હીરાકંઠી ને કેવા કેવા ઘાટ ઘડાવ્યા છે ! હવે ચાલીશ વરસે બીજો ધણી કરવા તૈયાર થઇ છે. હવે તો માથે ધુમટો તાણશે, ભાતભાતના દાગીના પહેરશે અને આટલી ઉંમરે છોકરાંની મા થશે. બળ્યું એનું ડાચું ! ધૂળ પડી એનાં વરસપર ! રાંડને તો જમ લઈ જતો લઈ જતો ભૂલી ગયો. ભૂંડા મ્હોંની ચાળશા વરશે નાકે વાળી પહેરશે, પગે સાંકળાં પહેરશે અને રંગબેરંગી સાડીઓ, ગવન પહેરીને સંન્યાસીની ધણીઆણી થશે ! બળ્યુ એનું મ્હોડું ! "

શ્યામરંગિની—" હવે પહેર્યા પહેર્યા સાંકળાં ! કાલે સાંજે લુહાર ખાસ્સાં લોઢાનાં સાંકળાં લઇને આવવાનો છે. સાંકળાં તો નહિ પહેરાય પણ ઝાંઝરીઆં પહેરશે ઝાંઝરીઆ ! "

બધીઓ—" હે અલી ! કેમ લુહાર આવવાનો છે ? "

શ્યામરંગિની—" નથી જાણતી ? જમાદાર આવશે અને કાળી ડગલી વાળા પોલિસના શપાઇ પણ આવવાના છે. "

બધીઓ—" હાય હાયરે મા ! શપાઇને કોણ તેડી લાવશે ? "

શ્યામરંગિની—" સાભળ્યુ છે કે જમીનદારે જમાદારને લખ્યું કે' સંન્યાસીને હાથકડી પહેરાવીને વર્ધમાન લઇ જાઓ. યોગમાયાના ઢગ જોઇને તેને બહુ રીસ ચ્હડી તેથી તે જાણ્યા પ્રમાણે વર્ધમાન જઇને સાહેબને કહી આવ્યો. સાહેબે હુકમ કર્યો છે કે સંન્યાસીને અને યોગમાયાને બાંધીને વર્ધમાન મોકલી દો. "

બધીઓ—" હાય હાયરે ! શાખા જ વળી ગયા તો ! આબરૂના કાકરા થવાના ! જમીનદારના ઘરની વહુ થઇને યોગમાયાએ

આવું કૃત્ય કર્યું ! છેવટે પોલીસ બાંધીને લઇ જશે, કચેરીએ ચ્હડવું પડશે અને બધા મુલકમાં ફજેતીના ફાળકા થશે. ”

એમ બોલતું બોલતું આ સ્ત્રીમંડળ પણ ઘાટપરથી ચાલ્યું ગયું કે તરતજ ઘરડી ડોશીઓનું એક ટોળું ત્યાં આવી પહોંચ્યુ. તેમને મ્હોડે પણ એની એજ વાત. સનાતનવાડીમાં પોલિસના સિપાઈ આવવાના છે એ શિવાય આખા ગામમાં કોઇને મ્હોડે બીજી વાતજ થતી ન હતી.

શ્યામાસુંદરી—“ અલી ! બીજું કાંઈ સાંભળ્યું કે ? તાલપુખુરમાં તો શપાઇ આવી ગયા. કાલે સાંજે આપણા ગામમાં આવી પહોંચશે. ”

વામાસુંદરી—“ અરરર ! શપાઇ કેમ આવશે જે ! બાપ ! શપાઈની વાત સાંભળીને તો હું ધ્રૂજી ઉઠું છું. જમનું મ્હોં જોવુ સારૂં પણ પોલિસનું મ્હોં જોવુ ખોટું. ”

શ્યામાસુંદરી—“ આવે નહિ ત્યારે શું કરે ? ગામના લોકના લક્ષણ એવાં હોય ત્યારે પોલિસ આવેસ્તો. તે સાલ તાલપુખુરના હેમ બાબુને ઘેર એક રાંડીરાંડે શરત્ બાબુ સાથે પુનર્લગ્ન કર્યું. અને જમીનદારની હવેલીમાં પેલો ફાટી મુઓ સંન્યાસી આવ્યો છ તે પણ એજ દાનતથી આવ્યો છે. જમીનદાર બહાર ગામ ગયા ત્યારથી તો એની વાત વધ્યામાં આવી છે. હવે તો ચાહન બોલે છે કે હું તો યોગમાયાને તુળશીની માળા પહેરાવીને બાવી કરીને તેને લઇને જતો રહીશ. અરરર ! તેટલા સારૂ તો જમીનદારે જઇને ફરિયાદ કરી.

વામાસુંદરી—“ ઓ મા ! શા વનેખા ! આબરૂના કાકરા ! ”

શ્યામાસુંદરી—“ એમાં વનેખા શાના ? કળજુગમાં તો

એવુંજ થવાનું. "

હરસુંદરી—" એમ નથીરે એમ નથી. પોલિસને આવવાનું તો કારણ જૂદુજ છે. "

બધીઓ—" શું અલી, કહે જોઇએ. "

હરસુંદરી—" જમીનદારે એક દિવસ મારા ગોપાળને વાત કહી હતી, કે સંન્યાસીએ તો હુલ્લડ કર્યા છે, ખૂન કર્યા છે, લોકોને દવા ખવડાવે છે અને દવામાં ઝેર ભેળીને મારી પણ નાંખે છે. તે વાસ્તે સિપાઈ તેને પકડવા આવવાના છે. "

કૃષ્ણસુંદરી—'ના અલી એમ પણ નથી. એતો પેલી તાલપુખુરથી મલ્લિક બાબુની વહુ ન્હોતી આવી ? બચારીનો અવતાર ધૂળ થઈ ગયો—પંદર વરસે રાંડીને બેઠી. તે જમીનદારની વહુ સાથે એક દહાડો વાત કરતી હતી, તે વખતે ત્યાં મારી મ્હોટી વહુ પણ હતી. તેવી તે એમ કહેતી'તી કે તેના ગામમાં એક હેમ બાબુ છે તેણે તેના ધણીની બધી મિલ્કત દગો કરીને લઇ લીધી. તે સારૂ સિપાઇ આવવાના છે. "

ત્રિપુરાસુંદરી—" અલી એમ નથી. મારી વિલાસકામિની અંદરની વાત જાણે છે જે વરસે મારી વિલાસનું લગન થયેલું તેજ વરસે આપણા પાડોશી રમણી બાબુનું ખૂન થયુંતુ તે યાદ છે કે?"

હરસુદરી—" હોવે અલી, હોવે. તે સાલ મારા ગોપાળનું એ જનોઇ હતું. માંડવા બંધાયા હતા, ગીત ગવાતાં હતાં." વગેરે વગેરે.

કૃષ્ણસુંદરી—" હા અલી, ખરી વાત તેજ મહિનામાં મારી મ્હોટી વહુનુ સીમંત હતું. અરરર ! બચારા રમણી બાબુએ મારી વહુને માટે શી શી વસ્તુ મોકલી'તી ! તે બચારો કીકાનું મ્હોં જોવાએ ન જીવ્યો. " વગેરે વગેરે.

ત્રિપુરાસુન્દરી—" હા આટલે વરસે એ ખૂનની પોલિસને આજે બાતમી મળી છે તે માટે શપાઇ આવે છે. અરરર ! આવા જુવાન જોધ છોકરાનું ખૂન ! મારી વિલાસપર તેનું કેટલું હેત ! તે બચારો તેનું લગન જોવાને પ ન જીવ્યો. " વગેરે વગેરે.

પ્રકરણ ૨૩ મું.

પોલિસ તપાસ.

તળાવના ઘાટ ઉપરની વાતો ઉપરથી આપણને ખબર પડી હોવી જોઇએ કે તાલપુખુરમાં અને ત્યાર પછી સનાતનવાડીમાં પોલિસના સિપાઈઓ આવી પહોંચ્યા છે. તેથી આ પ્રસગે પોલિસ તપાસને લગતી કેટલીક વાતો જણાવવાની જરૂર છે.

વર્ધમાનના માજી નાજર તારિણી મલ્લિકનું મરણ એકાએક થયું હતુ તે ઉપરથી ગામના લોકોને શક ગયો હતો. અને મરનારની આંને પણ શક ગયો હતો કે તે મરણ કુદરતી રીતે થયું નથી. માટે તપાસ થવાની જરૂર છે. મૃત્યુ કુદરતી હતું કે બળાત્કારથી નીપજેલું હતુ, વિદ્વાન, ધર્મપરાયણ રમાપ્રસાદ સરસ્વતી નિર્દોષ છે કે ગુન્હેગાર છે એ ગંભીર વિષય વિષે તપાસ કરવાને ઘણાજ બાહોશ જમાદાર સાહેબ ત્યાં આવ્યા હતા.

એ જમાદાર લખનૌ તરફના રહીશ હતા. પૂરૂ બંગાળી જાણતા ન હતા. તેમ તેનું હિન્દી ભાષાનું જ્ઞાન પણ સારૂં ન હતું. શરીરે પ્રચંડ હતા. મ્હોટી મૂંછ અને થોભાયા રાખતા હતા. સાંભળ્યા પ્રમાણે તેમના ઉપરીઓને તેમણે સંતોષ આપ્યો હતો. તેથી તેમને જમાદારની પાયરી ઉપર ચ્હડાવ્યા હતા. તેમનો પગાર હાલ પંદર

રૂપીઆનો હતો અને તેથી પંદર રૂપીઆ જેટલી તેમણે તપાસ કરી. સંખ્યાબંધ સાક્ષીઓની જુબાની લીધી. સરસ્વતી પંડિતને પાંચ દશ ગાળો દીધી. પછી સાંજે તેઓ થાણામાં ચાલ્યા ગયા.

દારોગો—"શું થયુ ?"

જમાદાર—"મરણની બાબતમાં ઘણો શક જાય છે."

દારોગો—"કેવા પ્રકારનો શક જાય છે ?

જમાદાર—"મને માલુમ પડયું છે કે ઝેર દીધાથી ખૂન નીપજ્યુ છે."

દારોગો—"ખૂન કરનાર આસામી કોણ ?"

જમાદાર—"મને રમાપ્રસાદ સરસ્વતી નામે એક સાધુ ઉપર શક જાય છે. બડો બદમાસ છે. આપ સાહેબને રિપોર્ટ કરો તેમાં લખજો કે બદમાસોના રજીષ્ટરમાં તેનુ નામ દાખલ કરાય."

દારોગો—"તેણે કઇ બદમાસી કરી ?"

જમાદાર—"તે પોલિસથી તો ડરતો જ નથી. મને જોઇને બધા બ્હીએ છે ફક્ત તેજ એકલો બ્હીતો નથી. જમાદારને જોઇને હમે છે અયસા બદમાસ."

દારોગો—"તમે તપાસ તો બરાબર કરી આવ્યાને ? ખૂનની વાત સાચી કે જુઠી ?"

જમાદાર—"પાકી તપાસ તો કેમ કરીને કરાય ? આરોપી આબરૂવાળો અને હોશિયારછે એટલે તેના ઉપર એકદમ ગુન્હો સાબીત કેમ કરી શકાય ? ગરીબ લોક હોય તો ડરસે પણ જલદી ગુન્હો કબુલ કરી દે ઓર બસ. કબુલ જવાબ લીખકે ખૂનકા મુકદમા ચલા સકતા હું."

દારોગો—"ચૂપ રહે, ખાલી બકવાદ કરેછે ! અહિંઆ તમારી આગળ ગુન્હો કબુલ કરે એટલે શું ખૂન સાબીત થઈ ગયું ?"

જમાદાર—"સાબીત નહિ થયા તો કયા થયા? ખૂની મુકદ્દમામાં કબુલી આસામીકો ડિપુટી સાહેબ છોડી શકે છે!"

દારોગો—"ઠીક, સાહેબ એ કેસ સેશન્સમાં કમીટ કરે તો જડજ સાહેબ છોડી મુકશે ત્યારે શું કરશે?"

જમાદાર—"બસ, આસામી સેશન્સમાં કમીટ હો ગયા કે બસ હમારા કામ ખતમ હો ગયા. જુરી લોક જબ આસામીકુ છોડ દેગા તો હમ લોક રિપોર્ટ કરેગા કે જુરીવાલા ગદ્ધા હય."

દારોગાએ જોયુ કે જમાદાર બકવાખોર તો છે પણ સાથે બુદ્ધિવાન છે. આખરે આ કેસમાં વધારે શક જવાનુ કારણ હોવાથી દારોગા સાહેબ જાતે તપાસ કરવા ગયા.

જમાદાર જેવો શરીરે પહેલવાન હતો તેવો દારોગો દૂર્બળ, ઠીગણો અને મવાલી જેવો હતો. પણ તેની બુદ્ધિ ઘણીજ સૂક્ષ્મ હતી. તેનુ વતન બાખરગજમા હતું. ત્યાના કોઇ પોલિસના અમલદારની નોકરીમાં રહીને તે પોલિસનુ કામ શીખ્યો હતો. ત્યાર પછી તે મજુરનો કૉન્ટ્રાકટર બન્યો હતો. પાછળથી બુદ્ધિબળ વડે તેણે પોલિસ ખાતામા નોકરી મેળવી હતી. થોડા વરસ જમાદારી કર્યા પછી હમણા દારોગાના ગ્રેડ ઉપર આવ્યો હતો અને તેના કામથી અધિકારીઓ હંમેશા રાજી રહેતા. પોતાના વતનમાં તેણે એક પાકુ મજબૂત ઘર બધાવ્યું હતું. તળાવ અને ન્હાની સરખી વાડી પણ તેણે તૈયાર કરાવ્યા હતાં. દર મહિને તે ઘેર સારી રકમ મોકલતો હતો. દર વર્ષે સ્ત્રીને સોનાના નક્કર દાગીના કરાવતો હતો અને ભારે ભારે સાડીઓ મોકલતો હતો. તે ઉપરાંત પોલિસના થાણાની પાસે એક વિધવા ગુપ્તપણે રહેતી હતી તેને માટે પણ હમણાં બાર તોલા સોનાની માળા ઘડાવી છે. તેણે એક ઘોડો, એક રસોઇયો,

ચાકર અને ચરવાદાર રાખ્યા છે. પણ પગાર માત્ર મહિને ત્રીશ રૂપિઆનો છે

દારોગાએ પણ ખબ તપાસ કરી રોજ ડાયરીઓ ભરી ભરીને મોકલી. તેનુ લખાણુ સુદર–ચોખ્ખુ અને ભૂલ વગરનુ હતું. તપાસને અન્તે નક્કી થયું કે તારિણી બાબુને દવામા ઝેર આપવામાં આવ્યું તેથી તેમનુ મરણ એકાએક નીપજ્યું છે. બધા પુરાવા એકઠા કરીને પરદેશી સન્યાસીને હાથકડી પહેરાવીને તેઓ વર્દ્ધમાન લઇ જતા હતા એટલામા પોલિસ ઈન્સ્પેકટર જાતેજ ત્યાં આવી પહોંચ્યે.

ઈન્સ્પેકટર કેળવાયેલો જુવાન હતો કૉલેજમા ભણ્યો હતો. કુળવાન હતો, અને પોતાની ફરજ સારી રીતે સમજતો હતો. વર્દ્ધમાનના લોક તેને માન આપતા હતા અને પોતાના કેસની તેનેજ હાથે તપાસ થાય એવી વાદી પ્રતિવાદીઓ કચેરીમા અરજ કરતા હતા

તે તાલપુખુર આવીને સીધોજ મલ્લિક બાબુને ઘેર ગયો ત્યા જોયુ તો દારોગા સાહેબ બેઠા બેઠા બીડી પીતા હતા, હાથે હાથકડી પહેરી રમાપ્રસાદ ઉભો હતો અને તેને વર્દ્ધમાન લઈ જવાની તૈયારી થઇ હતી.

આ દેખાવ જોઇને ઇન્સ્પેકટરને ઝાળ ઉઠી પોતાના કાદવવાળા બુટનો સ્વાદ દારોગા સાહેબને ચખાડવાની તેને તીવ્ર ઇચ્છા થઇ પણ તેણે તે ઇચ્છાને દબાવીને પૂછ્યું કે શી હકીકત છે?

દારોગાએ માથું ખંજવાળી ગલ્લાં તલ્લા કરવા માંડયાં–“આરોપીને હું મોકલી જ દેવાનો હતો એટલામાં આપ આવી પહોચ્યા. હવે જેવો આપનો હુકમ.”

ઇન્સ્પેકટરે ગર્જના કરી પૂછ્યુ–આ રમાપ્રસાદ સરસ્વતી ગુન્હેગાર છે? તમે પૂરી તપાસ કરી છે?

દારોગાથી સ્પષ્ટ ઉત્તર અપાયો નહિ, ઇન્સ્પેકટરે પોતે આરો-

પીની હાથકડી છોડી નાંખી અને કહ્યું—

"માફ કરજો, આપના ઉપર અણુઘટતો જુલમ થયો છે તેને માટે હું આપની માફી માગું છુ.

રમાપ્રસાદ—" માફી માગવાની જરૂર નથી. દારોગા સાહેબે ફક્ત પોતાની ફરજ બજાવી છે."

ઈન્સ્પેકટર—" આપ બોલશોજ નહિ. દેશના કેટલાક કમજાત અધિકારીઓ આજકાલ 'ફરજ' 'ફરજ' એમ બોલતા શીખ્યા છે અને ફરજને બ્હાને તેઓ દેશના ગરીબ લોકો ઉપર ત્રાસ વર્તાવે છે. આપ આજે જામીન આપીને ઘેર જાઓ. હું આ કેસના કાગળો તપાસું છું. મને જરૂર પડશે તો આપને બોલાવીશ."

ઈન્સ્પેકટરે દારોગાને થાણામાં મોકલી દીધો. પોતે તમામ કાગળોને બારીકીથી તપાસ્યા અને પુરાવાનો રિપોર્ટ કરતી વખતે ઉપરીને પોતાનો અભિપ્રાય લખ્યો કે ઝેર દીધાનો પુરાવો છે પણ એ પુરાવો જુઠો છે. ગામના જમીનદારની શીખવણીથી ઉભો કરેલો બનાવટી પુરાવો છે. તારિણી બાબુ કેવળ રોગથીજ મરણ પામ્યા છે. ઉપરી અધિકારીએ હુકમ મોકલ્યો—ઝેર દેવા માટે ખૂનનો કેસ ચલાવવા લાયક જ્યારે પુરાવો છે તો ઇન્સ્પેકટરે એકદમ કેસ કમીટ કરી દેવો. પુરાવો સાચો છે કે જૂઠો તે કચેરીમાં નક્કી થશે.

કંઇક ગુસ્સાથી અને કંઇક નિરાશાથી આંખમાં ભરાઈ આવતાં આંસુનું નિવારણ કરી ઇન્સ્પેકટરે કેસ મોકલી દીધો. પોતાને ખર્ચે બળદગાડી ભાડે કરી આરોપીને વર્દ્ધમાન પહોંચાડયો.

આફતમાં અને મુસ્કેલીમાં રમાપ્રસાદનો ચહેરો એક પળવાર પણ કોઇએ મ્લાન થયેલો જોયો ન હતો. ભયથી એની ગંભીર પ્રસન્ન મુખમુદ્રા એક પળવાર પણ ક્ષુભિત થઇ ન હતી. વર્દ્ધમાન

જતી વખતે તેણે પુત્રને આલિંગન દઇ કહ્યું—દીકરા, હું મ્હોટી ધામધુમ સાથે વર્દ્ધમાન જવા નીકળું છું. તું બ્હીશ નહિ. બેફિકર રહેજે. હું સહિસલામત પાછો આવીશ. દેવીપ્રસાદે રડતાં રડતા પિતાને પગે પ્રણામ કર્યા.

પછી રમાપ્રસાદે હેમચંદ્રની આંખમાં આસુ જોઇ કહ્યું, "હેમચંદ્ર ! આંખ લુછી નાંખો આપણે ડરીયે છીયે એવું આપણા શત્રુઓને લેશ માત્ર પણ જાણવા ન દો. ડરવું તો પાપથીજ ડરવું, બીજાથી નહિ." પછી હેમચંદ્રને એક બાજુએ લઇ જઇ કેસ સંબધી શું શું કરવાનું છે તે શાંત સ્થિર મનથી સમજાવ્યું.

હેમ, બિન્દુની રજા લઇ તેજ રાત્રે વર્દ્ધમાન ગયો અને ત્યાંથી બીજે દિસમે આગગાડીમાં બેશી કલકત્તે ગયો.

પ્રકરણ ૨૪ મું.

વર્દ્ધમાનની કચેરી.

વર્દ્ધમાનની કચેરી આજે જોવાજેવી થઇ છે. તારિણી બાબુના ખૂનનો કેસ આજે ચાલવાનો છે. જીલ્લાના માજીસ્ટ્રેટ સાહેબ તેમને જાતે ઓળખતા હતા, તેમના ઉપર ઘણી મહેરબાની રાખતા હત.. જ્યારે પેન્શન લેવા માટે તારિણી બાબુ વર્દ્ધમાન આવતા ત્યારે તેમને પોતાની ખાસ ચેમ્બરમાં બેસાડતા અને તેમને ઑનરરી માજીસ્ટ્રેટ બનાવવા માટે ભલામણ પણ કરી ચૂકયા હતા તે તારિણી બાબુનું ખૂન થયું એ વાત સાંભળી સાહેબને શોક થયો. તેની વિધવાની ફરિયાદ વાંચી ગુસ્સો ચ્હડયો. વૃદ્ધ, આબરૂદાર, તાલુકદાર, અને જમીનદારને ઝેર આપી મારી નાંખ્યો ? એક અજ્ઞાત પરદેશી સંન્યાસીએ આ

ઘાતકી કામ કર્યું ? તેની નિરાધાર વિધવાને શોકસાગરમાં ડૂબાડી, મરનારની પાસે વીલ કરાવી તેની બધી દોલત તફડાવી લીધી ! તારિણી બાબુનુ મરણ થયાને થોડાજ દિવસ થયા એટલામાં તો તેની વિધવાને ગામ છોડી સનાતનવાડી જવાની ફરજ પડી ? શું આવા ઘાતકી, નિષ્ઠુર, માનવરાક્ષસો, હિંસક પશુઓ, જગતમાં જીવવાને યોગ્ય છે ? ગુસ્સાથી તેમનું શરીર થરથર કંપવા લાગ્યું. આ કેસની પક્કી તપાસ કરવા માટે તેમણે પોલિસને સખત હુકમ કર્યો.

દારોગાએ જે ડાયરીઓ મોકલી હતી તે માજીસ્ટ્રેટે બરાબર વાંચી હતી. અને તેથી તે ઘણા પ્રસન્ન થયા હતા. ઇન્સ્પેકટરે જે રીપોર્ટ મોકલ્યો તે વાંચી તેમને ઘણો ક્રોધ ચ્હડયો અને તે કાગળ ફેંકી દીધો સાહેબે કહ્યુ કે આ કેસને એકદમ ચલાવવાની જરૂર છે, અત્યારેજ ચલાવો સાંજે કલબમાં પોલિસ સુપરઇન્ટેન્ડેન્ટ સાહેબને બ્રિઝિક રમતાં રમતા કહ્યું—તમારો દારોગો આખા જીલ્લામાં ઘણોજ બાહોશ છે, ઇન્સ્પેકટર મ્હોટો ગદ્ધો છે.

ઇસ્ટરની રજામાં કેસ અદાલતમાં આવી પહોંચ્યો દારોગો જાતે સાહેદીઓને લઇને હાજર થયો હતો. તેણે માજીસ્ટ્રેટને ચેમ્બરમાં જઈ ને કહ્યું—સાહેબ, આજેજ જુબાની લઇ લેવી જોઇએ. નહિ તો સાક્ષીઓ ખરાબ થઇ જશે. ગુન્હેગાર આસામી બડો લુચ્ચો, બદમાસ અને કાવત્રાખોર છે. જો તેને વખત મળશે તો સાહેદીઓને ફેરવી નાંખશે પોલિસના મત પ્રમાણે કેસ પણ શીરાની પેઠે ગરમાગરમ હોય તોજ સારો. નહિ તો ઠંડો પડી જવાથી ખરાબ થઇ જાય છે. સાહેબની ઇચ્છા પણ તાબડતોબ કેસ ચલાવવાની હતી પણ તે ન્યાયી અમલદાર હતો. ઇસ્ટરની રજામાં વકીલ લોકો બહારગામ ગયા હતા. તેથી જો રજામાંજ કેસ ચાલે તો આરોપીને

જરૂર ગેરઇન્સાફ થાય એમ વિચારી એમણે કેસ મુલતવી રાખ્યો. આરોપીને જામીનપર છોડવાને એક મવાલી જેવા મુખ્ત્યાર વકીલે અરજ કરી. તેણે દલીલ કરી કે જુબાની લીધા પહેલાં આસામીને પરહેજ કરવો એ કાયદાની અને હાઇકૉર્ટના ધોરણની વિરૂદ્ધ છે. સાહેબે ગુસ્સામાં પુછ્યુ—શુ તમે ખૂનના કેસના આરોપીને છૂટો કરવાની રજા માગો છો ? તમારા દેશના એક આબરૂદાર માણસનુ તેણે ખૂન કર્યું છે અને તે ગુન્હા બદલ તેને યોગ્ય નશિયત કરવામાટે કેસ ચલાવવાની તૈયારી થઇ છે, અને તમે તારિણી બાબુના મિત્ર, તારિણી બાબુના દેશજન થઈ તમેજ તેના ખૂનીને છોડાવવા માટે અરજ કરવા આવ્યા છો ? તેને જામીનપર.છોડાવવાની કોશિષ કરો છો ? મને ઘણી નવાઇ લાગે છે ! સાહેબની ગુસ્સાથી ભરેલી ભૂરી ભૂરી આંખ જોઇ બિચારા મુખ્ત્યારના સાંધા ગગડી ગયા. મ્હોડુ સુકાઈ ગયુ અને વધારે ન બોલતા બગલમાં ચોપડી મારી સલામ કરી પલાયન કરી ગયા.

ઇસ્ટરના તહેવારો પૂરા થયા એ દિવસો બિચારા દારોગાએ અત્યંત ચિંતામાં પસાર કર્યા કે રખેને કોઇ સાક્ષીઓનું મન ફેરવી નાંખે. રખેને કોઇ તેમની જોડે વાતચીત કરે, રખેને રમાપ્રસાદનું વિશુદ્ધ ઉન્નત ચરિત્ર જોઇને સાક્ષીઓ આપોઆપ ફરી જાય. જેમ પાણીમાં જાળ નાંખ્યા પછી જ્યારે તેમાં મ્હોટા મ્હોટા માછલાઓ પકડાય છે ત્યારે રખેને કોઇ માછલો જોર કરીને જાળસાથે નાશી જાય તેને માટે માછી ચિંતાતુર રહે છે તેમ બિચારો દારોગો રાત દિવસ ચિંતાતુર રહેતો હતો. જો મ્હોટો માછલો પકડાય તો બેશક ઘણો લાભ થાય. જરૂર બે ત્રણ મહિનાની અંદર

તેને પ્રોમોશન મળે. પણ કમનશીબે માછલો ઘણો જબરો છે. એ સાધુને કોઈ ઓળખતું નથી. એને શકદાર આસામી તરીકે સાબીત કરવો એ વાત મુશ્કેલ નથી. દારોગાએ આ પ્રમાણે મનસુબો કર્યો હતો પણ જે દિવસથી કેસની વાત જાહેર થઇ તે દિવસથી એ સંન્યાસીની કીર્તિ ચારે બાજુએ ઘણી ફેલાઈ ગઇ. દારોગાને ફિકર પડી કે રખે તે માછલો જાળ તોડાવીને નાશી જાય !

રજા પૂરી થઇ. સાહેબ લોકના બંગલાઓમાં અમલદારોની અંદર આ કેસ વિષે ખૂબ ચર્ચા થઇ હતી. કેમકે બધા સાહેબ લોકો તારિણી બાબુને ઓળખતા હતા. તેના મરણના સમાચારથી તેઓને ક્ષોભ થયો હતો અને પોતાની ન્યાયપદ્ધતિની નબળાઇ ઉપર ક્રોધ કરતા હતા. પોલિસ ખાતાના વડા અમલદારે કહ્યું કે જો આવો આરોપી છુટી જવા પામશે તો આજ પછી બંગાળામાં રૈયતના જાન માલની સલામતી રહેશે નહિ.

રજા પૂરી થઇ. એ દરમ્યાન વર્દ્ધમાનના બજારમાં દરેક દુકાને ઘેરેઘેર આજ વાત ચર્ચાતી હતી· તારિણી બાબુના ખૂનની વાત સાંભળી પ્રથમ લોકો વિસ્મિત અને ક્ષુભિત થયા પછી ધીમે ધીમે સાચી હકીકત બહાર આવવા લાગી. લોકો આ કેસની અંદર કામિની બાબુનું નામ પણ સામેલ કરવા લાગ્યા. દારોગાની હોશિયારી તરફ પણ ઇસારો થવા લાગ્યો. તે એટલે સુધી કે બજારમાં તે બિચારાથી મ્હોં પણ બતાવાતું નહિ. તે થાણામાં ભરાઇ રહેતા.

રજા પૂરી થઇ. આજે માજીસ્ટ્રેટ સાહેબ કચેરીમાં હાજર થયા છે અને તે પોતેજ આ કેસ ચલાવવાના છે. આજ કચેરી ગૃહસ્થોથી ભરાઇ ગઇ છે. વર્દ્ધમાનના માજી નાજરના ખૂનનો કેસ

સાંભળવા માટે હજારો માણુસો કચેરીમાં આવ્યાં છે. સાધારણ માણુસો કચેરીના ઓટલા ઉપર અને આંગણામાં એકઠાં થયાં છે. માજીસ્ટ્રેટ ગંભીર મૂર્તિ ધારણ કરી ખુરશી ઉપર બિરાજ્યા છે. તેમની પાસે પોલિસ ખાતાનો વડો અમલદાર બેઠો છે. તે પણ કેસ ચલાવાને માટેજ આવ્યો છે. આજે સાધારણ દુકાનદારો પણ કામકાજ છોડીને કેસ સાંભળવા દોડી આવ્યા છે.

આખુ વકીલ મંડળ એકઠું થયું છે. માજીસ્ટ્રેટના હુકમથી સરકારી વકીલ કેસ ચલાવવાને હાજર થયો છે. તેનો વિદ્યાના તેજથી દીપનો ચ્હેરો અને તેની શાંત પ્રકૃતિ સર્વને પરિચિત છે. તેનુ સુક્ષ્મ શરીર અને સુક્ષ્મ બુદ્ધિ જગજાહેર છે

તેની પાસે ગંભીર આકૃતિવાળા ઉમાપ્રસન્ન બાબુ બેઠેલા છે. વર્દ્ધમાન જીલ્લામાં તેમના જેટલો યશ, નામ અને પ્રતિષ્ઠા બીજા કોઇ વકીલના નથી. લક્ષ્મી તેમના ઉપર પ્રસન્ન છે અને સરસ્વતી તેમની જીભ ઉપર બિરાજે છે. માન, મર્યાદા, વિદ્યા, ધન, ગૌરવ એ સર્વ બાબતોમાં ઉમાપ્રસન્ન ઘણા નશીબદાર છે. એમના જેવા થવાની તમામ જુવાન વકીલોને અભિલાષા છે, પોતાનો કેસ તેમને સોપવાની દરેક પક્ષવાદીને ઉત્કંઠા હોય છે. તેમના જેવા મ્હોટા માણુસ થવાની નિશાળે ભણુતા દરેક વિદ્યાર્થીની મહેચ્છા છે.

. એમની પાસે શરીરે દુર્બળ પણ બુદ્ધિએ બળવાન ચતુર પદ્મલોચન વકીલ બેઠા હતા તેમની કાર્યદક્ષતા, કાયદાનું ઉંડું જ્ઞાન, સાહેબ લોકોમાં તેમનો વગ, સરકારમાં તેમની આબરૂ, આ સર્વ બાબતોમાં પદ્મલોચન જેવો વર્દ્ધમાન શહેરમાં બીજો કોઈ વકીલ ન હતો. શહેરના લોકો તેની સલાહ માન્ય રાખતા અને આ-

સપાસના ગામના લોકો પણ તેની મહેરબાની મેળવા ઉત્સુક રહેતા. તેની પાસે પ્રવીણ, બુદ્ધિવાન,નિર્લોભી, સદ્વક્તા શ્યામલાલ બાબુ બેઠા હતા.તેમણે સર્વની પ્રીતિ સંપાદન કરી હતી. જેઓ તેમને ઓળખતા તેઓ તેમને માન આપતા, ચાહતા, અને તેમના મધુર ભાષણથી પ્રસન્ન થતા તેમની સાચી સલાહ મળવાથી કૃતાર્થ થતા. એમની પાસે—હજી કેટલાં નામ ગણાવીએ ? નાના પ્રકારના કમળથી પરિપૂર્ણ સરોવરની પેઠે આજે કચેરી શોભી રહી હતી.

રમાપ્રસાદની ભારે જટામાંથી હીરાના જેવાં તકતકતાં નેત્રો જોઇને લોકો વિશેષ આશ્ચર્ય પામતા હતા જેનું જ્ઞાન અસાધારણ હતુ, જેને વેદવેદાન્ત વગેરે શાસ્ત્રો જિહ્વાગ્રે હતાં, સરસ્વતી જેની વાણીમાં હતી, જેણે કાશી, વૃન્દાવન આદિ પવિત્ર સ્થળોમાં કેટલોક કાળ ગાળ્યો હતો અને પોતાની જિંદગીનો છેવટનો ભાગ લોકોને ધર્મનું શિક્ષણ આપવામાં જે ગાળતો હતો તેવો પ્રાચીન કાળના મહર્ષિ જેવો મનુષ્ય શુ તારિણી બાબુનુ ખૂન કરનાર હશે ? તેના વિશાળ અને તેજસ્વી કપાળ ઉપર શુ ખૂની શબ્દ લખાયો છે ?

બધા સારા સારા વકીલો વાદીના પક્ષમાં ગયા હતા. પ્રતિવાદીનો વકીલ પેલો મવાલી જેવો મુખ્ત્યાર હતો. તેણે માજીસ્ટ્રેટના મનનું વલણ જોઇ બ્હીબ્હીને એક અરજ કરી.

અરજ એ હતી કે માજીસ્ટ્રેટ સાહેબ જાતે તારિણી બાબુને ઓળખતા હતા અને સનાતનવાડીના કામિનીકાન્ત બાબુને પણ તેઓ ઓળખે છે. તારિણી બાબુની વિધવા અને કામિનીકાન્ત બાબુ આ કેસમાં ખરેખરાં વાદી છે. માટે આ કેસ સાહેબે જાતે ન ચલાવતાં બીજા ન્યાયાધીશના હાથમાં સોંપવો જોઇએ. જો તેમ કરવાની સાહેબની મરજી ન હોય તો આરોપીને થોડા દિવસની

મહેતલ આપવી જોઇએ કે જેથી કરીને તો હાઇકૅાટને આ બાબત જણાવી શકે.

આ અરજ સાંભળીને માજીસ્ટ્રેટને ગુસ્સો ચ્હડયો. પોલિસ ખાતાનો વડા અમલદાર ખડખડ હસી પડયો. તપાસ કરનાર હારોગો ધ્રૂજવા લાગ્યો. રખેને કેસ બીજા ન્યાયાધીશના હાથમાં જાય અથવા મુલતવી રહે અને તેથી તેણે પાથરેલી જાળ તણાઇ જાય. આ વખતે તે મુખ્ત્યાર વકીલ ઘણીજ હિંમતથી કાયદાનું પુસ્તક ઉઘાડીને અમુક કલમ ઉપર આંગળી મૂકીને ઉભોં હતો

શું કરવુ તેની સૂઝ ન પડવાથી માજીસ્ટ્રેટે આરોપીને પૂછ્યું—" આ કેસ ઘણો ગંભીર હોવાથી મેં પોતે ચલાવવાનો વિચાર રાખ્યો છે. હુ કેસ ચલાવું તેમાં તમને કોઇ જાતની હરકત છે?"

રમાપ્રસાદે-પૂર્ણ શાંતિથી જવાબ આપ્યો—" આપ ન્યાયાધીશ છો; વાજબી ઇન્સાફ આપવો એ આપનુ કર્ત્તવ્ય છે. જો ઇન્સાફ નિષ્પક્ષપાતપણે થશે તો મને કાંઇ ભય નથી. ભલે આપ કેસ ચલાવો અગર ગમે તે ચલાવે."

આ સાંભળીને તે બિચારો વકીલ ભોંઠો પડી ગયો અને માજીસ્ટ્રેટ સાહેબ ગુસ્સે થશે તેથી ડરવા લાગ્યો તે એટલો લેવાઇ ગયો કે તેનાથી સાક્ષીઓની ઉલટ તપાસ કરાઇ નહિ. ફક્ત એક ખુણે બેશીને કોણુ શું કહે છે તે લખી લેવા લાગ્યો.

હવે કેસની શરૂઆત થઈ.

પ્રકરણ ૨૫ મું.

વછનાગનો કેસ.

પહેલો સાક્ષી સનાતનવાડીનો એક દાક્તર હતો તેણે કહ્યું—"તારિણી બાબુના મંદવાડ વખતે હું કોઇ કોઇ વાર તેમને જોવા જતો હતો, અને દવા પણ કરતો હતો. તેમને કોઇ પણ જાતની ભયકર બિમારી ન હતી. સ્હેજ વાયુ અને તાવનો ઉપદ્રવ હતો. તેમની ઉંમર અટકળ પ્રમાણે પંચાવન વર્ષની હતી. એ ઉંમરે સાધારણ વ્યાધિથી મરણ નીપજતું નથી. તે મરી ગયા તેને આગલે દિવસે સાંજે હું તેમને જોઇ આવ્યો હતો. તાવનો હુમલો સખત ન હતો. અને તે એકાએક મરી જશે એવો લેશ માત્ર પણ મને શક નહતો. તેને બીજેજ દિવસે તેમનુ મરણ સાંભળીને હું ઘણો આશ્ચર્ય પામ્યો મને તેમનું શબ જોવાની ઇચ્છા હતી પણ મારા સાંભળ્યામાં આવ્યું કે રમાપ્રસાદે રાતોરાત લાસ બાળી મુકાવી હતી"

તારિણી બાબુનો સાધારણ મંદવાડ અને તેમના થયેલા એકાએક મરણવિષે તેમના ઘરના એક બે માણુસોએ સાક્ષી આપી. ત્યાર પછી સનાતનવાડીની નિશાળનો મહેતાજી સાક્ષી પૂરવા આવ્યો. તેણે કહ્યું—"તારિણી બાબુ મરી ગયા તે સાંજે તેમણે જૂનુ વીલ રદ કરીને નવું વીલ કર્યું હતુ. તે વીલ પ્રમાણે તેમની બધી દોલત તેમની બે ભત્રીજીઓ-બિન્દુ અને સુધાને મળે છે. એ વીલ કરાવવાને માટે તેમને રમાપ્રસાદ કેટલાક દિવસથી સમજાવ્યા કરતો હતો અને બે ચાર માણુસને મ્હોડે તે બોલી પણ ચૂકયો હતો કે ડોસો જીવે એમ લાગતું નથી. જ્યારે નવું વીલ લખાતુ હતુ ત્યારે ત્યાં આગળ રમાપ્રસાદ હાજર હતો વળી તેણે સાક્ષી તરીકે સહી પણ કરેલી છે.

તેજ રાત્રે તારિણી બાઇનું એકાએક મરણ થયું.

તારિણી બાઇના ચાકરોએ જુબાની આપી કે જે રાત્રે તે ગુજરી ગયા તે વખતે રમાપ્રસાદ ઘેર હતો. એકાએક મધરાતે અમે ઘરમાં ગરબડ સાંભળી અમે જઇને જોયુ તો શેઠના હાથ પગ ખેંચાતા હતા અને મ્હોંમાંથી ફીણના ગોટેગોટ નીકળતા હતા. અને તેમને ઝેર આપ્યું હોય તેવાં તમામ ચિહ્ન તેમના શરીર ઉપર દેખાતાં હતાં. અમે જઇને આ વાત શેઠાણીને કહી. લોકોને પણ કહેવા જતા હતા પણ અમને રમાપ્રસાદે ના કહી અને રાતોરાત લાસ સળગાવી મૂકી."

ગોપબાળાના પિયેરની પાણીઆરીએ જુબાની આપી—" રમાપ્રસાદે તારિણીબાઇને દવા ખવડાવી હતી જે રાત્રે આ બનાવ બન્યો તે રાત્રે તેણે મને બોલાવી અને થોડાં મૂળીયાં ખાંડવા આપ્યાં. મે તે ખાંડી આપ્યાં તેમાંથી એકંદર પાંચ છ પૈસા ભાર ભૂકો નીકળ્યો. તે દેખીતાં વછનાગ જેવાં હતાં. એ ભૂકો મેં એક વાડકીમાં ભરીને રમાપ્રસાદને આપ્યો પછી હું ત્યાંથી જતી રહી હતી. મે તેને એ દવા ખવડાવતાં જોયો નથી. શેઠનું મરણ થયું ત્યારે મને શક ગયો તેથી તે વાડકી અને વધેલાં મૂળીયાં મેં જઇને ફોજદારને આપ્યાં રમાપ્રસાદ વૈદું જાણે છે, માંદાને મરતાં બચાવે છે અને જીવતાંને મારે પણ છે. એની પાસે દવા લેવાને ઘણાં માણસો આવે છે."

એ વાડકી અને મૂળીયાં પોતાને મળ્યા પછી તેમણે તે બન્ને દાક્તરની પાસે તપાસ માટે મોકલાવેલાં તે વિષે ફોજદારે અને બે પોલિસના સિપાઇઓએ જુબાની આપી. ત્યાર પછી દાક્તરે જુબાની આપી કે મેં એ ભૂકાને અને મૂળીયાંને તપાસ્યાં હતાં અને મને તે નુકસાનકારક જણાયાં હતાં. એ ભૂકો ઝાઝો ખાવાથી માણસનું મરણ પણ નીપજે."

છેલ્લો સાક્ષી સનાતનવાડીનો એક ગૃહસ્થ હતો. તેણે કહ્યું— "તારિણી બાબુની ચિતા જ્યારે બળતી હતી ત્યારે હું સ્મશાનમાં હાજર હતો રમાપ્રસાદ અને હેમ બાબુ ગુપ્ચુપ વાતો કરતા હતા હેમબાબુએ કહ્યુ, "આજે આપણા માર્ગમાંથી કાંટો ખસી ગયો. બિન્દુ અને સુધાની બાપોતી મિલ્કત આજે ઘણે વર્ષે તેમને મળી."

રમાપ્રસાદે કહ્યું, "વચ્છનાગ ચમત્કારિક વસ્તુ છે. એનો પ્રયોગ અજબ ફાયદો આપે છે."

વાદીના તરફની જુબાની પુરી થઇ સાજના પાંચ વાગ્યા હતા. માજીસ્ટ્રેટ સાહેબે બીજે દિવસે આરોપીની જુબાની લેવામા આવશે એમ કહી કેસ મુલતવી રાખ્યો અને ખુરશી ઉપરથી ઉભા થયા. આરોપીને કાચી કેદમાં લઇ ગયા.

પ્રકરણ ૨૬ મું.

કેસ આગળ ચાલ્યો.

બીજે દિવસે અગીઆર વાગે પાછી કચેરી લોકોથી ભરાઇ ગઇ. પાછા વકીલ લોકો આવીને પોતપોતાની ખુરશી ઉપર બેઠા. આરોપી રમાપ્રસાદ આરોપીની જગ્યાએ ઉભો અને માજીસ્ટ્રેટ ન્યાયાસન ઉપર બિરાજ્યા.

સરકારી વકીલે ચાર્જશીટ તૈયાર કરી રાખ્યું હતું. સાહેબ પીનલ કોડ ઉઘાડીને જોવા લાગ્યા અને કાગળ ઉપર કઇક લખવા લાગ્યા.

એવામાં કચેરીની બહાર ગરબડ થઇ. એક ઘોડાગાડી ત્યાં આવીને ઉભી. ગાડીમાંથી બે જણ ઉતર્યા અને કચેરીમાં દાખલ થયા.

તેમાંના એકને વર્તમાનનુ વકીલ મંડળ ઓળખતું હતું તે પ્રસિદ્ધ હાઇકોર્ટ વકીલ ચંદ્રનાથ હતો ! સાહેબ પણ લખતું બંધ

કરીને તેની સામે નજર માંડીને જોવા લાગ્યા મનમાં એમપણ થયું હશે કે આ પીડા ક્યાંથી આવી. તેની સાથે હેમચંદ્ર હતો તેને જોઇને રમાપ્રસાદને હિંમત આવી.

ચંદ્રનાથે સાહેબને જણાવ્યુ—' હુ આરોપીના તરફથી તેનો બચાવ કરવા હાજર થયો છું. વાદીના તરફના સાક્ષીઓની હજી ઉલટ તપાસ થઈ નથી. જો કૉર્ટ રજા આપે તો તેમને બોલાવીને તેમની ઉલટ તપાસ કરવાની મારી ઇચ્છા છે."

માજીસ્ટ્રેટ—" સાક્ષીઓ ગઇ કાલે જુબાની આપીને જતા રહ્યા છે. તેમને ફરી બોલાવીને કેસને નાહક લબાવવાની જરૂર નથી. આ કેસ સેશન્સમા જશે તે વખતે તમે મરજી મુજબ ઉલટ તપાસ કરી લેજો. "

ચંદ્રનાથ—"સાક્ષીઓ જતા રહ્યા નથી. તેઓ કચેરીની પાસેજ બેઠા છે જો કૉર્ટ રજા આપે તો તેમને હમણાજ બોલાવી શકુ છુ ઉલટતપાસ માટે મારે એક કલાક કરતાં વધારે વખત નહિ જોઇએ. આવા ભારે આરોપનો કેસ સેશન્સમાં કમિટ થાય તે પહેલાં આરોપી કૉર્ટની આટલી મહેરબાની માગે છે. ઉલટ તપાસ થયા પછી જો ઉપલી કૉર્ટમાં કેસ મોકલવાની જરૂર લાગે તો તેમ કરવાનો કૉર્ટને અધિકાર છે. "

હવે માજીસ્ટ્રેટે ના ઇલાજે રજા આપી. સનાતન વાડીના સાક્ષીઓ ચાલ્યા ગયા ન હતા. કચેરીની બહાર સનાતન વાડીના સદર નાયબની સાથે ગપ્પાં હાંકતા હતા અને બીડીઓ પીતા હતા. તેમને કૉર્ટમાં બીજીવાર બોલાવવામાં આવ્યા.

પહેલો સાક્ષી જે દાકતર હતો તેણે ઉલટ તપાસમાં માની દીધું કે તે દાક્તર હતોજ નહિ. કદી પણ દાક્તરી વિદ્યાનો અભ્યાસ

તેણે કર્યો ન હતો અને એક પણ પરીક્ષા તેણે આપી ન હતી. એક દવાખાનામાં થોડા મહિના સુધી કમ્પાઉન્ડર રહ્યો હતો અને ત્યાંથી પણ દારૂ પીવા માટે તેને બરતરફ કરવામાં આવ્યો હતો. હાલ તે સનાતન વાડીમાં રહેતો હતો અને બજારમાંથી કેટલીક દવાઓ આણી લોકોને આપતો હતો વળી કામિનીબાબુનો તે ખુશામતીઓ હતો. જરૂર પડે કલકત્તે જઈ નાચનારીને તેડી લાવતો હતો. અને નાચપાર્ટીને માટે જોઇતી તજવીજ કરતો હતો. વળી તેણે એમપણ કબુલ કર્યું કે તારિણીબાબુનુ મરણ એકાએક નીપજ્યુ ન હતું તેમ શક જવાનુ પણ કાંઇ કારણ ન હતું. તેમ હોત તો હું એકદમ પોલિસ થાણામાં ખબર આપત.

ત્યાર પછી વીલના સાક્ષીની ઉલટ તપાસ થઇ. તેણે કહ્યુ—"હું સનાતનવાડી રહું છું. કામિની બાબુનો આશ્રિત છુ તાલપુખુરમાં ઝાઝી વાર જતો નથી. ફકત જે દિવસે વીલ લખાયુ તેજ દિવસે ગયો હતો. રમાપ્રસાદને તારિણી બાબુને પાસે વીલ કરાવવાનો આગ્રહ કરતાં મેં જાતે સાંભળ્યો નથી. સનાતનવાડીના લોકને મ્હોંડે સાંભળ્યાથી મ્હેં કહ્યું હતું."

ત્યાર પછી વછનાગ આપ્યાની સાક્ષી પુરનાર પાણીઆરીની ઉલટ તપાસ ચાલી. તેણે કહ્યું હું કદી પણ તારિણી બાબુને ઘેર નોકર રહી નથી. ગોપબાળાના બાપને ઘેર હતી. તારિણીબાબુનું જે દિવસે મરણ થયુ તે દિવસે હું તેમને ઘેર ગઇ હતી અને ત્યાં સૂતીપણ હતી. મધરાતે વછનાગ ખાંડવાની જરૂર પડી. ઘરમાં બીજો નોકર ન હોવાથી સન્યાસીએ મને બોલાવીને વછનાગ ખાડવા આપ્યો કેમકે હું જૂની વિશ્વાસુ નોકર છું. ત્યારપછી તે વાડકી ક્યાં ગઇ તે હું જાણુતી નથી. વછનાગનાં મૂળીયાં કયાં છે તે પણ હું જાણુતી નથી. જ્યારે દારોગાએ વાડકી અનેમૂળીયાં ખોળી કહાડયાં ત્યારે મને માત્ર બતાવેલાં.

કચેરીમાં જે વાડકી રજુ કરેલી છે તે અસલ વાડકીના જેવી છે કે નહિ તે હું કહી શકતી નથી ત્યાર પછી દારોગાની જુબાની લેવાઇ. વર્દ્ધમાનના બધા લોકો આ જુબાની સાંભળવા માટે કચેરીમાં ધક્કા-ધક્કી અને ડોકીયાં કરવા લાગ્યા. દારોગાએ ઉલટ તપાસમાં જાહેર કર્યું—મારૂં વતન બાખરગંજ જીલ્લામાં છે. અસલ હું એક દારોગાને ત્યાં નોકર રહ્યો હતો. તેની બાંકુડા જીલ્લામાં બદલી થઈ ત્યારે હું તેની સાથે ત્યાં ગયો. થોડા વખત પછી મેં તેની નોકરી મૂકી દીધી અને મજુરનો કૉન્ટ્રાકટ કરવા લાગ્યો એ ધંધામાં મેં સારો પૈસો પેદા કર્યો. પણ એક પરણેલી સ્રીને તેને ઘેરથી નસાડી મૂકીને મજુ-રણ બનાવવા માટે હુ પકડાયો અને મારા ઉપર કેસ ચાલ્યો. જો કે હુ છુટી ગયો પણ મારે ધંધો છોડવો પડયો. ત્યાર પછી હું કૉન્સ્ટે-બલ થયો. આ કેસની તપાસ મેં સનાતનવાડીમાં રહીને જ કરી છે. બધા સાક્ષીઓની સગવડ મને તે ગામના નાયબ દિવાને કરી આપી છે અને બીજી પણ ઘણી મદદ કરેલી છે. વછનાગનાં મૂળીયા અને વાડકી પણ મને તારિણીબાબુના ઘરમાંથી મળ્યા છે. ને દાસીએ આપ્યા અગર બીજા કોઇએ આપ્યાં તે મને બરાબર યાદ નથી. બાખરગંજના દારોગાની દશ વરસ સુધી ખાનગી નોકરી કરીને હું પોલિસનુ કામ શીખ્યોછું અને અનુભવી થયો છુ."

છેલ્લો સાક્ષી સ્મશાનમાં હેમચંદ્ર અને રમાપ્રસાદની વાત સાંભળ-નાર હતો. તાલપુખુર ગામ કેવુ છે, ત્યાંનુ સ્મશાન કયાં આગળ છે વગેરે બાબતો વિષે તે તદ્દન બિનવાકેફ હતો. એક સવાલના જવાબમાં તેણે એમ પણ માની દીધું કે હું કામિની બાબુની વાડીનો નોકર છું.

આ બધી વાત જાહેર થઈ તે સાંભળીને માજીસ્ટ્રેટ સાહેબ પોતાની લાંબી દાઢીમાં હાથ ફેરવવા લાગ્યા. તેમનો સ્વભાવ મૂળથી

જરા ઉગ્ર, કાંઇક ઉતાવળો, અને ચંચળ હતો.પણ તે બુદ્ધિ વગરના હૃદયશૂન્ય અને અન્યાયી ન હતા. કેસનું બદલાઇ ગયેલું સ્વરૂપ જોઇને તે વિચાર કરવા લાગ્યા અને આરોપીની શાંત, ગંભીર મુખમુદ્રા તરફ ધારી ધારીને જોવા લાગ્યા. માજીસ્ટ્રેટનો બદલાયલો ચ્હેરો જોઇને દારોગાને ફાળ પડી, તેનું મ્હોં સુકાઇ ગયું કચેરીના ઓટલા ઉપર તે બેશી ગયા અને સિપાઈને કહ્યું કે—ભાઇ જરા લોટામાં પાણી લાવ.

પછી ચંદ્રનાથે કચેરીમાં ભાષણકર્યું.—"આરોપી તદ્દન નિર્દોષ અને સર્વાંશે ધર્મપરાયણ માણસ છે. તે દુષ્ટ લોકોના પ્રપંચનો ભોગ થઇ પડેલો હોવાથી તેને માથે આ ખોટો આરોપ આવેલો છે. જો કૉર્ટની રજા હોય તો કેટલાક તટસ્થ સાક્ષીને બોલાવીને તેમની દ્વારા હું મારા અસીલનું નિર્દોષપણું સંપૂર્ણ રીતે સિદ્ધ કરૂં."

આ સાંભળીને માજીસ્ટ્રેટ સાહેબ દાઢીએ હાથ ફેરવતા ફેરવતા વિચાર કરવા લાગ્યા.

ચંદ્રનાથે કહ્યું—"બધા સાક્ષો કામિનીકાન્ત બાબુના શીખવેલા માણસો છે. તેમની ખટપટથીજ આ કેસ ઉત્પન્ન થયો છે અને તેમની શીખવણીથીજ બધા સાક્ષીઓએ અગાઉ ખોટી સાક્ષી પૂરી છે. વછનાગ વાળી વાત તદ્દન બનાવટી છે અને તે દારોગાએ ઉભી કરેલી છે. આ વિષે આપનો શક દૂર કરવા માટે હું કેટલાક સાક્ષો લાવ્યો છું. આપની રજા હોય તો હું તેમને કૉર્ટમા હાજરકરી દઉં." માજીસ્ટ્રેટે જવાબ આપ્યો કે વાદીના સાહેદો જ્યારે શકદાર માલમ પડયા છે ત્યારે પ્રતિવાદીના સાક્ષીઓને બોલાવવાની શી જરૂર છે?

ચન્દ્રનાથે કહ્યું—"સાધારણ રીતે જરૂર હોતી નથી પણ આ કેસમાં તો જરૂર છે. આ કેસમાં એક ધર્મપરાયણ, પ્રતિષ્ઠિત અને સદાચરણી મનુષ્ય ઉપર એક તદ્દન ખોટો આરોપ મૂકવામાં

આવ્યો છે. ઘડપણથી અને રોગથી જે માણસનુ મરણ નીપજ્યુ છે તેને ઝેર આપીને માર્યાની બનાવટી વાત ઉભી કરવામા આવી છે. વછનાગ એ શી ચીજ છે તે બધા લોકો સમજતા હોતા નથી. પોલિસે એ મૂળીયાં દાકતર પાસે તપાસ માટે મોકલ્યાં છે. જો આ ભયંકર અપરાધ સાબીત થાય તો આરોપીને દેહાન્તદંડની શિક્ષા થવી જોઇએ. જો આ વાત જૂઠી સાબીત થાય તો એક નિરપરાધી માણસ ઉપર તદ્દન ખોટો કેસ ઉભો કરવામાં જેમનો હાથ છે તેમને સખત નશિયત થવી જોઇએ. હુ હિમતપૂર્વક કહું છુ કે આ પ્રાન્તમાં પ્રપચી પોલિસ અમલદારોની સખ્યા ઝાઝી નથી તો પણ જે થોડા ઘણા છે તેઓની દુષ્ટતા જો સાબીત થાય તો એવા બદમાસ અમલદારોને સજા કરી રૈયતને ભય મુક્ત કરવાની રાજ્યકર્તાની ફરજ છે. ”

આપ એકલા માજીસ્ટ્રેટ નહિ પણ જીલ્લાના રાજ્યકર્તા છો. આપની હકુમતના પ્રદેશમાં ન્યાય પ્રવર્તાવવો એ આપનુ કર્તવ્ય છે. કચેરીના કામને સરળ કરી આપવા માટે, ઇન્સાફનો વાજબી અમલ કરાવવા માટે, મારા દેશી ભાઇઓના કલ્યાણને માટે કોર્ટને મારી નમ્ર વિનંતિ છે કે મને ફક્ત બે કલાક આપો અલબત કચેરીનો વખત કિંમતી છે પણ ફક્ત બે કલાકના પરિશ્રમથી આપના મનમાં લેશ માત્ર પણ શક રહેશે નહિ. આપ નિશ્ચયપૂર્વક સમજી શકશો કે એ કેસ તદ્દન સત્ય છે અગર તદ્દન બનાવટી છે અને આપે આપનુ કર્તવ્ય ઉત્તમપણે બજાવ્યુ છે એમ સમજીને આપને પણ એક પ્રકારનો સંતોષ થશે ત્યાર પછી આપ જે હુકમ ફરમાવશો તે માનવાને માટે આરોપી તૈયાર છે. મારા સાક્ષીઓ હું જાતે લાવ્યો છું; મેં તેઓને બહાર રાખ્યા છે; આપ રજા આપો તો અંદર બોલાવુ.

માજીસ્ટ્રેટે તેમને બોલાવવાની રજા આપી.

પ્રકરણ ૨૭ મું.

કેસ પૂરો થયો.

કામિનીકાન્ત જેવા જમીનદાર લોકો કચેરીમાં કેસ સાંભળવા આવતા નથી. પણ આજે દુષ્ટ સંન્યાસી ગુન્હેગાર તરીકે સાબીત થઈ સેશન્સમાં જવાનો, આજે એ અધમ, ધર્મઢોંગી જટાધારી મારી સત્તાનો સ્વાદ ચાખવાનો, એ ઉલ્લાસથી કામિનીકાન્ત બાબુ રુવાબ બંધ પોતાના વકીલની સાથે આવીને કચેરીમાં બેઠા હતા. જ્યારે ચંદ્રનાથ બાબુ હેમચંદ્રને લઈને કચેરીમાં દાખલ થયો ત્યારે કામિની બાબુના પેટમાં ફાળ પડી. જ્યારે એ બાહોશ વકીલે ઉલટ તપાસમાં કેસનુ ખરૂ સ્વરૂપ પ્રકટ કર્યુ ત્યારે તેમને ભર કચેરીમાં બે ચાર વાર મૂર્છા આવતી આવતી રહી ગઇ. તે વારેવારે દરવાજા તરફ જોવા લાગ્યા. સુમતિ બાબુ પણ વર્દ્ધમાન આવવા જોઇએ. આવી અણીના વખતમાં તે કયાં ગયા હશે ? સુમતિ બાબુ કલકત્તાના એક નિપુણ સોલીસીટર હતા. ગામડીયા બુદ્ધિથી ઉપજાવી કહાડેલા કેસમાં તે હાથ ઘાલે એવા ન હતા. વળી હાઇકૉર્ટના ચંદ્રનાથ બાબુ જ્યારે આરોપીનો બચાવ કરવામાટે જનાર છે એ વાત જ્યારે તેમણે સાંભળી ત્યારે કેસનું શું પરિણામ આવશે તે તેમણે જાણીજ લીધું હતું ! ડૂબતી હોડીને લાત મારીને ડૂબાવી દે એવા સુમતિ બાબુ હતા. તેણે હેમચંદ્ર અને ચંદ્રનાથના મિત્ર બની જઈને સરસ્વતી તરફના સાક્ષીની વ્યવસ્થા કરી આપી. અને બીજી બાજુએ કામિની બાબુને તાર કર્યો કે બહુજ અગત્યના કાર્યમાં હું રોકાઇ ગયો છું તેથી મારાથી વર્દ્ધમાન અવાય તેમ નથી. મને આશા છે કે આપને વિજય મળશે.

હવે પ્રતિવાદીના સાક્ષીઓની જુબાનીની શરૂઆત થઈ. પહેલો સાક્ષી તારિણી બાબુના ઘરનો પુરોહિત હતો તે સનાતનવાડીનો એક પ્રતિષ્ઠિત વિદ્વાન બ્રાહ્મણ હતો. તેની એક સંસ્કૃત પાઠશાળા હતી. જમીનદારને ઘેર સર્વ ધાર્મિક ક્રિયા કરાવતો હતો અને આખા ગામમાં બધે સન્માન પામતો. હતો. તેની ઉંમર સીત્તેર વર્ષની હતી. જીંદગીમાં કદિ કચેરીને પગથીએ ચહડયો નહતો. માત્ર આજ બિન્દુવાસિની અને યોગમાયાના આંસુ ન જોઈ શકાવાથી તે લાચારીથી કચેરીમાં આવ્યો હતો.

તેણે જાહેર કર્યું—રમાપ્રસાદ કેટલાક મહિનાથી સનાતન વાડીમાં આવી રહ્યો છે. જમીનદારે ગુસ્સે થઈ બળાત્કારે તેને કહાડી મૂકવાનો એક વાર હુકમ પણ કર્યો હતો. તે ઉપરથી રમાપ્રસાદે જમીનદારને કાંઈક ભય બતાવેલો. એ વાત બન્યા પછી કામિની બાબુએ પોતાના વિશ્વાસપાત્ર મિત્રો આગળ પ્રતિજ્ઞા લઇને કહ્યું હતું કે રમાપ્રસાદને ખરાબ ન કરૂ તો મારે ગામ છોડીને ચાલ્યાં જવુ.

તારિણી બાબુ મરી ગયા પહેલાં કેટલાક મહિના અગાઉથી પોતાની નવી વહુ સાથે ઝાઝું બોલતા ચાલતા નહિ. વારંવાર પોતાની મરી ગયેલી સ્ત્રીને, બિન્દુને, અને સુધાને સંભારતા અને આંખમાંથી ચોધાર આસુ પાડતા. તેમણે મને બોલાવીને ઘણી વાર કહ્યું હતુ કે હવે મારો વિચાર બધુ ભત્રિજીઓને આપી દેવાનો છે. સ્ત્રીને આપવાનો નથી. આ વાત સાંભળીને હેમચંદ્રે સ્પષ્ટ કહ્યું હતુ કે આપની સ્ત્રીની હયાતીમાં આપની મિલ્કતમાંથી એક કોડી પણ હમારે જોઇએ નહિ. શરતે મૈમનસિંગ જતાં પહેલાં તારિણી બાબુને કહ્યું હતું કે આપ બધુ અમારી કાકીને આપી જજો. અમારે તેમાનું કાંઇ જોઈતુ નથી. આટલુ છતાં પણ

ડોસાનુ મન ફર્યું નહિ તે મરી ગયા તે દિવસે સાંજે તેમણે વીલ કરીને બધુ બિન્દુ અને સુધાને આપ્યુ. એ વીલમાં હું અને રમાપ્રસાદ બે જણ સાક્ષીઓ છીયે. તારિણી બાબુના મરણ પછી તેની વિધવા સનાતનવાડી આવીને રહી. જ્યારે ગોપબાળાએ પોતાના ધણીના મરણ સબંધી તપાસ કરવાને અરજ કરી ત્યારે તે કામિનીકાન્તને ઘેર રહેલી હતી.

સનાતન વાડીની એક બુઢ્ઢી દાસી, જેણે યોગમાયાની ન્હાનપણમાં સેવા કરી હતી તેણે કોર્ટને જાહેર કર્યું કે હું ચાળીશ વર્ષથી આ હવેલીમા રહું છું. ત્રીશ વર્ષ ઉપર રમણીકાન્ત નામે એક સગીર વયનો જમીનદાર અહિં રહેતો હતો. કામિનીકાન્ત સાથે થયેલા હંગામામાં તે માર્યો ગયો. આ વાત ગામના માણસો ભૂલી જવા આવ્યા છે પણ આ સંન્યાસીએ એ વાતની યાદગિરી આપીને કામિનીકાન્તની સ્ત્રીને ડરાવી હતી તે મે કાનોકાન સાંભળ્યુ છે. તે દિવસથી જમીનદાર સન્યાસીની અત્યંત ખુશામત કરવા લાગ્યા, થોડા વખતમાં કલકત્તે ચાલ્યા ગયા.

ત્રીજો સાક્ષી ધનપુરનો ધનંજય બાબુ હતો. તેને જોઈને કામિની બાબુ ચોંકયા. તેણે કહ્યું—તારિણી બાબુનો હું જમાઇ થાઉ છુ. તે મરી ગયા ત્યાર પહેલાં કેટલાક મહિના આગમચ હું તેમને મળવા ગયો હતો. તેમની પહેલી વારની પતિવ્રતા સાધ્વી સ્ત્રી શોક અને દુઃખથી રીબાઈ રીબાઇને મરણ પામી હતી. તેમની નવી સ્ત્રી અત્યંત ઉચ્છૃંખલ, કજીયાખોર, અને બાજન્દી નીવડી હતી. ધણીને સતાવી તેણે બધી મિલ્કત સ્વહસ્તક કરી લીધી હતી. તારિણી બાબુના મરણ પછી કામિનીકાન્ત બાબુ કલકત્તાના સૉલીસીટર સુમ-

તિ બાબુની પાસે આવ્યા હતા તે દિવસે, તે વખતે, હું પણ સુમતિ બાબુને ઘેરજ હતો. કામિની બાબુએ કહ્યું કે રમાપ્રસાદે એક હુલ્લડની યાદગિરી આપીને મને દમ ભરાવ્યો છે. અને તેણે તારિણી બાબુ પાસે નવું વીલ કરાવી તેની બધી મિલ્કત તેની ભત્રિજીઓને અપાવી છે. આ કારણથી તેના ઉપર અદાવત રાખી તારિણીબાબુની સ્ત્રીને નામે કામિનીકાન્તે રમાપ્રસાદ ઉપર એક બનાવટી કેસ ઉભો કર્યો છે. ધનંજય બાબુએ એ ઉપરાંત કહ્યું કે મને પણ એકવાર સસરાની મિલ્કત લેવાની લાલસા થઇ હતી પણ હવે મને તે ઇચ્છા નથી. મે મારી પોતાનીજ કસુરથી મારી વિસ્તૃત દોલત ગુમાવી છે, એક પતિવ્રતા, સાધ્વી, સ્નેહમયી સ્ત્રી જે હેમબાબુની સાળી હતી તેને ગુમાવી છે મને હેમબાબુએ અસલ ઘણી શિખામણ દીધેલી તેની સ્ત્રીએ મારે ઘેર આવી મારા ઉપર ઘણોક ઉપકાર કરેલો. પણ મારા કમનશીબે મને અવળી બુદ્ધિ સૂઝી તેથી મેં તેમની સલાહ માની નહિ તારિણી બાબુની મિલ્કત હેમ અને શરતને મળી છે, એ વાત જાણીને હું રાજી થયો છુ. હવે હું ઝાઝુ જીવનાર નથી. વળી ધન મેળવીને તેનો દુરૂપયોગ કરવાની મને ઇચ્છા નથી. ન્હાનપણથી મને દારૂ પીવાની ટેવ પડી છે. તેથી મારૂં મરણ જલદી થશે અને મારા પાપ કર્મનો બદલો મને મળશે.

ધનજયને આ પ્રમાણે આત્મગ્લાનિ સહિત સ્વદોષનો સ્વીકાર કરતો જોઈ કચેરીમાં બેઠેલા તમામ માણસો દિલગીર થયા. અને સાહેબનું હૃદય પણ પીગળી ગયુ.

ત્યારપછી ખોજેરતા બીબીની જુબાની થઈ. તેને કૉર્ટમાં જોતામાંજ કામિની બાબુના હોશકોશ ઉડી ગયા અને કચેરીમાં બેઠેલા માણસો સ્તબ્ધ બની ગયા. તેણે કહ્યુ—" હુ કલકત્તાની

નાચનારી છું. કામિની બાબુને નાચનો બહુ શોખ છે અને મારા ઉપર તેમની ઘણી મહેરબાની છે. એમને ત્યાં નાચ પાર્ટી હોય ત્યારે મનેજ બોલાવે છે. હમણાં થોડા વખત પર તેમણે એક નાચ કરાવ્યો હતો. ત્યાં સુમતિ બાબુ પણ હતા. પછી સુમતિ બાબુને કામિનીબાબુએ જે વાત કહી હતી તે ખોજેસ્તાએ છાનામાના સાંભળી લીધેલી તે સઘળી તેણે કોર્ટને જાહેર કરી. એ સાંભળીને આખી કચેરી દિગ્મૂઢ બની ગઇ."

કામિની બાબુના વકીલે તેને પ્રશ્ન કર્યો—"તુ તો મુસલમાની છે. તુ શું એમ કહી શકે છે કે કામિની બાબુએ તારા હાથનો દારૂ પીધો છે ?"

ખોજેસ્તા—"હા હું કહી શકું છું."

વકીલ—"કામિની બાબુ સનાતન વાડીની 'આર્યધર્મ જ્ઞાતિરક્ષક' સભાના પ્રમુખ છે એ તું જાણે છે ?"

ખોજેસ્તા—"હા જી, જાણુ છું."

વકીલ—"તાલપુખુરના શરત્ અને હેમને ન્યાત બહાર મૂકવામાં તે આગેવાન હતા તે તું જાણે છે ?"

ખોજેસ્તા—"હા મેં સાંભળ્યું છે."

વકીલ—"કામિની બાબુ જ્ઞાતિરક્ષાને માટે આટલા બધા ઉત્સુક છતાં તારા હાથનો તે દારૂ પીએ તે કેમ બની શકે ?"

ખોજેસ્તા—"તે વિષે મેં એકવાર તેમને જ પૂછ્યુ હતુ."

વકીલ—"તેમણે તને શું કહ્યું ?"

ખોજેસ્તા—"ગુપ્તપણે ગમે તે ખાવાપીવાથી વટલાવાતું નથી. માત્ર પ્રગટ રીતે ખાવું ન જોઇએ. કેમ વકીલ સાહેબ ! તમે પોતે તેમ નથી કરતા કે ?"

નિર્લજ વારંગનાના આ માર્મિક પ્રશ્નથી તે વકીલ માન-ભંગ થઇ ગયો. છેલ્લો સાક્ષી મૈમનસિંગનો જૉઇન્ટ માજીસ્ટ્રેટ શરચ્ચંદ્ર ઘોષ હતો. તેને જોઇને હેમચદ્ર અને ચંદ્રનાથ વિસ્મય પામ્યા. શરતને કોઇએ 'બોલાવ્યો ન હતો. તે મૈમનસિંગથી કયારે આવી પહોંચ્યો !

હેમચંદ્ર ધનનો લોભી છે અને તેથી તેણે રમાપ્રસાદની મદદથી તારિણી બાબુ પાસેથી નવું વીલ કરાવી લીધુ છે એ વાતનું ખડન કરવાને શરચ્ચદ્ર સાહેબના પાંજરામાં આવી ઉભો રહ્યો. ચંદ્રનાથે તેને સવાલ પૂછયા નહિ. તેણે પોતેજ જે જાણતો હતો તે કહેવા માડયુ. હેમચંદ્રનુ ઉદાર હૃદય, તેની હિમ્મત, તેનો પરોપકાર, દયા અને ન્યાયપરાયણતાનું લાગણીપૂર્વક વર્ણન કર્યું. તારિણી બાબુની અને તેની પહેલીવારની સ્ત્રીની બિન્દુએ સેવા કરી હતી તેનું વર્ણન કર્યું. મદવાડમાં, શોક અને દુઃખના પ્રસગોમા બિચારી બિન્દુ તારિણી બાબુને ઘેર જઇને એક દાસી ન કરે એવું કામ પણ કરેલુ તેનુ વર્ણન કર્યું. તારિણી બાબુએ જયારે પ્રકટ રીતે હેમ અને બિન્દુને ન્યાત બહાર મૂક્યાં ત્યારે પણ લોકોથી છાની છાની બિન્દુ પોતાના કાકાની અને કાકીની સેના કરતી. તારિણી બાબુની નવી ધણીઆણીએ બિન્દુને પોતાને ઘેર આવતી બધ કરી હતી તે છતાં પણ બિન્દુ એ કુટુમ્બના દુખના દિવસોમા તેમને ઘેર જવા ચૂકી ન હતી. એજ તારિણી બાબુની નવી સ્ત્રી જયારે એક બાપ વગરની કંગાલ છોકરી હતી, જયારે તેને સાંજ પડે પેટ ભરીને ખાવાને અન્ન પણ મળતુ નહતું અને ગામમાં કોઇ આપનાર પણ નહતું, ત્યારે બિન્દુ તેને ઘેર જઇને અનાજ આપી આવતી; તેને ઘેર બેઠાં લુગડાં પહોંચાડતી; અને પોતાની છોકરીના

મ્હોંમાંથી સારી ચીજ કહાડીને ગોપબાળાને ખવડાવતી. એજ ગોપબાળા જ્યારે તારિણી બાબુને પરણી ત્યારે અભિમાનથી બિન્દુનો તિરસ્કાર કરવા લાગી અને તેને પોતાના ઘરમાંથી અપમાન કરીને કહાડી મૂકી તે છતાં પણ બિન્દુ મ્હોડેથી એક કડવો શબ્દ બોલી નથી અને મનમાં આણ્યું નથી. આટલું છતાં પણ તેણે પોતાની કાકાની અત્યંત સેવા કરી હતી. મિલ્કત મેળવવા માટે હેમચંદ્રે કદી પણ નવુ વીલ કરાવવાનો પ્રયત્ન કર્યો નથી. તેની મરજી વિરૂદ્ધ તારિણી બાબુએ પોતાની સ્ત્રીના દુષ્ટ વર્તનથી તેના ઉપર ગુસ્સે થઇને એ વીલ કર્યું છે. તે છતાં પણ હેમ એ ધન લેવાને રાજી નથી એવુ એણે મને અનેક કાગળોમાં લખ્યું છે. શરચ્ચંદ્રને એ કાગળો ભૈમનસિંગ મળેલા તે બધા તેણે કૉર્ટમાં રજુ કર્યા.

પછી શરચ્ચંદ્રે રમાપ્રસાદ વિષે કહેવા માંડયુ. રમાપ્રસાદનુ ઉન્નત ચરિત્ર, અસાધારણ શાસ્ત્ર જ્ઞાન, ઉત્સાહ, દૃઢ દેશભક્તિ વગેરે ગુણનુ તેણે વર્ણન કર્યું. ન્યાત, જાત વર્ણ, આશ્રમ વગેરે મનમાં ન લાવીને તે હિન્દુમાત્રને પ્રેમપૂર્વક શાસ્ત્રનો અભ્યાસ કરાવે છે, વૈર અને કુસંપથી વિભિન્ન અને નિર્બળ થયેલી હિન્દુ પ્રજાનું ઐક્ય કરવા યત્ન કરે છે અને સનાતન હિન્દુ ધર્મની ચેતનમય કથા દ્વારા આધુનિક હિન્દુ સમાજને નવજીવન આપે છે. તેમ કરતાં આ સાધુચરિત રમાપ્રસાદ સ્વાર્થી લોકોની નિંદાને હસી કહાડે છે. તેઓ એને માથે જે કલંક મૂકે છે તે આનંદથી સહન કરે છે. નિંદાખોર અને દ્વેષી લોકોને ક્ષમા કરીને તેમને આલિંગન દઇ સાચી સલાહ આપે છે. દ્વેષી અને મિથ્યાભિમાની લોકોના તિરસ્કારથી રમાપ્રસાદનું હૃદય લેશ માત્ર પણ ક્ષોભ પામતું નથી. સનાતનવાડીના જમીનદારના પ્રતાપના ભયથી પણ રમાપ્રસાદ પો-

તાના કર્તવ્યમાર્ગમાંથી એક તસુ પણ પાછો હઠયો નથી. ઐકાંતિક દેશભક્ત રમાપ્રસાદ એક ચિત્તે અને દઢ પગલે પોતાના દેશની ઉન્નતિનું કાર્ય કર્યો જાય છે. સ્વધર્મનું ગૌરવ વધારે છે અને કુસપ તથા અનેક સહસ્ર જ્ઞાતિને લીધે નિર્બળ થએલી ભારતીય પ્રજાને એક પ્રજા કરવા યત્ન કરે છે. તેના પવિત્ર જીવનનો આજ માત્ર ઉદ્દેશ છે અને એ ઉદ્દેશની સિદ્ધિને માટે આજ તે સંકટમાં આવી પડયો છે અને તેને માથે મિથ્યા કલંક ચઢાવવામાં આવ્યું છે. હું એ રમાપ્રસાદને મારા જ્યેષ્ઠ બંધુ તુલ્ય માનું છુ અને તેના ઉન્નત ચારિત્ર્યમાં દોષ કે કલંક હોય એ હું બિલકુલ માનતો નથી.

આટલે સુધીની જુબાની લખ્યા પછી માજીસ્ટ્રેટ સાહેબે કલમ ફેંકી દીધી તે ઉતાવળીયા હતા પણ સાચા અને લાગણીવાળા હતા. તેમણે જોરથી ટેબલ ઉપર હાથ પછાડયો અને ક્રોધથી ગર્જન કરીને કહ્યું—" આવા સાધુચરિત મનુષ્યને એક ભયંકર ખૂની ઠરાવવા માટે શુ કામિની બાણુએ આ બધી ખટપટ કરી છે ? આ ઉદાર સાચા સ્વદેશભક્તનો વિનાશ કરાવવા માટે ગોપબાળાએ ખોટી ફરિયાદ કરી છે ? શું સરકારની અદાલત જૂઠા, પ્રપંચી, કાવતરાંખોર ઠગ લોકોની રંગભૂમિ છે ? શું અમારી પોલિસ જમીનદારોના હાથનું હથીયાર બની છે ? રમાપ્રસાદ ! માત્ર ગઇજ કાલે હું તમને એક ભયંકર રાક્ષસ ખુની તરીકે ગણતો હતો. આજે મને મારી ભૂલ સમજાઇ છે. તમે નિર્દોષ છો, સદાચરણી છો, પરોપકારી છો અને ધર્મપરાયણ છો. તમારા જેવા લોકની સંખ્યા દેશમાં ઝાઝી હોત તો તેની આવી દુર્દશા હોત નહિ. હું તમને બંધન મુક્ત કરૂં છું અને તમારા ઉપર જેમણે મિથ્યા આરોપ મૂકયો છે તેમના ઉપર તમને ફરિયાદ માંડવાની રજા છે. "

આખી કચેરી સ્તબ્ધ દિગ્મૂઢ થઇ ગઇ. કોઇનો શ્વાસ પણ સંભળાતો નહિ. એ ગાઢ શાંતિનો ભંગ કરતો રમાપ્રસાદનો તીવ્ર સ્વર સંભળાયો—" સાહેબ, આપે અદલ ઇન્સાફ કર્યો તેને માટે ઈશ્વર આપનું કલ્યાણ કરશે. પણ મારે હજી કાંઇક કહેવાનું છે."

માજીસ્ટ્રેટ—" તે શું છે ?"

રમાપ્રસાદ—" કેટલાક સાક્ષીઓએ જણાવ્યું છે કે ત્રીશ વર્ષ ઉપર આ કામિનીકાંત બાબુએ એક હુલ્લડ કરીને પોતાના પિત્રાઈ ભાઈ રમણી કાંતનું ખુન કર્યું હતું. એ માટે તેમના ઉપર કેસ ચલાવાય કે નહિ !"

માજીસ્ટ્રેટ—ત્રીશ વર્ષ પર બનેલા ગુન્હા વિષે અલબત અત્યારે પણ કેસ ચલાવી શકાય એમ છે, પણ તેની સાબીતી જોઇએ. તમે જે વાત કરો છો તેના કોઈ સાક્ષી છે ?"

રમાપ્રસાદ—હુલ્લડની તો જોઇએ એટલી સાબીતી છે પણ જરાક સંતોષની વાત એજ છે કે કામિનીકાંતને પોતાના ભાઇની હત્યાના પાપમાંથી ઈશ્વરેજ બચાવ્યા છે. રમણીકાંતનું એ હુલ્લડમાં મરણ નિપજ્યું નહોતુ. માત્ર તેને ઇજા થવાથી મૂર્છા આવી હતી. ત્રણ ભૈયાઓ તેના નિશ્ચેષ્ટ દેહને ઉંચકીને પલાયન કરી ગયા. જ્યારે તેને ભાન આવ્યુ ત્યારે તેને લઇને પશ્ચિમ તરફ જતા રહ્યા. એ ત્રણ પુરબીયાઓ—હીરાસિંગ, લાલસિંગ, અને જોહરસિંગ પરદેશથી પાછા આવ્યા છે અને અહિયાંજ ઉભા છે. મને આશા છે કે કામિનીકાંત પોતે પણ તેમને ઓળખી શકશે. એમ કહી, કામિની બાબુ તરફ એક તીવ્ર દૃષ્ટિપાત કરી પોતાના માથા ઉપરની લાંબી જટા ખસેડી નાંખી સંન્યાસીએ સિંહનાદ કરી કહ્યું, " અને રમણીકાંત પોતે પણ જીવતો છે. જો કામિની બાબુ ધ્યાનપૂર્વક જોશે

તો તે પોતાના ભાઇને સારી રીતે ઓળખી શકશે ? ”

કામિની બાબુએ સંન્યાસીનું જટા વગરનું ઉન્નત વિશાળ લલાટ, અગ્નિ જેવાં તેજસ્વી નેત્ર, અને તેની પ્રચંડ મૂર્ત્તિ જોઇ. એક વાર જે આકળો બાળક હતો તે આજે મહા બળવાન વીરપુરૂષ થઇને પોતાનું જૂનું વેર લેવાને છાતી ઠોકતો ઉભો છે. બિચારા કામિની બાબુ મૂર્ચ્છા ખાઇને નીચે પડયા અને તેમનાં માણસો તેમને ઉંચકીને કચેરી બહાર લઇ ગયાં.

હવે કચેરીમાં ભારે કોલાહલ મચી રહ્યો એ ગરબડને અટકાવી શાંત પાડી સાહેબે કહ્યું, “ રમાપ્રસાદ ? તમેજ રમણીકાંત છો ? કામિનીકાંતે તમારૂંજ ખૂન કરવાની કોશિષ કરી હતી. બેશક તમે ફરિયાદ કરો. તમારા સાક્ષી લઇને આવો. અગ્રેજી રાજ્યમાં તમને જરૂર અદલ ઇન્સાફ મળશે. હું જાતેજ તમારો કેસ ચલાવીશ.”

પ્રકરણ ૨૮ મું.

કાચી કેરીની કઢી અને દહિંનો મઠો.

કચેરીની બહાર થએલો ખળભળાટ, લોકોમાં તે દિવસે આવી રહેલી જાગૃતિ, ‘ મહારાણીનો જય, ’ ‘ લૉર્ડ એલ્ગિનનો જય, ’ એવા લોકોએ કરેલા હર્ષનાદ તે બધાનું વર્ણન અત્રે કરી શકાય એમ નથી. સાધુના વેષમાં આવેલા રમણીકાન્ત જમીનદારને જોવાને માટે આખું ગામ એકઠું થયું; હાઇકૉર્ટના વકીલ ચંદ્રનાથને જોવા માટે લોકોની ઠઠ મળી; મૈમનસિંગના જૉઇન્ટ માજીસ્ટ્રેટ શરતને જોવા માટે પણ લોકો એકઠા થયા હતા. આ બધી ગડબડની અંદર વાતચીત થવી મુશ્કેલ હતી તેથી રમાપ્રસાદે ચંદ્રનાથ, હેમચંદ્ર અને

શરચ્ચંદ્રને આલિંગન દઇને પોતાનો ઉપકાર જણાવ્યો.

આજે પોતાના વકીલને ઘેર જઈને મુકામ કરવો અને ત્યાં ગયા પછી નિરાંતે વાતચીત કરીશું એવો એ ત્રણ જણે સંકેત કર્યો. પણ એટલામાં વર્દ્ધમાનના વકીલ લોકો ચંદ્રનાથને, શરતને તથા રમણીકાન્તને પ્રેમપૂર્વક આગ્રહ કરીને એક આગેવાન વકીલને ઘેર લઇ ગયા; અને ત્યાં તેમની સાથે સર્વેએ ભોજન કર્યું આથી હેમચંદ્ર એકલો પોતાના વકીલનુ ઘર પૂછતો પૂછતો ત્યાં ગયો.

હેમચદ્રે વકીલને ઘેર જઇને જોયું તો કચેરીમાંથી કોઈ આવ્યુ ન હતું. તેથી તે બહારના દિવાનખાનામાં આરામ લેવા બેઠો.

થોડી વાર બેઠો હશે એટલામાં એક અજવાળા વગરના ઓરડાનુ બારણુ ઉઘડયુ. તે બારણામાં થઇને ઘરની અદરના ભાગમાં જઇ શકાય એમ હતું. બારણુ ઉઘડયુ એટલે તેની અદરથી એક યુવાન સ્ત્રીનો સુવર્ણની બંગડીઓથી શણુગારાએલો સુદર ગોળ હાથ બહાર નીકળ્યો. તે સ્ત્રી ઘુમટો કહાડીને ઉબરા ઉપર ઉભી. હેમચદ્રે આડુ જોયું

બંગડીઓ અને બીજાં ઘરેણાનો રણત્કાર સાંભળીને હેમચદ્રે તેની તરફ જોયુ અને તે સ્ત્રી તેને આંગળીનો ઇશારો કરી અદર બોલાવવા લાગી.

હેમ બાબુ તદન પવિત્ર વૃત્તિવાળો સત્પુરૂષ હતો. તેણે આડું અવળું જોવા માંડયુ. શું વર્દ્ધમાનની બધી સ્ત્રીઓનો આવો અમર્યાદ વ્યવહાર હશે એવો તે વિચાર કરવા લાગ્યો. પણ પેલી સ્ત્રી મને શા માટે બોલાવતી હશે તે જાણવુ પણ જરૂરનું છે. એમ ધારીને તે ઉઠયો અને અંદર ગયો. પેલી સ્ત્રીએ તરતજ બારણું બંધ કર્યું અને સાંકળ દીધી.

બિચારો હેમ ગામડાનો માણસ, વર્દ્ધમાનની સ્ત્રીને હાથે સપ

ડાઈ થયો. અંધારા ઓરડામાં અજાણી સ્ત્રીની સાથે એક પળવાર પણ રહેવું સારા માણસને માટે ઉચિત નથી. પોતાનુ આ કામ વકીલના જાણવામાં આવશે ત્યારે તે શું કહેશે ?

ઘરની અંદરનું એક બીજું બારણુ ઉઘાડીને તે ચંચળ જુવાન સ્ત્રી દૂર ઉભી ઉભી હેમને ફરીથી બોલાવવા લાગી વર્દ્ધમાનની સ્ત્રીઓના આચરણને વિષે નાના પ્રકારની શંકા કરતો કરતો હેમચંદ્ર બિનઇલાજે તે સ્ત્રીની પાસે ગયો.

તેણે હેમને માટે પાટલો નાંખ્યો; ત્યાં એક રસોઇયણ રસોઈ કરતી હતી. હેમચંદ્ર હાથપગ ધોઇને પાટલા ઉપર બેઠો એટલે તે સ્ત્રી થાળીમા ગરમ ગરમ રોટલી અને વાડકીમાં જરદાળુનુ શાક લાવી. હેમ જમવા બેઠો. તેણે જોયું કે વર્દ્ધમાનની સ્ત્રીયો ગમે એટલી અમર્યાદ છતા રસોઇના કામમાં તો કુશળ છે.

વળી રસોઇયણ બડી લુચ્ચી નીકળી. તે રોટલી પીરસતી જાય અને ખી-ખી-ખી હસતી જાય. બિચારો હેમ એમ સમજ્યો કે મને ગામડીયો જાણીને તથા મારી જમવાની કઢંગી રીત જોઇને આ શહેરની સ્ત્રીયો હસતી હશે !

હેમ જમી રહ્યો એટલે રાંધનારી બાઈએ તેને કઢી ભાત પીરશ્યાં. હેમે કઢી ચાખી જોઇ. બીજી વાર ચાખી, અને ઘુમટો કહાડીને રાંધનારી સ્ત્રી તરફ જોયું. બીજીજ પળે ઉઠીને તેણે તેનો હાથ પકડયો ! અરરરર.! આ શુ ? હેમ બાબુ એક સજ્જન થઇને પારકાના ઘરની રસોઇયિણનો હાથ પકડે છે ! રસોઇયણ પોતાનો હાથ ખેંચી લઇને હેમને તિરસ્કાર યુક્ત વચનો કહેવા લાગી. હેમચંદ્રે હસીને કહ્યું— હવે ઓળખી છે ! હેં ! એ તો કાચી કેરીની કઢીથી પકડાઇ ગઇ! મેં ચાખતામાંજ જાણ્યું કે એ તાલખુરનીજ બનાવટ છે. અરે બિંદુ!

ગુ વર્દ્ધમાન શી રીતે આવી ? ક્યારે આવી ?
પછી બિન્દુએ ઘુમટો ઉઘાડી નાંખ્યો, અને હસતી હસતી પતિની પાસે આવી બેઠી. તેણે કહ્યું—"યોગમાયા સનાતનવાડીની એક વૃદ્ધ ચાકરડી સાથે અહિં આવ્યાં તેમની જોડે હું ય આવી."

હેમ—યોગમાયા આ ઘરમાં છે ? દાસી પણ અહિં છે !

બિન્દુ—હા, તેઓ બન્ને અહિઆં છે. વકીલનાં વહુએ અમને આગ્રહ પૂર્વક અહિં રાખ્યાં છે. બહુ ભલી બાઇ છે.

હેમ—ભલી તો હશે પણ આ ઘરમાં એક છોકરીને મેં જોઇ. તેની રીતભાત ઘણીજ ખરાબ હતી. જે મને બહારથી અંદર તેડી લાવી તે કેવી છોકરી છે ?

બિન્દુ—ના; તમારી ભૂલ છે. એનો સ્વભાવ અને વર્તણુક ઘણાં સારાં છે. પણ ન્હાનપણથી તે લાડકી હોવાથી જરા બોલવા ચાલવામાં ચબરાક બની ગઇ છે. પેલી આવે.

જેની વાત ચાલતી હતી તે યુવતી હાથમાં પથ્થરનો પ્યાલો લઇને આવતી હતી. તેમાં દહિંનો મઠો હતો. તે તેણે હેમ આગળ મૂકયો અને તેની થાળીમાં બે ચાર સન્દેશ પીરસ્યા. મઠો જોતાંજ હેમને શક પડયો. તેણે ચાખ્યા પછી તે સ્રીને કહ્યું, " હાં ? તમને પણ ઓળખ્યાં છે ! હવે શેનાં ઘુમટો કહાડો છો ? એ તો મઠા વડે પકડાઇ ગયાં ! ઉઘાડો મ્હોડું ! હમેશાં હસમુખી સુધા આ વખતે કૃત્રિમ રીસ ચ્હડાવીને બોલી.

" ના, નહિ મ્હોડું દેખાડું. ઘુમટો કહાડયો હતો તોયે તો મને અમર્યાદ કહી, ખરાબ રીતભાતની કહી, ત્યારે મ્હોં બતાવું ત્યારે તો શું નહિ કહે ?" બિચારો હેમ સાળીને હાથે હારી ગયો. તેણે સાળીના ખુબ કાલાવાલા કરીને રીઝવી.

પછી હેમે, બિન્દુને શરત્ અને સુધાની વાત પૂછી. બિન્દુએ કહ્યું, " હું જ્યારે વર્દ્ધમાન આવી ત્યારે મને કોઈએ કહ્યુ કે કેસને હજી ત્રણ ચાર દિવસની વાર છે. સરસ્વતી પંડિતના આ વિપત્તિના વખતમાં જો શરત્ આવી પહોંચે તો તે અમલદાર હોવાથી મદદરૂપ થઇ પડે. એમ ધારીને મેં તેને એક તાર કરાવ્યો. એ તાર પહોંચતાંજ શરત્ ઘણી મુશ્કેલીએ દશ દિવસની રજા લઇને સુધાની સાથે અહિં આવ્યા. " આ સાંભળીને હેમચન્દ્ર પ્રસન્ન થયો. તેણે કહ્યું, " બિન્દુ, તારા જેવી બુદ્ધિમાન વકીલ તાલપુખુરમા છે, એવુ જો રમાપ્રસાદે જાણ્યુ હોત તો મને વકીલને બોલાવવા માટે કલકત્તે મોકલ્યો ન હોત. એ રમાપ્રસાદ કોણ તે તું જાણે છે કે ? "

બિન્દુ—હા, ઘણા દિવસથી જાણુ છું.

હેમ બાબુએ ચકિત થઇને પૂછ્યુ, " તે શી રીતે ? તને કોણે કહ્યુ ? ત્રીશ વર્ષે રમણીબાબુને ગામમાં ઓળખે એવુ કોઇ ન હતુ."

બિન્દુએ હસીને જવાબ દીધો, " એ તો ભાયડાઓ કોઇને ન ઓળખે ભાયડાઓ તો પોતાના ઘરના માણસને ય ભૂલી જાય પણ સ્ત્રીઓ તેમને ભૂલતી નથી. જુઓને, મેં ઘુમટો કહાડયો હતો તેથી તમે મને ઓળખી નહિ તમારૂ ભાયડાઓનુ તો ખાધામાંજ ધ્યાન ! તમે મને ભૂલી ગયા. પણ તમારાથી કેરીની કઢી ભૂલાઈ? બાઇડીઓ તમારા જેવી ન હોય ! ત્રીશ વર્ષે પણ યોગમાયાએ રમણીબાબુને જોતામાંજ ઓળખ્યા શું સ્ત્રી પોતાના પતિને ભૂલી શકે છે ? "

સુધાહાસિની કીકાને ખોળામાં લઇને હેમ બાબુની પાસે

આવી બેઠી. તે પણ હેમ બાબુ તરફ એકાદ તીર ફેંકવાનો લાગ શોધતી હતી. તેણે કહ્યું, "બ્હેન ! યોગમાયાએ રમણીબાબુને ઓળખ્યા, તેમની સાથે વાતચીત કરી, તેમને રસોઇ કરી આપી, તેથી રમણીબાબુએ યોગમયાને અમર્યાદ અને ખરાબ રીતભાતના કહ્યાં નહોતાં કે ?"

આજે હેમને બન્ને બ્હેનોએ મળીને બનાવ્યો. તેઓ જયારે એક થઈ હોય ત્યારે તેમની સામે ટકવાની હેમની શી તાકાત ? તેમને કશો ઉત્તર ન આપતા ડહાપણ વાપરીને હેમ કઢી ભાત, સન્દેશ અને મઠો ખાઈ ગયો.

પ્રકરણ ૨૯ મું.

યોગ માયાનો હાર.

યોગમાયા દશવર્ષની ઉંમરે સનાતન વાડીના જમીનદારના કુટુંબમાં રમણીકાન્તની સાથે ભારે ધામધુમથી પરણી હતી ચૌદ વર્ષની ઉંમરે તે બિચારી વિધવા થઈ. ચૌદ વર્ષની બાળક વધુ સ્વામીને ઓળખતાં અને તેના પ્રતિ પ્રેમ રાખતાં શીખી હતી. એટલી ન્હાની વયે પણ તેના હૃદયમાં પતિની સુન્દર છબી સ્થાપિત થઇ હતી યાવનના ખીલતા પ્રભાતમાં તે બિચારીના પતિને તેના હાથમાંથી દૈવે ઝુંટવી લીધો. ત્યાર પછી સત્તાવીશ વર્ષ સુધી તે પતિદેવની છબી હૃદયમાં ધારણ કરી તે પતિવ્રતા સાધ્વી સ્ત્રી દિવસ નિર્ગમન કરતી હતી. જે સાલ તાલપુખુરમાં બિન્દુનો જન્મ થયો, તેજ સાલમાં રમણી બાબુ પરદેશવાસી થયો. એટલે બિન્દુ કરતાં યોગમાયા ચૌદ વર્ષે મ્હોટી.

જે દિવસે સાજે રમણીકાન્ત સંન્યાસીને વેશે જમીનદારની

હવેલીમાં આવીને રહ્યો, તે દિવસે યોગમાયા તેને સારૂ પાણી ભરવા અને તેનો ઓરડો સાફસુફ કરવા ગઈ. રાત પડ્યા પછી જ્યારે સંન્યાસી એ બત્તી પાસે બેશી પોતાના ઉન્નત ગંભીર સ્વરથી શાસ્ત્રનુ અધ્યયન કરતો, ત્યારે તે ગરીબ હતભાગિની વિધવા આકૃષ્ટ થઇને પાસેના ઓરડામાં બેશી એક ચિત્તે સાંભળતી અને વારવાર તેની પવિત્ર દિવ્ય મૂર્તિ નિહાળતી સંન્યાસી ગંભીર સ્વરથી વેદપાઠ કરતો હતો તે સાંભળીને અને તેની શાંત ઉજ્જવલ મૂર્તિ જોઇને યોગમાયાને બાળપણની વાતો એક પછી એક તાજી થવા લાગી શા કારણથી એ બનતું હતુ તે યોગમાયા સમજી શકી નહિ. રાત્રિના બે પ્રહર વીતી ગયા. દીવો હોલવીને સંન્યાસી સુઇ ગયો યોગમાયા પોતાના ઘરમા જઇ ભૂતકાળનુ પુનઃસ્મરણ થવાથી વ્યાકુળ અને ચીરાતે હૈયે, વૈધવ્ય દશાની પંચાગ્નિ જેવી પથારીમા તરફડવા લાગી. તેને નિદ્રા આવી નહિ. મનને માર્યા છતા તે પુનઃ પુન બાળપણના બનાવોને તાજા કરતુ હતું; પોતાના સ્વામીની સ્મૃતિનુ ઉદ્દીપન કરતુ હતુ. અને સત્તાવીશ વર્ષ પછી જાણે તે આજેજ વિધવા થઈ હોય તેમ વૈધવ્ય દશાનાં દુઃખો તેને આજે નવેસરથી રૂંધી નાંખતાં હતાં. ઓશીકા ઉપર માથુ મૂકી તે બાપડી અભાગણી વિધવા રડતી રડતી ઉંઘી ગઇ તેને આખી રાત સ્વપ્ના આવ્યાં જાણે ઓરડાની છત ઉપર તેનો બાળપણનો ભર્ત્તાર તેજસ્વી રમણીકાન્ત. ઉન્નત સ્વરે વેદગાન કરી રહ્યો છે આ ચિત્ર જોઇ તે બિચારી ચમકીને સફાળી બેઠી થઈ. જાગીને જોયુ તો સવાર થઈ ગઈ હતી. સૂર્યનાં કિરણ વૃક્ષ, સરોવર, અને લીલાં ખેતરોને સોનેરી ઢોળ ચઢાવતાં હતાં અને તેજ સૂર્યની રશ્મિમાં બેસીને રમાપ્રસાદ ઉન્નત સ્વરથી વેદપાઠ કરી રહ્યો હતો !

ત્યારપછી ?—ત્યારપછી દરરોજ જ્યારે તે સન્યાસીના ઓરડામાં પૂંજો વાળવા આવતી, સવાર સાંજ ફળાહાર આપવા આવતી, સાંજ પડે દીવાબત્તી કરવા આવતી ત્યારે તેનુ શાંત હૃદય ઉદ્વેગ પામતુ, અને તેનુ શાંત ચિત્ત બળવાન તોફાનથી ડોલાયમાન થતું. વળી જ્યારે રમાપ્રસાદ સવારમાં પોતાના શિષ્યોને ઉપનિષદ્નો અભ્યાસ કરાવતો ત્યારે યોગમાયા એક ચિત્તે તે કથાકારના તરફ મીટ માંડીને જોતી અને તેનાં અમૃત વચન શ્રવણ કરતી તેનું જીવન આનંદપૂર્ણ થતુ અને હૃદયને પૂર્ણ શાંતિ મળતી જ્યારે કથા સમાપ્ત થતી ત્યારે તે બિચારી ઉંડો નિશ્વાસ નાખીને તે યોગીરાજ તરફ જોતી જોતી શૂન્ય હૃદયની બ્હાવરી જેવી પોતાને ઘેર જતી હતી. શું આ જુવાનીનો તનમનાટ હતો? બિચારી યોગમાયાની જુવાની તો કયારનીએ નદીના પાણીની પેઠે વહી ગઇ હતી શુ આ નવીન પ્રેમનો સંચાર હતો ? બિચારી યોગમાયાનુ હૃદય પ્રેમની આકાક્ષાને ઘણા દિવસથી ભૂલી ગયું છે તોપણ આ સંન્યાસીની શાંત મુખમુદ્રા જોતાં યોગમાયાને જાણે પોતાનો ભૂતકાળ તાજો થતો હોય તેમ તેનું હૃદય વલોવાઇ જવા લાગ્યુ અને તેના મનમાં નાના પ્રકારના વિચાર સંકલ્પ, કલ્પના, અને સ્વપ્નો તરવરવા લાગ્યાં.

જે દિવસે રમાપ્રસાદે પોતાનો ઈતિહાસ હેમ અને શરત્ની આગળ કહ્યો તે દિવસે યોગમાયાનુ હૃદય નાના પ્રકારની ચિંતાથી તદ્દન છિન્નભિન્ન થઇ ગયુ. શું આ સરસ્વતી શ્રીમંત પિતાનો પુત્ર હતો ? શુ તેણે અઢાર વર્ષની વયે વિપત્તિના ભોગ થઈ સર્વસ્વ ગુમાવ્યુ હતુ ? શું તે સરસ્વતી પશ્ચિમ તરફના દેશોમાં ભ્રમણ કરી ફરીથી સનાતનવાડીમાં આવ્યો છે ? શું એ સંન્યાસી ખરેખર

મારા—ઈશ્વર મારૂં રક્ષણ કરો. હું મિથ્યા લોભે ન લોભાઉં હું પાપ વૃત્તિમાં પગ ન મૂકું! હું મોહથી ચિત્તશુદ્ધિને ન વેચું! હું બુદ્ધિહીન ન થાઉં. હે ઈશ્વર ! તુંજ મારો બેલી થા !

આ પ્રમાણે કેટલાક દિવસ સુધી યોગમાયા ચિંતાતુર રહી. પૂર્વકાળની સ્મૃતિ અને નવીન આશાના ફુટતા અંકુર તેના હૃદયને વિહ્વલ કરતા હતા. ત્યાર પછી કેટલેક દિવસે જ્યારે રમાપ્રસાદે યોગમાયાને તેના ધણીની અને તેની દોલતની વાત કહી, અને કામિનીકાંતની સ્ત્રીસાથે વાત કરતાં જ્યારે તેણે રમણીકાંતનો ઈશારો કર્યો, ત્યારે યોગમાયાનો સંશય માત્ર નાશ પામ્યો. તેને તે ઘડીએ એવી તો પ્રબળ ઈચ્છા થઈ કે જાણે એના પગ આગળ લાંબી થઈને આળોટી પડું અને તે ચરણને છાતી સાથે જડી દઉં ? પણ તેમ કરવાથી શું એમને સુખ થશે ? આટલે વર્ષે શું તે મને ફરીથી ગ્રહણ કરશે ? જ્યાં સુધી તે મને પોતાની પત્ની તરીકે બોલાવે નહિ, જ્યાં સુધી તે પોતાનો પરિચય સ્પષ્ટપણે આપે નહિ, ત્યાં સુધી સ્ત્રીએ આગળ પડીને પ્રથમ પોતાનો પરિચય આપવો યોગ્ય નથી. આ પ્રસંગથી ઉત્પન્ન થએલી નાના પ્રકારની ચિંતાથી વ્યાકુળ થએલી યોગમાયા રાત્રે વાળુ કર્યા વગર સૂઈ ગઈ.

પણ તેની આંખમાંથી નિદ્રા ઉડી ગઈ હતી. અનેક પ્રકારના તર્ક વિતર્ક તેના મનમાં ઉત્પન્ન થતા હતા. સંન્યાસીનું શરીર, તેનું વેદગાન અને તેની ઝોળી યાદ આવ્યાં. એ ઝોળીમાં એક ન્હાની પેટી પડી રહે છે એ વાત તેને સાંભરી આવી. પેટીની ચાવી ઓશીકા નીચે રાખીને સંન્યાસી સૂઈ જાય છે તે યોગમાયાએ ઘણીવાર જોયું હતું. તેને મન થયું કે લાવ જોઉં પેટીમાં શું થશે ?

પેટી ખોલીને એક વાર જોઉં. તેની પેટી હું ઉઘાડું એમાં શી હરકત છે ?

મધ્યરાત્રે હાથમાં દીવો લઈને યોગમાયા સન્યાસીના ઓરડામાં પેઠી ઓશીકા નીચે હાથ ઘાલીને તેણે ધીરે રહીને ચાવી બહાર કહાડી. ચાવી વડે પેટી ઉઘાડી, અને તેણે પેટીમાં જે ચીજ જોઇ તે જોતાંજ યોગમાયાની આંખમાંથી પિચકારીની પેઠે આંસુની ધાર વહેવા લાગી. રમણીકાંતે પોતાના લગ્ન પછી એક સુવર્ણહાર યોગમાયાને માટે કરાવ્યો હતો અને તેને પતિના પહેલા ઉપહાર તરીકે યોગમાયાએ કંઠે ધારણ કર્યો હતો. પછી તે અમૂલ્ય ચીજ કોઇને સોંપવાનો વિશ્વાસ ન આવ્યાથી તેણે તે હાર પતિનેજ સોંપ્યો હતો તેજ હારને યોગ-માયાએ આજ સત્તાવીશ વર્ષે પોતાના પતિની પેટીમા જોયો એ સત્તાવીશ વર્ષ દરમ્યાન રમણીબાબુ દેશનિકાલ જેવો થયો હતો, સાધુને વેષે દેશ દેશ ભટકયો હતો બીજીવાર લગ્ન કરી તેણે સંસાર પણ માંડયો હતો છતાં યોગમાયાના હારને તેણે કોઇના હાથમાં જવા દીધો ન હતો તેને એક મોંઘા મૂલ્યની વસ્તુ તરીકે સાચવીને રાખ્યો હતો " હે પ્રભો ! હે નાથ ! તમે ધર્મપરાયણ છો. તેમાંજ તમે અભાગણીનું ગુપ્ત ધન આટલી કાળજીથી સાચવી રહ્યા છો. તે ઉપ-રાંત એક બીજું ગુપ્ત ધન મેં તમને સાચવવા આપ્યું છે અને તેને પણ તમે બરાબર સાચવ્યું હશે. એ ધન મારો કિશોર વયનો નવો શુદ્ધ સ્નેહ જે દિવસે મને તક મળશે અને તમે રજા આપશો તે દિવસે હું તે ધન તમારી પાસેથી પાછું માગીશ." આ પ્રમાણે ગાંડીની પેઠે લવતી લવતી, પોતાના હારને છાતી પર રાખીને હૈયા-ફાટ રડતી રડતી તે ઓરડામાં આખી રાત રહી પછી તે હારને પેટીમાં પાછો મૂકીને ચાવી ઓશીકા નીચે દાબીને પોતાના ઓરડામાં જઇને ઉંઘી ગઇ.

રમાપ્રસાદ અથવા રમણીકાંત યોગમાયાની રહેણી ઉપરથી સમજી ગયો કે તે પતિવ્રતા હતભાગિની અબળા હજી પોતાના પતિને ભૂલી ગઇ નહતી. સન્યાસીના લેબાસમાંથી કે જટાના આડંબરમાંથી પણ પતિવ્રતાની દૃષ્ટિએ પતિને ઓળખી લીધો છે તેથી હવે તેની આગળ ગુપ્ત રહેવાનો પ્રયત્ન કરવો મિથ્યા છે એમ ધારી એક દિવસ સાંજે રમાપ્રસાદે યોગમાયાને એકાંતમાં બધી વાત કહી. સત્તાવીશ વર્ષના વિયોગ પછી તેણે બાળપણની પ્રિયતમાને હૈયાસરશી ચાંપી અશ્રુપાત કર્યો. પ્રેમથી તેનાં આંસુ લૂછી તેના સૂકા હોઠને ચુંબન કર્યું. પછી અત્યંત ગંભીર સ્વરથી તેને કહ્યું, " યોગમાયા ! ઈશ્વરની કૃપા હશે તો કોઈ દિવસ નિરાતે અંતરની વાતો અને વીતક એકબીજાને કહી શકીશુ ઘણે વર્ષે યૌવનના સ્નેહને જગાડીશુ પણ હાલ તો આટલેથીજ બસ. જ્યા સુધી હુ જાતે મારૂ નામ જાહેર ન કરૂ ત્યાં સુધી હું સન્યાસીજ છું અને તું જમીનદારના કુટુંબની એક વિધવા છે તે દરમ્યાન જો લોકોમાં મારી વાત બહાર પડી જશે તો મારી જિંદગી જોખમમાં આવી પડશે કામિનીકાંત બાબુને હું ઓળખુ છું માટે સાવધ રહેજે. "

તે દિવસથી યોગમાયાને પોતાનો મનનો માન્યો મળ્યો પણ હજી તેને પોતાનો પતિ કહેવાને વિલંબ હતો. એ દરમ્યાન ઘણાં તોફાન ઉઠયાં અને તેનુ કિનારે આવેલું વહાણુ ઝોકાં ખાવા લાગ્યુ. કેસની તપાસ શરૂ થઈ અને કચેરીમાં તેની સુનાવણી થઈ તેટલા દિવસ યોગમાયા જીવતી છતાં જીવન રહિત જેવી બની ગઇ હતી. પછી મનોવ્યથા ન સહન થવાથી તે તાલપુખુર ગઈ અને બિન્દુવાસિની પાસે જઈ રોઇ પડી અને તેને લઇને વધમાન આવી.

આજે કેસનું છેવટ આવી ગયુ છે. તેનો સ્વામી આરોપ મુક્ત થયો છે. આજ રમણીકાંતનુ નામ આખા શહેરમાં સર્વત્ર ગાજી

રહ્યું છે. બજારમાં, તળાવ પર બધે ઠેકાણે લોકોમાં તેનીજ ચર્ચા થાય છે. યોગમાયાનુ અબળાનુ કોમળ સ્નેહી હૃદય હર્ષથી ફાટું ફાટું થઇ રહ્યુ છે, અને અધીરી બનેલી ચાતકડીની માફક પતિની વાટ જોઇ રહી છે. જ્યારે રમણીકાંતે કચેરીમાંથી નીકળી પોતાના વકીલને ઘેર આવી અંદર પ્રવેશ કર્યો ત્યારે યોગમાયાથી પોતાનુ મન અંકુશમાં ન રખાયુ. પાસે ઉભેલાં સ્ત્રી પુરૂષોને ન ગણકારતા એક આર્ત ચીસ પાડીને—

"હરખે ઘેલી સુન્દરી ભેટી બાંડી બાથ રે " (પ્રેમાનંદ)

તેની આંખમાંથી વરસતાં ચોધાર આંસુની ધારા વડે હૃદયમાં સત્તાવીશ વર્ષથી સળગી રહેલો વૈધવ્ય અગ્નિ તેણે આજે હોલવી નાંખ્યો.

આજુબાજુ ઉભેલા લોકો તમને એકલા રહેવા દઇ દૂર ખશી ગયાં. તેમનો આનંદ, તેમનાં અશ્રુ, તેમનો પ્રેમ જોઈ સર્વનાં હૃદય પીગળી ગયાં અને તેઓની આંખો પણ આસુથી ભીની થઇ ગઈ. સુધા ઘરમાં જઇને પુત્રને ચુંબન કરી રોઈ પડી. શું તે થોડાં વરસ પર યોગમાયા જેવીજ દુ:ખી કંગાલ વિધવા ન્હોતી ? આજ તેને વૈધવ્ય સાંભરવાથી તેનુ હૈયુ ભરાઇ આવ્યુ. બિન્દુ હેમનો હાથ પકડી તેના ખેસ વડે પોતાની આંખો લૂછવા લાગી. ચંદ્રનાથ માથે હાથ દઇ પરસાળમાં બેઠો અને તેનાં નેત્રમાથી અનાયાસે આંસુ પડવા લાગ્યાં. વકીલ અને તેની સ્ત્રી જેઓ જૂના જમાનાનાં માણસ તેઓ પણ ભગવાનને સંભારી ઉંચાં નેત્ર કરી રમણીકાંત અને યોગમાયાને આશીર્વાદ આપવા લાગ્યાં.

યોગમાયાને રમણીકાંતે અનેક રીતે સાંત્વન આપ્યું, તેનાં આંસુ લૂછ્યાં, પછી પોતાના લૂછ્યાં. આજે તેનાથી એક શબ્દ પૂરો બોલાતો નહિ. તેણે બોલ્યા ચાલ્યા વગર યોગમાયાનો સુવર્ણહાર તેની ડોકમાં પહેરાવ્યો.

પ્રકરણ ૩૦ મું.

લગ્ન અને ઉપસંહાર.

આપણો ઇતિહાસ હવે પૂર્ણ થાય છે. તાલપુખુર ગામનો સત્તાવીશ વર્ષનો ઇતિહાસ આપણે જોઈ ગયા.

ગરીબ માબાપની પુત્રી અને ગરીબ પતિની પત્ની, રાંક સ્વભાવની શાંત હૃદયની બિન્દુવાસિની આપણી વાર્તાની નાયિકા છે. તેના જીવનનો વાંચનારને યથાશક્તિ પરિચય કરાવ્યો. કેટલાંક વર્ષ પર એ બાળક બિન્દુને તેની માની સાથે તાલપુખુરના તળાવના ઘાટ ઉપર આપણે પ્હેલીવાર જોઇ હતી. * વળી તેની અઢાર વર્ષની વયે તેની વિધવા બ્હેન સુધાના પુનર્લગ્ન વખતે તેણે આપણને નિમન્ત્ર્યા હતા ત્યારે આપણે તેને કલકત્તામાં જોઇ હતી. હાલ તે સત્તાવીશ વર્ષની છે અને આજે આપણને તેની પુત્રી સુશીલાના લગ્ન પ્રસંગે તેને ઘેર જવાનુ નિમંત્રણ થયુ છે.

નિર્ધન પિતાની પુત્રી અને બાળપણથી વિધવા થએલી સુધાહાસિની ! ભલે આપણે નવી કેળવણીને વખોડીએ પણ એજ નવી કેળવણીએ સુધાને કપાળે લખેલા વિધિના અક્ષર ભૂંસી નાંખ્યા, દયાજનક સ્થિતિમાંથી તેનો ઉદ્ધાર કર્યો અને એક પરમ ઉદાર પતિની તેને ગૃહિણી બનાવી. બિચારી ભલી સુધા, બાળપણથીજ આનંદી અને હસમુખી હતી. તેનાં રમતીયાળ નેત્ર હંમેશા આનંદથીં ચળકતાં હતાં તે પરમ રસિક અને ચતુર હતી. તે ઉપરાંત આખા ગામમાં તેના જેવી સદ્ગુણી, દયાળુ, અને પરોપકારી બાઇ એક પણ ન હતી. અને પોતાના સ્વામી ઉપર તેના કરતાં અધિક

* આ પ્રસંગ સુધાહાસિનીમાં આવે છે.

પ્રેમ રાખનારી અને તેની અધિક સેવા કરનારી સ્ત્રી જગત્‌માં પણ વિરલજ હશે.

ધનપુરના ધનંજયની ગૃહિણી ઉમાતારાના અકાળ મરણ પ્રસંગે તથા બિચારી કાલિતારા જ્યારે વિધવા થઈ ત્યારે આપણે ઘણા દિલગીર થયા હતા.

હેમચંદ્ર અને શરતની સાથે આપણે કુલકત્તે જઇને ત્યાંના મ્હોટા મ્હોટા માણસોના પ્રસંગમાં આવ્યા હતા તેમનાં ભવ્ય દિવાનખાનામાં ડોકીયાં કરી કૃતાર્થ થયા હતા દેવીપ્રસન્ન બાબુની વિશાળ કુલવાડીમાં પ્રવેશ કરી તેની અંહકારી ગૃહિણી સાથે બ્હીના બ્હીતાં જરાક વાતચીત કરી આવ્યા હતા. ધનંજય બાબુના આરસ પહાણના મ્હેલમાં જઈ તેમની સફેત ઘોડાની અને કાળા ઘોડાની જોડીઓ જોઇ આવ્યા હતા. તેમના જાની મિત્રો અને સખીઓનાં દર્શન પણ કરી આવ્યા હતા તેમની ઉન્નતિ અને સહસા અવનતિ પણ આપણે જોઇ ચતુર કાયદાબાજ સુમતિબાબુની ઉત્તરોત્તર ચઢતી આપણે જોઇ. હવે સરકાર તેમને ક્યારે રાવબહાદુર કે સી. આઇ. ઈનો ખિતાબ આપે છે તેનીજ રાહ જોઇએ છીએ. યશ, માન અને પાંડિત્યના પીઠ જેવા કલકત્તાનાં બજાર આપણે જોયાં સુધાના પુનર્વિવાહ પ્રસંગે આપણે ભારતખંડના સાચા ભકતો અને વિદ્યાના સાગરરૂપ પુરુષ રત્નોના પ્રસંગમાં આવ્યા હતા.

સનાતનવાડીના અજ્ઞાત સંન્યાસીની શાસ્ત્રકથા સાંભળવા આપણે ગયા હતા. ત્યાંના નામીચા જમીનદાર કુટુંબના ઇતિહાસનુ આપણે દર્શન કર્યું અને પ્રતાપવાન કામિનીબાબુનો પ્રતાપ પણ આપણે જોયો. એ વિશાળ કુટુમ્બની યૌવનાઓ, અને વૃદ્ધાઓનો સંવાદ પણ તળાવના ઘાટ ઉપર ઉભા ઉભા આપણે સાંભળી આવ્યા.

અને તેમાંથી જેટલું યાદ રહ્યું તેટલુ બ્હીતાં બ્હીતાં અમે આ વાર્તામાં કેટલુંક લખ્યું છે. જો તેમાં ભૂલચૂક થઈ હોય તો અમને આશા છે કે ઉપરોક્ત યૌવનાઓ અને વૃદ્ધાઓ અમને ક્ષમા કરશે.

તાલપુખુરનાં ડોશીમા અને કાકાની પાસે જઈને વ્યવહારની અનેક ગભીર વાતો આપણે સાંભળી આવ્યા હતા. આશા છે કે બુદ્ધિમાન સ્ત્રીપુરૂષો એ અમુલ્ય શિખામણોનો લાભ લેશે અને મોંઘાં થતાં શીખશે. તાલપુખુરના તારિણીબાબુના વિવાહ પ્રસગે આપણે અત્યંત આનંદનો ઉપભોગ કર્યો હતો. તેમનું મરણ થવાથી આપણે ભારે વિપત્તિમાં આવી પડયા હતા. અને તે પ્રસંગને લીધે અનેક વાર વર્ધમાનથી કલકત્તા અને કલકત્તાથી વર્ધમાન ધક્કા ખાવા પડયા હતા. વર્ધમાનની કચેરીમાં જઈ ત્યાંના નિપુણ વકીલ મડળનુ દર્શન કર્યું હતુ અને યુરોપીયન અધિકારીઓના ચેમ્બરમાં ડોકાયા કરી આવ્યા હતા.

આપણા સંસારમાં અને સમાજનાં બંધારણોમાં જે ગુણ દોષ અમે જોઈ શકયા છીએ તેનુ યથાસ્થિત વર્ણન કરવા પ્રયત્ન કર્યો છે. આપણી સમાજમાં અનેક પ્રકારની ખામીઓ છે પણ તેની સાથે કેટલીક ખુબીઓ પણ છે. અને આ ખુબીઓ જોતાં અમે દેશના કલ્યાણની આશા રાખીએ છીએ. જે પ્રજામાં રમણીકાંત જેવા જમીનદાર છે, ચંદ્રનાથ જેવા પ્રમાણીક વકીલ છે, હેમચંદ્ર જેવા કુટુંબના પાલક છે અને શરચ્ચંદ્ર જેવા સરકારી અમલદાર છે તે પ્રજાની ઉન્નતિને કશો બાધ આવે તેમ નથી.

યોગમાયા, બિન્દુવાસિની અને સુધાહાસિની જેવી પતિભક્ત સ્ત્રીઓ બંગદેશમાં અનેક છે અને તેમના ગુણરત્નથી બંગસસાર હંમેશાં શોભી રહ્યોછે. હેમચંદ્ર એક દિવસ જમી ઉઠયા પછી અમને

કાનમાં કહેતો હતો કે અંગદેશનાં રસોડાં પણ અંગમહિલાઓની રંધન કુશળતાને લીધે યશસ્વી છે.

રમણીકાંત કેટલાક દિવસ વર્દ્ધમાન રહ્યો. ત્યાંના આગેવાન ગૃહસ્થો સાથે મેળાપ કર્યો અને કેટલાંક અગત્યનાં કાર્યોનો પણ નિકાલ કરી નાંખ્યો. કામિની બાબુ સાથે જમીનદારી વિષેની તકરારનો ફેંસલો લાવવાનું કામ હવે ઘણું સહેલું થયું હતું. તેને વચ્છનાગના જૂઠા કેસને લીધે તેના પોતાનાજ વકીલોએ પાણીથી પાતળો કરી નાંખ્યો હતો અને તેને ધમકી આપી હતી કે રમણીકાતનો જમીનદારીનો ભાગ અત્યારે ને અત્યારે બિનતકરારે તેને સ્વાધીન નહિ કરો, તેની માફી નહિ માગો અને તેની સાથે બંધુભાવથી નહિ વર્તો તો આજથી તમારો અને અમારો સબંધ તૂટે છે. તમારો કેસ હાથમાં લઇને વર્ધમાનના વકીલ મંડળને જે કલંક લાગ્યુ છે તેવું કલંક અમને પૂર્વે કોઇએ કદી પણ લગાડયું ન હતુ. કામિની બાબુ મહા પરાક્રમી અને ઉગ્ર સ્વભાવના જમીનદાર છતાં આજ તે લાચાર બની ગયા હતા. નિપુણ સુમતિ બાબુએ તેમનો ત્યાગ કર્યો હતો. વર્ધમાનનું વકીલ મંડળ પણ તેમને ધિક્કારી કહાડતું હતું અને આ તકનો લાભ લઈ જો રમણીકાંત ધારે તો પૂર્વે હુલ્લડ કર્યાના ગુન્હા માટે તેના ઉપર ફરિયાદ માંડી શકે. ક્રોધાગ્નિથી તેમનું હૃદય ભભુકતું હતું પણ ચારે બાજુએ ઘેરાયલા હોવાથી તેમણે રમણીકાંતને તેનો ભાગ હવાલે કર્યો પણ તેના ઉપર ઇર્ષ્યા અને અને વૈરની લાગણીથી પ્રેરાઈ તે એકદમ કલકત્તે ગયા. અને ત્યાના આર્યધર્મધુરંધરો સાથે મસલત કરી ' જ્ઞાતિ સંરક્ષક સમાજ 'ની સ્થાપના કરી. અને હૃદયમાં ઉત્પન્ન થએલી નિરાશા અને વૈરની લાગણીનું ઉપશમન કરવાને માટે એક નાચ પાર્ટીનો સમારંભ કર્યો,

ખોજેસ્તા બીબીને નિમંત્રણ કર્યું અને તેના હાથે લ્હેજતદાર શરાબની પ્યાલીઓ પીને ક્રોધાગ્નિને હોલવી નાંખ્યો.

રમણીકાન્તનું બીજું કાર્ય તારિણી બાબુની મિલ્કતની વ્યવસ્થા કરવાનું હતુ. મરનારે પોતાના છેલ્લા વીલ વડે સઘળી મિલ્કત સુધા અને બિન્દુને સ્વાધીન કરી હતી. પણ તેની વિધવાને રડાવીને એ મિલ્કત લેવાને શરત્ અને હેમ બન્ને નારાજ હતા. હેમચદ્રે કહ્યું કે તમામ દોલત અમારી કાકીજીને જ સોપો અને બધો વહિવટ તેમનેજ કરવા દો. અમે તેમાંથી એક કોડી પણ લેનાર નથી. રમણીકાન્તે જવાબ દીધો—ગોપબાલા બાળપણમાંજ વિધવા થઈ છે તેને સાચી સલાહ આપનાર કોઇ નથી. તેના હાથમાં આટલું બધુ ધન સોંપ્યાથી તેને પાપ તરફ ધક્કેલવા જેવુ થશે અને જરૂર તે પૈસાનો દુરૂપયોગ કરી માત્ર પાપનેજ ઉત્પન્ન કરશે. તેની દુર્ગતિ કરવાની તમારી ઇચ્છા છે ! આ પ્રમાણે કેટલોક કાળ વિવાદ ચલાવ્યા પછી તેઓએ નક્કી કર્યું કે હેમ અને શરતે એ મિલ્કતનો કબજો લેવો અને ગોપબાલાને જરૂર જેટલો પૈસો ખર્ચવા આપવો. આ યોજના અભિમાની ગોપબાલાને રૂચી નહિ. તે ક્રોધથી ગતી પીળી થઇ ગઇ, અને સ્ત્રીના સ્વભાવ પ્રમાણે આક્રંદ કરવા લાગી. તેણે સુધા અને બિન્દુનું મ્હોં જોવા સાફ ના પાડી. ગામમાં પણ કોઈને મ્હોં બતાવતી નહિ. ગોકુલચંદ્રને લઇને પોતાના પતિની મિલ્કત પ્રાપ્ત કરવા અપીલ કરવાના ઇરાદાથી કલકત્તે ગઈ.

કેટલા દિવસ પછી મિથ્યા ફાંફા મારીને ગોકુલચંદ્ર પાછો આવ્યો. ગોપબાલાનું શું થયુ તે વિષે ખરી હકીકત કોઇને મળી નહિ. નિન્દાખોર લોકો એવી વાત ચલાવે છે કે ગોપબાલા સલાહ લેવાને માટે સુમતિ બાબુને ઘેર વારેવારે જાય આવે છે.

રમણીકાન્તનું ત્રીજું કાર્ય પુત્રનું લગ્ન કરવાનું હતું. કેટલાક સમય ઉપર હેમચદ્રની આગળ પોતાનું આત્મવૃત્તાન્ત કહેતી વખતે અસવર્ણ લગ્ન થઇ શકે કે નહિ એવો પ્રશ્ન તેણે ઉઠાવ્યો હતો અને તે વિષે હેમનો મત પૂછયો હતો. હવે એ પ્રશ્નનુ રહસ્ય હેમથંદ્ર સમજી ગયો. દેવીપ્રસાદ સાથે સુશીલાનુ લગ્ન કરવા માટે હેમચંદ્રે પૂર્ણ આનદથી સમતિ આપી. સુશીલાની માસી તેને ચુમ્બન કરી કહેવા લાગી, "જોજે, મ્હોટે ઘેર પરણીને મને ભૂલતી નહિ હોં."

બ્રાહ્મણ પુત્રની સાથે કાયસ્થની પુત્રીનું લગ્ન થવાનું છે, આ વાત જ્યારે જાહેર થઇ ત્યારે વળી પાછો સનાતનવાડીમાં કોલાહલ ઉત્પન્ન થયો. પણ એકવાર નિશ્ચય કર્યા પછી લોકનિન્દાના ભયથી પાછા હઠે એવા કાયર પુરૂષો રમણીકાન્ત અને હેમચંદ્ર ન્હોતા. લગ્નનો દિવસ મુકરર થયો. વર્દ્ધમાનમાંજ વિવાહપત્ર લખાયો અને તાલપુખુરમાં ભારે ધામધુમથી લગ્ન થશે તે પણ નક્કી થયુ.

શરતની રજા પૂરી થવાથી ભૈમનસિંગ ગયો પણ સુધા ગઈ નહિ. તેણે કહ્યું કે હું તો સુશીલાનો વિવાહ જોયા પછી આવીશ. આ બાજુએ રમણીકાન્ત અને યોગમાયા સનાતન વાડીમાં દાખલ થયાં અને પોતાની જમીનદારીનો કબજો લીધો આજે ગામમાં ખળભળાટ જાગ્યો હતો. દુકાનોમાં, ચોટાંમાં, જ્યા ત્યા નવા જમીનદારનીજ વાત થતી હતી તળાવના ઘાટઉપર યોગમાયાનીજ વાતો સ્ત્રીમડળમાં ચર્ચાતી હતી. કુલકુમારી માથેથી બ્હેડું ઉતારી બોલી— "અલી દીઠુ કે ? એતો સંન્યાસીએ ન્હોતો અને સાધુએ ન્હોતો. અલી ! એ તો આપણો જમીનદાર નીકળ્યો. એણે જટા અને ફની કહાડી નાંખી કે જાણે બીજો કાર્તિકસ્વામી ! અલી યોગમાયાના નસીબે ખૂબ જોર કર્યું જો !"

કુસુમકુમારી દાતે મિસ્સી ઘસતી ઘસતી બોલી, ખરી વાત જો ! અલી નસીબ ઉઘડે ત્યારે વાર લાગે છે ? યોગમાયા બનારસી સાડી પહેરેછ, કપાળે કંકુનો ચાંલ્લો કરેછ, અને હીરા મોતીના દાગીના પહેરેછ, ત્યારે તો રાણી જેવી દેખાયછ ! જાણે નવી પરણેલી વહુ સાસરે આવી હોયની !

વસન્તકુમારી—અલી, યોગમાયા વહુ શેની ! વહુ તો હજી હવે આવશે. એમ બોલતી બોલતી વસન્તકુમારી પગે લગાડેલો અળતો ધોવા લાગી.

હેમકુમારી—માથેથી બ્હેડું ઉતારી પોતાના કાળા અને દીર્ઘ વાળનો અંબોડો છોડતી છોડતી બોલી–હોવે અલી હોવે તાલપુખુરના હેમબાબુની છોકરી સાથે રમણીબાબુના છોકરાનુ લગ્ન થવાનુ છે.

અહંકારથી છકેલી સુવર્ણકુમારી પોતાનો સોનાના તાવિજવાળો હાથ ઉઘાડો મૂકીને બોલી–હવે બેશ બેશ ચાપલી ! એમ તે થતું હશે કે ? અમે તો બ્રાહ્મણ છીયે. અમારાં છોકરાંનું લગ્ન કાયસ્થની કન્યા વેરે થતુ હશે કે ?

રમણીકાન્તે ગામમાં આવ્યા પછી તમામ લોકોને વસ્ત્ર આપ્યાં. આખા ગામને સારૂં ભોજન કરાવ્યું યોગમાયાએ જમીનદાર વંશની ન્હાની મ્હોટી તમામ સ્ત્રીયોને માન આપ્યુ અને કોઇને વસ્ત્ર, કોઇને અલંકાર, જેને જે ઘટે તે પ્રમાણે ભેટ કરી આખા ગામમા નવા જમીનદારનો જય જયકાર થઇ રહ્યો આખી હવેલીમાં જ્યાં ત્યાં અને તળાવના ઘાટ ઉપર આખો દિવસ યોગમાયાના ચરિત્રની સમાલોચના ચાલ્યા કરી ડોશીઓ તેણે આપેલું નવુ લુગડું અને કાપડું પહેરીને બોલી—વાહ, યોગમાયા કેવી મ્હોટા મનની અને દયાળુ છે ? કેવી વિવેકી અને મીઠાબોલી છે ? પહેલેથીજ એ તો સારી પણ નસીબ જરા ટુંકું તે પરન્યાતની બાઇડીની શોક થઇ. અને વળી છોકરાને

પણ કાયસ્થને ઘેર પરણાવવા તૈયાર થઇ છે. મૂળથીજ નસીબ રૂકુ તેથીજ અવળી બુદ્ધિ સૂઝે છે. અલી ! બ્રાહ્મણુથી તે કાયસ્થની સાથે સગપણુ કરાય ?

ગામના પાંડિત્યાભિમાની શાસ્ત્રસપન્ન વિદ્વાનો એકઠા થઇને એક દિવસ રમણી બાબુની પાસે આવ્યા અને આ નિંદ્ય કાર્ય ન કરવા માટે સલાહ આપવા લાગ્યા. તેમણે કહ્યુ કે ન્યાતના રિવાજ પ્રમાણે શાસ્ત્રસંમત કાર્ય કરવું જોઇએ. પછી તેમની વચ્ચે આ બાબત પર વિવાદ ચાલ્યો. રમણીકાન્તે કહ્યુ,—મારે કોની સમતિ લેવી અને કોની આજ્ઞા માન્ય રાખવી ? રાજ્યકર્તા પરદેશી પ્રજા છે. તેમને આપણા શાસ્ત્રની ખબર નથી. આપ લોકો શાસ્ત્ર જાણો છો પણ પોતપોતાનું આધિપત્ય સાચવી રાખવા માટે ઘણી વાર શાસ્ત્રના અર્થને મચડોછો અને શાસ્ત્રના રહસ્યની વિરૂદ્ધ વર્તન કરો છો અને કરાવો છો. માટે હવે જે લોકો સમજવા લાગ્યા છે તેઓ તમારા શાસનને બાજુએ મૂકી પોતાના ધર્મના જ્ઞાન મુજબ વર્તન કરે છે. હાલના લોકો વહાણમાં બેશી મદ્રાસ, મુંબઇ વિગેરે સ્થાનોમાં જાય છે, શું તમે તેમને અનુમતિ આપી છે ? હાલની અગ્રેજી પાઠશાળાઓમાં અનેક જ્ઞાતિના વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કરે છે, ઓફી-સોમાં પણ અનેક વર્ણના માણસો સાથે નોકરીઓ કરે છે, પાઠશાળાઓનાં સોશ્યલ ગેધરિંગોમાં તથા અન્ય પ્રસંગે એકત્ર ભોજન કરે છે, શું તેઓ તમારી સંમતિની દરકાર રાખે છે ? તમે તેમને અટકાવી શકોછો ? હાલના લોકો અનેક લગ્નનો ત્યાગ કરે છે, બાળ-વિવાહને અટકાવે છે, સ્ત્રીઓને કેળવણી આપે છે, વિધવાઓનાં પુનર્લગ્ન કરે છે, શું એ બધી પ્રવૃત્તિને તમે સંમતિ આપી છે ? આજના હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, સર્વ ભારતીય પ્રજાના આગે-

વાનો એકત્ર થઇને રાજનૈતિક ચર્ચા કરે છે, રાષ્ટ્રિયઐક્ય કરવા યત્ન કરે છે, શુ તમે તેમને સંમતિ આપી છે ? હાલમાં લોકો વિદેશ ગમન કરે છે, વિદેશીય વિદ્યા, અને કલાકૌશલ્ય પ્રાપ્ત કરે છે, બહુદર્શી થાય છે, શું તમે તેમને સમતિ આપી છે ? મારા ભાઈઓ ! ધર્મ એ મનુષ્યનો મિત્ર છે અને ઉન્નતિનો એક માત્ર ઉપાય છે. ધર્મ મનુષ્યને માટે છેઃ મનુષ્ય ધર્મને માટે નથી. જે ધર્મથી સાચી ઉન્નતિને અવરોધ આવે તે ધર્મ અમને ગ્રાહ્ય નથી. આપ સત્ય સનાતન ધર્મ ઉપર દ્રષ્ટિ રાખી પ્રાચીન સત્શાસ્ત્રને આધારે અમને એવી આજ્ઞા કરો કે તેથી સમાજની ઉન્નતિ થાય. હિન્દુપ્રજા બીજી પ્રજાઓની હારમાં ઉભી રહેવા સમર્થ થાય તેમ નહિ કરતા માત્ર સ્વાર્થ ઉપર દ્રષ્ટિ રાખી આપ જે પ્રકારની આજ્ઞા કરો છો તો તે આજ્ઞાનો તિરસ્કાર કરી સમજણા હિન્દુઓ પોતાની મેળે પોતાની ઉન્નતિનો માર્ગ નિર્માણ કરશે. પંડિતો ! આપ સત્ય ધર્મનું એક વાર અવલોકન કરો. એક વાર પ્રાચીન શાસ્ત્રો જુવો. એક વાર અર્થ સાથે વેદને વિચારો શાસ્ત્રમાં કહ્યું છે કે વેદનો આધાર લીધા વગર અન્ય શાસ્ત્રને આધારે વ્યવહાર કર્યાથી પાપ લાગે છે અને દેશનો વિનાશ થાય છે.*

આ જવાબ સાભળીને પંડિતો ઉઠીને ચાલતા થયા. પછી કલકત્તેથી કામિનીકાંત બાબુએ મોકલેલા કેટલાક સદ્‌ગૃહસ્થો સલાહ આપવા આવ્યા. તેમણે કામિનીકાંત બાબુને નામે આ લગ્નનો નિષેધ કર્યો. કામિની બાબુએ તેમની સાથે કહાવ્યુ હતું કે આપણી વચ્ચે જે થયું તે તો થઈ ગયું. હવે આપણે કશી તકરાર નથી. રમણી બાબુએ આવું અધર્માચરણ કરી આપણા યશસ્વી વંશને કલંક ન

---

* વશિષ્ઠ ધર્મસૂત્ર-૩-૬-૧૨

ન્હડાવવું જોઇએ. રમણીકાંતે હસીને ઉત્તર આપ્યો—હું મારી ટૂંકી બુદ્ધિ પ્રમાણે આટલું તો સમજી શકું છું કે હું આ કાર્ય ધર્માનુસાર જ કરૂછું. મ્હોટા ભાઇને કહેજો કે તમે પણ ધર્મપ્રમાણે ચાલશો તો આપણા પ્રાચીન કુટુંબનુ માન જળવાશે. વારાગનાની સોબત છોડીને ઘેર આવો અને પોતાની ધર્મપત્નીને યોગ્ય સન્માન આપો શાસ્ત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે પતિવ્રતા સ્ત્રીનો ત્યાગ કરનારે ૭ મહિના સુધી ગધેડાનુ ચામડું ઓઢીને પ્રાયશ્ચિત કરવું જોઇએ.+

કામિનીકાંતના મિત્રો ગયા પછી તાલપુખુર અને સનાતન વાડીના ન્યાતપટેલીઆઓ એકઠા થઇને આ લગ્નનો નિષેધ કરવા માટે રમણીકાંત પાસે આવ્યા. તેમનો આગેવાન તાલપુખર વાળો ઘોષાલનો દીકરો હતો ઘોષાલ બાબુનુ સુદર છટાદાર ભાષણ રમણીકાંતે ધીરજથી સાંભળ્યુ. પછી હસીને ઉત્તર આપ્યો, "પંડિતરાજ ! મારી સમજ પ્રમાણે ભિન્નભિન્ન જ્ઞાતિ વચ્ચે લગ્ન વ્યવહાર શાસ્ત્ર વિરૂદ્ધ નથી. પોતાની ધર્મપત્ની તરફ ઘાતકી વર્તણુક ચલાવવી એતો શાસ્ત્ર વિરૂદ્ધ છે. તમારી ભલી સ્ત્રીને હું ન્હાનપણથીજ ઓળખુછું તે ન્હાની હતી ત્યારે મેં તેને હાથમાં લઇને રમાડેલી પણ ખરી.આજે તમારા નિર્દય વર્તનથી તે બિચારી ભરજુવાનીમાં મરવા પડી છે. માટેજ તમને આટલી વાત મ્હોડામ્હોડ કહેવી પડી છે. માફ કરજો સ્ત્રીના જીવને ક્લેશ કરાવ્યાથી કુટુંબનો ક્ષય થાય *છે. શાસ્ત્રના વચન બીજાઓને સંભળાવવાને જેટલા ઉત્સુક છો તેટલીજ ઉત્સુકતાથી પોતે તે શાસ્ત્રવચનને વ્યવહારમાં મૂકો. પણ તે તો તમે કાંઇ કરતા નથી માટેજ તમને આજથી આજ્ઞા કરવામાં આવે છે કે

+ આપસ્તમ્બ ૧, ૧૦, ૨૮,

* મનુસંહિતા ૩–૫૭

તમારી સ્ત્રી મને પુત્રી તુલ્ય છે, અને તમે મારી જમીનદારીની હકુમતમાં રહોછો; સંભાળીને ચાલજો.

આ ઉત્તર સંભાળીને ઘોષાલનો દીકરો ચૂપ થઈ ગયો, અને ઉઠીને ચાલતો થયો. પણ હમણાં અમને ખબર મળી છે કે તેણે પોતાની સ્ત્રીને મદદ કરવા માટે એક ચાકરડી રાખી છે, અને જાતે પણ તેને માટે કાળજી રાખે છે બિચારી ઘોષાલની વહુ મરતી મરતી જીવી છે

આ લોકોના ગયા પછી સાંજે હેમચંદ્ર રમણીબાબુ પાસે આવ્યો. તેણે કહ્યું–આખું જગત્ આ લગ્નની વિરુદ્ધ છે. આપની જો દઢ ઈચ્છા હોય તો ખુશીથી લગ્ન કરો પણ અમારે માટે આપે લોકનિન્દા વ્હોરી લેવાની જરૂર નથી

રમણી—હેમચદ્ર! તમને આ કાર્ય કરવા માટે મનમાં હચું-પચું છે? તમને કોઇ પ્રકારની હરકત છે?

હેમ—લેશ માત્ર પણ નહિ. હું તો આજ કેટલાંક વર્ષથી ન્યાત બહારજ છું. આપ અમારી સાથે આ સંબધ કરવા તત્પર થયા છો તેમાં હુ તો ઘણું માન સમજું છુ. મારી પુત્રીને પણ આપે ઘણુ સન્માન આપ્યુ છે. હુ તો માત્ર આપની ખાતરજ બોલું છું.

રમણી—જો એમજ હોય તો નિશ્ચિંત રહેજો. તમારા જેવા સંબંધી માટે મને ઘણું અભિમાન છે, અને હું મારી જાતને ઘણુ માન મળ્યુ એમ સમજુંછું. સુશીલા જેવી શાન્ત, સરળ, અને સર્વ ગુણસંપન્ન સહધર્મિણી મળ્યાથી દેવીપ્રસાદ પણ પોતાને કૃતાર્થ માનશે. હુ હિન્દુધર્મ અને હિન્દુશાસ્ત્ર જેટલે અંશે સમજું છું, કર્તવ્ય અને અકર્તવ્યનો મને જેટલો વિવેક છે તે પ્રમાણે જોતાં હુ આ કાર્યને ધર્મવિરુદ્ધ કે નીતિવિરુદ્ધ માનતો નથી. જ્યારે આ શુભ કાર્ય

કરવા માટે મારો અંતરાત્મા સંમતિ આપે છે તો ફક્ત લોકનિન્દાના ભયથી મારે શા માટે પાછા હઠવું જોઈએ?

સનાતનવાડીના જમીનદાર રમણીકાન્તના એકના એક પુત્રના લગ્ન નિમિત્તે ભારે ધામધૂમ થઇ રહી. રમણીકાન્તને આવી ધામધૂમ પસંદ નહોતી. જેણે સત્તાવીશ વર્ષ સુધી ભૂમિશયન કર્યું હતુ અને તદ્દન સાદા ખોરાક ઉપર નિર્વાહ કર્યો હતો તેને રાજવંશી વૈભવ ખૂચતા હતા. પણ આ લગ્નપ્રસંગે ધામધુમ વગર ચાલે એમ ન્હોતુ. આજે દેશવિદેશમા સમાચાર ફેલાઇ ગયા હતા કે મહા પ્રરાક્રમશાળી જમીનદાર રમણીકાન્ત પોતાના વતનમાં પાછો આવ્યો છે, અને પોતાનો અધિકાર સ્વહસ્તક કર્યા પછી પુત્રના લગ્નની તૈયારી કરે છે. ગામેગામ વાત ઉડી હતી કે વિદ્વાન બ્રાહ્મણ જમીનદાર પ્રાચીન શાસ્ત્રને આધારે પોતાના પુત્રને કાયસ્થની કન્યાસાથે પરણાવે છે. ઘેરેઘેર એજ વાત ચર્ચાતી હતી, કે દેવીપ્રસાદ સાથે લક્ષ્મી જેવી સુલક્ષણી સુશીલાનું લગ્ન નક્કી થયુ છે. આસપાસનાં ગામડાંના હજારો લોકો સનાતનવાડીના નવા જમીનદારના પુત્રનુ લગ્ન જોવા આવ્યા હતા. જૂની હવેલી રંગાઈ ધોળાઇને સુદર બની હતી, નિશાન, ધ્વજા, પતાકા અને તોરણથી શણગારાઈ હતી, આખા ગામમાં જ્યા ત્યાં આજે એજ વાત ચર્ચાતી હતી. સ્ત્રીયોને મ્હોડે પણ એની એ વાત. હવેલીમાં લોકોની ઠઠ જામી હતી. વિવાહનાં વાદ્ય વાગતાં હતાં અને મંગલગીત ગવાતાં હતાં, લોકોનો ઘોંઘાટ થઇ રહ્યો હતો અને આસપાસ સર્વત્ર આનંદ પથરાઇ રહ્યો હતો.

સાંજ પડયા પછી વરઘોડો નીકળ્યો. સનાતનવાડી અને તાલપુખુર વચ્ચેનો રસ્તો રોશનીથી ઝળાંઝળાં થઈ રહ્યો હતો હજારો મશાલચીઓ હાથમાં બળતી મશાલ લઇને ચાલતા હતા. હજારો ગ્રામ્યવાસીઓ રસ્તાની બાજુએ ઉભા રહી પોતાના નવા જમીન-

દારને અને તેના પુત્રને જોતા હતા. તેઓની ભીડમા થઇને બેન્ડવાળાઓ રણવાદ્ય વગાડતા આગળ આવ્યા. તેમની પાછળ મશાલચીઓ થોડે થોડે અંતરે ચાલતા હતા વારંવાર રંગ બેરંગી બપોરીયા સળગતા હતા. તેમના તેજથી જોનારની આંખો અંજાઈ જતી હતી. પ્રચંડ દેહવાળો રમણીકાન્ત બાજુ પોતાના સ્નેહી, સ્વજનની વચમા પગે ચાલતો હતો અને તેની પાછળ રૂપાની પાલખીમાં બેશાને કાર્તિકસ્વામી જેવી તેજસ્વી, સુન્દર, અને પ્રતાપયુક્ત કાન્તિવાળો દેવીપ્રસાદ આવતો હતો. હજારો ગ્રામ્યવાસીઓ પોતાના જમીનદારનું દર્શન કરવા લાગ્યા. વરરાજાના પોશાકમાં સજ્જ થયેલા દેવીપ્રસાદને નેત્ર ભરી ભરી જોવા લાગ્યા અને અંતરના ઉમળકાથી દીર્ઘ જયનાદ ગજાવી આકાશ અને પૃથ્વીને ધ્રુજાવવા લાગ્યા.

બીજી બાજુએ ગરીબ બિન્દુવાસિનીનુ ગરીબ ઘર રોશનીથી સુશોભિત થઈ રહ્યુ હતુ. તે બિચારી ગરીબ, વળી તેને ન્યાત બહાર મૂકેલી તેથી તેને ઘેર કોઇ જતુ આવતુ નહિ પણ આજ તેની પુત્રીનો વિવાહ મ્હોટા જમીનદારને ઘેર થવાનો છે બિન્દુવાસિની જમીનદારની સગી થવાની છે, તેની પુત્રી સુશીલા જમીનદારના ઘરની કુળવધુ થવાની છે તેથી તેની ગરીબ ઝુપડીમાં આખા ગામની સ્ત્રીઓ આવીને બેઠી હતી. સત્તર પેઢીનાં સગાઓને આજે આટલે દિવસે બિન્દુ સાંભરી હતી. ન્યાત જાતના લોકો આટલે વર્ષે આજે સુશીલાની ખબર લેવા આવ્યા હતા. આજે તેઓ તેને સારૂ લાડકા લાડુ અને વસ્ત્ર મોકલતા હતા સવારમાં સૂર્ય ઉગતાં જેમ પક્ષીઓ અનેક વૃક્ષોમાથી બહાર આવી પોતાના કિલકિલ શબ્દથી આકાશ ગજાવી મૂકે છે તેમ બિન્દુવાસિનીનો સૌભાગ્યસૂર્ય ઊગવાથી ન્યાતજાતના લોકો, સગાંવહાલાં ચારેબાજુએથી આવીને તેના દરિદ્ર ઘરને શોભા આપતાં હતાં.

આખા સ્ત્રીમંડળમાં સુધાહાસિની જેવી હસમુખી, રસિક અને આનન્દી સ્ત્રી કોઈ નહતી. સુધાના લગ્ન વખતે લોકોએ તેની પાર વગરની નિન્દા કરી હતી, તેને માથે કલંક મ્હડાવ્યાં હતા, તેને વ્યભિચારિણી ઠેરવી હતી. પણ આજ તે સુધા મ્હોટા અમલદારની પત્ની થઇ હતી અને મ્હોટા ઘરની સગી થઇ હતી તેથી આજે લોકો તેની ખુશામત કરતા હતા, તેને સારૂ લાગે એવું બોલતા હતા અને તેનો પડતો બોલ ઉપાડતા હતા. સુધાના સરળ, ભોળા, પવિત્ર હૃદયમાં ક્રોધ કે વેરનો અંશ પણ ન હતો. જેમણે તેને નિન્દી હતી તેમને તે બ્હેન કહીને બોલાવતી હતી. જેમણે તેને વ્યભિચારિણી કહી હતી, તેમનેજ સુધા હસીને બોલાવતી હતી અને તેમને ગળે હાથ નાંખી પ્રેમથી વાતચીત કરતી હતી. ક્ષમા મનુષ્યને પરસ્પર સાંધનારી સુવર્ણની સાંકળ છે. અને હૃદયને પવિત્ર કરનારી દેવગંગા છે. રોષ, ઇર્ષ્યા, અભિમાન, આપણા બધામાં થોડા ઘણાં છે, તેમને વશ થઇ આપણે આપણી નિર્બળ સમાજને વિશેષ નિર્બળ અને વિભિન્ન કરીએ છીએ જેમણે આ મહાશત્રુઓનુ દમન કર્યુંછે, શત્રુ મિત્ર સર્વ સાથે ક્ષમાવાન થઇને પ્રેમભાવથી વર્તે છે તેઓ સમાજનુ ઐક્ય કરે છે. તેઓ પોતાના હૃદયની શાન્તિ મેળવે છે. તેઓ જ ખરા દેશભકતો છે. તેમને જ અમે સન્માન આપીયે છીએ.

આજે સુધા ભારે ઉમંગથી સુશીલાને શણગારતી હતી. એ શાસ્ત્રમાં સુધા ઘણી પારંગત હતી. આઠ વર્ષની વાત ઉપર જે સુધા એક દુ:ખી બાળ વિધવા હતી, બ્હેનને ઘેર રાંધતી, વાંસણમાં જતી પાણી ભરતી, વળી બિલાડીનાં બચ્ચાંને લઇને રમાડતી, સંસાર અને પ્રેમ શું છે તે સમજતી પણ નહતી તે સુધા આઠંજ વર્ષની અંદર પ્રેમનુ રહસ્ય સમજી, વિવાહ અને સંસારના રહસ્યથી જાણીતી

થઇ. તાજા પુષ્પની કળિ ખીલીને પ્રફુલ્લ પુષ્પ બની જાય તેમ તેના હ્રદયમાં બીડાઈ રહેલી સુકુમાર વૃત્તિઓ એક પછી એક વિકાસ પામી. મનોવૃત્તિના વિકાસની સાથે તેની દેહલતા પણ અધિક સૌન્દર્યથી ઓપવા લાગી. જે બાલિકા એક કરમાયલી, કચરાયલી કંગાલ વિધવા હતી તે આજે સુન્દર યુવતી બની છે, પતિના પ્રેમથી પનોતી થઈ છે, સ્વામીના સૌભાગ્યથી ભાગ્યશાળી બની છે, અને તેના ખોળામાં રમતા બાળક વડે સંપૂર્ણ રીતે સુન્દર બની છે. હિન્દુ જનસમાજે આ કુસુમકળિને પગ તળે કચડવાની ઇચ્છા કરી હતી, પણ નવશિક્ષણ રૂપી સૂર્યના કિરણે તેનો વિકાસ કર્યો; અને હવે તે સંસારમાં સર્વત્ર સુગંધ અને સૌન્દર્ય વેરતી મધુર જીવન ગાળે છે. એવી એક પણ ગરીબ સ્ત્રી નથી કે જેને સુધાની પાસેથી મદદ ન મળે

સુધા સર્વને માયા, સ્નેહ, અને પ્રેમથી યથાશક્તિ સહાય આપતી હતી, અને તેઓનુ દુ:ખ બને તેટલું ઓછુ કરતી હતી. સુશીલાને પોતાના મનના કોડ પ્રમાણે શણગારતાં શણગારતાં સુધાને પોતાની સ્થિતિ યાદ આવી, તેને પોતાને પતિનો સ્નેહ મળ્યો હતો તેવો સ્નેહ સુશીલાને મળે અને તે પતિપ્રેમથી સુખી થાય એવો આશીર્વાદ તેને મનમાં આપતી હતી. તેણે સુશીલાના વાળ સારીરીતે હોળ્યા અને તેને દામણી પહેરાવી. હાથે બંગડી, તાવિજ, બાજુબંધ પહેરાવ્યાં; ગળે સુવર્ણહાર પહેરાવ્યો, હસતે મ્હોડે તેનો અંબોડો વાળ્યો. કપાળે ચંદનની ટિપકી કરી, સમીસાંજથી રાત પડી ત્યાં સુધી આ કાર્ય ચાલુ રહ્યું તોપણ હજી સુધા કંટાળતી ન હતી. કન્યાની સ્નેહમયી માતા બિન્દુવાસિની વારેવારે આવીને તાકીદ કરતી હતી, પણ રસિક સુધાહાસિની માનતી ન હતી. તેણે

બ્હેનને હસતાં હસતાં કહ્યું,—પરોણાઓને જમાડવાનું કામ તારૂં છે અને કન્યાને શણગારવાનુ કામ મારૂં છે. તારૂં કામ તુ કર અને મારૂં હું કરૂં છું.

હસતી હસતી બિન્દુવાસિની રસોડામાં ગઇ, આજે તો તેને ઘેર નવું રસોડું બન્યું હતુ. સનાતનવાડીથી હોશિયાર રસોઇઆ તેડાવ્યા હતા. આખું ઘર અને આગણું ભાતભાતના પકવાનથી ભરાઇ ગયું હતું. વર્દ્ધમાનથી ઉત્તમ ખાજાં, સીતાભોગ અને મિહિદાના આવ્યા હતા. ખાજાં થાળી જેવડા મ્હોટાં હતા, મિહિદાના સરસવના દાણા જેટલા સૂક્ષ્મ હતા. ઘર સ્ત્રીઓથી ભરાઇ ગયુ હતું. આજે તેઓ કન્યાની મા સાથે વાત કરતી હતી, તેને માન આપતી હતી, અને તેની ખુશામત કરતી હતી. આજે બિન્દુવાસિની જેવી ભાગ્યશાળી બીજી કોઇ સ્ત્રી ન હતી

આવા આનંદના, ઉત્સવના દિવસમાં બિન્દુવાસિનીને પોતાના બાલ્યકાળનુ સ્મરણ થતુ હતું. જેમ સૂર્યના પૂર્ણ પ્રકાશની વચ્ચે કોઇ કોઇ વાર કાળુ વાદળુ ચઢી આવે છે તેમ આજે સુખના દિવસમાં જૂની દુઃખની વાતો તેના હૃદયાકાશમાં ચઢી આવી આનન્દમાં ભંગ કરતી હતી. અઢાર વર્ષ પર બિન્દુવાસિની-ની ગરીબ મા પોતાની બે છોકરીઓને લઇને આજ ગામમાં રહેતી હતી અને પાણી ભરીને વાંસણમાંજીને, એ દોહ્યલા દિવસોમાં છોકરી-ઓને ઉછેરીને મ્હોટી કરતી. એ સ્નેહમયી માતા જો આ જગત્માં પુનઃ આવી શકે તો હેમચંદ્ર અને શરચ્ચંદ્ર જેવા જમાઇને જુવે, બિન્દુ અને સુધાને ‘ મારી દીકરીઓ ’ કહી બરડે હાથ ફેરવે અને લક્ષ્મી જેવી દોહિત્રી સુશીલાને હૈયા સાથે ચાપે અને આશીર્વાદ દે, પોતાની પુત્રીઓનો કોઇ પૂર્વના પુણ્યથી ઉદય થએલો જુવે અને

બિન્દુના ઘરની અધિષ્ઠાત્રી દેવી થઇ સર્વને આશીર્વાદ આપે તો બિન્દુનું ઘર, બિન્દુનો સંસાર કેવો આનંદ પૂર્ણ થાય ! સગાં વ્હાલાંની ભીડમાંથી ઉઠીને બિન્દુ એકાન્તમાં જઈ માને સંભારી રોઇ પડી, અને આકાશ તરફ જોઇ માતાનો જ્યોતિર્મે કલ્પીને તેને પ્રણામ કર્યા તથા આશીર્વાદ માગ્યો.

વિવાહનો દિવસ શોક કરવાનો દિવસ નથી. વાજીંત્રવાળાઓ જોરથી વાજીંત્રો વગાડવા લાગ્યા, અને લગ્નમડપ કન્યાપક્ષનાં સ્ત્રી પુરૂષોના કોલાહલથી ગાજી ઉઠયો. એ સર્વની વચમાં શાન્ત હૃદયનો સાધુ હેમચદ્ર બેઠો હતો. તેનું મન અને નેત્ર સર્વદા શાન્ત અને પ્રસન્ન હતાં વિધવા સાળીનું પુનર્લગ્ન કરાવવા માટે તેને લોકોએ ન્યાત બહાર મૂકયો હતો, પણ તેનુ ઉન્નત, વિશુદ્ધ ચરિત્ર જોઇને બધા લોકો તેના પર શ્રદ્ધા રાખતા અને તેને માન આપતા. જે જે ગુણોથી જગતમાં 'મ્હોટા' માણુસ થવાય છે તે ગુણો હેમમાં ન હતા. તે બિચારા પાસે ધન ન હતુ, જમીનદારી ન હતી, ઝાઝી વિદ્યા પણ ન હતી, જગત્માં તેણે યશ મેળવ્યો ન હતો, સરકારે તેને ખિતાબ આપ્યા ન હતા, કોઈ પણ બાબતમાં તે બહુ ચ્હડીઆતો નહતો તો પણ આ ગરીબ ગ્રામ્યવાસીની હિંમત, નિડરતા અને પવિત્રતા જોઇને શરચ્ચદ્ર અને રમણીકાન્ત જેવા લોકો તેના પ્રતિ આકર્ષાયા. પોતાનું કર્તવ્ય બજાવવામાં તેનો ઉત્સાહ અને ટેક જોઇને ગામડાના અને શહેરના તમામ લોકો વિસ્મય પામતા. ગરીબાઈમાં, દુઃખમાં, મંદવાડમાં, મહાત્મા હેમચંદ્ર કર્તવ્ય માર્ગમાંથી લેશ માત્ર પણ ડગ્યો ન હતો; લોકનિન્દા, લોકોનો તિરસ્કાર વગેરેથી તે ગભરાયો ન હતો. અવનતિ અને ઉન્નતિના દિવસોમાં તેનું હૃદય એક સરખી શાન્તિ અનુભવતું હતું. આવા પુરૂષરત્નને મન

ધન અને માન તુચ્છ વસ્તુ છે. આવા વીરપુરૂષની હિંમત જોઇને લક્ષ્મી પોતે તેના તરફ આકર્ષાય છે. સનાતનનવાડીનો જમીનદાર આજે આ દરિદ્ર હેમચંદ્ર સાથે સગપણ કર્યાથી પોતાની જાતને સન્માન મળ્યું એમ માને છે, આજે એ દરિદ્ર હેમચંદ્રનું નામ બધાને મ્હોડે ગવાય છે.

જોતાં જોતામાં રાત્રિનું આકાશ પ્રકાશથી છવાઈ ગયુ. અને ચારે દિશાઓ કોલાહલથી ગાજી ઉઠી—વરઘોડો ભારે ધામધુમ સાથે આવતો હતો. બધા લોકો ઉતાવળા ઉતાવળા વરના જાનૈયાઓનો સત્કાર કરવા માટે તૈયારી કરવા લાગ્યા. હેમચંદ્રે શ્રદ્ધા અને ભક્તિ પૂર્વક મહામાન્ય જમીનદાર રમણીકાન્તને આલિંગન દીધુ.

લગ્નને માટે વિશાળ મંડપ બંધાયો હતો. તેની ઉપર ભપકાદાર ચંદરવો બાંધ્યો હતો અંદર સેંકડો હાંડી ઝુમ્મર લટકાવ્યાં હતાં અને તેમના એકત્ર પ્રકાશથી સર્વત્ર ઝઘમઘાટ થઈ રહ્યો હતો નોકરો ઝડપપંખા કરતા હતા. માળીઓ ફુલની સુશોભિત આકૃતિઓ બનાવીને ગોઠવતા હતા. ગામના છોકરા છોકરીઓ જાનૈયાઓ ઉપર ગુલાબનાં ફુલની વૃષ્ટિ કરતાં હતાં. ગવૈયાઓ સંગીતથી સભા મંડપ ગજાવી મૂકતા હતા. વળી કોઈ કોઇવાર દૂરથી રમણીકાન્તની રૈયતના જયધ્વનિ સંભળાતા હતા. મંડપની વચમાં લાલ વસ્ત્રના આસન ઉપર બેઠેલા દેવીપ્રસાદની ભવ્ય મૂર્તિ શોભી રહી હતી તેણે માથે કસબી મંદિલ બાંધ્યુ હતુ અને ગૌરવર્ણ વિશાળ સ્કંધ ઉપર ઝીણો દુપટ્ટો ઓઢયો હતો. તેની પહોળી છાતી ઉપર મોતીની માળા ઝુલતી હતી. એવા મોંઘાં મોતીની માળા રાજદરબારમાં પણ ભાગ્યેજ જોવામાં આવે. તેના ઉન્નત લલાટ ઉપર ચંદનનું તિલક શોભતુ હતુ અને તેનાં તેજસ્વી નેત્રો હીરાના જેવાં ચળકતાં

હતાં. મંડપમાં બેઠેલા બધા લોકો તેની ભવ્ય મૂર્તિ જોઇ રહ્યા હતા અને એક અવાજે આશીર્વાદ આપતા હતા. સંગીતનો ધ્વનિ આખા મંડપમાં ઘુમી વળી ચંદરવાને ભેદીને આકાશમાં રમણ કરતો હતો.

વર ઘરની અંદર ગયો કે તરત સેંકડો સ્ત્રીઓએ આનન્દથી હર્ષનાદ કર્યો. આજે ત્યાં મચેલી સ્ત્રીયોની ભીડ, તેમનું હાસ્ય, કલકલ શબ્દ, વગેરેનું વર્ણન કરવા અમે અશક્ત છીએ. પતિપુત્રવતી સ્ત્રીઓ આજે કારભાર કરતી હતી અને વરને ઘેરી લઇને હાસ્ય-પરિહાસ્ય કરી સ્ત્રી–આચારને પરિપૂર્ણ કરતી હતી સુશીલાને માથે ઘુમટો કઢાવી વરની આસપાસ ફેરવી તે વખતે તેની બે રસિક સખીઓએ તેના સુન્દર વરના કાન આમળી આપ્યા.

સ્ત્રી આચાર પરિપૂર્ણ થયા પછી વરકન્યા બહાર આવ્યાં. જે લોકોએ વરનુ સૈન્દર્ય જોઈ તેનાં વખાણ કર્યાં હતાં તેઓ સાક્ષાત લક્ષ્મી જેવી સુશીલાની કાન્તિ, લાવણ્ય, અને સૌમ્યતાનાં વખાણ કરવા લાગ્યા તેમણે કહ્યું—વાહ ! વિધાતાએ બહુજ યોગ્ય જોડું મેળવ્યુ છે સનાતનવાડીનો જમીનદાર વંશ ચિરજીવ રહો ! રમણીકાન્તના પછી દેવીપ્રસાદ અમારો જમીનદાર થાઓ ! સુશીલા માતાની પેઠે પ્રજાનું પાલન કરો !

વિવાહવિધિ પૂર્ણ થઇ. વરકન્યા તેમને માટે નિર્મિત કરેલા ઘરમાં ગયાં તે રાત્રિનો વૃત્તાન્ત અમે બરાબર જાણતા નથી તેથી તેનું વર્ણન કેમ કરી શકીયે ! તોપણ અમે સાંભળ્યું છે કે તાલપુખુરની સ્ત્રીઓ ઘણી ચતુર અને બિચારો દેવીપ્રસાદ આખી જીંદગી પરદેશ ફરેલો તેથી બંગ મહિલાઓની પરિહાસ કરવાની સામગ્રીથી શી રીતે વાકેફ હોય ? તેણે પિતાની સાથે કરેલા પ્રવાસમાં તેના

ઉપર ઘણી મુશીબતો પડી હતી પણ આજની મુશીબતે તો હદ કરી નાંખી. તે રાત્રે મચેલો રંગ હાસ્યપરિહાસ અને સ્ત્રીઓનાં મંગલગીત બિન્દુના ક્ષુદ્ર ઘરની બ્હાર નીકળીને બધે સંભળાતાં હતાં, અને તાલપુખુરની સ્ત્રીઓનો યશ પ્રવર્તાવતાં હતાં. છેક રાત્રે ત્રણ વાગ્યે દેવીપ્રસાદે થાકીને સ્ત્રીઓ આગળ પગે પડીને તેમની ક્ષમા માગી ત્યારે તેનો છુટકારો થયો અને બિચારો બે કલાક ઉંઘી શકયો.

બીજી બાજુએ ભોજનની તૈયારી ચાલી રહી હતી. રમણીકાંતના સેંકડો સગાં વંહાલાંઓ કાંતો તેની શરમથી અગર સ્વેચ્છાથી આ પ્રસગે આવ્યાં હતા. સનાતનવાડી, વર્દ્ધમાન અને કલકત્તેથી આવેલા સેંકડો ગૃહસ્થો મંડપને શોભાવતા હતા. આવા પ્રકારના લગ્નમા કેટલાકને હાજરી આપતાં બ્હીક લાગી હતી પણ ઘણાને જમીનદાર ઉપર પૂર્ણ વિશ્વાસ હતો અને તેઓ તેને ખરા દીલથી ચાહતા હતા, તેથી તેનું થશે તે આપણુ થશે એમ વિચારીને જમવા બેઠા હતા કેટલાક બહાદુર અને શાણા પુરૂષો જમીનદારની શરમે વરઘોડામા આવ્યા હતા પણ ભોજનનો સમય થતા પહેલાં પસાર થઇ ગયા હતા. સંસારમાં તેમના શાણપણ અને વ્યવહારદક્ષતાનાં વખાણ થતાં હતાં

ભોજન પછી હેમચંદ્રે રમણીકાંતને કહ્યુ—“ આપના અનુગ્રહથી આજ મને ઘણું જ સન્માન મળ્યું છે. આપની ખાતર આપના મિત્રો અને સગાં વહાલાંઓ આજે જમવા બેઠાં હતાં. જો તેમને ગરીબ હેમચંદ્રે નોતર્યાં હોત તો તેમાંનો એક પણ માણસ અત્રે આવત નહિ. રમણીકાંતે કહ્યુ —“ મારાં માણસો તો મ્હોટે ભાગે બહાર મેદાનમાં જમવા બેઠાં છે. ચાલો બતાવુ. ”

બને જણુ ધીમે ધીમે બહાર આવ્યા. પૃથ્વી ઉપર રૂપેરી ચાંદરણુ પથરાઈ રહ્યું હતુ. લીલાં ખેતરોમાં થઇને વસંતઋતુનો મંદ શીતળ વાયુ વહન કરતો હતો. અરણ્યપુષ્પો ઠામ ઠામ વિકસ્યાં હતાં અને પોતાની સુવાસ સર્વત્ર ફેલાવતાં હતાં. બેઉ જણુ અડધો ગાઉ ચાલ્યા પછી એક વિસ્તીર્ણ આંબાવાડીઆમાં આવી પહોંચ્યા. હેમચંદ્રે જોયુ તો ત્યાં મનુષ્યનો મહાન સમુદાય એકત્ર થયો હતો. આશરે દશ હજાર માણુસો ભોજન કરવા બેઠાં હતા. રમણી બાબુની રૈયત વરઘોડો જોવા આવી હતી તેને આ આંબાવાડીઆમાં જમીનદાર તરફથી ભોજન આપવામાં આવ્યુ હતું. આજે દરેક પુરૂષને એક એક નવુ વસ્ત્ર, દરેક સ્ત્રીને એક એક નવી સાડી, અને દરેક બાળકને એક એક રૂપીઓ આપવાની જમીનદારે વ્યવસ્થા કરી હતી. આજ તેઓ ભારે આનંદથી ભોજન કરતા હતાં તેવામાં તે સ્થાને રમણીકાંતને આવેલો જોઇ બધા લોકોએ ઉચ્ચ સ્વરથી 'જમીનદારનો જય' 'રમણીબાબુનો જય' એવા હર્ષનાદ કર્યા. પોતાની રૈયતનો આનંદ, ભક્તિ અને સ્નેહ જોઇને રમણીકાંતની આંખમાં આનંદાશ્રુ આવ્યાં.

હેમચંદ્રને ધીરેથી એક બાજુએ લઇ જઈ રમણીકાંતે ગભીર સ્વરે કહ્યુ—"સાંભળો આ ગગનભેદી જયનાદ ! આનંદ ધ્વનિ ! અને ઉલ્લાસની ગર્જનાઓ ! મારા ખરા મિત્રો અને સગાંઓ આજ લોકો છે. એ લોકો પણ હિન્દુઓ જ છે, આપણો જ ધર્મ પાળે છે અને આપણાં સ્વજાતીય છે. પ્રાચીન કાળમાં હિન્દુલોકો અરસપરસ ભોજન વ્યવહાર રાખતા પણ હાલના સાંકડા રિવાજ પ્રમાણે હિન્દુપ્રજા વિભિન્ન અને નિર્બળ થઈ ગઇ છે. આપણામાંના ઘણા લોકો એ વિભિન્નતા અને દુર્બળતાને વધારવાને હજી પણ પ્રયત્ન કરે છે. જો આપણે

સ્વપ્રયત્નથી સમસ્ત હિંદુ જાતીનું ઐક્ય કરી શકીએ તો તેથી આપણું ગૌરવ કેટલું વધી જાય? જ્યાં સુધી એવુ ઐક્ય નહિ થાય ત્યાંસુધી આપણો ધર્મ પ્રચાર, આપણી સામાજિક ઉન્નતિ અને રાજકીય જાગૃતિ સર્વે મિથ્યા છે. અને જ્યારે આપણે એક પ્રજા બનીને બળવાન થઇશુ ત્યારે આપણી સામાજિક અને રાજકીય ઉન્નતિના માર્ગમાં કોની તાકાત છે કે અવરોધ કરી શકે? હેમચંદ્ર! આપણી ઉન્નતિ આપણાજ હાથમા છે તેમાં કોઇની મદદની જરૂર નથી.

જુઓ બીજી વાર ગગનભેદી જયધ્વનિ ઉડી રહ્યો છે! આ દશ હજાર માણસો આપણાં સ્વજન છે. આપણા સ્વજાતીય છે કેમકે તેઓ પણ હિન્દુઓ છે. જ્યાં સુધી મારામાં શક્તિ છે ત્યાં સુધી હિન્દુ પ્રજાનું ઐક્ય કરવા હું પ્રયાસ કરીશ. એવો દિવસ ઈશ્વર કયારે બતાવશે કે આપણે સઘળા હિન્દુઓ પૂર્વ કાળનું પ્રજાકીય બળ પ્રાપ્ત કરીએ અને આપણે સઘળા એકત્ર થઇને એક વિધિથી હિન્દુમાત્રના ઉપાસ્ય દેવતા પરબ્રહ્મનું ભજન કરીએ !!!

સમાપ્ત.



ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત તરફથી પ્રકટ થએલાં પુસ્તકોનું સૂચીપત્ર.

પ્રભુશંકર નરભેરામ વ્યાસ તંત્રી ચંદ્રપ્રકાશ તરફથી લખાયલાં પુસ્તકો.

ટુંક વખતમાં લોકપ્રિયતા પામેલું પુસ્તક.

પ્રાણાયામ ભાગ ૧ લો.

આ પુસ્તક પ્રાણાયમ સંબંધી સઘળી માહિતી આપે છે. સરળમાં સરળ અને એક ન્હાનું બાળક પણ સમજી શકે તેવી તેની સહેલી ભાષાછે અને તેથીજ તે ટુંક વખતમાં સર્વ સ્થળે લોકપ્રિયતાને પામ્યુ છે. યોગવિદ્યા, પ્રાણાયામ એ શુ છે તથા તેને કરવાથી શા લાભ પ્રાપ્ત થાયછે પ્રાણ અને જીવનનો સબધ. પ્રાણાયામ સંબંધી આપણા ઋષિ મુનિઓ અને પશ્ચિમના વિદ્વાનોના અભિપ્રાયો, પ્રાણ સંબધી અધિક માહિતી. પ્રાણાયામ કોનાથી થઇશકે છે. સ્ત્રીઓને તે કરવાનો અધિકાર છે કે નહિ. પ્રાણાયામનું પ્રથમ અંગ પ્રાણાયામથી જીવનને શી રીતે વધારવું. તથા થએલા વ્યાધિને શી રીતે મટાડવા. આસન. યથાર્થ શ્વસન ક્રિયા શરીરમાં રહેલા સાત ચક્રો, લોમવિલોમ પ્રાણાયામ, મુખ્ય આઠ પ્રાણાયામ, અને તે કેવી રીતે કરવા. વીગેરે બીજી સેંકડો ઉપયોગની બાબતોનો તેમાં સમાવેશ કર્યો છે.

લગભગ અઢીસેં પૃષ્ઠના ચિત્રવાળા આ પુસ્તકની કીમત માત્ર આના આઠ તેનો સર્વ કોઇ મનુષ્ય એક સરખી રીતે લાભ લઇ શકે તે અર્થેજ રાખવામાં આવીછે. પોષ્ટેજ આનો એક જુદ્દુ.

પ્રાણાયામ ભાગ ૨ જો.

પ્રાણાયામ સંબંધી બાકી રહેલી બાબતોને આ પુસ્તકમાં વિસ્તારથી વર્ણવી છે. હાલ તે છપાયછે. કીંમત વગેરે પુસ્તક બહાર પડયેથી નક્કી થશે, અગાઉથી થનાર ગ્રાહકો પાસે દરપ્રતે ચાર આના કમી લેવાશે. માટે નામ નોધાવો.

કાવ્ય કુસુમ.

જ્ઞાન, તત્વવિચાર, અનુભવ તથા ભક્તિરસથી સંપૂર્ણ ભરેલાં ઉત્તમોત્તમ પદ્યોનો સંગ્રહ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. વળી આધુનીક નાટકોનાં પ્રસિદ્ધ ગાયનોના રાહમાં તે બનાવેલાં છે. નાટકના વિલાસપ્રીય શૃંગારી ગાયનો ગાવાથી જ્યારે નઠારી અસર થવાનો પ્રસગ આવેછે. ત્યારે આ પુસ્તકમા આવેલ પદ્યને ગાવાથી વૃત્તિ શાંતિ સરિતમાં ઝબકોળાઇ રહે છે. ઉછરતા યુવકોના હાથમાં મૂકવા લાયક આ પુસ્તક સર્વ રીતે શ્રેષ્ઠછે. કેમકે તેમાં આવેલા પદ્યોને શાંતિપૂર્વક ગાવાથી મનના સઘળા વિકારી અને પ્રતિકૂળ ભાવો સમી જાયછે. પુસ્તકને બહારથી તેમજ અંદરથી સુંદર રીતે છપાવી શોભામાં ખાસ વૃદ્ધિ કરીછે. મૂલ્ય આના આઠ પોષ્ટેજ ૦–૧–૦'

બતાવ્યું છે. વર્તમાનકાળના ગૃહસ્થાશ્રમ તરફ નજર નાંખતાં સુખને બદલે જ્યાંને ત્યાં દુઃખ જોવામાં આવે છે તેને ટાળવાના અને ગૃહસ્થાશ્રમને સુખી બનાવાના અમોઘ ઉપાયો આ પુસ્તકમાં પ્રકટ કર્યા છે. તેને અનુભવમાં મૂકનાર મનુષ્ય આજ સંસારમાં દેવ સમાન થઇ રહેછે. આ પુસ્તકમાં ગૃહસ્થ સ્ત્રી પુરૂષોને ઉપયોગી હજારો વિષય આપ્યાછે. તેમાં મુખ્ય મુખ્યની આ સ્થળે નોંધ આપીએ છીએ.

ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતાઇ પરા પૂર્વથી છે. ગૃહસ્થાશ્રમનું પ્રથમ અંગ લગ્ન લગ્ન સબંધી કેટલાક વિચારો, લગ્ન એટલે શું ? કન્યાવિક્રય, સ્ત્રીની મહત્તા, ગૃહાશ્રમનો આરંભ. છોકરા છોકરીઓને અપાતું શિક્ષણ, કેળવણીનો અર્થ, ખોટી રૂઢીઓ, શારીરીક આરોગ્ય અને તે પ્રાપ્ત કરવાના ઉપાયો. આધુનિક વ્યવહારના ચિત્રો, ગૃહસ્થાશ્રમને સુખમય સ્વર્ગ સમાન બનાવાનો સહેલો ઉપાય. નવવિવાહીત દંપતીને હિતવચન, બાળપણાનું કર્તવ્ય, યુવાવસ્થાનું કર્તવ્ય, વૃદ્ધાવસ્થાનું કર્તવ્ય, આ શીવાય બીજા પણ સખ્યાબંધ વિષયો આ પુસ્તકમાં આપવામાં આવ્યાછે. તમે તેને જોશો ત્યારેજ તેની ખરી ખુબી તમને સમજાશે આ પુસ્તક સચિત્રછે. અને તે સારા કાગળ ઉપર સુદર રીતે છપાવ્યુંછે. સર્વને એક સરખી રીતે ઉપયોગનું આપણાં આર્ય ઋષિ મુનિઓ અને પશ્ચિમના આધુનિક વિદ્વાનોના મતોને દર્શાવનારૂ આ એકજ પુસ્તકછે. તેથી તે પોતાને ત્યાં લગ્ન પ્રસંગે અથવા એવાજ કોઇ માંગલીક પ્રસંગે અવસ્ય લ્હાણી કરવા યોગ્ય છે. અને આવી ઇચ્છા રાખનાર મનુષ્યને તે ખાસ કીફાયત ભાવથી આપવા વ્યવસ્થા કરીછે. પાકું પુઠું અને સંખ્યાબંધ ચિત્રો સાથેના આ પુસ્તકનું મૂલ્ય ફક્ત એક રૂપૈયો રાખવામાં આવ્યુંછે, પોષ્ટેજ આના બે જુદા.

એક અપૂર્વ રસપ્રધાન બોધક નવલકથા.

પ્રજ્ઞા અને જ્યોતિ.

વર્તમાન સમય નવલકથાનો છે એમ કહીએ તો તે લેશ માત્ર પણ ખોટું ગણી શકાય તેમ નથી. નાની મોટી સંખ્યાબંધ વાર્તાઓ હાલના સમયમાં પ્રકટ થાય છે અને તે સર્વ પોતપોતાની શૈલી પ્રમાણે પ્રચારને પામ્યે જાય છે. તેમાં આ નવલકથા એક નવીન સાહિત્ય તરફજ જન સમાજને ખેંચે છે. નવલકથાનું પુસ્તક એવુ હોવું જોઇએ કે જેને વાંચવાથી માત્ર મનને આનંદ થાય રસ પડે અને તેની સાથે વળી બોધ મળે. ઔષધી જેમ કડવું હોવા છતાં તેની ઉપર ખાંડ વીગેરે કોઇ વસ્તુનું પડ ચઢાવવામાં આવ્યું હોય તો તે જેમ ઉપરથી મીઠું લાગે છે અને તેને બાળકો પણ હોંસથી ગ્રહણ કરે છે તેમ આ નવલકથામાં પણ આડકતરી રીતે ઉત્તમ બોધને ગુંથી શકાયછે અને તે વાંચકોને લાભ કરનાર થઇ પડે છે આ ઉદ્દેશને લક્ષમાં રાખી પ્રસ્તુત પુસ્તકની રચના કરવામાં આવી છે અને તેમાં વિધિધ પ્રકારના બોધને રસ ભરેલી ભાષામાં સમાવાનો પ્રયત્ન કર્યો છે, દરેક પ્રકરણની છેવટે તેનો શું સિદ્ધાંત છે તે પણ ખાસ આકર્ષક રીતે લખીને છપાવ્યો છે. ટુંકમાં નવલકથાના શોખીન દરેક સ્ત્રી પુરૂષે આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. મૂલ્ય આના બાર પોસ્ટેજ ૦—૧—૦

સદ્બોધ સ્તવન માળા.

આ લઘુ પુસ્તકમાં અમારા તરફથી પ્રસિદ્ધ થતા ચંદ્રપ્રકાશ માસિક પત્રના અંકોમાં પ્રસિદ્ધ થઇ ગએલાં જ્ઞાન તત્વવિચાર અનુભવ વૈરાગ્ય આદિ વિષયો ઉપર લખાયલાં લોકપ્રિય પદ્યોમાંથી ખાસ ચુંટી કાઢેલાં પદ્યોનો સમાવેશ કર્યો છે. મૂલ્ય આના બે પોષ્ટેજ ૦—૦—૬

મૂલ્યવાન રત્નો.

વિપત્તિ અથવા બીજાજ કોઇ એવા કારણથી મનુષ્ય જ્યારે નિરાશાના સમુદ્રમા ડુબકાં ખાય છે ત્યારે તે વખતમાં તેવા મનુષ્યોને ઉત્સાહ આપનાર અને જીવનની મહત્તા સમજાવનાર આ લઘુ પુસ્તક એક નાવ સમાન છે. ગમે તેવી ઉદાસીનતામાં પણ તે પ્રસન્ન રહેવાનું શિખવે છે. મૂલ્ય અર્ધો આનો. પોષ્ટેજ અર્ધો આનો. સામટી રૂપૈયા એકની ચાળીશ.

વિજયી કોણ થાય છે.

વિજયની વ્યાખ્યા દર્શાવનાર હમેંશા ફ્રેમમાં જડાવી પોતાની પાસે રાખવા લાયક સુંદર ત્રણ રંગમાં છપાયલો ગ્લેઝડ કાર્ડ.

આ કાર્ડમાં લખેલ ટુંકા નિયમ પ્રમાણે વર્તનાર મનુષ્ય જેમ બેને બેનો સરવાળો ચાર થાય શિવાય રહેતો નથી. તેમ તે વિજયી થયા સીવાય રહેતોજ નથી. મૂલ્ય નવપાઇ પોષ્ટેજ છપાઇ:

ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત તરફથી પ્રકટ થએલાં પુસ્તકો

શ્રી શ્રેય સુધાકર.

આ પુસ્તકમાં શ્રી શ્રેય સાધક અધિકારી વર્ગના અગ્રગણ્ય સ્ત્રી પુરૂષો શ્રીમન્નૃસિંહાચાર્યજી શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી શ્રીમન્ છોટાલાલ માસ્તર શ્રીયુત કણિયા, શ્રીયુત સંઘવી શ્રીયુત કૌશિકરામ વીગેરે તેમજ બીજા અન્ય સજ્જનોના તથા સ્ત્રીઓના બનાવેલા જ્ઞાન તત્વ વિચાર અનુભવ ભક્તિ, વૈરાગ્ય, વીગેરે વિષયો ઉપર લખેલાં પદ્યોમાંથી ખાસ ચુંટી કાઢેલાં અસરકારક પદ્યોનો સમાવેશ કર્યો છે. વળી પુસ્તકની સરૂવાતમાં શ્રીયુત દુર્ગેશ્વરભાઇનો લખેલો

જીવનોદ્દેશ.

નામનો બોધક અને રસપૂર્ણ લેખ ખાસ વાંચવા વિચારવા યોગ્ય છે. ૨૫૦) પૃષ્ઠના પાકા પુંઠા અને સોનેરી નામ સાથે બે છબીઓ સહિતના આ પુસ્તકનુ મૂલ્ય રૂપૈયો એક રાખવામાં આવ્યુ છે. પોષ્ટેજ આના બે જુદા.

મુક્તિમણિ માળા.

આ નામનું ઉપયોગી પુસ્તક માત્ર અર્ધા આનાની ટીકીટ પોસ્ટેજ માટે મોકલનારને મફત મળેછે.

દરેક મનુષ્ય જાતે વૈદ્ય.

ભાગ ૧-૨.

આ પુસ્તકના આધારથી કોઇપણ માણસ પોતાના વ્યાધિને પારખી શકેછે અને જીવનરસાયન શાસ્ત્રની દવાથી પોતાના વ્યાધિને ટાળી શકેછે. મૂલ્ય પ્રત્યેક ભાગના ૭ આના. બંને ભાગ સાથે લેતાં દશ આના પોસ્ટેજ ૦-૧-૬.

નાટકો ભાષણ સહિત.

• સુપ્રસિદ્ધ મોરબી આર્ય સુબોધ નાટક મંડળી તરફથી ભજવાતા નાટકોના ભાષણ અને ગાયન સહિતના નીચે લખેલાં પુસ્તકો આ પત્રની ઓફીસમાં મળી શકેછે.

ભર્તૃહરી નાટક(સચિત્ર)	૧-૪-૦	જગદેવ નાટક	૧-૦-૦
અનસૂયા નાટક (સચિત્ર)	૧-૪-૦	રાણકદેવી નાટક	૧-૦-૦
ચાંપરાજ નાટક	૧-૦-૦	ત્રિવિક્રમ નાટક	૧-૦-૦
રાજસિંહ નાટક	૧-૦-૦	ચંદ્રહાસ નાટક	૧-૦-૦

ચંદ્રપ્રકાશ ઓફીસમાં વેચાતા અન્ય વસ્તુઓની સંક્ષિપ્ત નોંધ
બલ બુદ્ધિ આરોગ્ય આપનાર તદ્દન વનસ્પતિમાંથી બનાવેલું

કેશરી જીવન.

આ સ્વાદીષ્ટ ચાટણના સેવનથી આરોગ્ય સદાકાલ ટકી રહે છે. સુકન્યાના પતિચ્યવન ઋષિએ આના સેવનથી. પોતાની યુવાવસ્થા પુનઃ પ્રાપ્ત કરી હતી. તે તદ્દન વનસ્પતિમાંથી બનાવેલું નિર્ભય ઔષધ છે. સર્વ ઋતુમાં એક સરખું માફક આવે છે. સર્વ મનુષ્યોને ખાવા લાયક છે. એના સેવનથી પુરૂષોના ધાતુ સબંધીના તમામ રોગો અને સ્ત્રીઓનાં ગર્ભાશય સંબધીના રોગોનો નાશ થાય છે. અને ખરૂ પુરૂષત્વ પ્રાપ્ત થાય છે વધુ માટે હેન્ડબીલ મગાવો મૂલ્ય અર્ધા રતલના ડબ્બાનુ રૂ. એક અને એક રતલના રૂા. પોણા બે

હરિશંકર માધવજી ભટ મોરબી કાઠીયાવાડ.

ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.

પાણીમાં બોળીને લખવાની વોટરપેન.

. કીંમત છ આના આ પેનમાં સાહી પૂરવાની જરૂર પડતી નથી. વળી તે બગડતી નથી. માત્ર પાણીમાં બોળીને લખવાથી સુંદર રીતે લખી શકાય છે. બીજી પેનસીલો સુંદર સુસોભીત ચાર જાતની છે. અને દરેકના બે આના પ્રમાણે મળે છે.
